64292 154

# સ્ત્રી-પુરુષ સહજીવન

દાદા ધર્માધિકારી

*Digitized for Preservation*
*By*

**Gandhi Research Foundation**
*Gandhi Teerth, Jain Hills, Jalgaon. 425 001*

# સ્ત્રી-પુરુષ સહજીવન

દાદા ધર્માધિકારી

યજ્ઞ પ્રકાશન

ભૂમિપુત્ર, હુઝરાતપાગા, વડોદરા ૩૯૦ ૦૦૧

આઠ રૂપિયા


પ્રકાશક

કાન્તિ શાહ

યજ્ઞ પ્રકાશન સમિતિ, હુઝરાતપાગા, વડોદરા ૩૯૦ ००१

પહેલી આવૃત્તિ

પ્રત ૧૫૦૦ : ઑગસ્ટ ૧૯૬૪

| | | |
|---|---|---|
| પુનર્મુદ્રણ | પ્રત ૨,૦૦૦ | જૂન ૧૯૬૫ |
| ,, | પ્રત ૨,૦૦૦ | ઑકટોબર ૧૯૬૭ |
| ,, | પ્રત ૩,૦૦૦ | એપ્રિલ ૧૯૬૯ |
| ,, | પ્રત ૩,૦૦૦ | ઑકટોબર ૧૯૭૬ |
| ,, | પ્રત ૨,૦૦૦ | ડિસેમ્બર ૧૯૮૭ |

મુદ્રક

જગદીશ શાહ

યજ્ઞ મુદ્રિકા, હુઝરાતપાગા, વડોદરા ૩૯૦ ००१

# પ્રકાશકીય

વિનોબા ઘણી વાર કહે છે કે આજ સુધી સ્ત્રીની એક બાજુ ખૂબ ઘૃણા થઈ છે અને બીજી બાજુ ખૂબ આસક્તિ થઈ છે. વૈરાગીઓએ ઘૃણા કરી છે અને સંસારીઓએ આસક્તિ કરી છે. સ્ત્રી માટેની ઘૃણા અને આસક્તિ, બંને ખોટાં છે. તે બેઉ ટાળવાં પડશે. ત્યારે જ સ્ત્રી-પુરુષનું સહજીવન સંભવી શકશે. વળી વિનોબાનો બ્રહ્મચર્યનો આદર્શ પણ અનોખો છે. તેઓ કહે છે કે બ્રહ્મચારી પુરુષમાં ધીરેધીરે સ્ત્રીના માર્દવ આદિ ગુણો વિકસતા જવા જોઈએ. આવા સહજીવન માટેની ભૂમિકા તૈયાર કરવામાં આ પુસ્તક ઉપયોગી થશે.

આપણે ત્યાં આ વિષય સામાન્ય રીતે અસ્પૃશ્ય ને કાનમાં વાત કરવા જેવો મનાયો છે. આ વિશે છૂટથી વિચારવિનિમય કે અનુભવનું આદાનપ્રદાન બહુ ઓછું થાય છે. બેસમજ જુવાનિયાઓ આને લગતું કેટલુંક ગંદું ને અશ્લીલ સાહિત્ય ચોરીછૂપીથી વાંચે છે. સ્ત્રી-પુરુષ સાહચર્ય વિશે શિષ્ટ, સંસ્કારી ને જવાબદાર સાહિત્ય આપણે ત્યાં પ્રમાણમાં ઓછું છે અને તેમાંયે ઘણુંખરું મુખ્યત્વે biological પાસું ચર્ચતું સાહિત્ય છે. ભાવાત્મક પાસું

ચર્ચતું સાહિત્ય તો જૂજ હશે. આ પુસ્તક નિષ્ઠાપૂર્વક વાંચનારને જરૂર જણાશે કે સ્ત્રી-પુરુષ સહચર્યને સભર-સંપન્ન તેમજ શ્રેયસ્કર બનાવવા સારુ આ વિષયનું ગંભીર ને સૂક્ષ્મ આકલન અનિવાર્ય છે.

પોતાનાં સંતાનોને આ બાબતનું જ્ઞાન ને સંસ્કાર આપી જવા એ દરેક સમજુ ને જવાબદાર માબાપની ફરજ છે. માબાપ માત્ર દેહ આપીને છૂટી જાય અને પોતાનાં સંતાનોનાં મન, હૃદય, ભાવનાઓ આદિના ઘડતર-ઉછેર અંગે કશું ધ્યાન ન આપે તો તેઓ પોતાની ફરજ ચૂકયાં ગણાય. આપણા 'દાદા'એ આ પુસ્તક દ્વારા આ મહત્ત્વની બાબત અંગેનું પોતાનું અનુભવ-ચિંતન-ભાથું આપણ સહુ બાળકોને આપીને પોતાનું કર્તવ્ય બજાવ્યું છે. હવે આપણે સહુ આ ચિંતન-સેરને આગળ વધારીએ, તેમાં નિત્ય શોધન કરતા રહીએ, જીવનમાં તેને ચરિતાર્થ કરવાનો પુરુષાર્થ કરતા રહીએ, અને આવા અવિરત અનુશીલન દ્વારા તેને પરિપુષ્ટ કરીને આપણા પછીની પેઢીને આપતા જઈએ, ત્યારે જ 'દાદા' પ્રત્યેનું આપણું ઋણ આપણે અદા કર્યું કહેવાશે. Olympic Torchને સદા પ્રજ્વલિત રાખી પેઢી દર પેઢી તેને હસ્તાંતરિત કરતા રહીએ તો જ માનવજાતની સંસ્કૃતિયાત્રા અસ્ખલિત રહે. લાખો યુવક-યુવતીઓને આ પુસ્તકમાંથી અમોલું ભાથું મળશે તેમ જ આવા ઋણફેડનની પ્રેરણા પણ મળી રહેશે એવી આશા સાથે આ પુસ્તક અમે વાચકોને ચરણે ધરીએ છીએ.

આ પ્રવચનો દાદાએ ૧૯૬૦ ના ડિસેમ્બરમાં શાંતિ-સૈનિક વિદ્યાલયમાં આપેલાં. પહેલાં ૬ પ્રકરણની નોંધ-અનુવાદ ભાઈ રાજુનાં છે અને ત્યાર પછીનાં પ્રકરણોનો અનુવાદ હિંદી પુસ્તક પરથી ભાઈ અમૃત મોદીએ કર્યો છે.

# માનવ-સંસ્કૃતિ

સ્ત્રી અને પુરુષ વચ્ચેનો ભેદ ગાય અને ઘોડા જેવો યોનિભેદનો નથી; અને એથીયે ઓછો બિલાડી અને ઉંદર જેવો ભક્ષક-ભક્ષ્ય પ્રાણીઓના જેવો. એ વચ્ચે લિંગભેદ છે—યોનિભેદ નથી. જે નિયમો એમને જુદી યોનિનાં પ્રાણી જેવાં ગણી જુદાં જુદાં ગોઠવે કે પાંજરામાં રાખવા પ્રયત્ન કરે છે, તે નિયમોનો પણ ભંગ થાય છે; કારણ, એમનામાં રહેલી સજાતીયતા કોઈક રીતે પણ જોર કર્યા વિના રહેતી નથી.

પણ સ્ત્રી-પુરુષ વચ્ચે લિંગભેદ અવશ્ય છે જ. તે લિંગભેદ અકસ્માતરૂપે નથી, પણ સૃષ્ટિની એક મહત્ત્વની અને વ્યાપક હકીકતરૂપે છે. એ ભેદની પાછળ જુદા જુદા ધર્મો રહેલા છે. એ લિંગભેદ છે જ નહિ એમ કલ્પના કરીને જે આચાર રાખવાનો પ્રયત્ન કરવામાં આવે છે, તે પ્રયત્નો પણ મિથ્યા જ થાય છે; કારણ એ ભિન્નતા પ્રકૃતિએ જ નિર્માણ કરેલી છે અને તેથી તે પણ કોઈક રીતે જોર કર્યા વિના રહેતી નથી.

હવે, મનુષ્ય બીજાં પ્રાણીઓની જેમ પ્રકૃતિનું એક બાળક છે; પણ તેનામાં પ્રકૃતિને વિકૃત કે સંસ્કૃત કરવાની શક્તિ રહેલી છે. સંસ્કૃતિ એ ઊર્ધ્વગતિ છે. ઊર્ધ્વગતિમાં પળે પળે પ્રયત્ન કરવો પડે છે. માનવજાતિએ અનેક સદ્‌ગુણોનો અને ઉચ્ચ ચારિત્ર્યનો જે વિકાસ કર્યો છે તે પગલેપગલે તેના પર અનુશીલનનો પ્રયત્ન કરવાથી થયો છે.

('સ્ત્રી-પુરુષ મર્યાદા' માંથી) —કિશોરલાલ મશરૂવાળા

Spiritually considered we are not ' men ' or 'women'; we are spirit, using—and using only temporarily—a male or a female body. The differentiation of the saxes has left each individual intact as a soul. Only, where in the one sex a positive principle has been emphasized while a negative was subdued, in the other a negative principle has been strengthened at the cost of a positive. As a result, the same as in magnetic poles there is mutual attraction. And that attraction, which is not physical but psychological, serves to turn the attention away from self and from selfishness; it lays the foundation for loftier emotions, for a tender care of others for sympathy and self-sacrifice, for compassion and self-effacement, and for pure love. And so sex fulfils its purpose by aiding in the evolutionary task of leading humanity in the direction of the goal of conscious spiritual unification.

(' The Coiled Serpent ') –C. J. VAN VLIET

# અનુક્રમ


| | | |
|---|---|---|
| ૧ | આપણી આશ્રમવ્યવસ્થા | ૧ |
| ૨ | સહજીવનની સંસ્કારિતા | ૧૭ |
| ૩ | ઉપભોગ સારુ નહિ, આનંદ સારુ | ૨૧ |
| ૪ | સ્ત્રી દેહપ્રધાન ન બને | ૨૮ |
| ૫ | સ્ત્રીની સમાન ભૂમિકા | ૩૪ |
| ૬ | સહજીવનની ભૂમિકા | ૪૧ |
| ૭ | સહજીવનનો આધાર | ૫૪ |
| ૮ | સૌંદર્ય-મીમાંસા | ૬૪ |
| ૯ | સખ્ય-ભાવના | ૮૦ |
| ૧૦ | ભક્તિયુક્ત સખ્ય-ભાવના | ૯૪ |
| ૧૧ | માતાપિતાની સાંસ્કૃતિક ભૂમિકા | ૧૦૯ |
| ૧૨ | સ્ત્રી-પુરુષની સમાનતા | ૧૨૮ |
| ૧૩ | સ્ત્રી-જીવનની ધન્યતા | ૧૪૨ |
| ૧૪ | ઉપસંહાર | ૧૫૪ |
| | પરિશિષ્ટ : | |
| | સ્ત્રી-જીવન અને ક્રાંતિ — કાકા કાલેલકર | ૧૬૪ |

# ૧ આપણી આશ્રમ-વ્યવસ્થા

આપણે ત્યાંની વર્ણ-વ્યવસ્થા અને આશ્રમ-વ્યવસ્થાનો મુખ્ય સંબંધ પુરુષના જીવન સાથે હતો, સ્ત્રીના જીવન સાથે નહીં. કોઈ વર્ણનો કોઈ સંસ્કાર અને કોઈ વિશેષ કર્તવ્ય સ્ત્રી માટે નહોતું. બ્રાહ્મણ સ્ત્રી અધ્યયન-અધ્યાપન કરે, ક્ષત્રિય સ્ત્રી યુદ્ધ કરે, વૈશ્ય સ્ત્રી ધનોપાર્જન કરે—આવા કોઈ નિયમ ધર્મ-શાસ્ત્રમાં નહોતા. શાસ્ત્રમાં જે કર્મો બતાવેલાં તે પુરુષનાં કર્મો, સ્ત્રીઓનાં નહીં. સ્ત્રી સહ-ધર્મિણી કહેવાતી. એનો પોતાનો કોઈ સ્વતંત્ર ધર્મ નહોતો. પતિનો જે ધર્મ તે એનો ધર્મ. પરંતુ તેમાંયે અર્જુન સાથે સુભદ્રા કે અભિમન્યુ સાથે ઉત્તરા કે રામચંદ્રજી સાથે સીતા યુદ્ધમાં નહોતી જતી. ક્ષત્રિય સ્ત્રી પણ જૌહર કરતી અને રડતી. વૈશ્ય સ્ત્રી પણ સ્વતંત્ર દુકાન ચલાવીને ધન કમાતી નહોતી.

આમ સ્ત્રી સારુ વિવાહ અને જન્મ એ બે સંસ્કાર સિવાય બીજા કોઈ સ્વતંત્ર સંસ્કાર નહોતા. એવી જ રીતે સ્ત્રીઓ માટે ગૃહસ્થાશ્રમ સિવાય બીજો કોઈ આશ્રમ પણ નહોતો. પિતાને ઘેર પેદા થઈ એટલે લગ્નપર્યંત ત્યાં રહેતી અને પછી મૃત્યુ સુધી પતિને ત્યાં રહેતી. પતિ મરી ગયો હોય તો પુત્ર સાથે રહેતી. બ્રહ્મચર્ય-આશ્રમ અને સંન્યાસ-આશ્રમ સ્ત્રીઓ માટે નિષિદ્ધ હતા. અલબત્ત આપણે ત્યાં પણ કેટલીક સાધ્વીઓ અને સંન્યાસિનીઓ

થઈ છે. લોકો એને બ્રહ્મવાદિની અને મુક્તાત્મા યે માને છે. પણ ધર્મશાસ્ત્ર અનુસાર તો એમના હાથનું પાણી પણ ન પી શકાય, પછી ભલે ને તે પોંડિચેરીની માતાજી હોય કે આનંદમયી મા હોય. ધર્મશાસ્ત્રમાં આવા નિયમો હતા.

### પ્રાકૃતિક ભેદ સિવાય અન્ય કોઈ ભેદ માન્ય નથી

આજે આપણે હવે સ્ત્રી-પુરુષ વચ્ચે આવા ભેદ માન્ય નથી કરતા. સ્ત્રી-પુરુષમાં જે પ્રાકૃતિક ભેદ છે તે તો રહેશે. પ્રાકૃતિક ભેદનું નિવારણ કોઈ નથી કરી શકતું. પરંતુ એ પ્રાકૃતિક ભેદ હોવા છતાંયે સ્ત્રી-પુરુષનું જે સામાન્ય મનુષ્યત્વ છે, એનો આપણે વિકાસ કરવા માગીએ છીએ. સ્ત્રી સ્ત્રી રહેશે અને પુરુષ પુરુષ રહેશે; પણ બંનેય મનુષ્ય બનશે. આજે સ્ત્રીને સામાન્ય મનુષ્ય બનવા દેવામાંય અનેક બાધાઓ છે. એ બાધાઓ દૂર કરવી પડશે.

એને મનુષ્ય બનવા સારુ કઈ વાતની જરૂર છે? એને શિક્ષણ મળવું જોઈએ. એને એ શિક્ષણ માત્ર રસોઈ બનાવવાનું, બાળકો ઉછેરવાનું, કપડાં સીવવાનું વગેરે જ નહીં; પુરુષ અને સ્ત્રીનું શિક્ષણ મોટે ભાગે સમાન હોવું જોઈએ. કેવળ માતૃત્વનું શિક્ષણ સ્ત્રીઓને અલગ અપાય. બાકી શિક્ષણની બાબતમાં કશો ભેદભાવ રાખવાની જરૂર નથી.

એ વાત અલગ છે કે શરીર-પરિશ્રમનાં કેટલાંક બહુ ભારે કામ તે ન કરે. એણે માતૃત્વની જવાબદારી ઉપાડવાની છે. મહિનામાં થોડા દિવસ તેનું શરીર પણ થોડું અસમર્થ રહે છે. તેથી બહુ મહેનતનું કામ એની પાસે ન કરાવાય. પરંતુ આજે તો શું છે? આજે તો તમે જુઓ છો

કે ઘરમાં સાફસૂફ કરવાનું, પાણી ભરવાનું, લીંપવા-લૂછવાનું, દળવા-ખાંડવાનું બધું કામ સ્ત્રીઓ કરે છે અને દિવસભર કરે છે. અને છતાંય કહેવાશે એમ કે સ્ત્રી કમજોર છે, નાજુક છે. આ બધાં કામો કરવાનું પુરુષને તો પોતાની મરદાનગીને લાંછનરૂપ લાગે છે. જે પુરુષ થોડો માલદાર છે તે પોતાની સ્ત્રીને પણ આવાં કામ નહીં કરવા દે. પણ જ્યાં નોકર ન હોય ત્યાં તો આવાં કામ સ્ત્રીઓએ જ કરવાનાં રહે છે.

વળી જે પુરુષ નોકર હોય તે બીજાને ત્યાં તો આ કામ કરશે, પણ એને પોતાને ત્યાં તો એ કામ એની સ્ત્રીએ જ કરવાનાં. તમારે ઘરે જે રસોઈયો હશે તેને પોતાને ઘરે તો એની સ્ત્રી જ રસોઇ બનાવતી હશે. તમારે ઘરે જે પુરુષ પાણી ભરતો હશે, એના ઘરમાંયે એની સ્ત્રી પાણી ભરતી હશે. એ પુરુષ તમારે ત્યાં નોકર છે, પણ એને પોતાને ત્યાં એનો નોકર એની સ્ત્રી છે.

### અન્નપૂર્ણાનું પ્રત્યક્ષ સંરક્ષણાત્મક કામ

આવી રીતનાં સ્ત્રી-પુરુષનાં કામોમાં જે ભેદ છે તે દૂર થવા જોઈએ. ભોજન તૈયાર કરવું અને પોતાને હાથે ભોજન બનાવીને બીજાને ખવડાવવું, એ એક બહુ મોટી ચીજ છે, ઉદાત્ત ચીજ છે; કેમ કે એમાં પોષણ આપવાની વાત છે. આ એક પ્રત્યક્ષ ઉત્પાદક પરિશ્રમ છે અને પ્રત્યક્ષ સંરક્ષણાત્મક કાર્ય છે. હથિયારથી એક માણસ બીજા માણસને બચાવે છે અથવા તો દવા આપીને કે ઉપચાર કરીને શરીરનુ સંરક્ષણ કરાય છે, તે તો એક અપ્રત્યક્ષ સંરક્ષણાત્મક કામ છે. પરંતુ જે ભૂખથી અને ઠંડીથી માણસનું સંરક્ષણ કરે છે તે પ્રત્યક્ષ સંરક્ષણ છે. રસોઇ

બનાવવાનું આવું આ ઉદાત્ત કામ છે. ખેતીમાં અનાજ પેદા કરવાનું કામ છે તે સિવાય બીજું કોઈ કામ એવું નથી જે આની બરાબરીનું હોય. આ પ્રત્યક્ષ પોષણનું કામ છે, અને એ કામમાં સ્ત્રીએ પોતાની પ્રતિષ્ઠા માનવી જોઈએ.

પરંતુ આ પ્રતિષ્ઠા ક્યારે પ્રસ્થાપિત થાય? જ્યારે પુરુષ પોતે પણ એ કામ કરવામાં પોતાની પ્રતિષ્ઠા માનતો થાય ત્યારે. આજે પુરુષ રસોઇયો છે પણ તે નોકરને નાતે, કમાવા ખાતર. પોતાના ઘરમાં એ કાંઇ રસોઈયો નથી. ધર્મરાજાએ જ્યારે રાજસૂય યજ્ઞ કર્યો ત્યારે દસ હજાર હાથીઓની શક્તિવાળા ભીમને એમણે ભોજન બનાવવાનું કામ સોંપેલું. તેથી સ્તો મેં તમને કહ્યું કે ભારે પરિશ્રમની બાબતમાં માત્ર અપવાદ રખાય. બાકી કેવળ માતૃત્વના શિક્ષણને બાદ કરતાં સ્ત્રી-પુરુષના શિક્ષણમાંયે કશા ભેદની આવશ્યક્તા નથી.

### સહ-નિવાસની આવશ્યકતા

આનો અર્થ એ કે બંને સારુ બ્રહ્મચર્યાશ્રમ હોવો જોઈએ. બ્રહ્મચર્યાશ્રમી સ્ત્રી-પુરુષ અલગ અલગ રહે કે એક-સાથે રહે, એ બધી વિગતો વિશે વિચારવું પડશે. કદાચ હમણાં શરૂશરૂમાં બંનેને અલગ અલગ રાખવાં પડે, પરંતુ બહુ જલદી એવો સમય આવવો જોઇએ કે જ્યારે સહ-શિક્ષણની સાથોસાથ સહ-નિવાસ પણ હોય. આજે હજી આપણે સહ-નિવાસ સુધી પહોંચી નથી શકયા. કેટલીક સંસ્થાઓ એવી છે ખરી જ્યાં સહ-નિવાસ પણ છે; પરંતુ મોટા ભાગની સંસ્થાઓમાં સહ-નિવાસ નથી. એટલે કદાચ થોડા વખત માટે ભિન્ન ભિન્ન સંસ્થાઓ અને છાત્રાલયો રહે અને સહ-શિક્ષણ ચાલુ રહે. પણ જલદીમાં

જલદી એવો સમય લાવવાનો છે કે છાત્રાલયો પણ ભિન્ન ભિન્ન ન હોય, માત્ર ઓરડાઓ જ અલગ અલગ હોય. સહ-પરિશ્રમ, સહ-શિક્ષણ, સહ-ભોજન એ બધું તો સાથે સાથે ચાલે છે અને જ્યારે પ્રવાસમાં હોઈએ કે બહાર હોઈએ ત્યારે તો એક જ ઓરડામાં સૂઈએ પણ છીએ. આવું આપણે પ્રવાસમાં ને બહાર કરીએ જ છીએ.

### કૌટુંબિકતાની પ્રસ્થાપના

સ્ત્રી-પુરુષના જીવનમાં જ્યાં કૌટુંબિકતા પ્રસ્થાપિત થાય છે ત્યાં એક જ ઓરડામાં સૂઇ શકાય તેવી પરિસ્થિતિ નિર્માણ થાય છે. પહેલાંનાં ગુરુકુલોમાં ગુરુ, ગુરુપત્ની અને એમની કન્યાઓ બ્રહ્મચારી વિદ્યાર્થીઓ સાથે રહેતી. પરંતુ એ સિવાય બીજી કોઈ સ્ત્રી ત્યાં નહોતી રહેતી. હવે આપણે આ કૌટુંબિકતાનો વિસ્તાર કરવો છે. આપણાં છાત્રાલયોમાં તરુણ છોકરા-છોકરીઓ સાથે રહે, સાથે ભણે. એમનો એકમેક સાથેનો સંબંધ ભાઈ બહેનનો હોય. આપણું બધુંયે વલણ કૌટુંબિકતા તરફનું છે. એ કૌટુંબિક ભાવના એમના હૃદયમાં સ્થિર થવી જોઈએ. આજે નાનાં નાનાં ગામમાં આવો જ કૌટુંબિક નાતો ચાલે છે. બીજા ગામની કોઈ છોકરી પરણીને આવે છે તો તે આખાયે ગામની છોકરી બની જાય છે. એવી જ રીતે આપણી શિક્ષણ-સંસ્થાઓમાં કૌટુંબિક ભાવનાનો વિસ્તાર થવો જોઈએ.

તો આપણે ધીરે ધીરે કૌટુંબિકતા તરફ આગળ વધવું છે. આપણાં બધાં વિદ્યાલયો કૌટુંબિક વિદ્યાલયો બનવાં જોઈએ. આ 'કૌટુંબિક વિદ્યાલયો' એ શબ્દ વિનોબાનો છે. મહારાષ્ટ્રમાં ૩૬ વર્ષ પહેલાં આ શબ્દનો પ્રયોગ એમણે કરેલો અને કહેલું કે હવે જે વિદ્યાલયો બને તે કૌટુંબિક

વિદ્યાલયો બનાવવાં જોઈએ. અત્યારે હવે તેઓ જે રીતે વિચારે છે તે રીતે ત્યારે નહોતા વિચારતા. તેઓએ કહેલું કે સ્રી-પુરુષ બંનેનું જીવન અલગ અલગ ન હોવું જોઈએ. આ વિદ્યાલયોમાં અળગાપણું (Isolation) ન પ્રવેશવું જોઈએ. લાલા લજપતરાયે રાષ્ટ્રીય શિક્ષણ પર એક પુસ્તક લખ્યું છે, તેમાં એમણે એમ કહ્યું કે મારો અનુભવ એવો છે કે તરુણ છોકરા-છોકરીઓને આપણે જુદાં રાખીએ છીએ અને બંને એકમેકથી અળગાં રહીને જ મોટાં થાય છે. તો ગુરુકુલમાંથી બહાર નીકળ્યા બાદ તેઓ બહુ સંયમ નથી રાખી શકતાં. ગુરુકુલમાંથી બહાર નીકળતાં જ તેઓ પહેલી લાલચનાં શિકાર બની જાય છે.

### સહજીવનનું પ્રાણતત્ત્વ : સ્નેહ અને પવિત્રતા

આનું કારણ એ કે ગુરુકુલોમાં અત્યાર સુધી જે બ્રહ્મચર્ય પળાયું તે એ પાયા પર પળાયું કે સ્રીથી દૂર રહો અને સ્રીનું બ્રહ્મચર્ય એ પાયા પર પળાયું કે પુરુષથી અળગા રહો. બંનેને એકમેકના સાંનિધ્યની ક્યારેય આદત જ નહિ હોય તો પરિવારની બહાર પવિત્ર સહજીવન મોટે ભાગે અસંભવિત જ બની જશે. હું પવિત્ર સહજીવન વારંવાર કહું છું, કારણ કે એમ તો આજ પણ સ્રી-પુરુષ એકમેકના સહવાસમાં રહે છે, પણ કંઈક સંકોચાતાં, કંઈક શરમાતાં, કંઈક ગભરાતાં. આ કાંઈ સહજીવન ન કહેવાય સહ-જીવનમાં તો સ્નેહની માત્રા અધિક હોવી જોઈએ અને પવિત્રતાની ભાવના સંપૂર્ણ હોવી જોઇએ. આ વસ્તુ પોતે જ બ્રહ્મચર્યનું શિક્ષણ છે. એ શિક્ષણ સંસ્કારથી આપી શકાય છે, વાતાવરણથી આપી શકાય છે અને મોટે ભાગે જીવનથી આપી શકાય છે.

શ્રી અરવિંદે રાષ્ટ્રીય શિક્ષણ પર એક પુસ્તક લખ્યું છે. તમને કદાચ ખબર નહિ હોય પણ આ દેશમાં રાષ્ટ્રીય શિક્ષણની જે પહેલી સમિતિ ૧૯૦૬માં બંગાળમાં બની, એના મંત્રી શ્રી અરવિંદ હતા. એ પુસ્તકમાં એક પરિચ્છેદ છે: નૈતિક શિક્ષણ. એમાં એક વાક્ય એમણે એ લખ્યું છે કે નૈતિક શિક્ષણ ગ્રંથ અને શબ્દ દ્વારા આપવું તો જોઇએ પણ ગ્રંથ અને શબ્દનું નૈતિક શિક્ષણ સફળ નથી થતું, સાર્થક નથી થતું; કેમ કે નૈતિક શિક્ષણ હૃદયનો સંસ્કાર છે અને હૃદય તથા બુદ્ધિમાં અંતર છે. તેથી દિમાગ મારફત જે નૈતિક શિક્ષણ આપવામાં આવે છે તે હૃદયને કેળવી નથી શકતું. નૈતિક શિક્ષણ તો વાતાવરણ અને ત્યાં રહેનારાંઓના જીવન પર આધાર રાખે છે. એ વાતાવરણ નિર્માણ કરવામાં સ્ત્રી-પુરુષ બંને સામેલ હશે.

સ્ત્રી-પુરુષના સહજીવનમાં નિર્ભયતા આવવી જોઈએ. એ નિર્ભયતાનો અભ્યાસ અમુક હદ સુધી કુટુંબમાં થાય છે. પણ કુટુંબ બહાર પણ એનો અભ્યાસ કાયમ નહિ રહે તો આખુંયે સમાજજીવન નષ્ટ-ભ્રષ્ટ થઈ જશે, એમાં કોઇ પ્રકારની પવિત્રતા નહિ રહે.

તો બ્રહ્મચર્યાશ્રમની આવશ્યકતા ને અધિકાર છોકરા-છોકરી બંને સારુ સમાન હોવા જોઈએ. બ્રહ્મચર્યનો અભ્યાસ પૃથક્ જીવનમાં નહિ, સહજીવનમાં થવો જોઇએ. સહશિક્ષણ અવશ્ય અપાય, સહજીવનની મર્યાદા સમય અને સામર્થ્ય અનુસાર સચવાય. જે વખતે જેટલી હિંમત સંસ્થાના સંચાલકોમાં હોય અને વિદ્યાર્થી-વિદ્યાર્થિનીઓમાં જેટલી સંકલ્પશક્તિ હોય એટલી મર્યાદામાં સહજીવન શકય બનશે. આમાં છોકરા-છોકરીઓના સંકલ્પનીયે આવશ્યક્તા છે.

બંનેની એવી ભાવના હોવી જોઈએ કે અમે ભાઈ-બહેન સાથે અભ્યાસ કરી રહ્યાં છીએ. પતિ-પત્ની સાથે અભ્યાસ કરી રહ્યાં હોય તો એમણે પણ અભ્યાસ દરમિયાન આવો જ સંકલ્પ કરવો જોઈએ. આવો સંકલ્પ થશે તો પવિત્રતા આવશે.

ત્યાર બાદ ગૃહસ્થાશ્રમ. કુટુંબનું સ્વરૂપ કેવું હશે? વિવાહસંબંધ કોઇ અવાંતર કારણસર ન થવો જોઇએ. એવા અવાંતર કારણો કયાં છે? એક તો પૈસો, બીજું સામાજિક પ્રતિષ્ઠા, ત્રીજું રક્ષણ-પોષણનો વિચાર અને ચોથું કેવળ શારીરિક સુંદરતા. પુરુષનું શરીર સુડોળ છે, તગડું છે અને સ્ત્રીનું શરીર સુંદર છે—બસ, આટલાથી લગ્ન થઈ ગયાં અને જોડું બહુ સારું શોભે છે, એમ લોકોને થયું. સુંદરતામાં દોષ નથી પણ લગ્નનો મુખ્ય આધાર પ્રેમ હોવો જોઈએ. જેટલો પ્રેમ વિશેષ હશે, શારીરિકતા એટલી ઓછી હશે. ગૃહસ્થાશ્રમમાં શારીરિકતાની ભાવનાનો ક્ષય કરવા સારુ બહુ મોટો અવસર છે અને તેય ઉંમરભર છે, આજન્મ છે. એક તો સંતાનમાં મા અને બાપ બંનેનું જીવન કેન્દ્રિત થઇ જાય છે એટલે સ્ત્રીનું સ્ત્રીત્વ અને પુરુષનું પુરુષત્વ બંનેયનું માતૃત્વ અને પિતૃત્વમાં ઊર્ધ્વીકરણ થઈ જાય છે. આને કારણે શારીરિકતાની ભાવના ઓછી થતી જાય છે. બાળક સારુ જે કાંઇ ત્યાગ કરવો પડે તેને કોઇ ત્યાગ નથી માનતું. જ્યારે છોકરો મોટો થયા બાદ ઝઘડો થાય ત્યારે ભલે કહે કે તને પાળીપોષીને મોટો કર્યો અને હવે તું અમને ગાળો દે છે? એ અલગ વાત છે. પણ છોકરા સારુ જે કાંઇ કરવું તે કાંઇ ત્યાગ નથી, ઊલટું ન કરે તો પાપ લાગશે.

## પારિવારિક સહયોગની કડી : આતિથ્ય

ગૃહસ્થાશ્રમની બીજી વિશેષતા છે આતિથ્ય. દાન એ અલગ ચીજ છે. આતિથ્યમાં દાનની ભાવના નથી. આપણે એવો સમાજ ઇચ્છીએ છીએ, જેમાં દાનની આવશ્યકતા જ ન હોય અને સેવાની આવશ્યકતા પણ ઓછામાં ઓછી હોય. સેવાની જરૂરત મુસીબતમાં હોય છે અને દાનની જરૂર ગરીબીમાં હોય છે. આ બંનેની જરૂર દુનિયામાં ન રહે એમ આપણે ઇચ્છીએ છીએ, પણ આતિથ્ય આનાથી જુદી ચીજ છે. આતિથ્યનો અર્થ એ છે કે કુટુંબમાં મહેમાન-અતિથિનું સ્વાગત થશે. પારિવારિક સહજીવન હોવું જોઈએ. એ પારિવારિક સહયોગની કડી મહેમાન છે. અતિથિ આવે છે તો આપણું હૃદય આનંદથી નાચી ઊઠે છે કે પરિવારમાં એક વ્યક્તિ બહારથી આવી, જે થોડા દિવસ આપણા પરિવારની થઈને રહેશે. આ આતિથ્યની ભાવના પરિવારને વ્યાપક બનાવવાની ભાવના છે. પરંતુ એ આતિથ્યમાં સ્નેહ હોવો જોઈએ, કેવળ ઔપચારિક વ્યવસ્થા નહિ. કેવળ વ્યવસ્થાનું નામ આતિથ્ય નથી. એમાં જેટલી હાર્દિકતા હશે એટલી કૌટુંબિકતા આવશે. જ્યાં સુધી મુસીબત છે ત્યાં સુધી દાનની જરૂર રહેશે. આ તો દયાની ભાવના છે, સહાનુભૂતિ છે. પરંતુ સ્નેહભાવના આનાથી બહુ ઊંચી ચીજ છે. બંનેને પોતપોતાને ઘરે બહુ સારું ભોજન મળે છે. એવું પણ બને કે તમારે ત્યાં મારા કરતાં સારું ભોજન થતું હોય. પણ તમે ખુશીથી મારે ઘરે આવો છો અને હું આનંદપૂર્વક તમારી સમક્ષ જે કાંઈ મારા ઘરમાં સારામાં સારી વાનગી છે તે મૂકું છું. તમે ખાઓ છો તેથી હું ખૂબ પ્રસન્ન થાઉં છું. આ આતિથ્ય કહેવાય છે. આ પ્રકારની આતિથ્યભાવના દરેક

કુટુંબમાં હોવી જોઈએ ને એ જ ભાવના સંસ્થાઓમાં પણ દાખલ થવી જોઈએ, કેમ કે તમે સંસ્થાઓમાં પણ કૌટુંબિકતા આણવા માગો છો ને?

પણ આજે થઈ રહ્યું છે ઊલટું. સંસ્થાઓની યાંત્રિકતા પરિવારોમાં આવી રહી છે. એવા કેટલાક પરિવારોમાં મારો મુકામ હોય છે, જ્યાં તાજમહાલ હોટેલ અને ઇમ્પિરિયલ હોટેલ કરતાંયે મારી સારી સરભરા કરાય છે. ત્યાંનો રસોઇયો બબ્બે કલાકે મને આવીને પૂછે કે શું ખાશો? અને શૉફર આવીને પૂછે છે કે ક્યાં જવું છે? પરંતુ મારા યજમાનની ભેટ જ્યારે હું આવ્યો ત્યારે અને જ્યારે મેં વિદાય લીધી ત્યારે જ બે વાર થઈ. 'તમે અહીં આવ્યા તે સારું થયું. આનંદ થયો. હવે તમે જઈ રહ્યા છો તે ગમતું નથી' વગેરે. આમાં માનવતાનો અને મિત્રતાનો કોઈ સ્પર્શ નથી. કશીયે હાર્દિકતા નથી. તેથી જ મેં કહ્યું કે હું વ્યવસ્થાની વાત નથી કરતો. વ્યવસ્થા એક અલગ ચીજ છે. આપણે એક એવો સમાજ બનાવવા માગીએ છીએ જેમાં ઈશ્વર-કૃપાએ બધાં સારુ વ્યવસ્થા હશે. પરંતુ કુટુંબમાં મુખ્ય સ્નેહભાવના હોવી જોઈએ. આજે થવું એમ જોઈએ કે ગૃહસ્થાશ્રમની કૌટુંબિકતા સંસ્થાઓમાં દાખલ થાય પણ સામે પક્ષે સંસ્થાઓની યાંત્રિકતા કુટુંબોમાં દાખલ ન થાય. આખરે સ્ત્રી-પુરુષના સહજીવનના પાઠ જ્યાં મળવાના છે તે સંસ્થા કુટુંબ જ છે. સમાજની ચાવીરૂપ સંસ્થા ગૃહસ્થાશ્રમ છે. ચારેય આશ્રમોમાં અગર સૂર્યનું સ્થાન કોઈ આશ્રમનું હોય તો તે આ આશ્રમનું છે, કેમ કે આખાયે સમાજમાં જે મૂલ્યો ફેલાશે તે આ આશ્રમ દ્વારા ફેલાશે.

## વાનપ્રસ્થાશ્રમ : સમાજવ્યાપી કૌટુંબિકતા

આ પછી આવે છે વાનપ્રસ્થાશ્રમ. એમાંયે પહેલાંના વખતમાં મુખ્ય સંકલ્પ પુરુષનો રહેતો; સ્ત્રીએ તેમાં માત્ર સહમતિ કે અનુમતિ જ આપવાની રહેતી. અને સંન્યાસ આશ્રમમાં તો મુખ્ય સંકલ્પ પુરુષનો રહેતો અને સ્ત્રીની કેવળ અનુમતિ રહેતી એટલું જ નહિ, સ્ત્રી એમાં પોતાના પતિને સાથ ન આપી શકતી. વાનપ્રસ્થાશ્રમમાં સ્ત્રી સાથે રહી શકતી. વાનપ્રસ્થાશ્રમમાં શું થાય છે ? સમાજ જ કુટુંબ બની ગયો. કૌટુંબિકતા સમાજવ્યાપી બની ગઈ. હવે પોતાનાં બાળબચ્ચાં પોતાનાં ન રહ્યાં. સમાજમાં જેટલાં બાળકો છે તે બધાં પોતાનાં બની ગયાં. આવી રીતે કૌટુંબિક ભાવના વ્યાપક બની જાય છે તો સમાજમાં કૌટુંબિકતાનો સંબંધ સ્થાપિત થાય છે. આ પુરુષ અને આ સ્ત્રીનું એક વખત લગ્ન થયેલું. એ લગ્નસંસ્કારના જેટલાં ચિહ્નો રહી ગયાં તે રહી ગયાં. પરંતુ હવે તેઓ પતિ-પત્ની નથી. હવે તેઓ બન્ને વાનપ્રસ્થ વ્યક્તિ છે, જેમનાં જીવનમાં સખ્યભાવના પ્રધાન છે, હવે એ બંને એકમેકનાં મિત્ર છે. એમની પરસ્પર પ્રત્યેની મુખ્ય ભાવના સખ્યની છે.

આ ભાવનાની આજના સમાજમાં બહુ આવશ્યકતા છે. આજે સમાજમાં પ્રૌઢ કુમારિકાઓની સંખ્યા વધી રહી છે. હવે આ કુમારિકાઓ સારુ પોતાના કુટુંબ બહાર ક્યાંય માબાપ નહિ હોય શું ? ૭૦ વર્ષનો ચર્ચિલ એક છોકરીને પોતાની ટાઇપિસ્ટ બનાવે છે અને પછી તેની સાથે લગ્ન કરી લે છે ! ૫૦–૬૦ની ઉંમરનો પ્રોફેસર છોકરીને ભણાવે છે અને એમાંની જ એક છોકરી સાથે લગ્ન કરી નાખે છે ! સમાજમાં તરુણ સ્ત્રી કે પ્રૌઢ કુમારિકા સામાજિક કાર્ય કે શિક્ષણ કાર્ય

કરતી હોય એને માટે કોઈ એવું સ્થાન હોવું જોઈએ કે જ્યાં તે એમ કહી શકે કે સમાજમાં મારાં માબાપ બેઠાં છે.

તો પ્રૌઢ પુરુષ અને પ્રૌઢ સ્ત્રી પિતૃત્વ-શેષ અને માતૃત્વ-શેષ રહી જવાં જોઈએ. એમનામાં માત્ર પિતૃત્વ અને માતૃત્વની જ ભાવના શેષ રહેવી જોઈએ, એમનામાં પછી પતિ-પત્નીની ભાવના નહિ રહે. આમ આજનો વાનપ્રસ્થ વનમાં નથી જતો પણ કુટુંબમાંથી નીકળીને સમાજમાં આવે છે. જો તે વનમાં ચાલ્યો જાય તો તે વ્યર્થ છે, કેમ કે તો પછી એ ભાવના સમાજવ્યાપી નથી બની શકતી.

થોડાં કેવળ વાનપ્રસ્થવૃત્તિવાળાં સ્ત્રી-પુરુષો સમાજમાં હશે તો સંરક્ષણનું વાતાવરણ નિર્માણ થશે. આજે પણ આપણે જોઈએ છીએ કે ફર્સ્ટ કલાસના ડબ્બામાં એક પ્રૌઢ પુરુષ બેઠો છે અને તેમાં એક તરુણ સ્ત્રીને બેસાડવી હોય તો એને સ્ટેશને મૂકવા આવનારા કહેશે કે આ બુઢ્ઢો છે તે ઠીક છે. એના ડબ્બામાં જ બેસી જા. એની પાછળ ભાવના એવી નથી કે તે બુઢ્ઢો છે એટલે તે નિરામય છે, એના તરફથી કોઈ ભય નથી. પણ ભાવના એવી છે કે તે બુઢ્ઢો છે તેથી અસમર્થ છે. આમાં શારીરિકતાનો વિચાર છે. ખરી રીતે ભાવના તો એવી હોવી જોઈએ કે આ જે પ્રૌઢ વ્યક્તિ અહીં બેઠી છે તેમાં હવે આ ઉંમરે વિવાહની, જાતીયતાની ભાવના રહી જ નહિ હોય. તેથી કોઈ પોલીસ કે રેલવે અધિકારી કરતાંયે એની સોબતમાં એક સ્ત્રી અધિક સુરક્ષિત છે. એવી રીતે સમસ્ત સમાજમાં જ્યારે આવું વાતાવરણ નિર્માણ થશે ત્યારે વાનપ્રસ્થતા એક સામાજિક મૂલ્ય બનશે.

આનો આરંભ શિક્ષણ સંસ્થાઓથી થવો જોઈએ. એ સંસ્થાઓમાં એવું વાતાવરણ નિર્માણ કરનારાં એવાં

સ્ત્રી-પુરુષ હશે કે એમની હાજરીમાત્રથી પવિત્રતા આવશે. આનો મતલબ એ નહિ કે શિક્ષકો બધા બુઢ્ઢા જ હશે, તરુણ સ્ત્રી-પુરુષો પણ શિક્ષક હોઈ શકે. પરંતુ જે વાતાવરણ હશે તે નિર્માણ કરવા માટે વાનપ્રસ્થવૃત્તિવાળાંની આવશ્યકતા હશે.

### સંન્યાસાશ્રમ : સામાજિક મૃત્યુ

છેલ્લે આવે છે સંન્યાસ. આજના સમાજમાં સંન્યાસી નથી. તે હોવા જોઇએ. સંન્યાસી એટલે એવી વ્યક્તિ જેણે પોતાના જીવનમાં વ્યક્તિગત રીતે કાંઇ મેળવવાની ભાવના બિલકુલ છોડી દીધી છે. આ સમાજાતીત વ્યક્તિ કહેવાય છે. કિશોરલાલભાઈનો દેહાંત થયો. મેં 'સર્વોદય' માં એમને વિશે મૃત્યુલેખ લખ્યો, એમાં મેં એમ કહ્યું કે સમાજમાં તેઓ વસિષ્ઠ-સત્તાના પ્રતિનિધિ હતા. રામરાજ્યમાં વસિષ્ઠની સત્તા હતી.

આજના સમાજમાં એક નિયમ છે કે ન્યાયાધીશ પર કોઇનીયે સત્તા નથી ચાલતી, પાર્લામેન્ટનીયે નહિ. પાર્લામેન્ટ કાયદો બનાવી આપે, પછી અંતિમ સત્તા રહેશે. ન્યાયાધીશની. ન્યાયાધીશ પર રાષ્ટ્રપતિની પણ સત્તા નથી ચાલતી. ન્યાયાધીશ સત્તાતીત હોય છે. રાઘોબા પેશવાએ પોતાના ભત્રીજાનું ખૂન કર્યું તે વખતે રામશાસ્ત્રી ન્યાયાધીશ હતા. રાઘોબાએ એમને પૂછ્યું : 'આને સારુ શું સજા છે ?' તો એમણે કહ્યું કે 'ધર્મશાસ્ત્રમાં તો ખૂન કરનારને એક જ સજા છે અને તે દેહાંતદંડની.' રાઘોબા કહે : 'પણ રાજ્ય મારું છે. આખરે ફાંસીની સજા મારા જ હુકમથી થશે.' જવાબમાં રામશાસ્ત્રીએ કહ્યું : 'હા, ફાંસી થશે તમારા જ હુકમથી. પણ ન્યાય તો હું દઈશ ને કે તમને ફાંસીની સજા થવી જોઇએ.'

અને તે રાજય છોડીને જતો રહ્યો, કેમ કે, જે રાજ્યમાં ખૂનની ન્યાય અનુસાર સજા નથી થતી એ રાજયમાં હવે હું પાણીયે નહિ પીઉં. મારી જીભ તમે કાપી શકો છો, પરંતુ તમને હું ફાંસી સિવાય બીજી કોઇ સજા નહિ કરી શકું.

આવો સ્વતંત્ર ન્યાયાધીશ કોણ હોઈ શકે? તે હોઈ શકે જેનું પોતાનું કોઈ વ્યક્તિગત જીવન ન રહ્યું હોય, જે એક સામાજિક માનવી બની ગયો હોય. વિનોબા જેને વિશ્વમાનવ કહે છે, જેનો પોતાનો કોઈ એક દેશ નથી, જેનો પોતાનો કોઇ વિશિષ્ટ સમાજ નથી. આવો જે પુરુષ છે, ત્રિગુણાતીત હશે. આપણે ત્યાં સંન્યાસી નામ બદલી નાખે છે. નામ બદલવાનો મતલબ એ કે આજ સુધી એની જે નાગરિકતા હતી એનો અંત આવી ગયો. સંન્યાસી જંગલમાં ચાલ્યો જશે તો તે તો એક બાહ્ય ક્રિયા થશે. સંન્યાસી થવું એટલે તો સામાજિક મૃત્યુ સ્વીકારવું; અર્થાત્ હવે સમાજ પાસેથી મારે કાંઈ મેળવવાનું નથી. હું જે પરિશ્રમ કરીશ તે પણ ઉપાર્જન સારુ નહિ. તેથી તે આજ સુધી નામ બદલી નાખતો. હવે આવી રીતે તે નામ ન બદલે પણ સમાજાતીત ભાવના રાખે.

આ પ્રકારની કેટલીક સમાજાતીત વ્યક્તિ હોય છે ને એમના શબ્દ ઉપદેશ જ છે. तेषां स्वैरकथालापा उपदेशा भवन्ति। એમનો સ્વૈરકથાલાપ પણ ઉપદેશ સમાન બની રહે છે. એવા પુરુષોનું સમાજમાં અનુશાસન રહે છે. એવા પુરુષ જંગલમાં નહિ રહે, સમાજમાં જ રહેશે પણ સમાજાતીત થઈ ને રહેશે અને તેથી સમાજમાં એમનું અનુશાસન ચાલશે. આ પ્રકારની વ્યક્તિ તે સંન્યાસી છે. તે સ્ત્રી કે પુરુષ ગમે તે

હોઈ શકે, આવી વ્યક્તિઓ બહુ ઓછી નીકળશે તે સ્પષ્ટ છે.

### માનવીયતાની આધારશિલા પર સહજીવનનું સદન

આમ, ચારેય આશ્રમની થોડી કલ્પના તમારી સમક્ષ રજૂ કરી દીધી. તમારી સમક્ષ આ ભાષણ એટલા વાસ્તે કર્યું છે કે બે ત્રણ વ્યક્તિ પણ એવી નીકળે જે કંઈક ઝાંખું ચિત્ર જોઈ લે કે આપણે ક્રાંતિક્રાંતિ કરીએ છીએ તે શું ચીજ છે? આજે શું છે અને હવે શું થવાનું છે? આવું ચિત્ર રજૂ કરી દેવાનું મેં ઉચિત માન્યું છે. હવે તમારામાંની જે બહેન સમજી ગઈ હોય તે બીજી બહેનોને સમજાવે. અને જે આજે ન સમજી હોય તે કાલે કે પરમ દિવસે આ ચિત્રને મૂર્ત કરવાની કોશિશ કરે.

એક નાના બાળકને આદમ અને ઈવનું ચિત્ર દેખાડ્યું અને પૂછ્યું કે બતાવ, આમાં આદમ કોણ અને ઈવ કોણ? એ વખતે તો લાંબા વાળ બંનેને હતા, દાઢી-મૂછ તો હતી નહિ. તો કોણ આદમ ને કોણ ઈવ તે કેમ કહેવું? પેલા બાળકે કહ્યું કે પહેલાં આ બંનેને કપડાં પહેરાવી દો, એટલે હું ઓળખી કાઢીશ કે કોણ આદમ છે ને કોણ ઈવ છે. એમાંથી એક સાડી પહેરી લે અને બીજો પાટલૂન પહેરી લે એટલે હું ઓળખી કાઢું.

આ પ્રાથમિક અવસ્થા હતી અને એ જ અંતિમ અવસ્થા હોવી જોઈએ, જ્યારે મા અને બાપ, પતિ અને પત્ની, ભાઈ અને બહેન એક સમાન ભૂમિકા પર હોય. આ માનવતાના સ્તર પર સંભવી શકે છે. માનવતામાં શારી-રિકતા ઓછામાં ઓછી હોય. જેટલી શારીરિકતા ઓછી

હશે એટલો ઓછો ભાર માણસ શારીરિક અને પ્રાકૃતિક ભેદો પર આપશે.

હવે આને કોઈ બ્રહ્મવિદ્યા કહેશે, કોઈ અધ્યાત્મવિદ્યા કહેશે. નામ તમારે આપવાં હોય તે આપો. પરંતુ સ્ત્રી અને પુરુષ બંને માનવીયતાની મૂળભૂત આધારશિલા પર બેઠાં હશે. રામ અને સીતા બંને સ્ફટિકશિલા પર બેઠાં છે એવું વર્ણન તુલસીદાસજીએ કર્યું છે. એવી આ માનવીયતાની શુદ્ધ સ્ફટિકશિલા—આધારશિલા હશે, જ્યાં શારીરિકતાનો અંત આવશે અને માનવતા જ પ્રધાન હશે, શારીરિકતાનો અંત એટલે શું શરીર જ નહિ રહે? શરીર તો રહેશે. બંનેનાં શરીરમાં ભેદ પણ રહેશે. બંને વચ્ચે એકમેકના સહવાસનો જે આનંદ છે તે પણ રહેશે, પતિ-પત્નીના જીવનનો આનંદ પણ રહેશે—પરંતુ આ બધું રહેવા છતાંયે પ્રધાન સંસ્કાર માનવતાનો રહેશે. બંનેની સમાનતા જ આપણા કૌટુંબિક અને સામાજિક જીવનનો આધાર બનશે.

# ૨ સહજીવનની સંસ્કારિતા

**સ્ત્રી**-પુરુષમાં સહજીવનની પ્રેરણા નૈસર્ગિક છે પણ એ સહજીવનનું સંયોજન, એની વ્યવસ્થા એ બધું મનુષ્યના સંસ્કાર છે. એકમેકને સંભાળવાની, એકમેકના જીવનને સંપન્ન કરવાની વાત આવે છે.

તમે એ પણ જોયું હશે કે સ્ત્રી-પુરુષ આખી જિંદગી સાથે રહે છે, તેઓ કેવળ શરીરનિષ્ઠ નથી રહી શકતાં. કેવળ શરીરનિષ્ઠ રહેશે તો એમનું સહજીવન અસંભવ છે. સ્ત્રી-પુરુષના સંબંધમાં શારીરિકતા જેટલી ઓછી હશે તથા પ્રેમ-સંબંધ અને હાર્દિકતા જેટલી અધિક હશે એટલો એમનો સંબંધ સ્થાયી અને પાકો થશે, પવિત્ર થશે. એ ખરું છે કે એ બંને કાંઈ અશરીર તો નથી. માત્ર એમના આત્મા સાથે સાથે નથી રહેતા પણ એમનાં શરીર એકમેકની સાથે રહેતાં હોય છે. પરંતુ એટલું ખ્યાલમાં રહેવું જોઈએ કે કેવળ શારીરિકતા હોય તો એ શબની સાથે રહેવા જેવું થઈ જાય છે. ત્યાં પછી એ જીવન નથી, એ તો મૃત્યુ છે. એટલે શરીરની સાથોસાથ મન અને હૃદય પણ સાથે રહેવાં જોઈએ. એમ થશે તો શારીરિકતા ક્ષીણ થતી જશે.

### શારીરિકતા એ અનાર્યતા છે

વળી મતલબ અને મહોબત એ પણ બે અલગ ચીજ છે. સ્ત્રી-પુરુષના સંબંધમાં જેટલી મતલબ આવે છે એટલું એમનું

સહજીવન મુશ્કેલ બને છે. એટલા માટે સમાજવાદીઓએ કહ્યું કે મિલકતને ખતમ કરી દો. છોકરી ક્યાં દેવી છે? જ્યાં માલમિલકત છે ત્યાં. છોકરાનાં લગ્ન ક્યાં કરવાં છે? જ્યાંથી સારો વાંકડો મળે ત્યાં. તો અહીં સંસ્કાર ગૌણ બની જાય છે અને સંપત્તિ પ્રધાન બની જાય છે. પૈસાને ખાતર શરીર વેચવાનું છે. જેમ એક ગણિકાના મનમાં પૈસા સિવાય બીજો સંબંધ નથી. પણ ગણિકાના સંબંધને ધર્મ અને કાયદાએ નિંદનીય માન્યો છે. આ રીતે શરીર ન વેચવું જોઈએ. પરંતુ વાંકડાને માટે છોકરીનું શરીર વેચે છે અને મોટર-બંગલા માટે છોકરીનું શરીર વેચે છે તે શું છે? એ ધર્મવિહિત, વિધિવત્ વ્યભિચાર છે. આ શબ્દો જો કે સમાજવાદીઓના છે પણ એમાં મૂળ વાત એ છે કે સ્નેહ સિવાયનાં આવાં બીજાં કારણોસર જે લગ્ન થાય છે એમાં બંને એકમેકને પોતાનું શરીર વેચે છે. આ શારીરિકતા એ અસંસ્કારિતા છે, અનાર્યતા છે. અંગ્રેજીમાં એને vulgar કહે છે. એને માટે સંસ્કૃત શબ્દ છે અનાર્ય. સહજીવનમાંથી આ અનાર્યતાને તિલાંજલિ આપવી પડશે.

સ્ત્રી-પુરુષનું સહજીવન વધુમાં વધુ સંપન્ન ક્યાં રહ્યું છે? કુટુંબમાં. અધિકમાં અધિક સુરક્ષિતતા પણ કુટુંબમાં છે. એટલે તો આપણે આ કૌટુંબિકતા સમાજમાં લાવવા માગીએ છીએ. એક સાથે ભણવાથી કે એક સાથે ભોજન કરવાથી કે મહેનત કરવાથી પારિવારિકતા આવી ન ગણાય. એને કારણે બહુ બહુ તો નિકટતા આવશે. પરંતુ એમાં પારિવારિકતા લાવવી હશે તો એની સાધના સહજીવનમાં કરવી પડશે.

પતિ-પત્નીના સંબંધનો આરંભ શારીરિકતાથી થાય છે, માટે જ પત્નીત્વ સીમિત છે. બીજા સંબંધોમાં શારીરિકતાનો

અંશ ઓછો હોય છે અને હાર્દિકતાનો અંશ વધુ હોય છે. જ્યાં શારીરિકતા ઓછી હોય છે ત્યાં જ સંસ્કાર અને સંસ્કૃતિ સંપન્ન બને છે અને સંબંધમાં પવિત્રતા આવે છે. એક મનુષ્યને માટે બીજા મનુષ્યનું શરીર કદી વિષય ન બનવું જોઈએ.

## જીવન-સૌંદર્યની અનુભૂતિ ખાતર

ઇન્દ્રિયો જેટલી શુદ્ધ હશે એટલી એમની શક્તિ તીવ્ર હશે. જે યોગી હશે કે સાધક હશે એની બધી ઇન્દ્રિયોની શક્તિ તીવ્રતર હોવી જોઈએ. હવે એ ઇન્દ્રિયોનો ઉપયોગ શું કરે છે? વાસનાતૃપ્તિ ખાતર જો એનો ઉપયોગ થતો હોય તો એને આપણે વિષય કહીએ છીએ. વાસના એટલે વિકાર. વિકારમાં સૌંદર્યની ભાવના નથી હોતી. જેમ પૈસાનું ધોરણ આવ્યું કે પ્રેમની ભાવના ગૌણ થઈ ગઈ તેમ જ જ્યાં વિકાર મુખ્ય હશે ત્યાં સૌંદર્યની ભાવના ક્ષીણ થતી જશે. શુદ્ધ પ્રેમમાં આસક્તિ નહિ હોય. આત્મજ્ઞાન સારુ—ઈશ્વર-પ્રાપ્તિ સારુ આ વિકાર ને વાસનાનો ક્ષય અનિવાર્ય છે એ આધ્યાત્મિક વાત જવા દઈએ તોય જીવનના સૌંદર્યની અનુભૂતિ માટે પણ એ અનિવાર્ય છે જ. વિકાર અને વાસના સુંદરતાની અનુભૂતિમાં વિઘ્નકર્તા છે.

સુંદરતા એ વિષય નથી, સુંદરતા એ જીવન છે. પ્રેમમાં જ્યાં પ્રભુત્વ પ્રવેશે છે ત્યાં પ્રેમ ક્ષીણ થઈ જાય છે. સાંદર્ય જ્યારે વિષય બની જાય છે ત્યારે એમાંની રસિકતા ખતમ થઈ જાય છે અને એ પરિગ્રહનું સાધન બની જાય છે. કેવળ ઉપભોગનાં સાધનનો સંચય કરવામાં જ પરિગ્રહ છે એમ ન માનતા. પરિગ્રહ તો એક સૂક્ષ્મ ભાવના છે. જ્યાં રસિકતા ઓછી થઈ જાય છે અને સુંદર વસ્તુઓને પોતાની પાસે

રાખવાની માલિકીની ભાવના વિશેષ હોય છે ત્યાં એ પરિગ્રહ જ બની જાય છે.

ઇન્દ્રિયોનો ઉપયોગ વિકાર ને વાસના માટે થાય તે એમનો અધમ ઉપયોગ છે. આ છે vulgarity—અનાર્યતા. આને સંપૂર્ણપણે કદાચ દૂર ન પણ કરી શકાય. પરંતુ એટલું નક્કી કે જેટલી સૌંદર્યની ભાવના અધિક હશે એટલી ઇન્દ્રિયો અધિક શુદ્ધ થતી જશે. વિકાર ને વાસનાથી જ્યારે ચિત્ત મુક્ત બને છે ત્યારે સૌંદર્યની ભાવના પ્રગટ થાય છે. જે પવિત્ર છે તેમાં જ ખરું સૌંદર્ય છે, એનો અભ્યાસ કરવાથી વિકાર ને વાસનાથી મુક્ત બની શકાય છે. જે સુંદર છે અને પવિત્ર છે એ મારી વાસનાનો વિષય નથી, એને સૌંદર્યની ભાવના કહે છે. જ્યાં વિકાર હોય ત્યાં વસ્તુ અને વ્યક્તિ વિષય બની જાય છે. પછી એ વસ્તુ ને વ્યક્તિ પ્રત્યે આદર નથી રહેતો. એ બન્ને સારુ આપણા મનમાં આદર હોવો જોઈએ. કેમ કે એ વિષય નહિ, પણ જીવનની વિભૂતિ છે; અને એ વિભૂતિમત્વમાં જ જીવનનું સૌંદર્ય છે.

## ૩ ઉપભોગ સારુ નહિ, આનંદ સારુ

સ્ત્રી-પુરુષનું સહજીવન ઉપભોગ સારુ નહિ પણ આનંદ સારુ હોય એ એક સાધના છે. બંને એકમેકની સાથે રહે અને એકમેકના જીવનને પવિત્ર અને સુંદર માને, એક-મેકના જીવનને અધિક સુંદર બનાવવાની કોશિશ કરે. તેઓ બંને અથવા જેટલા સાથે રહેતા હોય તેઓ એકમેકના જીવનને સંપન્ન કરે. बोधयन्तः परस्परं कथयन्तश्च मां नित्यं तुष्यन्ति च रमन्ति च—એકમેકને મારો બોધ આપે છે, મારું વર્ણન કરે છે અને એમાં સંતોષ પામે છે, આનંદ પામે છે. परस्परं भावयन्तः श्रेयः परं अवाप्स्यथ—એકમેકના રક્ષણની, સંવર્ધનની, વિકાસની, કલ્યાણની ભાવના રાખીને પરમ શ્રેય પ્રાપ્ત કરે છે. એકમેકને સંભાળીશું, એકમેકને શીખવીશું, એકમેકને પ્રકાશ આપીશું.

તેથી મેં કહ્યું કે સહજીવન સારુ ભૂમિકા સમાન હોવી જોઈએ. જ્યાં બરાબરીની ભૂમિકા નહિ હોય ત્યાં સહજીવન નહિ સંભવે. એટલે સૌ પ્રથમ સ્ત્રી-પુરુષની ભૂમિકા સમાન જોઈએ. આમાં મુશ્કેલી ક્યાં નડે છે?

સૌથી પહેલી મુશ્કેલી એ છે કે સ્ત્રી અને પુરુષ એકમેકના સંપર્કથી ડરે છે અને એમાંયે પુરુષના સંપર્કથી સ્ત્રી વધુ ડરે છે. પોતાની નૈસર્ગિક શરીરરચનાને કારણે સ્ત્રી પુરુષના સંપર્કથી અધિક ડરે છે. સ્ત્રીને માટે પુરુષ આક્રમણકારી છે અને પુરુષને માટે સ્ત્રી કામિની છે, કામવાસનાનું પ્રતીક છે!

## કામવાસના અંગેની અતિરેકી કલ્પનાઓ

ફ્રોઈડ નામે એક માનસશાસ્ત્રી યુરોપમાં થઈ ગયો. સ્વપ્ન-મીમાંસા એ એનો મુખ્ય સિદ્ધાંત છે. આપણે જે સ્વપ્ન જોઈએ છીએ તે ક્યાંથી આવે છે? એનું કહેવું છે કે કેટલીક અતૃપ્ત વાસનાઓ, કલ્પનાઓ, આકાંક્ષાઓ આપણા મનની અંદર છુપાયેલી પડી હોય છે. જેમ ચોરો છુપાઈ જાય છે; કે આંદોલનના નેતાઓ ભૂગર્ભમાં ચાલ્યા જાય છે તેવી રીતે કેટલીક ચીજો આપણા અંદરના મનમાં છુપાયેલી હોય છે. અસલમાં જો કે મન તો એક જ છે. પરંતુ જેમ ઉનાળામાં ગંગાજીમાં નહાવા જાઓ તો ઉપરનું પાણી સહેજ ગરમ હોય છે અને નીચેનું પાણી થોડું ઠંડું હોય છે, એવી રીતે આ અંદરનું મન કહેવાય છે. એ મનમાં કેટલીક વાસનાઓ છુપાયેલી રહે છે. એ બધી આપણાં સ્વપ્નોમાં દેખા દે છે. એમાં મુખ્ય વાસના કઈ છે? ફ્રોઈડ કહે છે કે કામવાસના મુખ્ય છે. એ સૌથી વધુ પ્રબળ છે અને એનો રંગ બીજા પર ચઢે છે. આના ઉપર અંગ્રેજીમાં ઘણાં પુસ્તકો લખાયાં છે.

આપણે ત્યાં પણ લોકોમાં એક એવો ખ્યાલ છે કે સ્ત્રીઓમાં શંખની પૂજા બહુ ઓછી થાય છે. શંખનું, ચક્રનું, ગદાનું મંદિર ક્યાંય નથી પણ શિવલિંગની અને યોનિની પૂજા થાય છે. આમ પૂર્વમાં ને પશ્ચિમમાં એવા લોકો છે, જેમણે કહ્યું કે માણસનો ધર્મ, એની કલા, એનું સાહિત્ય, એનાં સ્વપ્ન, એ બધાંની પાછળ એની કામવાસના પડેલી છે. किमन्यत् कामहैतुकम् એવો ગીતામાંયે ઉલ્લેખ છે. આ આખુંયે જગત કામવાસનાથી પેદા થયું છે. બાઈબલ કહે છે કે આદમ અને ઈવના મનમાં કામવાસનાનો ઉદય થયો ત્યારથી માનવજાતિનું પતન શરૂ થયું. ઉપનિષદમાં આવે છે કે

આત્મા પહેલાં એકલો હતો. सोऽकामयत— એને કામના થઈ जाया मे स्यात्— કે મારી સ્ત્રી હોય. પહેલાં આત્મા એકલો હતો, પછી એને કામના થઇ અને એ કામનાને કારણે જ સંસાર નિર્માણ થયો.

આમ મનુષ્યના આખા જીવનને કામવાસના પર લાવીને મૂકી દીધું. અને આ ત્યાં સુધી કે ફ્રોઈડ કહે છે કે પિતાને પુત્રી અધિક પ્રિય હોય છે અને માને પુત્ર વધુ વહાલો હોય છે, એ પણ સુપ્ત કામવાસનાનું જ પરિણામ છે. ફ્રોઈડની તો એવી વિચિત્ર કલ્પનાયે છે કે પુત્રના મનમાં પોતાના પિતા પ્રત્યે ઇર્ષ્યા પણ થાય છે. હવે આ કોઇ સ્વસ્થ ચિત્તનું લક્ષણ નથી. આ તો એક ચિત્તની બીમારી જ છે.

પહેલાં પુરુષ થયો હશે કે પહેલાં સ્ત્રી થઈ હશે એ નિરર્થક ચર્ચા છે. પરંતુ થોડો વખત એ ચર્ચા ચાલી કે પહેલાં મનુ થયો. એનાથી માનવ બન્યા. બ્રહ્મા પહેલા થયા, એનાથી સરસ્વતી પેદા થઈ. બ્રહ્મા પર એવું લાંછન લગાવવામાં આવે છે કે એણે પોતાની પુત્રી ઉપર કુદૃષ્ટિ કરી, એ લજ્જા પામી અને એણે એક હરિણીનું રૂપ લઈ લીધું તો આ હરણ બની ગયો. આકાશમાં મૃગ-વ્યાધ નક્ષત્ર દેખાય છે, તેમાં બ્રહ્મા પોતાની પુત્રી પાછળ જઈ રહ્યો છે અને મહાદેવજી ધનુષ્યથી એને મારી રહ્યા છે, એવી કલ્પના છે. કહે છે કે બ્રહ્માની પૂજા કયાંય નથી થતી, કેમ કે એને શાપ છે. કેવળ પુષ્કરમાં બ્રહ્માનું એક મંદિર છે, બીજે કયાંય નથી.

### આમ તો બીજો કોઈ સંબંધ જ ન સંભવે

આ બધી કલ્પનાઓનો અર્થ શો છે? એ બધી અવૈજ્ઞાનિક કલ્પના છે. એ કલ્પનાનો બધા દેશોના સાહિત્ય-

કારોએ આશરો લીધો. આપણા અને યુરોપના દેશોમાં સાહિત્યનો આવો એક યુગ રહ્યો, જેમાં ફ્રોઈડના સિદ્ધાંત ઉપર અનેક નવલ વગેરે લખાયાં. સ્રી અને પુરુષ વચ્ચે નર અને માદા સિવાય બીજો કોઈ સંબંધ જ સંભવી નથી શકતો, એ એક અત્યંત ભયાનક કલ્પના છે. સ્રી અને પુરુષ વચ્ચે નર અને માદા સિવાય બીજો કોઈ સંબંધ સંભવી જ ન શકતો હોય તો પછી એમનું સહજીવન એ સંબંધ વિના શક્ય જ નથી બનતું! પછી સ્રી કાં તો કોઈની પત્ની છે, કે કોઈની પત્ની થવાની છે. જે પુરુષો એનાં બાળકો નથી કે પિતા નથી કે ભાઈ નથી તે કાં તો એના પતિ છે કે પતિ બની શકે છે. જે મારી મા નથી, બેટી નથી, બહેન નથી એવી બધી સ્રીઓ કાં તો મારી પત્ની છે, કાં તો પત્ની બની શકે છે. બસ, આ જ સંબંધ અને સંસ્કૃતિ પછી રહેશે!

કમનસીબે એક તરફ સનાતનીઓએ અને બીજી તરફ સમાજવાદી, સામ્યવાદીઓએ આ ભૂમિકાનો સ્વીકાર કરી લીધો. કેવળ સમાજ-સુધારકોએ એનો સ્વીકાર નથી કર્યો. તેઓએ સ્રીનું સમાન મનુષ્યત્વ માન્ય કર્યું છે.

### બે અલગ ગોળાર્ધ ઊભા કરવા છે કે?

સ્રીએ પુરુષના સ્પર્શને નિષિદ્ધ કેમ માન્યો છે? સ્રી સારુ પુરુષનો સ્પર્શ આક્રમણ છે. પુરુષ સારુ સ્રીનો સ્પર્શ પ્રલોભન છે, લાલચ છે, જેનાથી એનું પતન થાય છે. પુરુષનો સ્પર્શ સ્રી સારુ આક્રમણ છે, જે એના શીલનો ભંગ કરે છે. અને આ અસ્પૃશ્યતા બ્રાહ્મણ-ભંગીની અસ્પૃશ્યતા જેવી નથી. ભંગીની અસ્પૃશ્યતાનું નિવારણ થઈ શકે, એનું આંદોલન ઉપાડી શકાય છે. પરંતુ સ્રી-પુરુષે તો અસ્પૃશ્યતાને જ

પવિત્રતા માની લીધી છે. પુરુષાર્થ માની લીધો છે, જેટલો સંપર્ક ઓછો થશે, એટલું બંનેનું જીવન શુદ્ધ અને પવિત્ર મનાશે. બંને ચારિત્ર્યવાન મનાશે. આનું પરિણામ શું આવ્યું ? એનું પરિણામ એ આવ્યું કે બે ગોળાર્ધ ઊભા થયા. પેલા પૂર્વ ગોળાર્ધ અને પશ્ચિમ ગોળાર્ધ નાબૂદ થઈ રહ્યા છે ત્યારે આપણાં ઘરોમાં, સમાજમાં, સંસ્થાઓમાં બે ગોળાર્ધ ઊભા થઈ રહ્યા છે. એક નર ગોળાર્ધ અને બીજો નારી-ગોળાર્ધ ! છાત્રાલય અલગ, ક્રીડાંગણ અલગ, સાંસ્કૃતિક ભવન અલગ.

કાશીમાં વિનોબાજીને પૂછવામાં આવ્યું હતું કે છોકરા-છોકરીઓને સહશિક્ષણ આપવું જોઇએ કે નહિ ? વિનોબા ક્યારેક સીધી વાત કરે છે. પણ ક્યારેક સીધેસીધો જવાબ નથી આપતા. એમણે કહ્યું કે મને આ પ્રશ્ન પૂછવાની જરૂર જ ક્યાં છે ? એનો જવાબ તો ભગવાને જ દઈ દીધો છે. એ એક જ ઘરમાં છોકરા અને છોકરીઓને પેદા કરે છે. સ્ત્રીની કૂખે એ પુરુષને પેદા કરે છે અને પુરુષ દ્વારા એ સ્ત્રીને જન્માવે છે. પછી આ પ્રશ્નનો જવાબ આપવાની જરૂર જ ક્યાં રહી ? એણે જો એ બંનેને અલગ રાખવા હોત તો એ એવી યોજના કરત કે સ્ત્રી મારફત સ્ત્રી જન્મત અને પુરુષ મારફત પુરુષ. આવડી મોટી દુનિયા જેણે બનાવી, એને માટે આવું કરવું કાંઈ મુશ્કેલ ચીજ નહોતી. પરંતુ એણે એમ નથી કર્યું, એટલે એનો આશય સ્પષ્ટ સમજાય એવો છે.

### ભય હોય ત્યાં પ્રેમ ને પવિત્રતા ન સંભવે

શુદ્ધતા અને પવિત્રતા જાળવવા સારુ કાંઈ બે ગોળાર્ધ થોડા જ બનાવવા પડે ? એવા બે ગોળાર્ધ બનાવીશું તો શું થશે ? બંને એકમેકથી ડરતા રહેશે અને બંને એકમેકને

ઇચ્છતા રહેશે. તો પવિત્રતા તો રહી જ નહિ. પુરુષના મનમાં કામિની વિષેનો કામ રહેલો છે અને પેલીના મનમાં કાન્તની આકાંક્ષા છે. આવું બંનેનું એકમેક પ્રત્યેનું આકર્ષણ તો ચાલુ જ રહેશે અને સાથોસાથ બંને એકમેકથી ડરતા રહેશે. જેઓ એકમેકથી ડરતા હોય એમનામાં પવિત્રતા ન આવી શકે. વિનોબાનું એક વાકય છે છે કે ભીતિ અને નીતિ સાથે ન ચાલી શકે. જ્યાં ભય છે ત્યાં પ્રેમ સંભવી ન શકે, તો સહજીવનની તો કયાં વાત? ત્યાં સહજીવનનું નામ લેવું જ ખોટું.

મેં કહેલું કે સ્ત્રીના જીવનમાં કૌટુંબિકતા મુખ્ય છે, દોસ્તી ગૌણ છે; કેમ કે સ્ત્રી કુટુંબનિષ્ઠ છે. गृहिणी गृहमुच्यते। ગૃહિણીને જ ગૃહ કહે છે, એ મનુનું વાકય છે. જે કુટુંબનિષ્ઠ હશે એનું ક્ષેત્ર કુટુંબ હશે અને એટલે એની સાથેના સંપર્કનો આધાર કૌટુંબિકતા જ હોઇ શકે. તેથી સ્ત્રીના જીવનમાં સ્થાન કૌટુંબિકતાનું છે, સખ્યનું નહિ. સખ્ય એને માટે ગૌણ છે. એક સ્ત્રી પોતાની સખી સારુ પ્રાણ પાથરે એવા દાખલા ભાગ્યે જ મળશે. પરંતુ એક પુરુષ પોતાના મિત્ર માટે પત્નીનેય છોડી દે છે, એવા દાખલા પુરુષોના જીવનમાં ઘણા છે. કહે છે ને કે અરે, એની દોસ્તીનું તો શું પૂછવું? એણે દોસ્તી ખાતર તો પોતાની પત્નીનાં ઘરેણાં પણ વેચી દીધાં. પરંતુ કોઈએ સાંભળ્યું છે કે કોઈ સ્ત્રીએ પોતાના પતિની કાંડા-ઘડિયાળ વેચી નાખી? આ હું વિશ્લેષણ કરી રહ્યો છું.

### સહજીવનનો આધાર સખ્ય ને સ્નેહ

હું તમને એ કહેવા માંગું છું કે સહજીવનનો આધાર જો સેવા હશે તો સ્નેહ મુખ્ય નહિ રહે. આપણે ઇચ્છીએ.

છીએ કે આખરે તો સેવાની કોઈને જરૂર જ ન રહે. ક્યારેક સેવ્ય શ્રેષ્ઠ બને છે, ક્યારેક સેવક શ્રેષ્ઠ બને છે. ગુરુની સેવા થાય છે, વૃદ્ધોની સેવા થાય છે, માબાપની સેવા થાય છે. પરંતુ સેવ્ય અને સેવકનો સંબંધ સ્નેહનો સંબંધ નથી, સમાન ભૂમિકાનો સંબંધ નથી. ચિત્તમાં આ જે સેવ્ય અને સેવકની ભાવના હોય છે એનોયે અંતે લોપ થવો જોઈએ. પછી રહેશે સ્નેહ. હું બીમાર હોઉં ત્યારે તું ખવડાવે, એમાં એટલો આનંદ નથી. આનંદ શેમાં છે? હું પણ બીમાર નથી ને તું પણ બીમાર નથી. પછી સાથે ખાવામાં મજા છે. એમાંથી એકને આવતાં વાર થઈ ગઈ તો કહેશે કે એકલા ખાવામાં મજા નથી આવતી. આ તુલ્ય સહયોગ છે, જે સેવ્ય અને સેવકની ભૂમિકા દ્વારા શક્ય નથી.

## ૪ સ્ત્રી દેહપ્રધાન ન બને

આજે સ્ત્રી જે મુખ્યત્વે કુટુંબનિષ્ઠ છે, એમાં બે ચીજ આવી ગઈ છે. એક તરફથી એ સ્પર્શને સહન નથી કરી શકતી અને બીજી તરફથી એકલી રહી નથી શકતી. બીજાથી ડરે છે અને એકલી ગભરાય છે. સમસ્યા બહુ અટપટી છે. આ જે બે પરસ્પરવિરોધી ભાવનાઓ છે એ ન તો પુરુષમાં હોવી જોઈએ, ન સ્ત્રીમાં. પડોશી જોઈએ પણ એકલતામાંયે ગભરાટ ન હોવો જોઈએ. પોતાની જાતથી ગભરાવું ન જોઈએ. માણસ પોતાની જાતથી જ્યારે ગભરાવા મંડે છે ત્યારે એને એકલતામાં ગભરાટ થાય છે. એકલાપણાથી આમ ગભરાવું ન જોઈએ.

સહજીવન વિના સમાજ નથી અને પરમપ્રાપ્તિ નથી. સહજીવનની અપેક્ષા છે, સહજીવનની આકાંક્ષા છે, સહજીવનની આવશ્યકતા છે. આવશ્યકતા છે તેથી અપેક્ષા છે અને આવશ્યકતા તેમ જ અપેક્ષા છે તેથી સહજીવનની આકાંક્ષા છે. હવે જો બંને એકબીજાથી ગભરાતાં રહેશે તો શું થશે? બે અલગ અલગ ક્ષેત્ર બની જશે—કૌટુંબિક અને સામાજિક. કૌટુંબિક ક્ષેત્ર સ્ત્રીનું રહેશે અને સામાજિક ક્ષેત્ર પુરુષનું રહેશે. પછી આજે જે વિશ્વ-પરિવાર; ગ્રામ-પરિવાર અને સમાજ-પરિવાર બનાવવા માગીએ છીએ તે કેમ શક્ય બનશે? વિશ્વકુટુંબનો અર્થ જ એ છે કે જ્યાં લોહીનો સંબંધ નથી, વિવાહના કે જન્મના સંબંધનીયે કોઈ સગાઈ

નથી અને તેમ છતાં વ્યક્તિ-વ્યક્તિ વચ્ચે કૌટુંબિકતાની ભાવના છે. સ્ત્રી-પુરુષ જો એકમેકથી ગભરાતાં રહેશે તો એમની વચ્ચે આવો માનવીય કૌટુંબિકતાનો સંબંધ શક્ય બનશે કે ? જો એ શક્ય નહિ બને તો કૌટુંબિક સમાજ પણ અસંભવ છે. તેથી જ હું તેમને કહી રહ્યો છું કે આ સમસ્યા લોકો માને છે તેમ માત્ર સામાજિક નથી પણ આધ્યાત્મિક, નૈતિક ને માનવીય સત્ત્વની સમસ્યા છે.

### બંનેનું સત્ત્વ સમાન છે

શું સ્ત્રી અને પુરુષનું સત્ત્વ સમાન છે ? અને આ અંગે બહુ નમ્રતાપૂર્વક મારો એવો દાવો છે કે સ્ત્રી અને પુરુષનું સત્ત્વ સમાન છે. તેથી સ્ત્રી મુક્ત થઈ શકે છે. જનાબાઈ, મીરાંબાઈ, આનંદમયી, શારદામણિ, માતાજી વગેરે મુક્ત થઈ શકે છે, મુક્ત થયાં હશે. જેમ ભંગી અને બ્રાહ્મણ તુલ્ય સત્ત્વ છે અને તેથી અસ્પૃશ્યતાનિવારણ થઈ શકે છે અને તેથી જ બ્રાહ્મણને અને ભંગીને બંનેને એક એક મત આપવાનો અધિકાર છે તેમ સ્ત્રી અને પુરુષ બંને તુલ્ય સત્ત્વ છે. જો તુલ્ય સત્ત્વ ન હોત તો બંનેને એક એક મત ન હોઈ શકત. સ્વિટ્ઝર્લૅન્ડ જે પ્રગતિશીલ દેશ છે, ત્યાં સ્ત્રીઓને મતાધિકાર જ નથી. આપણે ત્યાં પણ વિનોબા, જયપ્રકાશબાબુ વગેરેનો નવો વિચાર છે કે વ્યક્તિને બદલે પરિવારનો અકકેક મત હોય. તે મત સ્ત્રીનોયે હોઈ શકે છે અને પુરુષનો પણ હોઈ શકે છે. પુરુષનો જ હોવો જોઈએ, એ જરૂરી નથી પણ કુટુંબનો એક મત હોય.

કુટુંબને એકમ માનવાનો મતલબ જો એ હોય કે સગપણથી બનેલી જે સંસ્થા છે તે સમાજનો એકમ બને, તો એમાં શું થશે ? એમાં Property—મિલકતની ભાવના

આવશે. માણસને પોતાની કીર્તિ કાયમ રહે એવી ઇચ્છા હોય છે. તે કહે છે કે હું મરવાથી નથી ડરતો પણ મરણપર્યંત મને કાંઈ લાંછન ન લાગે. તેને પુત્રની પણ કામના હોય છે. તે શા માટે? મારું નામ આગળ ચલાવવા માટે, હું પરલોકમાં હોઉં ત્યારે મને પિંડદાન દેવા માટે. પુત્ર ન હોય તો તે નરકમાં જશે, ભૂત બનશે. તેથી મારા વંશનો વેલો કાયમ રાખવા સારુ પુત્ર જોઈએ, આને વાંશિક ભાવના કહે છે. એ જ્યારે સામુદાયિક બની જાય છે ત્યારે ગોત્ર અને ગામ સાથે જોડાઈ જાય છે. આ Tribalism—ટોળકીશાઈ છે.

બીજી ભાવના એ છે કે આ સંપત્તિનો કોઈ અધિકારી હોવો જોઈએ. એટલે પછી કુટુંબ હોવું જોઈએ અને પુત્ર હોવો જોઈએ. મારો કોઈ ભર્તા ને રક્ષણકર્તા હોવો જોઈએ એટલે સ્ત્રી પુત્રની કામના કરે છે, કન્યાની નહિ. રાજા દશરથે જે યજ્ઞ કર્યો તે પુત્રકામનાથી કર્યો, કન્યાકામનાથી નહિ. ભૌતિક સંપત્તિ સાથે આ ભાવના જોડાયેલી છે.

### સ્ત્રી દેવી નથી કે પશુ નથી, પણ માણસ છે

માર્ક્સ અને એન્જલ્સે કુટુંબ-સંસ્થા પર આટલા પ્રહાર શા માટે કર્યા? શું તેઓ મૂરખ હતા? એમણે કુટુંબ-સંસ્થા પર પ્રહાર એટલા માટે કર્યા કે એ કુટુંબ-સંસ્થા એક એવી સંસ્થા થઈ ગઈ હતી, જે મનુષ્યને અને વસ્તુને સંપત્તિ માનતી હતી. મિલકતની ભાવના એમાં આવી ગઈ હતી. માટે કુટુંબને જો એકમ માનવું હોય તો કુટુંબમાંથી આ બે ભાવના નષ્ટ થવી જોઈએ: એક તો સ્ત્રીની ગૌણ ભૂમિકા ન હોવી જોઈએ અને બીજી સંપત્તિની ભાવના નષ્ટ થવી જોઈએ. એ બે ચીજો જો નાબૂદ થશે તો જ કુટુંબમાં સામાજિકતા આવી શકશે. કુટુંબના સમાજીકરણની

આવશ્યકતા છે. વિનોબા કહે છે ને કે રાજનિતિનું અધ્યાત્મીકરણ કરવા માગું છું, એવી જ આ ચીજ છે. સ્રીનું સ્થાન ગૌણ નહિ, સમાન હોવું જોઈએ. અને આ પણ માત્ર ભાવનાત્મક દૃષ્ટિએ જ નહિ, એની પૂજા થાય એમ નહિ. એમાં તો સાફ છે કે સ્રી કાં તો દેવી છે કાં પશુ છે, પણ મનુષ્ય તો નથી જ. સ્રી વિશે આજે આપણી જે ભાવના છે તે ગાય પ્રત્યેની ભાવના જેવી છે. આ નહિ ચાલે. સ્રીને બરોબરીની માનવી પડશે. એને સમાન ભૂમિકાએ લાવવી પડશે. એટલે કુટુંબ-સંસ્થાનું નવસંસ્કરણ થવું આવશ્યક છે. એમાં શરત બે : એક તો સ્રીની ભૂમિકા ગૌણ ન હોય અને બીજું, સંપત્તિની ભાવના ન હોય.

એમાંથી ત્રીજી ચીજ નીકળે છે—વિવાહમાં અવાંતર હેતુ ન હોય. સામ્યવાદનું એક સૂત્ર છે કે જેટલા વિવાહ થાય તે બધા પ્રેમને આધારે થાય, એમાં બીજો કોઇ હેતુ કે ઉદ્દેશ ન હોવો જોઈએ. અલબત્ત, એમણે કામ અને પ્રેમને અલગ નથી કર્યા. એમણે એમ નથી માન્યું કે સ્રીનું શરીર ઉપભોગનો વિષય નથી. સ્રીનું શરીર પ્રદર્શનનો; પ્રલોભનનો કે વિક્રયનો વિષય ન બનવું જોઈએ એટલું એમણે માન્યું છે. પરંતુ સ્રીનું શરીર ઉપભોગનો વિષય નથી, એક મનુષ્યનું શરીર બીજા મનુષ્ય સારુ વિષય નથી, એ ચીજ એમણે નથી માની. એમાંયે પુરુષનું શરીર પુરુષ માટે અને સ્રીનું શરીર સ્રી માટે વિષય નથી એટલું એમણે માન્ય કર્યું છે. વળી કોઈનું શોષણ ન થવું જોઈએ, ત્યાં સુધી સમાજવાદ આવ્યો છે.

### સ્રીની શરીરનિષ્ઠા જવી જોઈએ

હવે એક પગલું હજી આગળ. આજે આવશ્યકતા એ વાતની છે કે સ્રી અને પુરુષ બંને એકબીજાના શરીરને વિષય

ન માને. અને મારું નિવેદન છે કે આનો આરંભ સ્ત્રીથી થવો જોઈએ. આજે તો સ્ત્રી પોતાના શરીરને વિષય અને ધન માને છે. સ્ત્રી પોતાના રૂપને પોતાનું ધન માને, એનાથી અધિક શરીરનિષ્ઠા બીજી હોઈ નથી શકતી. રૂપનો મતલબ છે શરીર. જેમ પહેલવાન પોતાના શરીરને ધન માને છે. ગામા પહેલવાન બુઢ્ઢો થઈને મરી ગયો. એનો છેલ્લો ફોટો આવેલો તે જોઈ નહોતો શકાતો. પરંતુ એવોય જમાનો હતો જ્યારે અમે ગામા પહેલવાનનું શરીર જોવા સારુ દસ રૂપિયાની ટિકિટ ખરીદતા. તો પહેલવાનની જેમ સ્ત્રી પણ શું પોાતના શરીરને ધન માનશે કે ? ગુલામીની પ્રથામાં પુરુષ મહેનતને માટે ખરીદાતો અને સ્ત્રી કેવળ એના શરીર માટે ખરીદાતી.

એનું પરિણામ એ આવ્યું કે સ્ત્રીની શરીરનિષ્ઠા, એનો દેહાત્મવાદ પુરુષ કરતાં ઘણો વધુ છે. પરિસ્થિતિ એવી છે કે રૂપ ન હોય તો વિવાહ ન થઇ શકે. સમાજમાં એને કોઈ પૂછે નહિ. આથી એનું સ્થાન ગૌણ થઈ જાય છે. હવે જેનું શરીર જ ધન બની ગયું એને કોઈ બચાવી નહિ શકે. તે સંપત્તિ બની ગઈ અને એટલે સંભાળવાની અને રક્ષણ કરવાની ચીજ બની ગઈ. ચીજ જેટલી કીમતી એટલી એને વધુ સંભાળવી પડે. તમે અહીં ભાષણ સાંભળવા આવ્યા છો તો તમારા જોડા બહાર મૂકી આવ્યા છો પણ ઘડિયાળ ? ઘડિયાળ તો જાજરૂમાંયે સાથે લઈ જાઓ છો; એને ક્યાંય મૂકવું હોય તો ખૂબ સંભાળીને મૂકો છો. સ્ત્રી પણ એટલી કીમતી ચીજ છે, ભલે ને તે મા હોય; બહેન હોય કે દીકરી હોય. તો પછી એને તાળામાં ન રાખે તો શું કરે ? અને પછી સંકટ સમયે જ્યારે એનું રક્ષણ થઈ શકે તેમ ન હોય

ત્યારે તે બીજાના હાથમાં ન જાય તે સારુ કાં તો એને જલાવી દેવાય અથવા તો તે પોતે બળી મરે.

આનું કારણ એ છે કે સ્ત્રી રૂપધન છે. હવે આ હું કાંઈ લિપસ્ટિક કે પાઉડર વગેરેના વિરોધની વાત નથી કરતો. તમે એ લગાવતા હો તો છો લગાવો. પરંતુ સ્ત્રી રૂપધન ન બનવી જોઈએ. સૌંદર્યનો ઉપયોગ કદી કમાવા માટે, રીઝવવા માટે, વિક્રમ માટે કે પ્રદર્શન માટે ન થાય. મૂડીવાદમાં આ બધું જે થાય છે એમાં સુંદરતા નથી એ સમજી લેવું જોઈએ. સૌંદર્ય એ અલગ જ ચીજ છે. Snobbery—દેખાડો અને સૌંદર્ય વચ્ચેનો તફાવત સમજી લેવો જોઈએ.

સ્ત્રી અને પુરુષનું સહજીવન ત્યારે શક્ય બનશે જ્યારે કુટુંબ-વ્યવસ્થામાં સ્ત્રીની નિષ્ઠા સામેલ થશે અને સંપત્તિની ભાવના નષ્ટ થશે. ત્યારે જ આપણે વિશ્વકુટુંબની દિશામાં આગળ વધી શકીશું. સ્ત્રી-પુરુષની સમાન ભૂમિકા જ નહિ, સમાનતત્ત્વ પણ માન્ય થવું જોઈએ. સ્ત્રી અને પુરુષનું સહજીવન શક્ય બનવા સારુ એ જરૂરી છે કે પુરુષ સ્ત્રીના સંપર્કને પતનનું કારણ ન માને અને સ્ત્રી પુરુષના સંપર્કને આક્રમણ ન માને. બંને એકમેકના શરીરને પવિત્ર માને.

## ૫ સ્ત્રીની સમાન ભૂમિકા

સ્ત્રીઓના સંબંધમાં જ્યારે વિચાર થાય છે ત્યારે એમાં ભાવના, આકાંક્ષા, વાસના વગેરે હોય છે. પરંતુ એના સ્વાયત્ત જીવનનો કોઈ વિચાર નથી કરવામાં આવ્યો. સ્ત્રીઓને સ્વાયત્ત જીવનનો અધિકાર છે ખરો એ જ મૂળ પ્રશ્ન ઉઠાવવામાં આવે છે. નારી પરાક્રમી પુરુષોને જન્મ આપી શકે. એ પુરુષને પરાક્રમ કરવાની પ્રેરણા પણ દઈ શકે. એ જ નારી પુરુષના તપનો ભંગ પણ કરી શકે. આમ જનની, ગૃહિણી કે મોહિનીની ભૂમિકા જ જાણે નારી માટે અસ્તિત્વમાં છે. પુરુષની સાથે એની સમાન ભૂમિકા, એના સમાન સત્ત્વનો સ્વીકાર નથી થયો. ઇતિહાસ તપાસશો તો જણાશે કે મનુથી માંડીને માકર્સ ને માઓ સુધી આ પ્રશ્ન છેડવામાં જ નથી આવ્યો. પુરુષ-નિરપેક્ષ સ્ત્રીનું જીવન હોઈ શકે કે નહિ એ મૂળ પ્રશ્ન છે.

અત્યાર સુધી સ્ત્રીની ભૂમિકા ગૌણ રહી છે. મૂડીવાદી સમાજ-વ્યવસ્થામાં જે નીતિતત્ત્વ છે એ મુજબ એને સ્વતંત્ર વ્યક્તિ જ માનવામાં નથી આવી. એને સાધન અથવા ઉપકરણ જ માનવામાં આવી છે. કથા-પુરાણોમાં આપણે વાંચીએ છીએ કે સ્ત્રીએ પતિને માટે વ્રત વગેરે કર્યાં. શિવને માટે પાર્વતીનું વ્રત સર્વવિદિત છે. ત્યારે બીજી બાજુ સ્ત્રીની પ્રાપ્તિ માટે પુરુષે પરાક્રમ કર્યાં હશે, અનેક યુક્તિ-પ્રયુક્તિઓ

અજમાવી હશે, પણ ક્યારેય એને માટે તપ કર્યું હોય એમ જાણ્યું નથી.

एकाकी न रमते, जाया म स्यात्—આ ઉપનિષદોના શબ્દો છે. સ્ત્રી હશે તો ઠીક રહેશે; એનાથી જીવનની શોભા વધશે એ દૃષ્ટિકોણ રહ્યો છે. પરંતુ જેમ પુરુષને માટે સ્ત્રી-નિરપેક્ષ જીવન સંભવિત છે તેમ શું સ્ત્રીને માટે પુરુષ-નિરપેક્ષ જીવન સંભવિત છે? અને એમ સંભવિત હોય તોયે શું ઈષ્ટ છે? અને ઈષ્ટ પણ હોય તોયે એની પ્રાપ્તિનો ઉપાય શો? આ જ મૂળભૂત પ્રશ્નો છે.

વિનોબા જેવા, જેમનું જીવન સ્ત્રી-સાપેક્ષ નથી એવાઓનું સમાજ બહુમાન કરે છે ત્યારે જેઓ સ્ત્રીને માટે જીવે છે એને સ્ત્રૈણ, સ્ત્રીલંપટ તરીકે ઓળખે છે. ઝંડા માટે સ્ત્રીનો ત્યાગ કરવાવાળાઓ સાપેક્ષ મનાયા, પણ જેમણે સ્ત્રી માટે ઝંડાનો ત્યાગ કર્યો એમનો ઇતિહાસમાં ક્યાંય ઉલ્લેખ નથી. સામાજિક, રાજનૈતિક કે આર્થિક ક્રાંતિ માટે સ્ત્રી-ત્યાગ અત્યાર સુધી ગૌરવપ્રદ ગણાયો છે, પણ સ્ત્રીને માટે ધ્યેયનો ત્યાગ કરનારાનું ક્યાંય નામનિશાન નથી.

'સત્ત્વપરીક્ષા' નાટકમાં રત્નપાલની તારામતી અને સત્યવાદી હરિશ્ચંદ્રની તારામતી એ બંને ભિન્ન પ્રકૃતિની સ્ત્રીઓ છે. પહેલી તારામતી પોતાના પતિ માટે પોતાના વ્યક્તિત્વનો ત્યાગ કરે છે, જ્યારે બીજી પતિના ધ્યેય સાથે પોતે સમરસ થાય છે. પતિનિષ્ઠા, પાતિવ્રત્ય એ જ મુખ્ય વ્રત છે. પતિનું સાધ્ય જ એનું ધ્યેય છે. એને જ આર્ય નારી કહેવામાં આવી. અર્થાત્ એનું સ્વાતંત્ર્ય ઔપચારિક જ હતું.

જ્યાં સુધી આનું જીવન સ્વતંત્ર નહિ હોય, પોતાના રક્ષણ સારુ જ્યાં સુધી એને પુરુષની અપેક્ષા રહેશે ત્યાં સુધી એ પુરુષની સાથે સમાન ભૂમિકાએ રહી નહિ શકે, એ સાચા અર્થમાં પુરુષને પ્રેમ નહિ કરી શકે. જ્યાં સુધી એ રક્ષણાકાંક્ષી છે ત્યાં એની નીતિમત્તા ભય પર આધારિત છે અને એટલે એ પુરુષની બરાબરી નહિ કરી શકે. વળી જ્યાં સુધી એ પુરુષજાતથી ભયભીત છે ત્યાં સુધી એના અંતઃ-કરણમાં પુરુષને માટે ખરો પ્રેમ નહિ રહે. આ મૂળભૂત પ્રશ્નને જ્યાં સુધી નહિ સ્પર્શીએ ત્યાં સુધી સ્ત્રીની સમાનતા એનું આભૂષણ માત્ર જ રહેશે.

સ્ત્રીએ પોતે પહેલાં તો નક્કી કરી લેવાનું છે કે એને સમાન ભૂમિકાની આકાંક્ષા છે ખરી? જો મૂળમાં એ આકાંક્ષા જ ન હોય તો પછી પ્રાચીન પરંપરાનો સ્વીકાર કરી લેવો રહ્યો. અને પછી સમાન હકનો ને સમાન નાગ-રિકત્વનો તકાજો કરવો નિરર્થક છે. અને સમાન ભૂમિકા મેળવવી જ હોય તો તેની યથાર્થતા સમજી લેવી જોઈએ.

સ્ત્રી-પુરુષ વચ્ચેના પ્રાકૃતિક ભેદ કાયમ રહેવા છતાંયે તેઓ બંને સમાન ભૂમિકાએ જીવી શકે છે. એ સમાન ભૂમિકાએ બંને વચ્ચે પારસ્પરિક સહકાર રહે. સ્ત્રીએ માત્ર સહધર્મચારિણી જ બની રહેવાનું નથી. એ પણ સમજવું જોઈએ કે હમેશાં ગૌણ ભૂમિકામાં જ રહેવું એ કાંઈ એનો સ્વભાવ નથી.

પ્રત્યેક ગુણ યા દોષ એ સ્વભાવ નથી. સ્ત્રીની કોમળતા કે પુરુષની કઠોરતા એ એમના સ્વભાવ નથી પણ સંસ્કાર છે. સ્ત્રીઓના એવા અનેક દોષ છે, જે એમના સ્વભાવમાં નથી આવતા.

સ્ત્રીઓનું ડરપોકપણું એ અલંકાર ગણાવા લાગ્યું. પ્રાચીન સાહિત્યમાં સ્ત્રીને ભીરુ કહેવામાં આવી છે, તે કેવળ આલંકારિક વૃત્તિથી. એના ઉપર વાલ્મીકિ, કાલિદાસ જેવાઓએ કૌતુક કર્યું છે. આવી જ રીતે સ્ત્રીની નાજુકતા પણ અલંકાર મનાવા લાગી. સ્ત્રીનું કામિની અને કાન્તાના રૂપમાં વર્ણન થવા માંડયું અને આ કારણે એની સહ-ચારિણીની ભૂમિકા ગૌણ થઈ ગઈ અને બીજી બાજુ પુરુષની જવાબદારી વધી ગઈ.

આનાં ઉદાહરણ આજ પણ આપણને જોવા મળે છે. સામ્યવાદી, સમાજવાદી કે કોલેજયુવકોને લગ્ન વિશે પૂછશો, તો તેઓ ઇનકાર કરી દેશે, કેમ કે લગ્ન થતાં જ એમની જવાબદારી વધી જાય છે. એ રિક્ષા ખેંચનારો મજૂર બની જાય છે અને પત્ની એ રિક્ષામાં બેસનારી સવારી! આ હું આર્થિક દૃષ્ટિએ અવલંબિત જીવનની વાત નથી કરતો. જે સ્ત્રીઓ આર્થિક દૃષ્ટિએ સ્વાવલંબી છે તેઓની પણ આ જ હાલત છે.

લગ્નપત્રિકામાં સ્ત્રીને માટે સૌભાગ્યકાંક્ષિણી લખ્યું હોય છે. પણ પુરુષને માટે એવું સૌભાગ્યસૂચક કોઈ સંબોધન નથી. જાણે કે એ સૌભાગ્ય સ્ત્રી પૂરતું જ ન હોય! આનું કારણ એ છે કે સ્ત્રીને પુરુષના રક્ષણની આવશ્યકતા જણાવા લાગી અને એમ એ સૌભાગ્યકાંક્ષિણી બની ગઈ. બીજી બાજુ પુરુષની જવાબદારી વધી ગઈ અને એ જવાબદારીને એ દુર્ભાગ્ય માનવા લાગ્યો; એટલે લગ્ન પુરુષને માટે સૌભાગ્ય-ની આકાંક્ષામાંથી નથી જન્મ્યું.

આદર્શ સમાજમાં જેવી રીતે વર્ગભેદ ન હોવો જોઈએ તેમ તેમાંથી સ્ત્રી-પુરુષ વચ્ચેનો ભેદ પણ નાબૂદ થવો જોઈએ.

આજે એક દૃષ્ટિએ સ્ત્રીની સમાન ભૂમિકાનો સ્વીકાર થયો છે. સ્ત્રી સરસેનાધિપતિ બની શકે છે કે રાષ્ટ્રપતિનું પદ પણ ગ્રહણ કરી શકે છે. બંધારણમાં આને માટે પૂરતી છૂટ છે. પરંતુ એક સ્ત્રી જનરલ કરિઅપ્પાનું સ્થાન પ્રાપ્ત કરે ત્યારે પણ એને કોઈ ભગાડી નહિ જાય ને એવો ડર તો ઊભો જ રહે છે. નોઆખલીમાં બાપુની સાથે બહેનો ગઈ હતી ત્યારે પણ બધાને એ જ ચિંતા થતી'તી કે કોઈ એમને ભગાડી તો નહિ જાય ને?

જ્યાં સુધી આવો ડર રહેશે ત્યાં સુધી સ્ત્રી સમાન ભૂમિકા પ્રાપ્ત નહિ કરી શકે. કાયદા દ્વારા અને ગમે તેટલા સમાન અધિકાર બક્ષવામાં આવશે તોપણ આ ડરને કારણે સ્ત્રી પુરુષને આધીન જ રહેશે. આજે સ્ત્રીનું શીલ કાચના વાસણ જેવું માનવામાં આવે છે. એનું રૂપ અને શરીર જ એનું ધન મનાય છે. એટલે પછી એની સાથે Glass with careની માફક જ વર્તવું પડશે. એકમેક સાથે અથડાઈને પણ તૂટી ન જાય એ માટે વચ્ચે ભૂસું ભરીને રાખવું પડશે. સ્ત્રી જો આટલી નાજુક રહી, એની ઇજ્જતનો આધાર શરીર પર જ રહ્યો, તો એણે પુરુષનું ઉપકરણ બનીને જ રહેવું પડશે.

એટલા વાસ્તે હું સ્ત્રીઓને કહેવા માગું છું કે પોતાના રક્ષણ માટે એમણે પુરુષને આધીન ન રહેવું જોઈએ. વળી એમણે એ પણ સમજી લેવું જોઈશે કે શરીર ભ્રષ્ટ થવાથી ઇજ્જત જતી રહેતી નથી. ઇજ્જતનો સંબંધ શરીર સાથે નથી એટલું સમજીને સ્ત્રી જો રૂપજીવી અને શરીરજીવી જીવન જીવવાનો ઇનકાર કરી દે તો એને રક્ષણની ક્યારેય આવશ્યકતા નહિ રહે.

બીજી બાજુ પુરુષ સ્ત્રીઓના સંબંધમાં આક્રમણકારી ન રહે. બન્ને સમાન ભૂમિકાનો આ પાયો છે. આજે તો સ્ત્રી-પુરુષ બંને એકમેકને માટે ભોગ-વિષય બનીને રહ્યાં છે. આ ભાવના નષ્ટ થશે ત્યારે સહજીવન સંભવિત બનશે. બંનેએ એકમેકના શરીરને સ્વતંત્ર અને પવિત્ર માનવું જોઈશે. આમ થશે તો જ બંને એકમેક સાથે સ્વાભાવિક રીતે રહી શકશે.

સ્ત્રી-પુરુષનું જીવન વિશિષ્ટ હોવા છતાંયે સંયુક્ત છે. બંનેમાંથી કોણ ચઢિયાતું એ ચર્ચા નિરર્થક છે. લિંકનના બે શિષ્ય સુંદર ટોપી પહેરીને એની પાસે ગયા અને પૂછ્યું કે બંનેમાંથી કોની ટોપી સુંદર છે? આનો લિંકને જે ઉત્તર આપ્યો તે ઘણો માર્મિક છે. એણે કહ્યું કે Gentlemen, your caps mutually excel each other—સદ્‌ગૃહસ્થો, તમારી ટોપીઓ એકમેક કરતાં ચઢિયાતી છે. આવું જ સ્ત્રીપુરુષ વિશે પણ છે.

આજે તો સ્ત્રીને આશીર્વાદ દેવામાં આવે છે કે વીરમાતા બનો, પણ પુરુષને વીરપિતા બનવાનો આશીર્વાદ કોઈ નથી આપતું. શિવાજી ને તિલકના પિતા બનો એવું કોઈ કહેતું નથી. પુરુષ બ્રહ્મચર્ય સ્વાયત્ત હોવાથી એ સ્વતંત્ર છે, જ્યારે સ્ત્રીનું એવું નથી. લોકોની એક એવી પણ માન્યતા છે કે સ્ત્રીના સૌંદર્યનો ઉપભોગ ન થાય તો એ વ્યર્થ જાય છે. માતૃત્વને સ્ત્રીજીવનનું ગૌરીશંકર શિખર માનવામાં આવ્યું છે. માતા તરીકે જ એનું મહત્ત્વ અંકાય છે. અર્જુનને કારણે જ કુંતીનું અને શિવાજીને કારણે જ જીજાબાઈનું મહત્ત્વ ગણાય છે. અર્થાત્ સ્ત્રી એક સાધન મનાઈ છે. વિનોબા બ્રહ્મચર્ય પાળીને સ્ત્રી-નિરપેક્ષ જીવન ગાળશે તો શ્રેષ્ઠ ગણાશે, પણ સ્ત્રીનું પુરુષ-નિરપેક્ષ જીવન અમંગળ મનાશે. તો સમાન

ભૂમિકા સારુ એ અત્યંત જરૂરી છે કે સ્ત્રીના સ્વાયત્ત બ્રહ્મચર્યની પણ પુરુષના બ્રહ્મચર્ય જેટલી જ પ્રતિષ્ઠા થાય.

એક વાર એક છોકરી મારા હસ્તાક્ષર અને આશીર્વાદ માગવા આવી. મેં એની ડાયરીમાં લખી દીધું કે સૌભાગ્યાકાંક્ષા છોડો. આ જોઈ એ એકદમ ગભરાઈ ગઈ, કેમ કે સ્રીના પુરુષ-નિરપેક્ષ જીવનની એને કલ્પના જ નહિ.

માટે સ્રીએ જો સમાન ભૂમિકા પ્રાપ્ત કરવી હશે તો એણે એટલું નક્કી કરવું જોઈશે કે લગ્ન એને માટે અનિવાર્ય નથી, પુરુષના સંરક્ષણની એને જરૂર નથી, પુરુષની આવક પર એ નિર્ભર નથી અને પુરુષ-નિરપેક્ષ પરાક્રમ એ કરી શકે છે. સ્રીના જીવનનું આવું પુરુષ-નિરપેક્ષ મૂલ્ય સ્થાપિત થાય ત્યારે જ સ્રી-પુરુષનું સહજીવન સમાન ભૂમિકાએ શકય બને.

# ૬ સહજીવનની ભૂમિકા

મનુષ્ય મનુષ્યનું સાંનિધ્ય, મનુષ્યનો સ્પર્શ અને મનુષ્યની ગંધ ઇચ્છે છે. પશુઓને, વાઘની જેમ મનુષ્યની ગંધ આવે છે અને મનુષ્યને પશુની ગંધ આવે છે. એવી જ રીતે જે વાતાવરણમાં મનુષ્યની ગંધ હોય તેમાં મનુષ્ય વસવા ઇચ્છે છે. ચાલતાં ચાલતાં રાતે ક્યાંય થોભવું હોય તો આપણે કોઈક વસવાટ શોધીએ છીએ. અને જ્યાં વસવાટ હોય ત્યાં પણ આપણે પડોશ શોધીએ છીએ. આ પડોશ શોધવાની મનુષ્યની સ્વાભાવિક મનોવૃત્તિ છે.

પરંતુ જ્યાં એક મનુષ્ય બીજા મનુષ્યને પોતાના કાબૂમાં રાખવા ઇચ્છે છે, અને બીજા મનુષ્ય પર પ્રભુત્વ જમાવવાની, એને પોતાની સંપત્તિ બનાવવાની કોશિશ કરે છે ત્યારે સહજીવન સંપન્ન નથી થતું. સ્ત્રી-પુરુષે પણ પોતપોતાની શક્તિથી એકમેકને કાબૂમાં રાખવાની કોશિશ કરી. તેથી તેઓ સાથે રહ્યા પણ એમનું સહજીવન સંભવિત ન બન્યું.

### સહજીવન સમાન ભૂમિકાએ જ શક્ય

સહજીવન સારુ બરાબરીની જરૂર હોય છે. બરાબરીનો અર્થ છે સમાન ભૂમિકા. બરાબરી એટલે સંપૂર્ણ એકરૂપતા નહિ. જેમ આપણે ત્યાં આપણો ભાઈ છે ને બહેન છે, બંને અલગ અલગ તો છે અને રહેશે. ભાઈ ભાઈ રહેશે અને બહેન બહેન રહેશે, પરંતુ બંને હોય છે સમાન ભૂમિકાએ. તો સ્ત્રી અને પુરુષ આમ સમાન ભૂમિકાએ ન હોય ત્યાં

સુધી એમનું સહજીવન અસંભવ છે. બ્રાહ્મણ અને ભંગીની બરાબરી ન હોય તો એમનું સહજીવન ન થઈ શકે; ગરીબ અને અમીર વચ્ચે બરાબરી ન હોય તો એમનુંય સહજીવન ન થઈ શકે. આ સમાનતાનો મતલબ છે તુલ્યતા. બંનેને જો બે પલ્લાંમાં મૂકવામાં આવશે તો બંનેનું તોલ, કિંમત ને વજન સમાન થાય.

આપણે જોયું કે સહજીવનનો આરંભ જ ત્યારે થયો જ્યારે છોકરા-છોકરી સાથે ભણવા લાગ્યાં અને સહશિક્ષણ આજ સુધી પણ સમસ્યા જ મનાય છે. આજે પણ લોકોના મનમાં સવાલ થાય છે કે છોકરા-છોકરીઓને સાથે ભણાવાય કે નહિ. હવે આનાં મૂળ ક્યાં છે? આ સવાલ ઊભો જ કેમ થાય છે?

આ સવાલ એટલા વાસ્તે ઊભો થાય છે કે અત્યાર સુધી મનુષ્યના મનમાં સંદેહ છે કે પુરુષો અને સ્ત્રીઓને સાથે રાખી શકાય કે નહિ? આ બાબતમાં સંપૂર્ણ નિશ્ચય હજી થઈ શક્યો નથી અને આપણો જે એવો ખ્યાલ છે કે બીજા દેશોમાં આ આખરી નિશ્ચય થઈ ચૂક્યો છે એ ખ્યાલ ખોટો છે. બાહ્ય દૃષ્ટિએ કદાચ આવો નિર્ણય થઈ ગયો હોય તોયે અંદરથી નથી થઈ ચૂક્યો. આ દેશમાં અને દુનિયાભરમાં આ જે અસ્પૃશ્યતાનો પ્રશ્ન છે એ એક આધ્યાત્મિક પ્રશ્ન બની ગયો છે. અહીં આધ્યાત્મિકનો અર્થ મનુષ્યના અંતરંગ સાથે સંબંધ રાખનાર.

આર્થિક ક્ષેત્રમાં સ્ત્રી-પુરુષ સમાન છે કે નહિ? સામાજિક ક્ષેત્રમાં સ્ત્રી-પુરુષની બરાબરીની છે કે નહિ? આ તો પુરાણા સવાલ છે. આ અર્થમાં પશ્ચિમમાં અને જ્યાં

જ્યાં સમાજવાદ સ્થપાયો છે એ બધા દેશોમાં સ્ત્રી-પુરુષ વચ્ચે સમાનતા છે. પરંતુ એ સમાનતા બાહ્ય છે, પણ આ સમાનતા આંતરિક હોવી જોઈએ.

૧૯૪૪–૪૫ના અરસામાં એક સમય એવો આવેલો જ્યારે રશિયામાં સહશિક્ષણ રદ કરી દેવામાં આવ્યું હતું. એનો અર્થ એ નહિ કે છોકરા-છોકરીઓ અલગ અલગ ભણે. પરંતુ પહેલાં સહશિક્ષણ પર જે ભાર હતો, બંનેનું માત્ર સહશિક્ષણ જ થઈ શકે, અલગ અલગ શિક્ષણ આપી જ ન શકાય, એવી સહશિક્ષણની અનિવાર્યતા રદ કરી નાખી અને કહ્યું કે આ અમારી આગેકૂચ છે, પીછેહઠ નહિ. આ પીછેહઠ છે એમ કેમ ન કહ્યું? કારણ કે છોકરા-છોકરી સાથે ભણતાં જ નહોતાં ત્યાં સુધી સહશિક્ષણ હોવું જ જોઈએ એમ કહેવું આવશ્યક હતું. પરંતુ એમનું સાથે ભણવું એ જ્યારે મામૂલી ચીજ બની ગઈ, એક રોજબરોજની વાત થઈ ગઈ, ત્યાર પછી સાથે જ ભણવું જોઈએ એવા નિયમની આવશ્યકતા ન રહી. તેથી એ નિયમ કાઢી નાખ્યો. કાનૂનની ભૂમિકા પરથી સાહજિકતાની ભૂમિકા પર જવા માટેનું એમનું આ પગલું હતું. સ્ત્રી-પુરુષ કોઈ પહેરેદાર વિના જો એકબીજા સાથે ન રહી શકે તો એમનું સહજીવન અસંભવ છે.

### પૂજા માટે યોગ્ય, સ્વતંત્રતા માટે નહિ!

આજ સુધીની પરંપરામાં બધા ધર્મોએ ને સનાતનીઓએ અને સૂક્ષ્મ વિચાર કરનાર શાસ્ત્રકારોએ એક તરફથી એમ કહ્યું કે यत्र नार्यस्तु पूज्यन्ते, रमन्ते तत्र देवताः — જ્યાં નારી પૂજાય છે, ત્યાં દેવતાઓ પ્રસન્ન થાય છે. અને બીજી તરફ એમણે જ એમ કહ્યું કે पिता रक्षति कौमार्ये, भर्ता रक्षति

यौवने, पुत्रा रक्षन्ति वार्धक्ये न स्त्रीः स्वातंत्र्यमर्हति— કુંવારી હોય ત્યાં સુધી પિતા રક્ષણ કરે છે, વિવાહ થયા બાદ એનું રક્ષણ એનો પતિ કરે છે, (સ્ત્રી કુંવારી તો રહી જ નથી શકતી. તેને માટે તે નિષિદ્ધ છે) અને વૃદ્ધાવસ્થામાં એનું રક્ષણ પુત્રો કરે છે. તેથી સ્ત્રી સ્વતંત્રતા સારુ લાયક નથી.

પ્રાચીન શાસ્ત્રકારો કહેતા કે અમે આ ધર્મ નથી બતાવતા પણ આવી વસ્તુસ્થિતિ છે. અમે સ્ત્રીને સ્વતંત્રતા આપવા નથી માગતા એમ નહિ, પણ સ્વતંત્રતા માટે એની યોગ્યતા જ નથી. એને સ્વતંત્રતા આપીશું તોયે તે સ્વીકારશે નહિ. એ સ્વતંત્રતા માટે નિર્માણ જ નથી થઈ. તો એનું શું કરીએ? એની પૂજા કરો. ગાય પૂજા માટે યોગ્ય છે, પણ સ્વતંત્રતા માટે યોગ્ય નથી; તો ગાયની પૂજા કરો પણ એને જંગલમાં થોડી જ છોડી દેવાય છે? જ્યાં વાઘ છે, સિંહ છે એવા જંગલમાં આપણે એને ન છોડી દઈએ. તો એનો અર્થ એ કે સ્ત્રી આપણા ઘરની જ્યોતિ છે, એ આપણા સંતાનની માતા છે, માટે ખૂબ કાળજીપૂર્વક એનું સંરક્ષણ કરવું ઘટે. પુરાણું શાસ્ત્ર અહીં સુધી પહોંચ્યું હતું.

સ્ત્રી અને પુરુષમાં જે ભેદ છે તે નૈસર્ગિક ભેદ છે. એ ઉપરથી શાસ્ત્રકારોએ કહ્યું કે બંનેનું સહજીવન અસંભવ છે. બંને એકમેકની બરાબરી ન કરી શકે, સમાન ભૂમિકા પર ન રહી શકે તો પછી કોનો કોના પર કાબૂ રહે? એનો જવાબ તો પ્રકૃતિએ જ આપી દીધો કે સ્ત્રી સ્વતંત્રતા સારુ લાયક નથી એટલે એણે જ પુરુષના કાબૂ હેઠળ રહેવું જોઈએ.

આ એક મૂળભૂત સમસ્યા છે. સ્રીને સારુ મનુષ્યતા બીજા દરજ્જાની મનાઈ છે. તે મનુષ્ય તો છે પણ ગૌણ મનુષ્ય છે. મુખ્ય મનુષ્ય પુરુષ છે. આ સમસ્યાનું જ્યાં સુધી સમાધાન નહિ થાય ત્યાં સુધી સ્રીની ગાણ ભૂમિકાનો સ્વીકાર જ કરવો પડશે. એ સિવાય બીજો કોઇ આરો નહિ રહે. પરંતુ આનો ઉકેલ આવી શકે છે.

### મને મા અડશો !

હવે સહશિક્ષણ અને સહજીવનમાં મુખ્ય મુસીબત એ છે કે અસ્પૃશ્યતાની ભાવના પુરુષ કરતાંયે સ્રીમાં અધિક છે. સ્રીનો દેહ જાણે 'છુઈ મુઈ'—લજામણીનો છોડ છે. અંગ્રેજીમાં એને Touch me not—મને મા અડશો—કહે છે. એક છોડ હોય છે જેને અડવાથી એનાં પાંદડાં સંકોચાઈ જાય છે. તો સ્રી પોતાને આવો લજામણીનો છોડ માને છે ! ગંગાજીમાં નાહીને રેશમી પીતાંબર ધારણ કરી કોઈ બ્રાહ્મણ જઈ રહ્યો હોય તો તે રસ્તા પર પાણી છાંટતો જાય છે. અને આખીયે દુનિયાથી સંકોરાતો સંકોરાતો જાય છે. આ જાતની અસ્પૃશ્યતા પવિત્રતામાંથી આવી છે. મારું શરીર એટલું પવિત્ર છે કે એને કોઈ અડકી ન જાય !

સ્રીની પવિત્રતા બે પ્રકારની છે. એમાં બે ભાવ છુપાયેલા છે. એક તો સ્રીની અપવિત્રતાનો ભાવ છે. સ્રીનું શરીર પુરુષના શરીરની સરખામણીમાં અસ્વચ્છ, અપવિત્ર અને અમંગળ મનાયું છે. સહુએ માન્યું—માત્ર પુરુષે જ નહિ પણ સ્રીએ પણ માન્યું કે એનું શરીર પુરુષના શરીર કરતાં અસ્વચ્છ, અપવિત્ર ને અમંગળ છે અને અસમર્થ તો તે છે જ. તેથી એને કોઈ ન અડકે. આની મતલબ એ નહિ કે અડવાથી એ શરીર ભ્રષ્ટ થઈ જશે. એની મતલબ એ કે

અડવાથી ભંગ થઈ જશે. આ બંને અલગ અલગ ચીજ છે. પાપડ છે એને સંભાળી-સંભાળીને રાખીએ છીએ, કારણ કે અડવા જતાં ક્યાંક તે તૂટી જાય. તેથી સ્ત્રીના શરીરને સાચવી-સાચવીને રાખવું પડે છે. તો આમ દેહની પવિત્રતાનો ખ્યાલ બ્રાહ્મણને માટે અને સ્ત્રીને માટે અલગ અલગ છે.

બીજું સ્ત્રીને માટે Human contact is contagious—માનવ સંબંધ ચેપી મનાયો છે. બધો સંપર્ક સંસર્ગ બની જાય છે. સજ્જનોનો સંપર્ક આપણે એટલા વાસ્તે કરીએ છીએ કે એ સંપર્કથી આપણી શક્તિ વધે. જ્યાં પવિત્રતા હોય છે, એ સંપર્કને આપણે શક્તિ આપનારો સંપર્ક માનીએ છીએ. આપણે કહીએ છીએ ને કે લોકસંપર્ક કરો. એ નહિ હોય તો આંદોલનમાં શક્તિ નહિ આવે, વાસ્તવિકતા નહિ આવે. પરંતુ સંસર્ગને આપણે ટાળવા માગીએ છીએ. કોઈ કુષ્ઠરોગીની સારવાર કરવી હોય તો ડૉકટર પોતાના શરીર પર જંતુનાશક દવા લગાવીને જ એનો સ્પર્શ કરશે. તો સ્ત્રી માટે બધા સંપર્ક સંસર્ગ છે.

### મૂળમાં આ પ્રશ્ન આધ્યાત્મિક છે

શરૂઆતમાં અસ્પૃશ્યતાનિવારણ-આંદોલન અંગે મેં લખવાનું ને ભાષણ આપવાનું શરૂ કર્યું કે અસ્પૃશ્યતા મહાપાતક છે. તો શાસ્ત્રીઓએ મને કહ્યું કે તમે એમ શા માટે કહો છો કે એમાં તિરસ્કાર છે, પાપ છે ? એમાં એવું કાંઈ નથી. જ્યારે અમે નાહીધોઈ ને પૂજા માટે બેસીએ છીએ ત્યારે અમારી પત્નીને પણ નથી અડવા દેતા. તો આમાં તિરસ્કારની કે પાપની વાત ક્યાં આવી ? વળી અમે એમને અસ્પૃશ્ય માનીએ છીએ તો તેઓ પણ અમને અસ્પૃશ્ય માને. બસ, કોઈ પણ રીતે અમને અડકે નહિ. જ્યારે હું

પૂજામાં હોઉં છું કે બાજરૂ જાઉં છું ત્યારે ન તો હું કોઈને અડકું છું, ન અડવા દઉં છું, તો આમાં પ્રેમની હાનિ ક્યાં થઈ? આ અસ્પૃશ્યતા નથી. અસ્પૃશ્યતા તો એ કહેવાય કે જ્યારે હું મનુષ્યના સંપર્કને સંસર્ગ માનવા લાગું contactને contagious માનવા લાગું.

મૂળમાં આ પ્રશ્ન આધ્યાત્મિક છે. હું પૂજામાં બેઠો છું કે બાજરૂ સાફ કરું છું એટલે કોઈને અડતો નથી, એટલો સીધોસાદો આ પ્રશ્ન નથી. અહીં તો મનુષ્યના સ્પર્શને જ સંસર્ગ માનવા લાગે છે અને આ ચીજ પુરુષ કરતાં સ્ત્રીમાં ઘણી વધુ જોવા મળે છે. સ્ત્રી જો કોઈ પણ ચીજથી વધુમાં વધુ ગભરાતી હોય તો તે પુરુષના સ્પર્શથી. અને આ કેવળ શારીરિક વસ્તુ નથી. શારીરિક સ્પર્શથી તો જાણે ગભરાય જ છે, ચિડાય છે; પણ શારીરિક સ્પર્શ ન હોય તોયે આઘી ભાગે છે. છોકરીઓ સારાં કપડાં પહેરીને રસ્તે જઈ રહી હોય અને છોકરાઓ એમની તરફ ટીકી ટીકીને જોતા હોય તો ત્યાં શારીરિક નહિ પણ નેત્રનો સ્પર્શ છે, દૃષ્ટિનો સ્પર્શ છે. પરિણામ એ આવે છે કે રસ્તે કોઈ પણ સ્ત્રી સ્વાભાવિકપણે ક્યારેય પસાર નહિ થતી હોય. કવિતાઓમાં તો ઘણાં વર્ણન આવે છે કે શું ચાલ છે?— ગજગામિની, પિકવાહિની. પરંતુ એ રસ્તેથી પસાર થતી હોય છે ત્યારે એની આંખ પણ સ્થિર નથી હોતી. એટલી બધી એ self-conscious હોય છે. એને એમ થાય છે કે આખીયે દુનિયા એની તરફ જોઈ રહી છે! આવી જ રીતે સમાજમાં પણ રહે છે. એના વર્તનમાં ક્યારેય સ્વાભાવિકપણું નથી આવતું. મને ખબર નથી, બાથરૂમમાં પોતાની સ્વાભાવિક અવસ્થામાં હોય છે કે નહિ! આનું કારણ એ

છે કે પુરુષે સ્ત્રીના શરીરને અને સ્ત્રીએ પુરુષના શરીરને વિષય માન્યો છે.

### સ્વતંત્રતા માટે કેવળ સંમતિ પર્યાપ્ત નથી

હવે તમારા ધ્યાનમાં આવશે કે હું આ પ્રશ્નને આધ્યાત્મિક કેમ કહું છું. મજકુર સમસ્યાનું આ જે અંતિમ સ્વરૂપ છે, જ્યાં એનાં મૂળ છે ત્યાં ન તો અમેરિકા પહોંચ્યું છે, ન રશિયા. હા, રશિયા ત્યાં સુધી પહોંચી ગયું કે સ્ત્રીના શરીરનું પ્રદર્શન અને વ્યાપાર ત્યાંના સમાજમાં નિષિદ્ધ છે. બીજા કોઈ પણ સમાજવાદી દેશમાં આજે આ શક્ય નથી. પોસ્ટરોમાં સ્ત્રીના શરીરનું પ્રદર્શન કરાય છે. પાન-બીડી-સિગારેટ વેચવી હોય તો તેમાં પણ સ્ત્રીને બેસાડવામાં આવે છે. બજારમાં જેટલી 'સેલ્સમૅનશિપ' છે તે સ્ત્રીના શરીરનો આધાર લે છે. આ ચીજ અમેરિકા વગેરે દેશોમાં છે અને આપણે ત્યાં વધુ પ્રમાણમાં ફિલ્મોમાં છે.

આમ પુરુષે સ્ત્રીના શરીરને ભોગ માની લીધો, વિષય માની લીધો અને જ્યાં દેહને વિષય માન્યો ત્યાં બે જ ચીજ રહે છે: સંયમ કે પછી અસ્પૃશ્યતા. ત્રીજી કોઈ ચીજ નથી રહેતી.

એક બે-ત્રણ વર્ષની બાળકી છે. એને શ્વાસની તકલીફ છે. કોઈએ કહ્યું કે આ પાંદડું આપું છું એને વાટીને ખવડાવવાથી ત્રણ દિવસમાં એની તકલીફ દૂર થઈ જશે. પરંતુ શરત એટલી કે ચાર વાગ્યામાં આ પાન એને ખવડાવવાં અને પછી દસ વાગ્યા સુધી એને કાંઈ ખાવા ન આપવું. હવે એના માબાપ મને લખે છે કે અમે આજ સુધી આ દવા નથી કરી શક્યા. કેમ કે ખાવાપીવાની ચીજ તો અમારા ઘરમાં જ્યાં ત્યાં પડી જ હોય અને એને સંભાળવી મુશ્કેલ છે. તો

ઉપાય શો ? એવી દવા શોધો કે જેમાં કશી પરહેજ પાળવાની ન હોય. આ આજે અમેરિકાની હાલત છે. અમેરિકામાં સંપૂર્ણ સ્વતંત્રતા એ વાસ્તે છે કે સ્ત્રીનું શરીર વિષય છે તો છે, એમાં શો વાંધો છે ? સ્વતંત્રતામાં શરત માત્ર એટલી જ હોય છે કે સંમતિ હોવી જોઈએ; કોઈના પર જબરદસ્તી ન થાય, બળાત્કાર ન થાય. સંમતિ હોય તો બસ પત્યું ! આ એક રસ્તો અમેરિકાએ શોધી લીધો.

**સંમતિની સાથે સમાન ભૂમિકા જોઈએ**

પંરતુ સમાજમાં કેવળ સ્વતંત્રતા પૂરતી નથી. સમાજવાદમાં સમાનતાની આવશ્યકતા હોય છે. માત્ર સ્વતંત્રતા સમાજવાદ માટે પર્યાપ્ત નથી. તમારા બાગમાં વાઘ પણ છે અને બકરી પણ છે. બંનેને અલગ-અલગ પાંજરામાં રાખ્યાં છે. હવે દિવસમાં એક કલાક જો એવો નક્કી કરી દેવાય કે જ્યારે બંનેય પાંજરામાં ન રહે; બંને એટલા વખત માટે આઝાદ, આઝાદી કઈ વાતની ? બકરીને વાઘ સ્વાહા કરી જઈ શકશે. બકરી ખાવાની ચીજ છે, અને મુક્ત છે. ટામેટાં, કોબી, મરચાં વગેરે ખાવાની ચીજ છે, એટલે ખાઈ શકાય. અમેરિકામાં આવું છે !

સમાજવાદ કહેશે કે બકરી પણ જ્યારે વાઘની બરાબરીની થશે ત્યારે એમની વચ્ચે સંમતિની ગુંજાશ રહેશે. સંમતિ સારુ સમાન ભૂમિકા જોઈએ. સમાજવાદ અહીં સુધી આવ્યો છે.

પરંતુ એમાંથી હજી એ ચીજ નથી આવી કે મનુષ્ય મનુષ્યના શરીરને પવિત્ર માનશે; કેવળ સુંદર જ નહિ માને, પવિત્ર માનશે. સંપર્કથી સામર્થ્ય ત્યારે વધે છે, જ્યારે આપણે સંપર્કને પવિત્ર માનીએ છીએ. વિશ્વનાથજીનો

સ્પર્શ આપણે કરીએ છીએ. પંઢરપુરના વિઠોબાનો સ્પર્શ આપણે કરીએ છીએ, ગુરુનો ને માતાનો સ્પર્શ કરીએ છીએ. આ બધા સ્પર્શથી આપણી પવિત્રતા વધે છે અને તેથી સામર્થ્ય પણ વધે છે.

### સહજીવનની સાધનાથી સામર્થ્ય-વૃદ્ધિ

સહજીવનનો વિકાસ શા સારુ? એકમેકની શક્તિ વધારવા સારુ. મનુષ્ય મનુષ્યની સાથે રહે છે. સહજીવન આપણી સાધના છે, સાધના ક્યારે થાય? જ્યારે એક-બીજા સાથે રહેવાથી બંનેની શક્તિ વધતી હોય. માત્ર એકની જ શકિત વધતી હોય અને બીજાની ક્ષીણ થતી હોય તો શું થાય, એક વ્યકિત સંભાળનાર બની જાય છે અને બીજી સંભાળવાની ચીજ બની બેસે છે, બંનેની શકિત કયારે વધે છે? જ્યારે બંને સમાન ભૂમિકા પર છે, જ્યારે બંનેનો સંપર્ક એકમેક માટે પવિત્ર છે. આજે સ્ત્રીનો સંપર્ક પુરુષ માટે પવિત્ર નથી, પણ આનંદનો, ભોગનો વિષય છે (આનંદ શબ્દ કંઇક આધ્યાત્મિક બાજુ ઢળે છે અને ભોગ શબ્દ નિંદા બાજુ). પરંતુ કોઇ પુરુષને લગ્ન કરતી વખતે એવો અનુભવ થયો કે આ સ્ત્રીથી મારી શકિત-સામર્થ્ય વધશે? રામચંદ્રજીથી લઈને રામકૃષ્ણ પરમહંસ અને મહાત્મા ગાંધી સુધી આજપર્યંત કોઇ પુરુષને આવું નથી થયું. હા, એમ લાગે છે કે હું વ્યભિચારથી, દુરાચારથી બચીશ.

અંગ્રેજી લેખક એચ.જી. વેલ્સના એક પુસ્તકનો પ્રસંગ છે. એક પુરુષ બીજા પુરુષને ચાપાણીના મેળાવડામાં પૂછે છે કે તારી સાથે આવી છે તે કોણ છે? તો પેલો જવાબ આપે છે: The woman who saves me—એ સ્ત્રી, મને

બચાવે છે. કોનાથી ? બીજી સ્ત્રીઓથી ! અને તે સ્ત્રી માને છે કે એ પુરુષે મને બીજા પુરુષોથી બચાવી લીધી. હવે તમે બંને શું કરો છો ? હવે અમે બંને સાથે રહીએ છીએ. સાથેનો મતલબ ? શું એ તમારે ભરોસે અને તમે એને ભરોસે રહો છો ? નહિ, નહિ. હું એના પેટમાં રહું છું, જેમ વાઘના પેટમાં બકરી ! આજનું સહજીવન ક્યાંય છે નહિ, નાગરિકતા ઔપચારિક છે, સૈનિકતાની તો વાત જ છોડો અને માનવતા ગૌણ છે. તો હવે સહજીવનની ભૂમિકાનો આરંભ ક્યાંથી કરવો ?

## સ્ત્રીનું શરીર પ્રદર્શન કે ઉપભોગનો વિષય ન બને

સ્ત્રી પોતાના શરીરને વિષય ન માને. પુરુષ કરશે કે નહિ, ખબર નહિ, પણ સ્ત્રી તો અહીંથી આરંભ કરે કે મારું શરીર વિષય નથી. અત્યાર સુધી સ્ત્રી વિષય અને પુરુષના વૈભવનું એક અંગ મનાઈ છે. અને તેથી પુરુષને પોતાની અમીરીનો જેટલો દેખાવ કરવો હોય છે તે સ્ત્રીના શરીર પર કરે છે. પત્નીને કેટલાં ઘરેણાં પહેરાવ્યાં એ પરથી પુરુષના વૈભવની પરીક્ષા થાય છે. લગ્નસમારંભમાં મારા પિતા જતા તો કોઈ રાજાની જેમ ઠાઠમાઠથી ને ઘરેણાં પહેરીને નહોતા જતા. પરંતુ મારી મા જતી તો ગાલ જેવો શરીરનો થોડો ભાગ જ માત્ર બચી જતો. બાકી આખું શરીર ઘરેણાંથી મઢાઈ જતું. પુરુષની સંપત્તિનું સ્ત્રી જાણે કે show-case ન હોય ? તો ઓછામાં ઓછો એટલો સંકલ્પ તો કરવો પડશે ને કે સ્ત્રીનું શરીર પ્રદર્શનનો કે ઉપભોગનો વિષય નહિ બને. આ સંકલ્પ સ્ત્રીએ પોતે લેવો પડશે.

આમ થશે ત્યારે કોઈ પણ સ્ત્રીનો સ્પર્શ માતાના સ્પર્શ જેટલો જ પવિત્ર મનાશે. આજે તો માતાનો સ્પર્શ પણ

એટલો પવિત્ર નથી મનાતો. છોકરો વિનોબાની ગોદમાં આવીને બેસી જાય, પછી ભલેને તે ચાલીસ વર્ષનોય કેમ ન હોય, કે એ એને ગોદમાં લઈ લે કે ભેટી પડે તોયે કોઈને કાંઈ વાંધો નહિ આવે. પરંતુ વિનોબા જો એક સ્ત્રી હોય અને ૩૦–૩૫ વર્ષનો પુરુષ એની ગોદમાં બેસી જાય કે એને ભેટી પડે અને એવામાં કોઈ એનો ફોટો પાડી લેવા જાય તો નિર્મળા કહેશે કે ઓછામાં ઓછું આનો ફોટો તો ન લો. તો સ્ત્રીનો સ્પર્શ જ નિષિદ્ધ મનાયો છે. એ સ્પર્શથી પુરુષની શક્તિ વધતી નથી, પછી તે સ્ત્રી મા હોય તો પણ.

### ઉપભોગ નહિ, આનંદ

આપણી બધી ઈન્દ્રિયોનો ઉપયોગ ઉપભોગ અને આનંદ સારુ થાય છે. આનંદ સારુ થતો ઉપયોગ પવિત્ર છે અને ભોગ સારુ થતો ઉપયોગ અપવિત્ર છે. દાખલા તરીકે આંખ છે. એ બગીચામાં ખીલેલાં ફૂલ જુએ છે. એને આનંદ થાય છે, પણ એવામાં થાય છે કે આ મજાનાં ગુલાબનો ગુલકંદ બનાવીએ કે એને છાતીએ ખોસીએ તો ? એક ક્ષણમાં એની સુંદરતા જતી રહી. સૌંદર્યભાવના ત્યાં સમાપ્ત થઈ. અનાસક્તિને કારણે પ્રેમ ઉત્કટ બને છે. જે શરીર તમારા ભોગનું સાધન નથી તેને માટેનો તમારો પ્રેમ વધુ ઉત્કટ બને છે. હવે તમારા ધ્યાનમાં આવ્યું હશે કે આનંદ અને ઉપભોગમાં હું શું ફરક કરું છું.

ભગવાનની મૂર્તિની સુંદરતામાં અને તાજમહાલની સુંદરતામાં આનંદ સમાન નથી, પણ હોઈ શકે છે. ભગવાનની મૂર્તિની સુંદરતામાં જે આનંદ છે તે જ તાજમહાલમાં હોવો જોઈએ. તાજમહાલ જોઈને મુમતાજ શા માટે યાદ આવવી જોઈએ ? એ એક સુંદર ઇમારત છે, પવિત્ર છે, એમ કેમ ન

થાય ? આમ નથી થતું એટલે સ્તો મંદિરના સંરક્ષણ કરતાં ખાસ અલગ વ્યવસ્થા સરકાર તરફથી તાજમહાલના રક્ષણ માટે કરવી પડે છે. બંનેમાં સુંદરતા છે પણ તાજમહાલના રક્ષણ સારુ એક ખાસ વિભાગ ખોલવો પડે છે, જ્યારે મંદિર માટે એવા પુરાતત્ત્વ વિભાગની જરૂર નથી રહેતી. આમ કશી દેખરેખ વિના કે કશા સંરક્ષણ વિના સ્ત્રીનું જીવન સ્વાભાવિક બનવું જોઈએ.

તો કહે છે કે આ માટે સ્ત્રી અસુંદર હોવી જોઈએ. જો સુંદર હશે તો આપત્તિનું કારણ બનશે. મારી બે બહેનો વિધવા થઈ તો એમનાં ઘરેણાં, રંગીન કપડાં વગેરે ઉતારી લીધાં, વાળ કાપી નાખ્યા. કેમ ? પુરુષને એનું આકર્ષણ ન થાય. ત્યાગી, તપસ્વી વગેરેએ પોતાના શરીરને અસુંદર બનાવવાની કોશિશ કરી. વિરૂપતા આધ્યાત્મિકતાનું એક અંગ બની ગઈ અને એમાંથી રસિકતા અને સૌંદર્યની ભાવના લોપ થઈ ગઈ. પરિણામ એ આવ્યું કે જ્યાં સૌંદર્ય છે ત્યાં એનો સંબંધ ઉપભોગ સાથે અને જ્યાં અસૌંદર્ય છે ત્યાં એનો સંબંધ આધ્યાત્મિકતા સાથે જોડાઈ ગયો છે. ખરી રીતે તો સ્ત્રીનું શરીર એટલું જ સુંદર હોવું જોઈએ જેટલું દેવીનું છે. પરંતુ એ સૌંદર્ય આનંદનો વિષય હશે, ઉપભોગનો નહિ. પવિત્રતામાં સુંદરતાનો નિષેધ નથી. તો સ્ત્રી-પુરુષનાં શરીર પવિત્ર છે અને બંનેના સ્પર્શ પણ પવિત્ર છે. એવાં પવિત્ર શરીર ઉપભોગનો વિષય નહિ, આનંદનો વિષય છે.

## ૭ સહજીવનનો આધાર

સહજીવનમાં એકમેકની સાથે રહેવાની ઇચ્છા છે. સંગતિમાં જીવનનો આનંદ છે અને સુગંધ પણ છે. જેવી રીતે બગીચામાંના દરેક ફૂલની પોતાની આગવી ખુશબો હોય છે, તેવી જ રીતે આપણી આસપાસની દરેક વ્યક્તિનીયે એક સુગંધ હોય છે—ગંધ હોય છે. ક્યારેક તે સારી હોય છે, ક્યારેક બૂરી હોય છે. પણ જ્યાં ખુશબો હોય છે, ત્યાં રહેવાનું આપણને ગમે છે. સહજીવનમાં સ્રીની એક વિશેષ સુવાસ હોય છે. માને નાતે, બહેનને નાતે, પુત્રીને નાતે, પત્નીને નાતે અને મિત્રને નાતે. સ્રી વાતાવરણમાં એક મધુર સુગંધ પ્રસરાવે છે. પુરુષનાયે સાંનિધ્યમાં એક સૌરભ હોય છે. તેવી જ રીતે પુરુષને પુરુષની સાથે, સ્રીને સ્રીની સાથે અને બેઉને એકમેકની સાથે રહેવાની ઉત્કંઠા રહે છે. આ જ સહજીવનનો આધાર છે.

એકાંતમાં માણસને ગમતું નથી. માત્ર બે પ્રકારના લોકોએ એકાંત પ્રિય માન્યું છે. યોગીઓમાં વૈરાગી સાધુ-સંન્યાસીઓએ અને ભોગીઓમાં સ્રીઓએ. બંનેએ મનુષ્યના સ્પર્શને, સાંનિધ્યને તથા નિકટતાને ચેપી રોગ સમાન ગણ્યા છે. તેઓ સંસ્પર્શને સંસર્ગ માને છે. અહીં બે વાતો આપણે સમજવા જેવી છે: સંસ્પર્શ અને સંસર્ગ. અંગ્રેજીમાં જેને human contact સંસ્પર્શ કહે છે, એને contagion—ચેપી રોગ ગણ્યો છે. સંસ્પર્શનો અર્થ હમેશાં

કાંઈ આલિંગન થતો નથી. મનુષ્ય બાહ્ય દષ્ટિથી અને હૃદયની ભાવનાથીયે અન્યનો સ્પર્શ કરે છે. મારા પિતાજી ક્ષયથી બીમાર હતા ત્યારે એટલું જ ચાહતા હતા કે હું એમની સાથે રહું, એ જ મકાનમાં રહું. એટલો જ સ્પર્શ એમના સારુ પૂરતો હતો. મરતી વખતે અમુક અહીં હોય તે પણ એક સ્પર્શભાવના છે. આ ભાવનાત્મક સ્પર્શ છે.

### સ્પર્શભાવના

પરંતુ મનુષ્યને ભાવનાત્મક કે અવ્યક્ત સ્પર્શ પૂરતો નથી લાગતો. તેથી વ્યક્ત યા શારીરિક સંપર્કની પણ તેને આવશ્યકતા રહે છે. એનો એક નિરાળો આનંદ ને નિરાળું સુખ હોય છે. એટલા વાસ્તે મનુષ્ય ગામ બનાવીને રહે છે. એકમેકના પડોશમાં રહે છે. કંઈ હમેશાં દરેકને પોતાને અનુકૂળ પાડોશ મળતો નથી. તેમ છતાં મનુષ્ય પાડોશ વિના રહેવા ઇચ્છતો નથી. એટલું જ નહિ, પાડોશ અનુકૂળ હોય તેવી એક સ્પર્શભાવના મનુષ્યમાં રહેલી છે અને તે સ્વાભાવિક છે. ગાંધીજીએ એકાદશ વ્રતમાં ‘ સ્પર્શભાવના ’-ને એક વ્રત માન્યું છે. આપણે કોઈ ને અસ્પૃશ્ય ન ગણીએ એટલું જ પૂરતું નથી. પણ પડોશમાં રહેનારા સૌ લોકોનો સ્પર્શ પવિત્ર છે, એવી આપણી ભાવના હોવી જોઈએ. વિશ્વનાથજીના મંદિરમાં લોકોને માત્ર દર્શનથી સંતોષ નથી થતો. એટલે પિંડને સ્પર્શે છે! પંઢરપુરમાં વિઠોબાની મૂર્તિને આલિંગન કરવાને અને ચરણસ્પર્શ કરવાને લોકો પવિત્ર સુખ માને છે. એવા સ્પર્શથી પુનિત થવાય છે એમ લોકો માને છે. એ પવિત્ર સ્પર્શનો મહિમા અને આનંદ કંઈ ઓર જ છે!

સત્સંગમાં પણ આવી જ શુદ્ધ સ્પર્શભાવના છે. નહિ તો, વિનોબાજી ચાહે સાધના કેન્દ્ર, કાશીમાં હોય કે સાબરમતી આશ્રમમાં હોય, પણ આપણે સારુ એમાં કંઈ ફરક ન પડવો જોઈએ. પછી તો વિનોબાના સત્સંગ માટે એમની સાથે રહેવાનો કોઈ સવાલ જ ન ઊભો થવો જોઈએ. માની લીધું કે પ્રેમ ભૌગોલિક નથી, પણ હૃદયની ભાવના છે. તોપણ આપણે જોયું કે જાજુજીના મૃત્યુથી વિનોબાજી રડ્યા. આવું કેમ થયું ? વાસ્તવમાં તો એ માત્ર જાજુજીના શરીરનો જ વિયોગ થયો હતો. પરંતુ એવો વિયોગ પણ આપણા શોકનું કારણ બને છે. કારણ આપણું શરીર કંઈ અધમ અને અપવિત્ર નથી. એટલા વાસ્તે જ્યારે કોઈ વિભૂતિ યા સંતનો દેહવિલય થાય છે, ત્યારે આપણને શોક થાય છે !

આપણે અન્યના શરીરને આપણા સુખનું સાધન કે ભોગનો વિષય સમજીએ છીએ ત્યારે તેનો દેહ પવિત્ર છે, એ વાત વીસરી જઈએ છીએ. શરીર-ભાવ હોવો તે મનુષ્ય અને ઈશ્વર, બંનેનું અપમાન છે. ભગવાનની મૂર્તિ કે કોઈ એક સંતનું શરીર જેટલું પવિત્ર છે, તેટલું જ પવિત્ર માનવ-માત્રનું શરીર છે. આ 'સ્પર્શભાવના' છે. આને લીધે મનુષ્ય પડોશીના સહવાસ વિના રહી શકતો નથી. તેથી તે વસ્તીમાં રહે છે. વસ્તીમાં એકમેકનો સહારો અને ભરોસો હોય છે.

### સહજીવનનું પ્રયોજન

એકમેકની સાથે રહેવામાં પરસ્પરનો આધાર અને આશ્રય તો મળે છે જ. ઉપરાંત એનું એક બીજું પ્રયોજન પણ છે. કોઈ પ્રયોજન વિના લોકો જ્યાં એકઠા થાય છે,

તેને આપણે ભીડ કહીએ છીએ. પણ મનુષ્ય જ્યારે ગામ વસાવે છે, ત્યારે એકસાથે વસનારા એ લોકોને એકમેકના સંપર્ક અને સહયોગની જરૂર હોય છે. આ છે સહજીવનનું પ્રયોજન.

સાંનિધ્ય કે નિકટતાની ઇચ્છાને અહીં સ્પર્શભાવના કહી છે. એનું મૂળતત્ત્વ એ છે કે પ્રત્યેક માનવનું શરીર પવિત્ર છે. હરેક માનવનો સ્પર્શ પવિત્ર છે. અને એમાંથી જ નીતિ, સદાચાર, શિષ્ટાચાર, વ્યવહાર, સૌંદર્ય વગેરે માનવીય ગુણો આવશે. સૌનો દેહ પવિત્ર છે, એ માન્યતાને લીધે—તો બીમારોની માવજત થાય છે અને દરેક બીમાર જીવવા ઇચ્છે છે. અસાધ્ય રોગીઓને પણ આપણે જિવાડવા ઇચ્છીએ છીએ. આત્મા અમર છે તો પછી શરીરને જિવાડવાની શી જરૂર ? આ બધી પળોજણ શા સારુ ? એવી ચર્ચાને અહીં કોઇ સ્થાન નથી. દુનિયામાં જેટલાં છે એ બધાં શરીર પવિત્ર છે. આવો બધાનો સંકલ્પ હોવો જોઇએ. આપણે આપણી મર્યાદા અત્યારે માનવ-શરીરની પવિત્રતા સુધી માની છે, સારાંશ એ કે હરેક મનુષ્યનું શરીર પવિત્ર છે, હરેક મનુષ્યોનો સંપર્ક અને સંસ્પર્શ પવિત્ર છે. સહજીવનમાં આ સંકલ્પ રહેલો છે.

### સહજીવનમાં નિર્ભયતા અનિવાર્ય

મેં આગળ કહ્યું હતું કે સ્ત્રી સંપર્કથી ગભરાય છે, નિકટતા ટાળવા માગે છે અને પુરુષથી અલગ હોય તો પોતાને સુરક્ષિત માને છે. એ વાત તો સ્પષ્ટ જ છે કે જેનાથી આપણે બચવા માગીએ છીએ, તેની સાથે કે તેની પાસે આપણે રહેતા નથી. જેને આપણે ટાળવા માગીએ છીએ, તેની સોબતમાં આપણને આનંદ આવતો નથી.

કાશીમાં રહેતા કોઈ ગુંડાથી હું ડરતો હોઉં તો હું ઇચ્છીશ કે તે કાશીમાં ન રહે, યા હું ન રહું. અને જો તે માણસ આ દુનિયામાં જ ન રહે તો એથીયે સારું! મતલબ કે જ્યાં ભય છે, ત્યાં સહજીવન અસંભવ છે. એટલે સહજીવન માટે નીડરતા જરૂરી છે, નિર્ભયતા આવશ્યક છે. તમે પણ રોજ પ્રાર્થનામાં કહો છો ને—
'सर्वत्र भयवर्जनम्.'

બીજી વાત એ છે કે આપણે જેની સાથે રહીએ છીએ, તેની પ્રત્યે આપણા મનમાં અરુચિ, ઘૃણા કે નફરત ન હોવી જોઈએ. ઉંદરથી આપણે ડરતા નથી પણ સાપથી ડરીએ છીએ. છતાં ઉંદર પ્રત્યે આપણને ઘૃણા હોય છે. એને જુગુપ્સા કહે છે. એકમેકની સાથે રહેનાર પરસ્પર ઘૃણા કે નફરત કરે એ ચાલે નહિ. જ્યાં સુધી સ્ત્રીને પુરુષનો ડર કે નફરત છે, ત્યાં સુધી એમનું પવિત્ર સહજીવન અસંભવ છે. અને જ્યાં સુધી પવિત્ર સહજીવનનો સંભવ નથી, ત્યાં સુધી સ્ત્રીનું પોતાનું આગવું કોઈ જીવન જ નથી. ત્યાં સુધી એ પુરુષની સાથે નહિ જીવી શકે, પણ પુરુષના સહારે અને ભરોસે જીવશે. એવી પરિસ્થિતિમાં તો પછી એ પુરુષની સાથે નહિ પણ સ્ત્રીઓની સાથે જ મોકળા મને રહી શકશે.

રામચરિતમાનસના ઉત્તરાખંડમાં એક પ્રસંગે તુલસીદાસજી જ્ઞાન કરતાં ભક્તિ ચઢિયાતી છે, એમ દર્શાવતાં કહે છે: 'જ્ઞાન પુરુષ છે ને માયા સ્ત્રી છે. લુબ્ધ ને મોહિત થઈને જ્ઞાન માયાની જાળમાં ફસાઈ જાય છે. એટલે જ્ઞાનમાર્ગમાં ખતરો છે. જ્યારે ભક્તિ તો સ્ત્રી છે. અને मोह न नारि के रूपा। સ્ત્રી ઓછી સ્ત્રીના રૂપથી

મોહિત થવાની હતી ? એટલા વાસ્તે સાધકની ક્ષેમકુશળતા ભક્તિમાં છે, જ્ઞાનમાં નથી. ' એનો અર્થ તો એ થયો કે જો સ્ત્રીઓ એકમેકની સાથે રહે તો એમાં ખતરો નથી. પણ સ્ત્રી-પુરુષ એકમેકની સાથે રહે છે, તો બેઉને માટે ખતરો છે. આમ, નિષ્કર્ષ એ નીકળે કે સ્ત્રી-પુરુષનું સહ-જીવન અસંભવ જ નહિ, પણ અયોગ્ય છે, ગેરવાજબી છે.

## સ્ત્રીઓમાં સખ્યભાવના

હવે અહીં એક મઝાનો સવાલ ખડો થાય છે. સ્ત્રીને સ્ત્રીનો મોહ કે ભય ભલે ન હોય; પણ શું સ્ત્રીને સ્ત્રી પ્રત્યે પ્રેમ હોય છે ખરો ? શું એક સ્ત્રીને બીજી સ્ત્રીનો દેહ વહાલો લાગે છે ? પવિત્ર લાગે છે ? આપણે ત્યાંની મોટા ભાગની સ્ત્રીઓ પરંપરાને કારણે અન્ય સ્ત્રીઓના તેમ જ પોતાના શરીરને અપવિત્ર માને છે. પોતાના શરીર કરતાં પુરુષના શરીરને શ્રેષ્ઠ માને છે. આમ, સ્ત્રી સ્ત્રીના દેહને હલકો ગણે છે. એનું પરિણામ એ આવ્યું કે પુરુષો કરતાં સ્ત્રીઓમાં પરસ્પર મૈત્રીની ભાવના ઓછી રહે છે. એક પુરુષ પોતાના પરિવારની પણ પરવા કર્યા વિના મિત્રને માટે જાન દઈ દેશે. બાઇબલમાં કહ્યું છે : ' મિત્રને માટે કોઈ પોતાના પ્રાણ આપી દે એનાથી વધારે મહોબત શી હોઈ શકે ? ' સ્ત્રી પતિને જિવાડવા સારુ પોતાનો પ્રાણ ન્યોછાવર કરી દેશે. પુત્રને માટે પણ પ્રાણત્યાગ કરશે, ક્યારેક ક્યારેક પિતા, ભાઈ, બહેન કે પુત્રીને સારુ પણ પોતાનું બલિદાન દઈ દેશે. પરંતુ એક સ્ત્રી સમસ્ત પરિવારનો ત્યાગ કરીને પોતાની એક સખીને સારુ પ્રાણની આહુતિ આપી રહી છે, એવો એકાદ દાખલો પણ ભાગ્યે જ ઇતિ-હાસમાં મળશે ! એટલા માટે બે સ્ત્રીઓ વચ્ચે જ્યારે દોસ્તી જોઉં છું ત્યારે ધન્યતા અનુભવું છું. ઈતિહાસમાં તો કૃષ્ણ

અને અર્જુનની દોસ્તી જાણીતી છે. કૃષ્ણ દ્રૌપદીની દોસ્તી છે. પણ દ્રૌપદી, સીતા, સુભદ્રા કે મંદોદરીની દોસ્તી નથી, બે સ્ત્રીની દોસ્તી નથી ઇતિહાસમાં દેખાતી કે નથી જીવનમાં. એટલા માટે સ્ત્રીઓની સંસ્થાઓમાં કે સભાઓમાં દમ બહુ ઓછો હોય છે, કેમ કે કોઈએ એમાં પોતાનો જીવ રેડ્યો નથી હોતો. સ્ત્રીઓ કુટુંબ બહાર બીજી કોઈ જગ્યાએ પ્રાણ રેડતી નથી. એટલા માટે હું કહું છું કે સ્ત્રીઓમાં પણ એક-બીજા માટે જાન દઈ દે એવી દોસ્તી વધવી જોઈએ.

પુરુષોમાં પરસ્પર ઈર્ષ્યા, મત્સર કે ખાર કંઈ ઓછો હોય છે એવું નથી. પુરુષે એક સ્ત્રીને માટે બીજા પુરુષને ઠાર કર્યો હોય, એવા ઘણા દાખલા ઇતિહાસમાં છે. છતાંય કવિરાજ ગિરધર કહે છે : 'कौरव पांडव वंश का किया द्रौपदी नाश।' રામ-રાવણનું યુદ્ધ સીતાના નિમિત્તે થયું એમ કહે છે. આમ, એનો દોષ સીતાને માથે ઢોળાયો. હોમરે પોતાના મહાકાવ્ય ઇલિયડમાં હેલન નામની એક ખૂબસૂરત યુવતીને જ યુદ્ધનું નિમિત્ત બનાવી છે. એક પુરુષ બીજા પુરુષને મારી નાખે છે. તોપણ એમની ઈર્ષ્યા એટલી વગોવાઈ નથી. સહપ્રેમીઓનો કે સહપતિઓનો મત્સર એટલો ગવાયેલો નથી જેટલો 'શોકોનો ખાર'. આ પરંપરાને આપણે બદલવાની છે. સ્ત્રીઓમાં સખ્ય ને સૌહાર્દ દઢ થવાં જોઈએ.

### સ્ત્રીઓમાં સહજીવન

સ્ત્રીઓની સંસ્થાઓનાં અનેક નામો પૈકી એક નામ હોય છે 'ભગિની સમાજ'. આ 'ભગિની' શબ્દ સાપેક્ષ છે. આ શબ્દ કોની અપેક્ષાથી રખાયો છે? શું તેમાં એવો સંકેત છે કે બધી સ્ત્રીઓ એકમેકની બહેનો છે? નહિ, એ શબ્દ તો રખાયો છે પુરુષોની અપેક્ષાથી. સ્ત્રીઓ પુરુષોને

એવું સૂચવવા માગે છે કે અમે બધી તમારી બહેનો છીએ, એમ તો પુરુષોમાં પણ બંધુત્વ હોય છે. તેમ છતાં એમનું 'બંધુમંડળ' ક્યાંય નથી હોતું. હા, હોય છે તો વિશ્વ-બંધુત્વ મંડળ હોય છે. વિભિન્ન પ્રયોજનનાં ભિન્નભિન્ન મંડળો હોય છે ખરાં; જેમ કે શિક્ષણમંડળ, વ્યાયામમંડળ, ઉદ્યોગમંડળ વગેરે. કહે છે કે પુરુષો તો આપસમાં ભાઈ-ભાઈ જ છે. એમને બંધુત્વ બતાવવાની જરૂર પડતી નથી. પણ સ્ત્રીઓમાં પરસ્પર ભગિનીત્વ નથી અને પુરુષ સાથેનો એમનો સંબંધ ભય ને આશંકા તથા ડર ને અંદેશાના આધાર પર ખડો છે, તેથી જો સગી બહેનો પણ શોકો થાય છે તો એકમેક વચ્ચે ઈર્ષ્યા પેદા થાય છે!

સ્ત્રીઓનું પરસ્પરનું સહજીવન પણ પુરુષો મારફત ઊભું થાય છે. તેથી તેમનું સહજીવન પોતીકું નથી, સ્વતંત્ર નથી, પણ પુરુષતંત્ર છે. એટલું જ નહિ સ્ત્રીઓની પરસ્પરની દોસ્તી અને દુશ્મનાવટ પણ કોઈ ને કોઇ પુરુષ સાથે સંકળાયેલી હોય છે. જ્યારે પુરુષો વચ્ચેની દોસ્તી ને દુશ્મનાવટ એમની પોતાની હોય છે. તેમાં સ્ત્રી સંકળાયેલી જ હોય, એ આવશ્યક નથી. એટલે સ્ત્રીઓમાં મૈત્રીનો નહિ પણ સગપણનો સંબંધ હોય છે. કારણ સ્ત્રી કુટુંબપ્રેમી છે. અને કુટુંબમાં મૈત્રી નહિ પણ સગપણ મુખ્ય હોય છે. આમ, સ્ત્રીઓને એમનું આગવું સહજીવન નથી.

સારાંશ એ કે સહજીવન માટે એક સ્ત્રી બીજી સ્ત્રીથી ડરે નહિ, એટલું જ પ્રર્યાપ્ત નથી. આજે તો સ્ત્રી પોતાના તેમ જ અન્ય સ્ત્રીઓના દેહને અપવિત્ર માને છે. કહે છે કે આ સુંદર નર દેહ, આ ઉત્તમ માનવશરીર પુરુષનું ગૌરવ છે; જ્યારે નારી-શરીર ગૌણ છે. એથી પ્રથમ નાગરિકતા

પુરુષની ગણાય છે, જ્યારે ગૌણ નાગરિકતા સ્ત્રીની છે. બધે હાલત એવી છે કે પ્રથમ પુરુષ અને બીજે નંબરે સ્ત્રી. જ્યાં સ્ત્રીને સમાન નાગરિકતા પણ નથી ત્યાં સૈનિકતાની તો વાત જ શી કરવી ? અને ધર્મના ક્ષેત્રમાં એનું સ્થાન પુરુષ પછીનું જ છે. એટલે સુધી કે ગીતામાં એમને મોક્ષનો અધિકાર તો આપ્યો છે, પરંતુ 'પણ' ક્રિયાવિશેષણ જોડીને. 'तेऽपि यान्ति परां गतिम्'—તેઓ પણ પરમ ગતિને પામે છે. આ 'પણ'માં બધું જ આવી ગયું. આ ઘણી ગંભીર વસ્તુ છે. હું ઔપચારિક સમતા અથવા એકતાની વાત નથી કરતો. પણ જો સ્ત્રી-પુરુષમાં નિર્ભયતા અને વિશુદ્ધ સ્નેહ હશે, તો વાસ્તવિક સમાનતા સ્થપાશે. ઔપચારિક સમતા ને એકતા અલગ ચીજ છે. કાયદાકાનૂન, શિષ્ટાચાર કે બંધારણમાં અપાયેલી સમાનતા પૂરતી નથી. તે કેવળ કાયદાકાનૂન અનુસારની છે; એ કાયદાપોથી માંહેની ઔપચારિક સમાનતા છે. પણ જીવનમાં તો વાસ્તવિક ને વિધાયક સમાનતા આવવી જોઈએ. કૌટુંબિકતામાં સંરક્ષણ તથા ભાવિ જીવનની સલામતી માટેનું આશ્વાસન જરૂર છે; પણ તે ભાવરૂપ આશય નથી. કુટુંબમાં સ્ત્રી-પુરુષ એકમેકની સાથે રહે છે. તેમાં સ્ત્રી સંરક્ષણ પામે છે ને પુરુષની જવાબદારી વધે છે. ખરી રીતે તો બે વ્યક્તિઓના સાથે રહેવાથી તેમનું જીવન બેવડું થાય, બમણું શક્તિ-શાળી થાય—થવું જોઈએ. તો પછી એકને નહિ પણ બંનેને બમણું સંરક્ષણ ને આશ્વાસન મળવું જોઈએ.

પરંતુ આજે સ્ત્રીનું જીવન પુરુષ-નિર્ભર અને પુરુષતંત્ર છે, એટલે તેમનામાં પરસ્પર વિશ્વાસની ઊણપ છે. વળી સ્ત્રીના ચારિત્ર્ય ઉપર આજે કોઈ અધિક આક્ષેપ કરતું હોય

તો તે સ્ત્રી જ કરે છે. એ જ કહે છે કે પેલી કુલટા ભ્રષ્ટ થઈ ગઈ અને સ્ત્રીઓ માટે જે જે શંકાઓ પ્રગટ થઈ એમાં કોણે વધુ વિશ્વાસ મૂકયો ? સ્ત્રીઓએ કે પુરુષોએ ? એક સ્ત્રીની પવિત્રતા વિશે બીજી સ્ત્રીને ઓછો વિશ્વાસ છે. એક સ્ત્રીના વિશે બીજી સ્ત્રીને જ વિશેષ સંશય રહે છે. સ્ત્રીના ચારિત્ર્યની કલ્પનામાં જેટલો પતિવ્રત કે પુરુષનિષ્ઠાનો અંશ છે, તેટલો પવિત્રતાનો નથી. સ્ત્રીઓમાં વફાદારી, ઈમાન અને પુરુષનિષ્ઠા ખૂબ હોય છે. પણ પવિત્રતા એનાથી અલગ ચીજ છે. સ્ત્રીઓ વચ્ચે એકમેક માટેનો તેમ જ સ્ત્રીપુરુષ વચ્ચે પરસ્પરનો કુટુંબનિરપેક્ષ સ્નેહ અને વિશ્વાસ સહ-જીવનનો આધાર થઈ શકે છે.

## ૮ સૌંદર્ય-મીમાંસા

મૂળભૂત સવાલ એ છે કે સ્ત્રી-પુરુષ વચ્ચે કામ-વાસના વિનાનો યા તો કુટુંબ-સંબંધ સિવાયનો સ્નેહસંબંધ હોઈ શકે? સહજીવનનો મતલબ છે—કુટુંબ બહારનું સહજીવન. અત્યાર સુધી ધર્મશાસ્ત્રકારોએ તેમ જ સામાજિક મર્યાદાઓના પ્રણેતાઓએ સ્ત્રી-પુરુષનું કુટુંબ બહારનું સહજીવન અસંભવ માન્યું છે અને એથી એ નિષિદ્ધ પણ માન્યું છે. એટલા વાસ્તે આ બાબતમાં એમને બહુ કઠોર નિયમ બનવવા પડ્યા છે. સ્ત્રી-પુરુષમાં પરસ્પર વિષય-વાસનાનું આકર્ષણ દુર્દમ્ય છે, એ હકીકતને શાસ્ત્રકારો તેમ જ સભ્ય લોકોએ સમાજના સદાચાર સામેનો મૂળભૂત ખતરો માન્યો છે. એટલે બધી સામાજિક નીતિ આ માન્યતાના પાયા પર ઊભી છે; અને તે એટલે લગી કે મા-દીકરો, પિતા-પુત્રી તેમ જ સગાં ભાઈ-બહેનોને પણ એકાંતમાં એકબીજા સાથે રહેવાનો નિષેધ કર્યો છે. આમ તો આ બધા સંબંધો કુટુંબમાં અત્યંત પવિત્ર અને ઉત્તમ મનાય છે તેમ છતાં સ્ત્રી-પુરુષનું સહજીવન આપત્તિજનક લેખાયું છે અને કારણમાં કહે છે કે 'बलवान् इन्द्रियग्रामो विद्वांसमपि कर्षति'—આ ઇંદ્રિયો બહુ બળવાન છે અને એ વિદ્વાનને પણ પોતાના પાશમાં ખેંચી લે છે. 'इंद्रियाणि प्रमाथीनि हरंति प्रसभं मनः'—આ ઇંદ્રિયો બહુ ઉદ્દંડ છે અને તે જબરદસ્તીથી મનને ઘસડી જાય છે. એટલા વાસ્તે પ્રત્યેક સ્ત્રી-પુરુષે—ભલે ને તેમનો

કૌટુંબિક સંબંધ અત્યંત પવિત્ર અને ઉદાત્ત હોય તોપણ —એકબીજા વિશે હમેશાં સાવધાન અને સચેત રહેવું જોઈએ. તાત્પર્ય એ કે નીતિવેત્તાઓએ અને સમાજ ધુરંધરોએ સ્ત્રી-પુરુષના બધા સાંસ્કૃતિક સંબંધો કરતાં તેમના નર-માદાના પ્રાકૃતિક સંબંધને જ અધિક પ્રબળ માન્યો છે.

### લગ્ન સ્વભાવ નહિ, પણ સંસ્કાર છે

મનુષ્યમાં એકબીજા સાથે રહેવાની પ્રેરણા નૈસર્ગિક છે, તેનામાં સહજીવનની ઇચ્છા કુદરતી છે. પણ સહજીવનનું સંયોજન અને તેની મર્યાદાઓ સાંસ્કૃતિક છે. એકબીજાની સાથે રહેવા માટે પરસ્પરને સાચવી લેવાનું આવશ્યક બની જાય છે. જેઓ એકબીજાના જીવનને સંપન્ન કરે છે, એમનું સહજીવન ચરિતાર્થ થાય છે. એ સ્પષ્ટ છે કે સ્ત્રી-પુરુષના જીવનમાં પ્રકૃતિ યાને સ્વભાવ કરતાં સંસ્કારનું મહત્ત્વ વિશેષ છે અને પ્રગતિનું લક્ષણ એ છે કે સંસ્કારો જ સ્વભાવમાં ફેરવાઈ જાય. સારાંશ એ કે સ્ત્રી-પુરુષના નૈસર્ગિક સંબંધો કરતાં એમના સાંસ્કૃતિક સંબંધો જ સમાજજીવન સારુ આધારભૂત થઈ જાય છે. દાખલા તરીકે પતિ-પત્નીનો જ સંબંધ લો. કેવળ પ્રાકૃતિક દૃષ્ટિએ કોઈ પુરુષ પતિ નથી કે કોઈ સ્ત્રી પત્ની નથી. એક છે નર, બીજી છે નારી. પણ જ્યારે એમનું લગ્ન થાય છે ત્યારે તે પતિ-પત્નીનો સંબંધ બને છે, આ સગપણ પ્રાકૃતિક નથી પણ સાંસ્કૃતિક છે. એટલા વાસ્તે લગ્ન એ સ્વભાવ નથી, પણ સંસ્કાર છે. જો સ્ત્રી અને પુરુષ આખી જિંદગી એકબીજાની સાથે ગાળે, તેઓ કેવળ શરીરનિષ્ઠ રહી શકે જ નહિ. જો તેઓ શરીરનિષ્ઠ રહેશે, તો તેમનું જિંદગીભર રહેવાનું અસંભવ છે. ધારો કે, કોઇ માણસે એક અત્યંત સ્વરૂપવાન સ્ત્રી

સાથે લગ્ન કર્યું અને થોડાક સમય બાદ સ્ત્રીને લકવો થઈ ગયો. તે કદરૂપી થઇ ગઈ. હવે પેલા પુરુષને એના માટે કંઈ પ્રેમ તો હતો નહિ. એ તો કેવળ એના દેહને પોતાના ઉપભોગનો વિષય માનતો હતો, એ તો રૂપને પરણ્યો હતો. પણ હવે લકવાના કારણે તે બદસૂરત થઈ ગઈ. એથી હવે તેને પોતાની પત્નીના જીવનમાં કંઈ રુચિ યા આકર્ષણ રહ્યું નહિ. આવી પરિસ્થિતિમાં એ સંબંધ તૂટી જાય તેવી હાલત થઈ જાય. કારણ, આ કેવળ કામ-સંબંધ છે. એમાં પ્રેમને કોઈ સ્થાન નથી. તો પછી લગ્નને સંસ્કાર માનીએ એ વ્યર્થ નથી? આ તે કંઈ સંસ્કાર છે? જો લગ્ન એ સંસ્કાર છે, તો પ્રેમસંબંધ અધિક હોવો જોઈએ. કારણ લગ્ન એ દેહ-સંબંધ નથી, પણ બે વ્યાક્તઓનાં વ્યક્તિત્વનો મધુર યોગ છે. એના આરંભમાં ભલે શારીરિકતા હોય; લગ્નનો આરંભ જરૂર શારીરિકતાથી થાય છે. અન્યથા લગ્નની આવશ્યકતા જ નથી. તેમ છતાં લગ્ન થયા પછીના જીવનમાં બેઉનો શારીરિક ભાવ ક્ષીણ થતો જાય છે; કામભાવનું સ્થાન પ્રેમભાવ લેતો જાય છે. શારીરિકતાના સ્થાને આંતરિક પ્રેમભાવ આવતો જાય છે.

કોઈ કહે છે, અમે પ્રજોત્પત્તિ સારુ, સંતાન સારુ લગ્ન કર્યાં. તો એમાં કામુકતાના સ્થાને કૌટુંબિકતા અથવા સામાજિકતા આવી ગઈ. પરંતુ આજીવન સંબંધ માટે એટલું પર્યાપ્ત નથી. કુલધર્મ યા સમાજધર્મને માટે જે પતિપત્ની સાથે રહેશે, તેઓમાં કર્તવ્યની ભાવના હશે, પણ પ્રેમની હાર્દિકતા નહિ હોય. ધર્મની આજ્ઞા છે, સમાજની મર્યાદા છે, કુટુંબની પ્રતિષ્ઠાનો સવાલ છે, એટલા વાસ્તે અમે સાથે રહીએ છીએ—સાથે જીવીએ છીએ. આવી રૂઢિ

પરંપરા કે ધર્મવિચારને લીધે જે સહજીવન ઊભું થયું એમાં કર્તવ્યબુદ્ધિ હોય છે, પણ સ્નેહ નથી હોતો. આવી રીતે સાથે રહેનારાં એ બે જણ મનથી તો અલગ થઈ ગયાં છે, પણ તનથી એકબીજાની સાથે રહે છે. વાસ્તવમાં તો એ લગ્નવિચ્છેદ થઈ ગયો છે. ભલે ઔપચારિક રીતે ન થયો હોય, પણ પછી તેઓ સાથે રહેવા છતાં એકબીજાનાં રહ્યાં નહિ. આ સહજીવન નથી, પણ સહ-અવસ્થાન છે, સહ-અસ્તિત્વ છે, co-existence છે, જેવું અમેરિકા અને રશિયા વચ્ચે છે! એમાં નથી દિલ કે નથી હૃદય. એ છે કેવળ કલેવરોનું સાન્નિધ્ય, એ સહજીવન નથી પણ સહમરણ છે-એ ગૃહસ્થાશ્રમ નથી, પણ સ્મશાનનું સાહચર્ય છે.

### સહજીવનમાં મૈત્રી મુખ્ય

સ્ત્રી પુરુષના સંબંધમાં શારીરિકતા યાને ભૌતિકતા જેટલી ઓછી હશે અને પ્રેમ યાને હાર્દિકતા જેટલી વધારે હશે, એટલો એમનો સંબંધ સ્થાયી અને પવિત્ર હશે, કાયમી અને નિર્દોષ હશે. શારીરકતામાં સંયમ, નૈતિકતા ધાર્મિકતા, કર્તવ્ય-બુદ્ધિ વગેરેને કોઈ સ્થાન જ નથી. બે વ્યક્તિઓને સાથે રહેવા સારુ. બેઉમાં દેહભાવ ઓછો હોય, શારીરિકતા ઓછી હોય એ અનિવાર્ય શરત છે. તો પછી સવાલ એ થાય છે કે શું બેઉ અશરીરી છે? એક-બીજાના દેહસંબંધે શું તેઓને કાંઈ મતલબ જ નથી? તો શું તેઓ પરસ્પરના આત્મા સાથે રહે છે? અથવા તો અવ્યક્ત છે. આત્માઓનું તે વળી સહજીવન કેવું? હવે વાત એમ છે કે તે બેઉ એકબીજાના શરીરની સાથે જરૂર રહે છે, પણ એમના સહજીવનમાં શારીરિકતા મુખ્ય નથી હોતી. જો શરીર જ મુખ્ય બની જાય તો પછી તે બે

શઓનું સહ-અવસ્થાન થઈ જાય છે. પછી પેલી બે વ્યક્તિઓ સાથે રહેતી નથી. સહજીવન એટલે માણસનું સંયુક્ત અને પરસ્પરાભિમુખ જીવન. તનની સાથે સાથે જ્યાં મન અને હૃદય પણ હોય તેનું નામ સહજીવન. જ્યારે બે વ્યક્તિ મનથી એકમેકની સાથે રહે છે, ત્યારે શારીરિકતા ગૌણ બની જાય છે. એટલા માટે સહજીવનમાં મૈત્રી જ મુખ્ય છે.

ગાંધી કોઈ ખૂબસૂરત વ્યક્તિ ન હતી, તેમ છતાં એમનું શરીર આપણને સૌને પ્રિય હતું. આપણામાંથી કેટલાકની સિકલ તો વ્યંગ-ચિત્રમાં હોય છે, તેવી છે. તોયે આપણે પરસ્પર પ્યાર કરીએ છીએ. બધાના પિતા ને દાદા કંઈ બહુ સુંદર નથી હોતા. આપણા બધાની મા કંઈ અપ્સરા જેવી સુંદર ઓછી હોય છે ? તો પણ આપણા સૌને સારુ માતાનો દેહ શોભનીય છે અને સુંદર છે. આ શોભનીયતા અને સુભગતા પ્રેમપુનિત દૃષ્ટિ જ જોઈ શકે છે.

### સહવાસ અને સહજીવનમાં અંતર

દુનિયામાં જે જે સ્વાર્થાશ્રિત સંબંધો કહેવાય છે, ત્યાં સહકાર્ય ભલે થતું હોય, પણ યથાર્થ સહજીવન નથી હોતું. દીકરાને જ્યાં સુધી માની આવશ્યકતા છે, ત્યાં સુધી તે એને પ્રિય છે. દીકરો જ્યાં સુધી કમાઈને માને ખવડાવે છે ત્યાં સુધી એ દુલારો છે, લાડલો લાગે છે. ભાઈ, જ્યાં સુધી બહેનની ઇચ્છાઓ પૂરી કરે છે ત્યાં સુધી તે એનો સ્નેહભાજન બને છે અને જ્યાં સુધી બહેન ભાઈની કંઈ સેવા-શુશ્રૂષા કરી શકે છે, ત્યાં સુધી તે એની લાડલી બહેન રહે છે. 'आत्मनस्तु कामाय सर्वं प्रियं भवति' નો આ વ્યાવહારિક અર્થ છે. આ બધા ઔપાધિક સંબંધો છે. એમાં સ્વાર્થ, ગરજ, મતલબ, જરૂરિયાત વગેરે મુખ્ય છે, પણ

પ્રેમ ગૌણ છે. 'મતલબ' એ અલગ ચીજ છે અને 'મહોબત' અલગ છે. સહજીવનમાં જેટલો સ્વાર્થનો અંશ હશે, જેટલી માત્રામાં મતલબ હશે, તેટલા પ્રમાણમાં સહ-જીવન મિથ્યા અને નકલી સાબિત થશે.

કૌટુંબિક અને લગ્નના સંબંધોમાં સંપત્તિ પણ એક આધારભૂત સાધન બની જાય છે. આપણે દીકરીને ત્યાં દેવા ઇચ્છીએ છીએ, જ્યાં કંઈક સંપત્તિ હોય છે; છોકરાનું લગ્ન ત્યાં કરવા માગીએ છીએ, જ્યાંથી ખાસ્સું દહેજ મળવાનું હોય ! આ તો વળી પૈસા કરતાંય વધારે તુચ્છ હાલત છે. જ્યાં એકબીજાની સેવા અને સહાયતાની જરૂર હોય છે, ત્યાં તો પ્રીતિ અને પવિત્રતા માટે કંઈ કેય અવકાશ છે. પરંતુ અહીં તો આર્થિક પ્રેરણા જ મુખ્ય બની જાય છે, પ્રેમ ગૌણ થઈ જાય છે, એટલું જ નહિ સંસ્કાર પણ નિરર્થક નીવડે છે. જ્યાં સંસ્કારિતા ગૌણ બને છે અને દ્રવ્યની આકાંક્ષા મુખ્ય થાય છે, ત્યાં મનુષ્યનો વિક્રય થાય છે, ત્યાં દેહનું વેચાણ થાય છે. જે સ્ત્રી દેહનો વેપાર કરે છે તેને આપણે 'વેશ્યા' કહીએ છીએ. સમાજમાં એ હીન અને ત્યાજ્ય મનાય છે, ધર્મ અને કાનૂન તેને ધિક્કારે છે. પરંતુ લગ્ન વખતે છોકરો દહેજને સારુ આત્મા વેચે છે, તેમ જ મોટરગાડી અને વાડી-વજીફા સારુ છોકરી પોતાનો દેહ વેચે છે, તેને આપણે આવી બજારુતા નથી માનતા તો શું એ ધર્મ છે? આ રૂઢિ શિષ્ટસ્વીકૃત અને સમાજમાન્ય ભલે હોય, પરંતુ તે સંસ્કાર નથી. એ રૂઢિ વિધિ કે કાનૂન મુજબની ભલે હોય પણ તે ધર્મવિહીન વ્યભિચાર છે. જ્યાં બે વ્યક્તિનાં હૃદય એક નથી થતાં, જ્યાં તેઓ મુખ્યત્વે ધન અને કાયમી ઇચ્છાએ એકબીજાની સાથે

રહે છે, ત્યાં સહવાસ હોય છે પણ સહજીવન નથી હોતું. જ્યાં સંસ્કારિતા છે ત્યાં આર્યતા હોય છે. પણ જ્યાં શારીરિકતા છે ત્યાં અનાર્યતા હોય છે. અંગ્રેજીમાં Vulgarity શબ્દ છે, તેવો સંસ્કૃત શબ્દ છે : 'અનાર્યતા'. ભગવાને અર્જુનને કહ્યું : તારો વ્યવહાર 'अनार्य जुष्ठ' છે, અનાર્યોના જેવો છે. એટલા વાસ્તે સ્ત્રીએ એક પણ લેવું જોઈશે કે કોઈ પણ સ્ત્રીના શરીરનો ઉપયોગ, કોઈ પણ સ્ત્રીના દેહનો વિનિયોગ, વિક્રય અને વિનિમય સારુ નહિ થાય. સ્ત્રીના સ્વાયત્ત જીવન માટે આ પ્રતિજ્ઞા અનિવાર્ય છે.

### પુત્ર અને પુત્રી વચ્ચેના ભેદભાવ

આમ, જ્યાં દહેજ માટે છોકરો પોતાનો આત્મા વેચે છે અને મોટર-બંગલા માટે છોકરી પોતાનો દેહ વેચે છે, ત્યાં 'કામ'ને બદલે 'અર્થ'ની પ્રેરણા બળવત્તર છે. ત્યાં વૈષયિકતા અને રૂપની આસક્તિ એટલી નથી, જેટલી ધનની લાલસા છે. એક છોકરી સ્વરૂપવાન છે પણ દહેજ દઈ શકે તેમ નથી, બીજી છોકરી કુરૂપ છે પણ બહુ 'દક્ષિણા' દઈ શકે તેમ છે, એટલે પેલો ધનલોલુપ પુરુષ એ કદરૂપી છોકરી સાથે જ લગ્ન કરી દેશે! અહીં 'કામ'નો સંયમ જરૂર થયો; પરંતુ 'લોભે' તેને ઘેરી લીધો. એ કહેવાની જરૂર નથી કે જ્યાં લોભ છે, ત્યાં પ્રેમ નથી. તાત્પર્ય એ કે અર્થ યા કામ એ બંને હેતુ લગ્નમાં ન હોવા જોઈએ. આપણે કેવળ એટલું જ નથી ઇચ્છતા કે ઘરની ચાર દીવાલોની બહાર સ્ત્રી અને પુરુષનો સંબંધ શુદ્ધ હોય; બલકે આપણો તો એ પણ આગ્રહ છે કે ઘરની અંદર પણ તેમનો સંબંધ નિર્વ્યાજ હોવો જોઈએ, સરળ ને નિષ્કપટ હોવો જોઈએ.

આજે કુટુંબમાં પણ આપણા સૌના સંબંધ શુદ્ધ અને નિર્વ્યાજ નથી. કુટુંબમાં સ્ત્રી અને પુરુષ સમાન નથી. બેઉનાં

જીવન એકી સ્તરે નથી. સ્રી-પુરુષ વચ્ચે ભેદભાવ છે, ઊંચ-નીચનો ભાવ છે. એ ઠીક છે કે મા ઘરડી છે, એટલા માટે એને સંભાળવાનું મારું કર્તવ્ય છે. પણ મા 'સ્રી' છે એટલા વાસ્તે તે પાલનીય અને રક્ષણીય છે, એ ભાવના બિલકુલ અલગ છે. ઉંમરમાં, ગુણમાં, કર્તૃત્વમાં શ્રેષ્ઠ હોવા છતાં કેવળ સ્રી હોવાના કારણે મા મારે માટે રક્ષણીય બની જાય છે અને હું તેનું પાલનપોષણ કરું છું, એમ માનવા પાછળ સ્રી-પુરુષ વચ્ચેના ભેદની ભાવના રહેલી છે. પિતાજી તો જ્યારે વૃદ્ધ, અશક્ત યા બીમાર થઈ જાય છે ત્યારે રક્ષણીય બને છે. પણ મા તરુણ હોય, સ્વસ્થ હોય, સમર્થ હોય તો પણ પરિપાલનીય જ છે. આ ગલત માન્યતા છે. બરાબર એવી જ રીતે પુત્ર એ સહારારૂપ છે, પણ પુત્રી એ જવાબદારી છે; પુત્ર મદદગાર છે પણ પુત્રીની જોખમદારી છે. દીકરાનું લગ્ન થયા પછી પિતાની જવાબદારી વધે છે, પરંતુ સાથે સાથે આનંદ પણ વધે છે. જ્યારે દીકરીનું લગ્ન થઈ જતાં પિતા નિશ્ચિંત થયાનો ભાવ અનુભવે છે. કહે છે, બસ, આ દીકરીના કારણે અત્યાર સુધી આ સંસારના ફંદામાં ફસાયેલો હતો, હવે છુટકારો થઈ ગયો, હવે ભગવાનનું તેડું આવે તોય વાંધો નથી! શકુંતલા જ્યારે પતિના ઘેર જઈ રહી હતી ત્યારે કણ્વ જેવા વિરક્ત મુનિએ પણ કહ્યું : 'प्रत्यर्पितन्यास इवान्तरात्मा'–'કોઈની અમાનત તેને પરત કરતાં જેવો આનંદ થાય તેવો આનંદ આજે મને થઈ રહ્યો છે.' કારણ કે હંમેશા કન્યા પરાઈ મનાઈ છે. એટલે તે અમાનત છે, જવાબદારી છે. તે બોજો છે, જે વેંઢારવો પડે છે. આમ, પુત્ર પ્રતિપાલક છે, આધારરૂપ છે, જ્યારે પુત્રી જવાબદારી છે. માતા અને

પિતા, પુત્ર અને પુત્રી એ આમ તો કૌટુંબિક સંબંધો છે. છતાં બેઉના સ્તરમાં ખાસ્સું અંતર છે.

### સમાજમાં કૌટુંબિકતા

આપણે કહીએ છીએ કે સામાજિક સંબંધોમાં કૌટુંબિકતા આવવી જોઈએ. પણ એ ત્યારે થઈ શકે, જ્યારે કૌટુંબિક સંબંધો પણ સુસંસ્કૃત અને પરિશુદ્ધ બન્યા હોય. શું ભાઈ-બહેન પણ એકબીજા પ્રત્યે પૂરેપૂરા વિશ્વાસથી સાથે રહી શકે છે? એક વખતની વાત છે. એક ભાઈ અને એક બહેન યાત્રા કરવા નીકળ્યાં હતાં. ચાલતાં-ચાલતાં રાત પડી ગઈ. રાતવાસા માટે તેઓ એક ખેડૂતના ઝૂંપડામાં રહ્યાં. ખેડૂતે બહુ આગતાસ્વાગતા કરી. પછી ખૂબ નમ્રતાથી મહેમાનો સામે હાથ જોડીને તે ઊભો રહ્યો અને કહ્યું : ' અતિથિદેવ, હું અત્યંત ગરીબ માણસ છું. ઘરમાં માત્ર એક જ ખાટલો છે, એક જ પથારી છે. આમ તો ઘરમાં અમે બે જ જીવ છીએ. જેમતેમ અમારું તો ગાડું ગબડે છે. આજે અમે બે જણ પરાળ પર સૂઈ રહીશું. તમે ભાઈબહેન આ ખાટલા પર સૂઈ જાઓ.' એ રાજકુમાર અને રાજકન્યા, બેઉ સંકોચ સાથે એક જ ખાટલા પર સૂઈ જાય છે. એકબીજાની તરફ પીઠ ફેરવીને સૂઈ ગયાં છે. તેમ છતાં નિર્ભય થઈને ઊંઘી શકતાં નથી. એટલે રાજકુમાર કૌટુંબિક મર્યાદાઓના પાલન સારુ પોતાની અને બહેનની વચ્ચે નાગી તલવાર મૂકીને સૂએ છે. આમ, નાગી તલવાર વિના આશ્વાસન નથી, પોતાનો કે એકબીજાનો ભરોસો નથી. આ નાગી તલવાર ક્યારેક કૌટુંબિક મર્યાદાની હશે, ક્યારેક સામાજિક શિષ્ટાચારની હશે, તો ક્યારેક સંસ્થાના બંધારણની હશે. પણ કોઈ ને કોઈ સ્વરૂપમાં હશે ને હશે જ.

અત્યારે સ્ત્રી-પુરુષનું સહજીવન જો સફળ અને પ્રશસ્ય જણાતું નથી તો એનું કારણ એ છે કે આપણું કૌટુંબિક જીવન આજે કલુષિત થઈ ગયું છે. વિશુદ્ધ કૌટુંબિક મૂલ્યોને આપણે સામાજિક જીવનમાં દાખલ કરવા માગીએ છીએ. એ રીતે જે સમાજ બનશે, તે છે કૌટુંબિક સમાજ.

### સહજીવનનું અધિષ્ઠાન : કૌટુંબિક આત્મીયતા

સામુદાયિકતા એટલે કૌટુંબિકતા એવો અર્થ કરશો નહિ. સહજીવન અને સહવાસમાં મૂળભૂત તફાવત છે. કૌટુંબિકતાનો આધાર સગપણ પર છે. કોઈ સમૂહ યા સમુદાયના એક ઘટકરૂપ બની જવાથી કંઈ સગપણનો સંબંધ કાયમ નથી થઈ શકતો. સગપણ બે પ્રકારનાં હોય છે—એક સ્વાભાવિક ને બીજું ભાવનાત્મક. કુટુંબમાં જે સ્વાભાવિક સગપણ હોય છે, તેનો વિસ્તાર ભાવનાના પાયા પર આપણે સમાજમાં કરીએ છીએ. જે સ્ત્રી આપણી માની ઉંમરની હશે તે માસી, કાકી કે ફોઈ બની જાય છે. જે પુરુષો પિતા જેવડા હશે તે માસા, કાકા કે મામા થઈ જાય છે. પણ તેથી કંઈ સહજીવન ઊભું થતું નથી. એટલું જ નહિ, સાથે બેસીને ભોજન કરવાથી, સાથે રહીને કામ કરવાથી, સાથે અધ્યયન કે પ્રાર્થના કરવાથી —એટલા માત્રથી સહજીવનની સાધના નથી થઈ શકતી. એ સામુદાયિકતા છે. એનાથી નિકટતા તો આવે છે, પણ સંબંધો કાયમી થઈ શકતા નથી. સહજીવનનું અધિષ્ઠાન કૌટુંબિક આત્મીયતા છે.

### આત્મીયતાના આધારે ભાવનાત્મક સંબંધ

આપણે ગ્રામ-પરીવારની વાત કરીએ છીએ. એમાં આ તત્ત્વનો થોડોક સંકેત છે. આજેય ગામડાંમાં તો થોડું-ઘણું

ભાવનાત્મક સગપણ હોય છે ખરું. પણ કુટુંબમાં સગપણનો જે આધાર છે તે બદલવો પડશે. કૌટુંબિક જીવનમાં આત્મીયતાનો આધાર જન્મ કે લગ્ન છે. એ વાત સ્પષ્ટ છે કે સામાજિક જીવનમાં આત્મીયતાનો આધાર જન્મ કે લગ્ન બની શકે નહીં. ત્યાં તો ભાવનાત્મક સંબંધો જ બંધાઈ શકે. તેમ છતાં પતિ-પત્નીના સંબંધને બાદ કરતાં બીજા બધા કૌટુંબિક સંબંધો સમાજમાં ઊભા કરવા જોઈશે. આમ તો પતિ-પત્નીનો સંબંધ વ્યક્તિગત છે, પણ એનાં પરિણામ સામાજિક છે. બાકીના બીજા બધા સંબંધો કૌટુંબિક છે એટલા વાસ્તે તે સામાજિક બની શકે છે. પતિ-પત્નીનો સંબંધ અપવિત્ર નથી. પરંતુ બીજા સંબંધો કરતાં એમાં દેહભાવ વિશેષ છે, શારીરિકતા વધારે છે. એથી તે વ્યાપક થઈ શકે નહીં.

### સાધકની સૂક્ષ્મ ઇંદ્રિય-શક્તિ

ઐહિક જીવનને સંપન્ન કરવા માટે આપણી પાસે જ્ઞાન અને કર્મનાં જે સાધન છે, તેને આપણે કરણ યા ઇંદ્રિયો કહીએ છીએ. એમાંની પાંચ જ્ઞાનેન્દ્રિયો છે અને પાંચ કર્મેન્દ્રિયો છે. એમના વડે આપણે સુખદુઃખનો અનુભવ કરીએ છીએ. એ વડે આપણે જે સુખોપભોગ કરીએ છીએ તેને લોકો વિષય યા વિલાસ કહે છે. પરંતુ એ જ ઇંદ્રિયોનો ઉપભોગ આપણે બીજી રીતે કરીએ છીએ તો લોકો એને સૌંદર્યપ્રિયતા કે રસિકતા કહે છે. વાસ્તવમાં ઇંદ્રિયો જેટલી શુદ્ધ હશે, તેટલી તેમની શક્તિ વધશે. જે ઓછું જુએ છે, ઓછું સાંભળે છે કે ઓછું બોલે છે તે કંઈ સંયમી નથી હોતો; એ આંધળો, બહેરો કે મૂંગો હોઈ શકે. જડતા કંઈ આધ્યાત્મિકતા ન બની શકે. જ્યારે વાજિંત્ર ઉત્તમ સ્થિતિમાં

હોય છે, ત્યારે એમાંથી શુદ્ધ સ્વર નીકળે છે. જેની આંખ શુદ્ધ હશે, તે દૂરની વસ્તુ અને સૂક્ષ્મ ચીજ પણ દેખી શકશે. જેનો કાન શુદ્ધ હશે, તે સારી રીતે સાંભળી શકશે. જેની રસના શુદ્ધ હશે, તે સ્વાદના સૂક્ષ્મ ભેદ પણ તરત પારખી શકશે. નાક શુદ્ધ હશે, તો સુગંધ ઓળખી શકશે. યોગી કે સાધકની ઇંદ્રિયો સૂક્ષ્મ થતી જાય છે. એટલે ઇંદ્રિયોને જડ બનાવી દેવાની જરૂર નથી. એનાથી સાધનાની પ્રગતિ થતી નથી.

### સૌંદર્યની અનુભૂતિમાં વાસના ને વિકાર બાધક

જ્યારે આપણે ઇંદ્રિયોનો ઉપયોગ વાસના ને વિકારયુક્ત થઈને કરીએ છીએ ત્યારે તે વિષય કહેવાય છે. વિકારમાં સૌંદર્યની ભાવના નથી. જેમ મોહ પ્રવેશ કરે છે કે પ્રેમ અદૃશ્ય થઈ જાય છે, તેમ વિકાર આવતાં જ રસિકતા પલાયન થઈ જાય છે. પ્રેમ ક્યારેય વિકારયુક્ત ને વાસનામય ન હોઈ શકે. એટલે પ્રેમ અપવિત્ર ને અસુંદર નથી. જ્યાં વિકાર હોય છે, વાસના હોય છે ત્યાં આસક્તિ હોય છે. એ રીતે સૌંદર્યની અનુભૂતિ સારુ વાસના ને વિકાર બાધારૂપ છે.

જ્યારે આપણું ચિત્ત કોઈ વિશેષ ભાવના કે સંસ્કારથી પ્રભાવિત થાય છે, ત્યારે સુંદર વસ્તુ પણ અસુંદર લાગવા માંડે છે અને અસુંદર વસ્તુ સુંદર લાગે છે. બુલ્ગાનીનની સાથે ક્રુશ્ચોવે તાજમહાલ જોયો. તમને તાજમહાલ કેવો લાગ્યો એમ પૂછવામાં આવતાં ક્રુશ્ચોવે કહ્યું : 'કોણ જાણે એ બાંધવામાં કેટલાય મજૂરોનું શોષણ થયું હશે! એના પથ્થરનો ગાળો મજૂરોના લોહીથી પુરાયો હશે.' એનો અર્થ એ કે તેની આંખ એ વખતે તાજમહાલ નો'તી જોતી. પણ મજૂરોનું શોષણ એની આંખની સામે તરવરી રહ્યું હતું.

સારાંશ એ કે આપણા ચિત્તના સંસ્કાર વસ્તુ-દર્શન અને પ્રત્યક્ષ અનુભૂતિમાં વિઘ્નરૂપ થાય છે.

### સુંદરતા ભગવાનની વિભૂતિ

મારા માટે મેં નિયમ બનાવી લીધો કે મારા શરીરને વિભૂષિત અને સુશોભિત નહિ કરું. લંગોટી પહેરી લઈશ, બહુ થયું તો ધોતી-પહેરણ પહેરી લઈશ, પણ દેહને સજાવીશ તો નહિ જ. તો પછી ભગવાનની પેલી મૂર્તિને હું કેમ સજાવું છું? શું ભગવાન વિલાસી અને વિષય-લંપટ છે? કેવળ અમીર અને ધનવાનો જ ઠાકોરજીની મૂર્તિને શૃંગાર નથી કરતા. પરંતુ ગરીબમાં ગરીબ માણસ પણ પોતાની સ્થિતિ પ્રમાણે મૂર્તિને સજાવે છે. ભગવાનની મૂર્તિ બને તેટલી સુંદર બનાવે છે. જે છોકરા ખૂબ સુંદર હશે તેમને રામલીલામાં રામ-લક્ષ્મણનો પાઠ આપે છે. જે છોકરી અત્યંત સુંદર હશે, તે સીતા બને છે. સારાંશ રસિકતા વૈષયિકતા નથી, સૌંદર્ય વિષય નથી, પણ ભગવાનની વિભૂતિ છે. સૌંદર્ય માટેની અભિરુચિ એ જીવન છે.

હિમાલય ભવ્ય ને સુંદર છે. ત્યાં પાણીના અત્યંત રમણીય ધોધ પડે છે. હવે એની સાથે આપણી કોઈ વાસના કે સંસ્કાર જોડાતા નથી, તો તે સુંદર લાગે છે. પણ જ્યાં મનમાં એ ભાવના થાય છે કે માનસરોવર ભારતનું નથી, પણ તિબેટનું છે કે તુરત જ સૌંદર્યની ભાવના પલાયન થઈ જાય છે અને ત્યાં પ્રભુત્વની ભાવના પ્રગટ થાય છે. આ અરસિકતા છે.

### રસિકતામાં સ્વામિત્વ અને ભોગાસક્તિનો અભાવ

એક ઉદાહરણ લઈએ. આપણે ખાદીની દુકાનમાં ગયા, સાથે એક યુવાન પણ છે. ભંડારમાં ભાતભાતનાં સુંદર

કોટ-પાટલૂન જોયાં. તે યુવાનને પૂછ્યું, 'કંઈ લેવું છે?' તે કહે છે : 'મારી પાસે તો પૂરતાં કપડાં છે.' મેં વળી કહ્યું : 'પણ આ બહુ સુંદર છે. તને સારું શોભશે.' તે જવાબ આપે છે : 'ભંડારમાં પણ આ કપડાં સુંદર શોભે છે. એને જે કોઈ ખરીદશે, તેના શરીર પર એ શોભશે. સંભવ છે કે મારા કરતાં તે વધારે પણ શોભે. હું પહેરીશ તો આયના વગર એની સુંદરતા જોઈ પણ નહિ શકું. 'अगोचरत्वात् अप्रमाणम्'— જે જોઈ ન શકાય, તે કેમ માની શકાય? બીજું કોઈ પહેરશે તો એની સુંદરતા જોઈ શકીશ ને?' આ રસિકતા છે. એમાં નથી સ્વામિત્વની ભાવના કે નથી ભોગની આસક્તિ.

## પરિગ્રહનું સૂક્ષ્મ સ્વરૂપ

ઉપભોગનાં સાધન એકઠાં કરવામાં જ સ્વામિત્વ કે પરિગ્રહ નથી. જ્યાં ચીજની રસિકતા ઓછી હોય છે અને એ ચીજને પોતાની પાસે રાખવાની ભાવના અધિક હોય છે ત્યાં સૂક્ષ્મ રૂપમાં પણ પરિગ્રહ આવી જાય છે. ફૂલવાડીમાં ગુલાબ ખીલેલાં છે. એ બહુ સુંદર લાગે છે. મન ભરીને જોઈ લીધાં, પણ તોયે સંતોષ થતો નથી. તેમ છતાં જો તોડવાની ઇચ્છા ન થાય અને મનમાં થાય કે ભલે એ છોડ પર જ શોભતાં તો એ રસિકતા છે. પણ જો તોડીને એ ફૂલ લઈ લેવાનું મન થાય કે પછી એનું આખું કૂંડું ઉઠાવી લાવવાની ઇચ્છા થાય તો માનવું કે એમાં સૌંદર્યની ભાવના ઓછી છે, અને પ્રભુત્વની ભાવના વિશેષ છે. એ છોડ મારી ફૂલવાડીમાં હશે તો લોકો જોઈ જોઈને વખાણ કરશે, અને વળી એ પ્રશંસા જેટલી ફૂલોની થશે તે કરતાં વિશેષ મારી થશે. આ પણ પરિગ્રહની જ ભાવના છે. પરિગ્રહની ભાવના રસિકતાને ક્ષીણ કરે છે.

## ઇંદ્રિયોનો અધમ ઉપયોગ

સંગીત સાંભળવાની ઇચ્છા તો છે. પણ મન બીજે ક્યાંય પરોવાયેલું છે. મનમાં વિચારો ચાલે છે કે મારી ફલાણી ચીજ બજારમાં વેચાઈ જાય અથવા તો એ ગીત વીર-વૃત્તિને ઉત્તેજક કે શંગારપ્રધાન હોય તો સારું. અર્થાત્ આનંદ માટે હું સંગીત સાંભળતો નથી, પણ બીજા જ કોઈ હેતુ માટે સાંભળું છું. ત્યારે સંગીત ગૌણ થઈ જાય છે અને મારો સ્વાર્થ મુખ્ય થઈ જાય છે. એટલે સંગીત મારો 'વિષય' બની જાય છે. આ ઇંદ્રિયોનો અધમ ઉપયોગ છે. એને આપણે ત્યાં અનાર્ય કહે છે. અંગ્રેજીમાં Vulgar કહે છે. આ સામે ગંગાજી છે, આકાશમાં સૂર્ય છે, ચંદ્ર છે. એ ગંગાને કોઈ પોતાના ઘરમાં પૂરી રાખવા ઇચ્છશે ? શું સૂર્ય-ચંદ્રને પોતાના રથનાં પૈડાં બનાવવાની કોઈ ઇચ્છા કરશે ? એવી ઇચ્છા જેને થશે તે રસિક નહિ હોય, લોલુપ હશે.

## વિષયના સ્થાનને સમર્પણની ભાવના

નીતિશાસ્ત્રકારોએ એમાંથી એક માર્ગ કાઢ્યો છે. તેમણે કહ્યું કે ઇંદ્રિયોનો ઉપયોગ ભગવાનને સારુ કરો.

गोविन्दं प्रणमोत्तमांग रसने तं घोषयाहर्निशम् ।
पाणी पूजयतं मनः स्मर पदे यस्यालयं गच्छताम् ॥

'—હે શિર, તું ગોવિંદને પ્રણામ કર; જીભ, તું રાત-દિવસ એનું નામસ્મરણ કર; હે હાથ, તમે એની પૂજા કરો; રે મન, એનું સ્મરણ કર; અને હે પગ, તમે એના મંદિર તરફ લઈ જાઓ.' આમ ભક્ત કહે છે: હે ચક્ષુ, એને જુઓ; હે કાન, એને સાંભળો; હે નાક, એના ચરણમાં ચડાવેલી તુલસીની મંજરી સૂંઘ; વાણી, તું એનું નામસ્મરણ કર. આવી રીતે ઇંદ્રિયોને ભગવાન તરફ વાળીને એમને

અધમ ઉપયોગમાંથી બચાવી લેવાની યુક્તિ નીતિકારોએ બતાવી છે. જો કે એમાં પણ વાસ્તવિક સૌંદર્યભાવના કે રસિકતા નથી. પણ ત્યાં વિષયના સ્થાને સમર્પણની ભાવના છે. આમ, ભોગાસક્તિ મિટાવવા સારુ એક બીજો જ સંસ્કાર પ્રસ્તુત કરી દીધો. એ પણ સૌંદર્યની ભાવનાને ક્ષીણ તો કરે છે. રસિકતા એ ભાવના કરતાં પણ જુદી છે. એ ભાવનાના કારણે વસ્તુનું વાસ્તવિક સ્વરૂપ અદૃશ્ય થઈ જાય છે અને રસિકતાના બદલે સંસ્કાર પ્રબળ બની જાય છે. કૃષ્ણ જ્યારે કંસની સભામાં ગયા, ત્યારે જેની જેવી ભાવના હતી, તેને તેવા સ્વરૂપે દેખાયા. એ રીતે જ્યારે વસ્તુ કે વ્યક્તિ આપણી વાસના યા વિકારનો વિષય બની જાય છે, ત્યારે કલા-અભિરુચિની અને સંસ્કારિતાની હાનિ થાય છે.

દરેક વસ્તુ અને દરેક વ્યક્તિ પોતાનામાં એક વિભૂતિ છે, એ વિષય નથી. એ દરેકમાં રંગ છે, રૂપ છે, સ્વાદ છે, સુગંધ છે. જ્યારે હું એમ માની લઉં છું કે સમસ્ત સૃષ્ટિની બધી વસ્તુઓ મારા ઉપભોગ માટે નિર્માયેલી છે, ત્યારે હું એ વસ્તુઓ અને એના વિધાતા, બેઉનું અપમાન કરું છું, ગંગાજીનો હું જરૂરી ઉપભોગ કરી લઉં તે યોગ્ય છે. પણ તે માત્ર મારા માટે જ છે, અન્ય કોઈને સારુ નથી—એમ માનું છું ત્યારે હું ગંગાજી અને વિધાતા બેઉનું અપમાન કરું છું. સમાજમાં એક બીજો પણ ખોટો ખ્યાલ પ્રવર્તે છે કે રસિકતા, કલાત્મકતા અને સૌંદર્ય-અભિરુચિ પુરુષો કરતાં સ્ત્રીઓમાં વિશેષ હોય છે. એમ પણ લોકો માને છે કે સ્ત્રીઓમાં સહૃદયતા અને કોમળતા અધિક હોય છે, તેથી તેઓ સૌંદર્યપ્રિય અને સુંદર મનાય છે. તેથી રસિકતા અને સૌંદર્યની ભાવનાનું વાસ્તવિક સ્વરૂપ સમજી લેવાનું આવશ્યક છે. અને આ વિવેચનનો આશય પણ એ જ છે.

## ૯ સખ્ય-ભાવના

આ વ્યાખ્યાનમાળાનો આપણી વિચારણાનો વિષય એ છે કે સ્ત્રી અને પુરુષના સહજીવનનો આધાર શું ? અને તેનું સ્વરૂપ કેવું હોય ? એમનું સહજીવન નૈસર્ગિકતા પર આધારિત હોય કે માનવતા પર ? આપણે આગળ જોઈ ગયા કે બેઉના નૈસર્ગિક સંબંધોમાં શારીરિકતા પ્રધાન હોય છે. એમાં એક જણનું શરીર બીજાને માટે ઉપભોગનું સાધન બની જાય છે. પશુઓ કુદરતી મર્યાદાઓનું ઉલ્લંઘન કરી શકતાં નથી; તે તેમનું એક બહુ મોટું સંરક્ષણ છે. અમર્યાદિત અને અનિયંત્રિત ઉપભોગની એમને સુવિધા નથી. પરંતુ મનુષ્યને માટે કુદરતી મર્યાદાઓ એટલી બધી સખત નથી. તે કામચારી બની શકે છે. તે પોતાની મરજી મુજબ ઉપભોગ કરી શકે છે. પછી ભલે ને કુદરત એની જે સજા કરવાની હોય તે કરે. પણ તેના સ્વૈરાચારને કુદરત નિયંત્રિત નથી કરી શકતી. એટલા વાસ્તે સ્ત્રી-પુરુષના પરસ્પરના સંબંધો પ્રકૃતિ પર નહિ, પણ સંસ્કાર પર આધારિત છે. મનુષ્યના પરસ્પર વ્યવહારની એ સુસંસ્કાર-જન્ય મર્યાદા છે કે તેઓ એકમેકના શરીરને, શ્રમને કે ગુણોને પોતાના ઉપભોગનો વિષય બનાવે નહિ. આ મર્યાદાના પાલનમાં સભ્યતા રહેલી છે.

ઉપભોગ ઇંદ્રિયો દ્વારા થાય છે અને ઇંદ્રિયોનો એ સ્વભાવ છે કે તેઓ પોતપોતાનો ઉપભોગ કરી શકતી નથી. કાન પોતાને સાંભળી શકતો નથી. આંખ પોતાને જોઈ

શકતી નથી. નાક પોતાને સૂંઘી શકતું નથી. એ બધી વસ્તુઓને ઇંદ્રિયોના વિષય ગણવામાં આવ્યા છે. પરંતુ જ્યારે માનવ માનવનો વિષય બની જાય છે ત્યારે એનું શોષણ થયું એમ આપણે કહીએ છીએ. જો સ્ત્રી પુરુષનો વિષય બનતી હોય તો, એની મનુષ્યતાને આપણે છિન્ન-ભિન્ન કરી નાખીએ છીએ.

### બે પ્રકારનો સ્પર્શ-નિષેધ

બધા વિષયો પૈકી સ્પર્શનો સૌથી વિશેષ નિષેધ મનાય છે. એમ તો સ્પર્શની કામના કે ભાવના પણ નિષિદ્ધ જ છે. સ્ત્રીનું સાંનિધ્ય મળતાં કે પછી એનું રૂપ જોતાં કે એની વાત સાંભળતાં પુરુષનું ચિત્ત ચંચળ થઈ જાય તો, એ પણ એક સ્પર્શ જ થયો ગણાય, તેમ છતાં પ્રત્યક્ષ સ્પર્શનો વિશેષ નિષેધ મનાય છે. આપણે અગાઉ જોઈ ગયા છીએ કે સ્પર્શ-નિષેધ બે પ્રકારના છે: કોઈ જુનવાણી બ્રાહ્મણ ભંગીને ખાસ કરીને અછૂત માને છે, તેમાં સ્પર્શનો નિષેધ છે, પણ વિષય-વાસના નથી; ત્યાં પવિત્રતા, શુચિતા અને શુદ્ધતાની ભાવના છે. જો કે એનો સ્વચ્છતા સાથે કોઈ સંબંધ નથી. પેલો ભંગી ખૂબ સારી રીતે નાહી-ધોઈને, સ્વચ્છ કપડાં પહેરીને આવે, તો પણ પરંપરાના અભિમાનમાં રાચતો બ્રાહ્મણ એને સ્પર્શ કરતો નથી, સ્વચ્છ હોવા છતાં એને મન એ ભંગી પુનિત નથી.

પરંતુ સ્ત્રીની બાબતમાં જે સ્પર્શ-નિષેધ છે, તે બીજી રીતનો છે. એમાં નથી સ્વચ્છતાની ભાવના કે નથી પવિત્રતાની. સ્ત્રીનો સ્પર્શ વિષય-વાસનાને ઉત્તેજિત કરે છે એમ લોકો માને છે. કાંદાની જેમ કેટલીક ચીજો ઉત્તેજક મનાય છે. પણ એ બધાય કરતાં સ્ત્રી વધારે ઉત્તેજક છે;

માટે તેનો સ્પર્શ માત્રાસ્પર્શ છે—એમ લોકો માને છે. એ કારણે તો જે સમાજસુધારકોએ અસ્પૃશ્યતા-નિવારણને માટે અથાગ પ્રયત્નો કર્યા તેમણે પણ સ્ત્રી-પુરુષના સ્પર્શની બાબત છેડી નથી. કારણ કે સ્વચ્છતા અને પવિત્રતાની ભાવના પર આધારિત સ્પર્શ-નિષેધ કરતાં સ્ત્રી-પુરુષના સ્પર્શ-નિષેધની ભૂમિકા બિલકુલ જુદી છે. કેટલાક લોકોએ ઘી અને અગ્નિના સંપર્ક સાથે તેની તુલના કરી છે. એટલે બ્રાહ્મણ અને ભંગી વચ્ચેની અથવા રોગચાળાથી પીડિત રોગી અને સહૃદયી શુશ્રૂષા-સેવા કરનાર વચ્ચેની અસ્પૃશ્યતાના નિવારણના પ્રયત્નને સમાજસુધારકોએ સમાજની ઉન્નતિ માટે પ્રશંસ્ય અને આવશ્યક માન્યો. પરંતુ ધાર્મિકતા અને નૈતિકતામાં વિશ્વાસ રાખનારા ધર્મસંપ્રદાયના તેમ જ સદાચારના પ્રવર્તકોએ સ્ત્રી-પુરુષ વચ્ચેની અસ્પૃશ્યતાના જે ખ્યાલો છે તે ટાળવાનો પ્રયત્ન કર્યો નહિ. તેમ છતાં જે સુધારકોએ એમ કર્યું તેઓ મોટે ભાગે સુખવાદી અને ભૌતિકવાદી હતા. એમણે એ માની લીધું કે સ્ત્રી-પુરુષની નૈસર્ગિક ભૂમિકા જ પરસ્પરના ઉપભોગની છે. એટલા વાસ્તે તેમનો સ્વેચ્છાપ્રેરિત અનિયંત્રિત શરીર-સંબંધ થઈ શકે છે. માત્ર સામા પક્ષની સંમતિ હોય એટલું જ પૂરતું છે. પરસ્પર સંમતિથી સ્વૈરાચાર વિહિત ગણવામાં આવે છે. લગ્ન-સંસ્કારથી બંધાયેલાં સ્ત્રી-પુરુષોના સંબંધ અંગે તેમને એ વાંધો છે કે લગ્ન-સંસ્કારમાં પ્રેમની પ્રેરણા ગૌણ હોય છે, જ્યારે બીજી-ત્રીજી પ્રેરણાઓ મુખ્ય થઈ જાય છે. જ્યાં વ્યાવહારિક પ્રયોજનથી લગ્ન થાય છે, ત્યાં એક પ્રકારનો એકરાર કરવામાં આવે છે. એવા એકરારનામામાં ‘ મહોબત ’ ને શું સ્થાન હોય ? એ સંબંધ જેટલો વધારે ભૌતિક હોય છે, તેટલો જ શારીરિક

અને અધમ પણ હોય છે. જ્યાં લગ્ન-સંસ્કારમાં સામાજિક અને ધાર્મિક મર્યાદાઓ પ્રધાન હોય છે, ત્યાં પણ હાર્દિક સંબંધ હોય છે એમ નથી. આ પ્રકારનું લગ્ન પણ ધર્મ-સંમત શારીરિકતાનું જ સ્વરૂપ છે. કેટલાક સુધારકોએ તો એને કાયદેસરનો વ્યભિચાર પણ કહી નાખ્યો છે. મતલબ કે જ્યાં પ્રેમ-ભાવના ગૌણ હોય અને અન્ય ભાવનાઓ મુખ્ય હોય, ત્યાં પણ સ્રી અને પુરુષના મનમાં એકબીજા માટે જે અસ્પૃશ્યતાની ભાવના હોય છે તેના પર પ્રહાર થતો નથી.

### સંસ્કારની મનોભૂમિકામાં પરિણતિ

લગ્નની બાબતમાં એક બીજા પાસાનો પણ વિચાર કરવા જેવો છે. લગ્ન એક સંસ્કાર છે. પણ સંસ્કાર શા માટે છે? તે વિષય-વાસનાથી બચવા સારુ છે. પરંતુ માત્ર ધાર્મિક સંસ્કારો કરી દેવાથી તો વિષય-વાસના ઓછી થતી નથી. એટલે પછી સંયમનું પ્રતિપાદન કરવામાં આવે છે અને દમનને પણ પ્રોત્સાહન આપવામાં આવે છે. હકીકત એ છે કે કોઈ ચીજથી દૂર ને દૂર રહેવાથી કંઈ એની વાસના ક્ષીણ થઈ જતી નથી. રસોડાના પાંજરામાં લાડુ મૂકીને તાળું માર્યું છે. છોકરો બહારથી લાડુ સામે ટીકી રહ્યો છે. એનો જીવ તલપાપડ થાય છે. મોંમાંથી લાળ ટપકે છે. એકીનજરે તે લાડુ સામે જોઈ રહ્યો છે. આમ તો એને લાડુથી દૂર રાખ્યો છે. પણ લાડુ ખાવાની એની લાલચ શેં ઓછી થાય? એટલે તે લાડુ ખાવા માટે વધારે ને વધારે તલપાપડ થતો જાય છે. એવું જ સ્રી-પુરુષના સ્પર્શ-નિષેધનું છે. એવા સ્પર્શ-નિષેધથી કામ-વાસના ક્ષીણ નથી થતી, પણ અધિક તીવ્ર અને ઉત્કટ થાય છે.

પરંતુ ધારો કે એક બીજું બાળક છે. તે ચુસ્ત શાકાહારી કુટુંબનું છે. મા કહે છે કે બેટા, લાડુ તો છે પણ એમાં માંસ ભેળવેલું છે. એ સાંભળતાં જ બાળકની લાડુ ખાવાની વાંસના છૂ થઈ જાય છે. આને સંસ્કાર કહે છે. આવી રીતે, સંસ્કારની પરિણુતિ મનોભૂમિકામાં થાય છે. સ્રી અંગે પણ ધર્મ તથા સામાજિક મર્યાદાઓએ આ જાતના કેટલાક સંસ્કારો સમાજમાં રૂઢ કર્યા છે. સ્રી-પુરુષમાં આમ તો એકબીજા પ્રત્યે વિષય-વાસના છે. પણ જો એમ કહેવામાં આવે કે તમારી બે વચ્ચે પિતા-પુત્રી, માતા-પુત્ર કે ભાઈ-બહેનનો સંબંધ છે, તો તરત જ એમની વાસના અદૃશ્ય થઈ જાય છે. પરંતુ આવા સંસ્કારો થકી પણ સ્રી-પુરુષનો નિરુપાધિક સંબંધ શુદ્ધ અને નિર્વિઘ્ન નથી બનતો અને તેઓ એકમેકને ઉપભોગનો વિષય માનવાનું બંધ કરતાં નથી.

### ધર્મશાસ્ત્ર કે ઈંદ્રજાળ ?

એટલા માટે કેટલાક ધાર્મિક નેતાઓએ તેમ જ ફ્રોઈડ જેવા લબ્ધપ્રતિષ્ઠ મનોવૈજ્ઞાનિકોએ સ્રી-પુરુષોની પરસ્પરની દૃષ્ટિ કામમૂલક જ માની છે. પરિણામ એ આવ્યું કે બ્રહ્મચર્યનું વ્રત પાળનારાઓએ સ્રીનું મોઢું જોવાનો પણ નિષેધ માન્યો. તુકારામ જેવા ધર્મસુધારક સંતે પણ કહ્યું, ' સ્રી— પછી ભલે પથ્થરની પ્રતિમા હોય કે લાકડાની મૂર્તિ હોય, તોપણ એનાથી દૂર રહેવું જોઈએ. ' નારી નરકનું દ્વાર છે. એનો અર્થ એ થયો કે પુરુષ જેટલો સ્રીથી આઘો રહે, તેટલો જ તે શુદ્ધ અને પવિત્ર રહી શકે. અહીં એક પાયાનો સવાલ ઊભો થાય છે. શું સ્રી કોઈ પણ ભૂમિકાએ પુરુષને સારુ વિષયરૂપ જ છે કે ?

એનો ધર્મશાસ્ત્ર ઉત્તર આપે છે—ના. કદાપિ નહિ. માતાના સ્વરૂપે તે પાવન અને ધન્ય છે. પણ જે પાયાનો સવાલ હમણાં મેં રજૂ કર્યો હતો, તે એ છે કે શું લગ્ન કર્યા વિના માતૃત્વ સંભવે ખરું ? તો પછી સાબિત એ થાય છે કે જો પુરુષની દૃષ્ટિએ સ્ત્રીની પવિત્રતા માતૃત્વ પર જ નિર્ભર છે, તો સ્ત્રીને માટે લગ્ન અનિવાર્ય ઠરે છે. અર્થાત્ બધી બહેનોએ માતા થવું જ પડશે. આમ પરિણામે, બ્રહ્મચર્ય જે પુરુષને માટે શ્રેયસ્કર છે, તે સ્ત્રીને સારુ અશ્રેયસ્કર ઠરે. કારણ કે એના જીવનની સિદ્ધિ માતૃત્વમાં છે. એટલે કે પુરુષને માટે બ્રહ્મચર્ય ઉત્તમ છે જ્યારે સ્ત્રીને સારુ માતૃત્વ. આ તે કંઈ ધર્મશાસ્ત્ર છે કે ઇંદ્રજાળ ?

### માનવમાત્રનો દેહ તીર્થક્ષેત્ર

જે સ્ત્રી પ્રત્યક્ષ કે પરોક્ષ રીતે પુરુષની માતા હોય તેનો સ્પર્શ એ પુરુષને માટે પવિત્ર અને વિહિત ગણાય છે. જે માતાતુલ્ય છે તે તીર્થસ્વરૂપ છે. એટલા વાસ્તે એનો સ્પર્શ ગંગા જેવો પવિત્ર છે. ભગવાન શંકરાચાર્ય જેવા બાળબ્રહ્મચારી પણ માતાને ગંગા સમાન પૂજ્ય અને પાવનકારી માને છે.

सकलकलुषभंगे स्वर्गसोपानभंग ।
तरलतरतरंगे देवि गंगे प्रसीद ॥

આવી રીતે શંકરાચાર્યે ગંગાજીની આરાધના કરી છે. આમ, માતા પણ તેમને સારુ તીર્થરૂપ બની ગઈ છે. પરંતુ માતાનું સ્થાન કુટુંબમાં છે. સમાજમાં નહિ. કુટુંબમાં પણ એક ગર્ભગૃહ—Sanctum Sanctorum હોય છે. મંદિરના ગર્ભાગારની જેમ ત્યાં સમાજને પ્રવેશ

નથી. પરિણામે સ્ત્રી-પુરુષના સંબંધને પવિત્રતા અને માતૃ-વાત્સલ્યની ઉદાત્ત ઉત્કટતા કુટુંબ સુધી જ મર્યાદિત રહી જાય છે અને કુટુંબ બહાર જો વ્યાપક થાય છે, તોપણ માતૃત્વની ભાવના સુધી જ સીમિત રહી જાય છે. સ્ત્રી-પુરુષના પવિત્ર સહજીવન માટે આટલો આધાર પર્યાપ્ત નથી. આપણો આદર્શ એ છે કે પ્રત્યેક સ્ત્રીનો સ્પર્શ દરેક પુરુષને માટે તેમ જ પ્રત્યેક પુરુષનો સ્પર્શ દરેક સ્ત્રીને સારુ એટલો જ પવિત્ર હોવો જોઈએ, જેટલો ગંગાનો ગણાય છે. શંકરાચાર્યે કહ્યું છે કે હે ગંગા, તારા એકાદ બિંદુનો પણ મને સ્પર્શ થઈ જાય, તો મારાં બધાં પાપ બળીને ખાક થઈ જાય. એક મનુષ્યનો દેહ બીજા મનુષ્યને માટે તીર્થક્ષેત્ર બને તે સંસ્કૃતિ અને સભ્યતાનું ઉચ્ચતમ ધ્યેય હોઈ શકે. તો પછી મનુષ્યમાં જે સ્પર્શભાવના હશે, તે નિરુપાધિક અને નિરપેક્ષ હશે.

સ્પર્શભાવના, સંગતિ અને સંપર્કની આકાંક્ષા મનુષ્યનો મૂળ સ્વભાવ છે. લોકોને એકબીજા સાથે હળવામળવા માટે કોઈ ને કોઈ પ્રયોજન કે નિમિત્તની અનિવાર્ય આવશ્યકતા રહેતી નથી. ધીરેન્દ્રભાઈ જેને નાહક મિલન કહે છે, તેનું એક આધ્યાત્મિક મૂલ્ય છે. ગુરુદેવ અવારનવાર કહેતા હતા કે એકબીજાને મળવાની—પ્રયોજન વિના મળવાની દિવ્ય કળા આજે આપણે વીસરી ગયા છીએ. વાસ્તવમાં મનુષ્ય સ્વભાવે સામાજિક પ્રાણી છે. તે અન્યની સાથે હળવા-મળવા અને રહેવા ઇચ્છે છે. તેને સોબત વિના ગમતું નથી. સહવાસમાં આનંદ આવે છે. એકાંતમાં તે ગભરાય છે. એકલો એકલો ગૂંચવાઈ જાય છે. પરસ્પરનો સંબંધ અને સંપર્ક તે જ જીવન છે.

પણ આજે આપણે જેને સંગતિ અને સોબત કહીએ છીએ તે બીજી જ ચીજ છે. જો કે તે નિરુપાધિક નથી. જીવનના બોજામાંથી—જિંદગીના ભારમાંથી હળવા થવા માટે આપણે અન્યની સોબત ઇચ્છીએ છીએ. આમ તો જિંદગીનો ભાર વેંઢારીને જેમ તેમ જીવન વિતાવીએ છીએ. જાણે જિંદગી સજારૂપ, દર્દરૂપ કે ભારરૂપ ન હોય! સમય પસાર કરી મનને બહેલાવવાનો પ્રયત્ન કરીએ છીએ. એટલે પછી દિલ બહેલાવવાનાં ને મનોવિનોદનાં સાધન શોધીએ છીએ. જો કે આ માનવોચિત વૃત્તિ નથી, કે એમાં વૈજ્ઞાનિકતાય નથી. પણ મોત આવવાનું છે, એ હકીકતને ભૂલવાનો આ પ્રયત્ન છે. મોતના ભયને ભૂલવાની વાત તો કંઈ કે સમજાય છે. પણ જિંદગીને શી રીતે ભૂલી શકશો? એ સ્થિતિ કૃત્રિમ છે, અસહ્ય છે. મન બહેલાવવાનો પ્રયત્ન કરવો પડે એ માનસિક વ્યાધિનું ચિહ્ન છે. જો મન પ્રસન્ન ન રહેતું હોય, તો જરૂર કંઈક દોષ છે, ઊણપ છે. એથી માણસ કોઈ ને કોઈ બાહ્ય ઉપાયથી જીવનમાં લહેજત લાવવાનો અને એ રીતે જીવનની વાસ્તવિકતાઓને જ વીસરી જવાનો પ્રયત્ન કરે છે. પહેલાં તે આનંદ ખાતર ગંજીફો રમવાનું શરૂ કરે છે. પણ પછી મોજમજાની માત્રા વધારવા માટે એ જુગાર પણ રમવા માંડે છે. જાણે તમતમાટ મસાલાઓથી જ મજા ન આવવાની હોય! દિલ બહેલાવવાની આવી રીતો પણ થોડાક દહાડા પછી પાછી ફીકી લાગવા માંડે છે. એટલે કોઈ માદક ચીજનું સેવન શરૂ કરે છે. આમ, વ્યસનના અમલમાં ચકચૂર રહી જીવનની અસલિયતને ભૂલવાનો એ પ્રયત્ન કરે છે. પણ આ કંઈ

જીવન જીવવાની રીત નથી. આ તો જીવનની વાસ્તવિકતાઓથી દૂર ભાગવાની રીત છે, એક પ્રકારનો પલાયનવાદ છે.

### સોબત અને સ્વાભાવિક સમાજશીલતા

આ પ્રકારની સોબતગીરી અને મનુષ્યની સ્વાભાવિક સમાજશીલતામાં બહુ ભેદ છે. કલબ ને અડ્ડાબાજીનું જીવન છેલછબીલી સોબતમાંથી ઊભું થાય છે. જ્યારે સમાજશીલતામાંથી કમ્યુનિટી, પાડોશીભાવ દૃઢ થાય છે. એકબીજા સાથે ઝઘડતા પાડોશીનો અને પરસ્પર મનમેળવાળા પાડોશીનો સહવાસ એક જ ચીજ નથી. મનુષ્યની જે સ્વાભાવિક સમાજશીલતા છે અને એનો દરેક વસ્તુની સાથે સહજ આત્મીયતાનો સંબંધ છે, એનો વિચાર કરતાં કહેવાય છે કે માણસ એકલો, એકાકી રહી શકતો નથી.

આ થયું માનવનું સામાન્ય લક્ષણ. હવે એમાં વળી સ્ત્રીની પોતાની એક ખાસિયત છે કે એ એકાંતમાં ગભરાય છે. સંભવ છે કે કદાચ એ એનો સ્વભાવ નહીં પણ સંસ્કાર જ હોય. તેમ છતાં આ સંસ્કાર એટલો તો ઊંડો અને દૃઢ થઈ ગયેલો છે કે લગભગ સ્વભાવ જ બની ગયો છે. સ્ત્રી એકાંતમાં ગભરાય છે; એટલું જ નહીં, પણ પોતાની સાથે બીજી કોઈ સ્ત્રી હશે તોપણ ગભરાય છે. તેને સ્ત્રીની સોબત પૂરતી લાગતી નથી. પુરુષ પોતાની સાથે હોય એ તેને આવશ્યક લાગે છે. જાણે પુરુષ વિના એનું રક્ષણ જ ન થવાનું હોય! હવે સ્ત્રીના બદલે બે પુરુષોનો સંગાથ થઈ જાય છે તો બંનેનો ઉત્સાહ, સાહસ ને હિંમત વધી જાય છે. બે સ્ત્રીઓનો સંગાથ થતાં બંનેનો ગભરાટ જરૂર ઓછો થાય છે, પણ તેઓ બંને પોતાને સુરક્ષિત માનતી નથી. કોઈ પુરુષનો સહારો કે આશ્વાસન હશે તો જ તેઓ

પોતાને સુરક્ષિત માનશે. એમાંય વળી ગમ્મત એ છે કે સામાન્ય રીતે દરેક સ્ત્રી પુરુષથી ડરતી હોય છે. આ તો જુઓ એક બાજુ એને પુરુષનો સાથ-સંગાથ ને સહારો જોઈએ છે. ને વળી બીજી બાજુએ પુરુષોથી ગભરાય પણ છે. આવા કંઈક વિચિત્ર સંકટમાં એ સપડાઈ ગઈ છે!

### કુટુંબમાં મૈત્રીનો અભાવ

હવે આમાંથી શું માર્ગ નીકળી શકે? એક જ રસ્તો દેખાય છે અને તે એ કે મનુષ્ય અને મનુષ્યના પરસ્પરના સંબંધના પાયામાં ન તો ભય હોય કે ન તો લોભ. એક માત્ર સ્નેહ જ એનું આલંબન હોય. ન તો સેવાની ઉપાધિ હોય કે ન સંરક્ષણની. મોટે ભાગે એવું માલૂમ પડે છે કે જ્યાં અધિકાધિક નિરપેક્ષ સંબંધ હોય છે ત્યાં કોઈ ને કોઈ પ્રકારનું સગપણ હોય છે. પણ મુશ્કેલી એ છે કે એ સગપણ કુટુંબ સુધી સીમિત છે, તે સમાજવ્યાપી બની શક્યું નથી. એનો જો સમાજમાં વિસ્તાર થાય છે તોપણ કૌટુંબિકતાના જ આધાર પર થાય છે. હજુ સુધી સમસ્ત સમાજમાં તે વ્યાપક બની શક્યું નથી. જોકે એ પણ હકીકત છે કે કૌટુંબિકતામાં બીજા બધા સંબંધો વિકસી શકે છે. પણ મૈત્રીનો સંબંધ વિકસિત થઈ શકતો નથી. કુટુંબમાં સગા ભાઈઓ છે, સગી બહેનો છે, પણ એકમેકના અભિન્ન મિત્રો વિરલા જ હોય છે. એથી કુટુંબ બહાર જ મૈત્રી કે સખ્ય પામવાનો અવસર પ્રાપ્ત થાય છે. મારાં સગાં ભાઈબહેન કે કાકા-મામા-મસિયાઇ ભાઈબહેન જરૂર કુટુંબમાં છે, પણ જીગરજાન દોસ્ત તો બીજે જ ક્યાંક શોધવો રહ્યો. તેમાંય વળી સ્ત્રીની મોટી મુસીબત એ છે કે એનું જીવન મોટે ભાગે કુટુંબ સુધી પરિમિત હોય છે, એટલા

વાસ્તે તેના જીવનમાં મૈત્રીનો વિકાસ એટલી માત્રામાં નથી થઈ શકતો, જેટલો પુરુષના જીવનમાં થાય છે.

## પ્રેમથી ઓતપ્રોત મૈત્રી

મૈત્રી એક નિરાળી જ ચીજ છે. જીવનનું એ એક અનુપમ મૂલ્ય છે. એમાં જેટલી ઘનિષ્ઠતા છે, તેટલી જ પવિત્રતા છે. સંસ્કૃતમાં સૂર્ય માટે 'મિત્ર' પણ એક સંજ્ઞા છે. એ સુખદ ઉષ્ણતા આપે છે અને વળી પ્રકાશ પણ. મિત્રનું સાંનિધ્ય એટલું પ્રિય પણ છે અને ઉજ્જવળ પણ; કારણ કે એમાં રજમાત્ર પણ સ્વાર્થ કે વૈષયિકતા નથી હોતી. મૈત્રી પ્રેમથી ઓતપ્રોત હોય છે. અને પ્રેમ અગ્નિની જેમ દાહક નથી, પણ પાવક છે. એમાં મિત્રોના દોષ ભસ્મસાત્ થઈ જાય છે. वह्नेः सर्वं भजो यथा —જેમ અગ્નિ બધી ચીજનું ભક્ષણ કરી જાય છે, તેમ મૈત્રી બધાય દોષોને પચાવી દે છે. મિત્રો એકમેકથી ક્યારેય કંટાળતા નથી, ઉબાતા નથી. એમને માટે Boredom—કંટાળા જેવી કોઈ ચીજ નથી. આને આપણે વિનોબાના શબ્દોમાં સખ્ય-ભક્તિ કહીએ કે પછી કૃષ્ણાર્જુનયોગ કહીએ. કૃષ્ણાર્જુનયોગ એ પુરુષ-પુરુષ વચ્ચેના સ્નેહસંબંધનો દ્યોતક છે.

પરંતુ સ્ત્રી-પુરુષના સ્નેહ સંબંધના પણ બીજા સાંકેતિક શબ્દો સમાજમાં છે ખરા? સીતારામ, ગૌરીશંકર, ઉમા-મહેશ્વર વગેરે કેટલાક શબ્દો સ્ત્રી-પુરુષના સંબંધસૂચક છે. પરંતુ એમાં મૈત્રીનો સંકેત નથી. જેમ ભીમાર્જુન એક સમાસ છે, રામલક્ષ્મણ બીજો સમાસ છે, પરંતુ કૃષ્ણાર્જુનની જેમ એમાં મૈત્રીનો નહિ, પણ એક વિશિષ્ટ સગપણનો સંકેત છે. રાધાકૃષ્ણ એક બીજો સંકેત છે. એમાં પણ અત્યંત પવિત્રતા અને ચરમ ઉત્કટતા છે. જોકે તે સંબંધ પ્રેમી

અને પ્રેમિકાનો છે. આ ઉદાત્ત અને પવિત્ર સંબંધ જરૂર છે, પરંતુ તે સમાજવ્યાપી થઈ શકે નહિ. કૃષ્ણ-દ્રૌપદી એક એવો સંબંધ છે, જે સમાજવ્યાપી થઈ શકે છે. કૃષ્ણાર્જુનયોગ અને કૃષ્ણાકૃષ્ણયોગ (કૃષ્ણા=દ્રૌપદી) સામાજિક સ્નેહસંબંધ સારુ અનુકરણીય અને ઉપાદેય (ઉપાસના કરવા યોગ્ય) આદર્શ છે. મૈત્રી એ બે માનવનો પ્રત્યક્ષ અન્યોન્ય સંબંધ છે. બધા સગપણમાં તે સૌથી અધિક સાક્ષાત્કારી છે.

### સ્ત્રી-પુરુષ-સંબંધ અને ગાંધીની અમર દેણ

ત્યારે હવે આપણે ક્યાં સુધી આવી પહોંચ્યા ? આપણે એ વાત જોઇ કે સ્ત્રી એકલી રહેતાં જેમ ડરે છે, તેમ પુરુષની સાથે રહેતાં પણ ગભરાય છે. એનો ઉપાય માત્ર એક જ છે કે સ્ત્રી-પુરુષમાં પરસ્પર વિશુદ્ધ સખ્ય-ભક્તિનો સંબંધ બંધાય. આપણે આગળ જોઈ ગયા છીએ કે સામાજિક વ્યવહારમાં કૌટુંબિક સગપણની ભાવના દાખલ કરવાથી એનો આરંભ થઈ શકે, પરંતુ એ આપણું પહેલું પગલું છે. એનાથી આગળ આપણે જવા માગીએ છીએ. આપણે ચાહીએ છીએ કે સ્ત્રી-પુરુષો વચ્ચે મૈત્રીનો સંબંધ સ્થપાય. કદાચ ગાંધી જ સદીઓ બાદ એક એવી વ્યક્તિ પેદા થઇ, જેણે પોતાના વિલક્ષણ જીવનમાં બેઉ પ્રકારના પ્રયોગો કર્યા. એણે એ સિદ્ધ કરવાનો પ્રયાસ કર્યો કે સ્ત્રી-પુરુષ બંને એકમેકની સાથે સખ્યની સમાન ભૂમિકા પર રહી શકે છે. જો સામાજિક ક્ષેત્રમાં આ હકીકતનો સ્વીકાર કરતાં આપણે ખંચકાતા હોઈએ તો સ્ત્રીની માનવતા ગૌણ અને હીન ઠરે. બીજી રીતે કહેવું હોય તો એમ કહી શકાય કે ગાંધીએ નૈસર્ગિક સંબંધોને ગૌણ માન્યા. કેવળ પ્રાકૃતિક

સંબંધ તો પશુઓમાં પણ હોય છે. સ્ત્રીના માતૃત્વની ઉપાસના સમાજમાં થઈ શકે છે, એનું ભગિનીત્વ પણ પવિત્ર અને કલ્યાણકારી છે, પરંતુ મિત્રતાનો સંબંધ એ એ બે કરતાં પણ ક્યાંય અધિક શુદ્ધ અને મંગલમય છે. આપણા પરંપરાગત નીતિશાસ્ત્રે સ્ત્રી-પુરુષ-સંબંધ અંગેની અસ્પૃશ્યતાની ભાવનાને પ્રશસ્ત ને ઉત્તમ માની હતી, એનું નિવારણ કરવાનું નૈતિક સાહસ ગાંધીએ બતાવ્યું. એણે પોતાની પ્રતિષ્ઠા પણ હોડમાં મૂકી દીધી. લોકો કહે છે કે એ અંગે ગાંધીની Psycho-analysis એટલે ફ્રોઈડની મનો-વિશ્લેષણપદ્ધતિથી તપાસ કરવી જોઈએ. એટલી ગનીમત કે ભગવાન કૃષ્ણ તો પૂર્ણાવતાર મનાય છે. પરંતુ એક ચારિત્ર્યવાન અને સ્વાતંત્ર્યપ્રિય માણસને જેટલા ખતરા સહેવાનો સંભવ હોય, તે બધા ગાંધીએ શૌર્ય અને ધૈર્ય સાથે સહ્યા અને પોતાની વાત દુનિયા આગળ મૂકી.

ગાંધીનો બ્રહ્મચર્યનો આગ્રહ સર્વવિદિત છે. તે વિલાસ-પ્રિય વ્યક્તિ ન હતી. પણ પવિત્રતા અને સંયમના તે દૃઢ વ્રતધારી હતા,સત્યના પૂજારી હતા અને સૌંદર્યના મર્મજ્ઞ હતા. તે દિવસે કૃષ્ણમૂર્તિએ એક મહત્ત્વની વાત કહી : ‘ Beauty is Austere ’—‘ સૌંદર્યમાં શૃંગાર નથી હોતો.’ વિલાસિતા અલગ ચીજ છે અને જીવનની પ્રસન્નતા અલગ ચીજ છે. પ્રસન્નતા સ્નેહજન્ય હોય છે, વિલાસિતાથી આસક્તિ પેદા થાય છે. ગાંધીજીનું તો તત્ત્વજ્ઞાન અના-સક્તિયોગનું હતું. એટલા વાસ્તે એની દૃષ્ટિએ જે ભદ્ર હતું, તે જ સુંદર હતું અને જે સુંદર હતું, તે જ સત્ય હતું. સુંદરતા પોતે જ મનોવેધક હોય છે. એને અલંકારની જરૂર પડતી નથી. તે કોઈ પણ વેશ કે રૂપમાં અસુંદર નથી

હોતી. 'किमिव हि मधुराणां मण्डनं आकृतीनाम् ।' સ્ત્રી અને પુરુષ બેઉ જ્યારે સ્વસ્થ અને શીલસંપન્ન હોય છે, ત્યારે એકમેક માટે નિતાંત રમણીય અને સુંદર હોય છે. એ સુંદરતામાં કોઈ ઇચ્છા, અભિલાષા કે આકાંક્ષા નથી હોતી. સ્ત્રી-પુરુષ સંબંધ વિશે ગાંધીની આ માનવસમાજ માટે અનુપમ દેણ છે.

# ૧૦ ભક્તિયુક્ત સખ્ય-ભાવના

આપણાં બધાં ધર્મશાસ્ત્રોમાં અને પરંપરાગત સામાજિક રૂઢિઓમાં સ્ત્રી-ધર્મ વિશેનો ઉપદેશ અને આજ્ઞાઓ જોવા મળે છે. પરંતુ એમાં સ્ત્રી-પુરુષ વચ્ચેની મૈત્રીનું વિધાન ક્યાંય નથી, એટલું જ નહિ પુરુષ-ધર્મમાં પણ નથી. વાસ્તવમાં મૈત્રી એ સ્ત્રી-પુરુષ બંનેનો ધર્મ હોવો જોઈએ. સંસ્કૃત ભાષામાં મિત્ર શબ્દ ન તો પુલ્લિગ છે કે ન તો સ્ત્રીલિંગ, પણ ઉભયલિંગી છે. અંગ્રેજીમાં Friend ઉભયલિંગી છે. પણ હિંદી, મરાઠી વગેરે ભાષાઓમાં તે પુલ્લિગ છે. મરાઠીમાં મિત્રનું સ્ત્રીલિંગ 'मैत्रीण' છે. પણ હિંદી ભાષામાં તો મિત્રનું સ્ત્રીલિંગ છે જ નહિ. અને હોય તો પણ પ્રચલિત નથી. કવિ સુમિત્રાનંદન પંત જેવા હિંદી ભાષા પર પ્રભુત્વ ધરાવનાર લેખકને પણ સ્ત્રીને સારુ મિત્ર શબ્દનો જ પ્રયોગ કરવો પડ્યો. 'સખા'નું સ્ત્રીલિંગ 'સખી' આપણી ભાષાઓમાં પ્રચલિત છે ખરું. પરંતુ એનો પ્રયોગ સ્ત્રી-પુરુષના પરસ્પરના સંબંધમાં નથી થતો. આજે ઈન્દુમતી અંગે 'गृहिणीसचिवः प्रियासखी એમ' કહ્યું છે. પણ એણે એ સાહસ એટલા સારુ કર્યું કે તે એની પત્ની થતી હતી. આમ સ્ત્રી-પુરુષની વાસના ને વિષય-નિરપેક્ષ મૈત્રી એ માનવ-સમાજ સારુ એક અનોખું વરદાન બનશે.

### સ્ત્રી-પુરુષની સમાન મર્યાદાઓ

માતૃત્વ સ્ત્રી જીવનનું ગૌરીશંકર છે. એ પછીનો એનો કોઈ પરમ ધર્મ હોય તો તે પતિવ્રતાનો છે. તુલસીદાસે

અનસૂયા અને સીતાજીના સંવાદમાં ચાર પ્રકારની પતિવ્રતા[1] સ્ત્રીઓ ગણાવી છે.

जग पतिव्रता चार बिधि अहहीं। बेद पुरान संत अस कहहीं ॥
उत्तम के अस बस मन माहीं। सपनेहु आन पुरुष जग नाहीं ॥
मध्यम पर-पति देखहिं कैसे। भ्राता पिता पुत्र निज जैसे ॥
कर्म बिचारी समुझि कुल रहहीं। सो निकृष्ट तिय श्रृति अस कहहीं ॥

ઉત્તમ પતિવ્રતા એ છે, જેને મન સંસારમાં પતિ સિવાય અન્ય કોઈ પુરુષ નથી. જેમ કે મીરાંબાઇને મન વૃંદાવનમાં વૃંદાવન-વિહારી વિના અન્ય કોઇ પુરુષ જ નો'તો. મધ્યમ કક્ષાની પતિવ્રતા પોતાના પતિ સિવાયના અન્ય પુરુષોને પિતા, ભાઈ કે પુત્ર રૂપે જ જુએ છે. સામાજિક પવિત્રતા અને સ્ત્રીની સ્વતંત્રતાની દિશામાં આપણે આને પ્રથમ પગલું માન્યું છે, કારણ કે આપણે કૌટુંબિક સંબંધોનું સમાજીકરણ કરવા માગીએ છીએ. જો કે સ્ત્રી-પુરુષ બેઉને આ મર્યાદા લાગુ પડે છે. જે લોકલજ્જા અને કુલ મર્યાદાઓ સાચવીને વિવેકપૂર્વક સંયમ સેવે છે, તેને તુલસીદાસજીએ નિકૃષ્ટ (તુચ્છ) સ્ત્રી કહી છે. યાને તે અધમ પતિવ્રતા છે. ઉત્તમ ને મધ્યમ પતિવ્રતાનાં જે લક્ષણ છે, તે પત્નીવ્રતી પુરુષને પણ લાગુ પડે છે. આ દુનિયામાં પત્ની વિના જેને મન અન્ય કોઈ સ્ત્રી જ નથી તે ઉત્તમ પતિ, જે બીજી બધી સ્ત્રીઓને કાં તો મા, બહેન કે પુત્રીના સ્વરૂપે જુએ છે તે મધ્યમ પતિ છે. અને જે કુલ-મર્યાદા તથા સમાજ-મર્યાદાને ભયે સંયમ સેવે છે, તે નિકૃષ્ટ પતિ છે. આમ એક રીતે સ્ત્રી-પુરુષ બેઉને સારુ સમાન મર્યાદાઓનું વિધાન કરવામાં આવ્યું છે ખરું, પણ વાસ્તવમાં તે આભાસમાત્ર છે.

## શીલવાન પુરુષનું ઉદાહરણ

પતિવ્રતાનો ધર્મ જે અર્થમાં સ્ત્રીનો ધર્મ મનાયો છે, તે અર્થમાં પત્નીવ્રત પુરુષનો ધર્મ મનાયો નથી. કારણ પુરુષની પવિત્રતાનું લક્ષણ એની સ્ત્રી-વિમુખતા છે, કેવળ વિષય-વિમુખતા જ નથી. લક્ષ્મણે કહ્યું: હું સીતાજીનાં કુંડલ ને કેયૂર ઓળખી શકતો નથી, પણ પગનાં ઝાંઝર મેં જોયાં હતાં: 'नित्यं पादाभि वंदनात्' એ શીલવાન પુરુષનું ઉત્તમ ઉદાહરણ મનાયું છે. મેં રામચંદ્રજીનું મુખ જોયું નથી, એમ ક્યારેય શું લક્ષ્મણ કહી શકે ખરો ? એમ તો એ કહેતો નથી જ બલ્કે એમ પણ કહેતો નથી કે મેં સુમિત્રા, કૈકેયી કે કૌશલ્યાનું મુખ જોયું નથી. જો કે દુનિયાનો ગજ જુદો જ છે. જે સ્ત્રીને આપણે માતા સમાન માની, તેનું મુખ જોવામાં પણ જેને સંકોચ થતો હોય તેને આપણે સુશીલતાનો આદર્શ માનીએ છીએ! એવા પુરુષને આદર્શ બ્રહ્મચારી ગણીએ છીએ!

## બ્રહ્મચર્યમાં સ્ત્રી-દ્રોહનો અભાવ

પણ ધર્મશાસ્ત્રમાં અને સમાજના સભ્ય વ્યવહારમાં જ્યાં સ્ત્રીનો સ્પર્શ વિષય-સ્પર્શ મનાયો છે, ત્યાં માતાનો સ્પર્શ પુણ્ય-સ્પર્શ ગણ્યો છે. ભગવતી જગદંબાનાં કેટલાંયે સ્તોત્ર એવાં છે, જેમાં એમનાં અંગ-ઉપાંગનું...અરે, પ્રત્યેક અવયવનું વર્ણન કરેલું છે. જાણે કોઈ શિલ્પી જગ-માતાની મૂર્તિ ઘડી ન રહ્યો હોય! વહેલી સવારે ઊઠીને આપણે ભગવતી ભૂ-માતાનું અભિવાદન કરીએ છીએ: 'समुद्रवसने देवि पर्वतस्तनमण्डले' એમાં ભૂ-માતાના સ્તનનું વર્ણન કર્યું છે. આપણાં અનેક તીર્થસ્થાનોમાં મહેશની અર્ધાંગના પાર્વતીનાં કેટલાંયે અંગોની પૂજા થાય છે. તો પછી જાનકી

માતાનું મુખ અદર્શનીય શા સારુ ? કારણ અહીં લક્ષ્મણનું બ્રહ્મચર્ય ભાભીના સમર્પણથી સીમિત હતું. એનું પ્રમાણ પણ રામાયણમાં મળે છે. ભગવાન રામચંદ્રના બાણથી વિંધાઈને જ્યારે માયાવી મૃગ મારીચ મરતો હતો, ત્યારે તેણે 'હે લક્ષ્મણ, હે લક્ષ્મણ,' એવી જોરથી બૂમો પાડવા માંડી. જાનકીએ લક્ષ્મણને કહ્યું કે રામચંદ્રને સહાય કરવા માટે સત્વરે જાઓ. પણ લક્ષ્મણે એ વાતને ટાળવાની કોશિશ કરી, કારણ કે એને અડગ શ્રદ્ધા હતી કે રામચંદ્ર પર સંકટ આવી જ શકે નહિ. વાલ્મીકિ રામાયણ અને રામચરિતમાનસ બેઉમાં આ પ્રસંગે લક્ષ્મણને દોષ દેતાં સીતા કહે છે કે કદાચ રામચંદ્રજીના મર્યા પછી તારી ઇચ્છા મારા પતિ થવાની હશે, એટલા સારુ તું જતો નહિ હોય!

આ ઉપાલંભમાં એક રહસ્ય અભિપ્રેત છે. 'नित्यं पादभिवन्दनात्'–હું હમેશાં ચરણની જ વંદના કરતો રહ્યો એમ કહેવામાં કોઈ દોષ નથી. કારણ કે વંદન તો ચરણનાં જ થાય છે. દોષ એમ કહેવામાં છે કે મેં મુખાવલોકન કર્યું નથી. કારણ કે એમાં એ ભાવ અધ્યાહાર રહેલો છે કે મુખ-દર્શન વિષયનું કારણ બની શકે છે. જે પુરુષ સ્ત્રીના દેહને વિષય માને છે, તેને સારુ તે દેહ અશુદ્ધ અને અમંગળ છે. આ બ્રહ્મચર્યનું લક્ષણ નથી. એમાં તો સ્ત્રીદેહ વિશેની જુગુપ્સા છે. બ્રહ્મચર્યમાં સ્ત્રી-દ્રોહ, સ્ત્રી-નિંદા કે સ્ત્રી-નિષેધ ક્યાંય નથી. જો નિષેધ હોય તો, સ્ત્રીત્વ અને પુરુષત્વ એ બેઉ ભાવનાનો છે.

મારા નાનપણની વાત છે. એક બાળ-બ્રહ્મચારી સ્વામી રોજ હરિકથા કર્યા કરતા હતા. ક્યારેક ક્યારેક હું એમના નિવાસસ્થાને મળવા જતો હતો. પણ અમારી બહેનોને અમે

સાથે લઈ જઈ શકતા ન હતા. કારણ કે સ્વામીજી કોઈ પણ બહેનનું મોઢું જોતા ન હતા. કોઈ સ્ત્રી ત્યાંથી પસાર થાય તો એ સ્વામીજી પોતાની આંખ આડે રૂમાલ ઢાંકી દેતા, જેથી કરીને સ્ત્રીનું દર્શન ન થઈ જાય! આના કારણે એમની ખૂબ પ્રસિદ્ધિ હતી. લોકો માનતા કે એમના જેવા બ્રહ્મચારી ભાગ્યે જ ક્યાંય કોઈ હશે! એ તો સ્ત્રીનું મોઢું પણ જોતા નથી! બીજા એક સુપ્રસિદ્ધ તપસ્વી સંન્યાસી સંત હતા. એક વાર કોઈ એક સ્ત્રીએ અજાણતાં એમના પગે પડી વંદન કર્યાં. ત્યારે સંન્યાસીએ શિષ્યને કહ્યું : અરે, વીંછીએ ડંખ માર્યો! અને એમ કહેતાં કહેતાં તે દોડયા અને પવિત્ર સરોવરમાં ડૂબકી લગાવીને વસ્ત્રોસહિત સ્નાન કર્યું.

શું આવા નૈષ્ઠિક બ્રહ્મચારીઓ ઈશ્વરને એવી ફરિયાદ નહિ કરતા હોય કે અમને સ્ત્રીની કૂખે શા સારુ તેં જન્મ આપ્યો? જેમ બ્રહ્માજીની નાભિમાંથી સરસ્વતી પેદા થઈ, અને આદમની પાંસળીમાંથી ઇવ જન્મી, તેવી રીતે ભગવાન આ બ્રહ્મચારીઓને જન્મ દઈ ન શકત? કે પછી ભગવાનના અવતારોની જેમ તેઓ પણ 'અયોનિસંભવ' પેદા ન થઈ શકત? કૌશલ્યા અને દેવકીની સમક્ષ ભગવાન પહેલાં પોતાના નિજસ્વરૂપમાં પ્રગટ થયા અને પછી બાલસ્વરૂપ ધારણ કર્યું. 'भये प्रकट कृपाला दीनदयाला कौशल्या हितकारी।' સારાંશ એ કે બ્રહ્મચર્યમાં જો માતૃત્વની પ્રતિષ્ઠા હોય તો પછી સ્ત્રી સારુ જુગુપ્સાનો ભાવ શા માટે હોવો જોઈએ?

### સદાચાર ને નૈતિકતાના બે આદર્શ

સ્ત્રી અને તેના દેહને ગૌણ ગણવાની આ જે ગર્હિત ભાવના છે તે આપણી ધાર્મિક અને નૈતિક પરંપરાનો આધાર બની રહી છે. આ સંસ્કાર આપણા જીવનમાં

ગંઠાઈ ગયા છે. ખૂબ પ્રાચીન અને અકુંઠિત પરંપરાને કારણે આ સંસ્કાર એક રીતે સ્વભાવમાં પરિવર્તિત થઈ ગયા છે. ' नारि सूनि एक पुरुष बिना '—પુરુષ વિના નારી સૂની છે. પરંતુ સ્ત્રી વિનાનો પુરુષ અધિક પવિત્ર છે. આમ, સદાચાર અને નૈતિકતાના બે આદર્શ પ્રચલિત થઈ ગયા. બ્રહ્મચર્યનો આદર્શ પુરુષને માટે અનુસરવા યોગ્ય છે, જ્યારે સ્ત્રીને સારુ એનો નિષેધ છે. આપણે સહુ સ્ત્રી-પુરુષ સાથે મળીને રોજ એકાદશ વ્રતોનો પાઠ કરીએ છીએ. પરંતુ કેવળ ઉચ્ચારણથી તે શું વળે ? બ્રહ્મચર્યવ્રતનો પ્રતિ-ધ્વનિ સ્ત્રીના હૃદયની ભીતરમાંથી ઊઠતો નથી. ' કલદાર ' ની જેમ એ શબ્દ ભીતરમાં ' ખણ-ખણ ' ખખડતો નથી. અહિંસા ને સત્યનું ઉચ્ચારણ કરતાં સ્ત્રીના હૃદયમાં એ શબ્દોનો રણકાર થાય છે, બ્રહ્મચર્ય વિશે તેવું કહી શકાય નહિ. પુરુષના હૈયામાંથી એ અવાજ રણકે છે, જોકે એનો આશય જુદો જ હોય છે. તે બ્રહ્મચર્યના ગૌરીશંકર પર આરૂઢ થયેલો છે. કેવળ બાલ્યાવસ્થાનો અપવાદ બાદ કરતાં પૂરાં સો વર્ષના આયખામાં સ્ત્રીનું મોઢું ન જોયું હોય તેવા પુરુષો હશે ! પરંતુ બ્રહ્મચર્યનું ઉચ્ચારણ કરવા છતાં પોતાના જીવનની સફલતા માતૃત્વમાં છે, એ ભાવના સ્ત્રી છોડી શકતી નથી.

### બ્રહ્મચર્ય વિશે મતભેદ

પુરુષના બ્રહ્મચર્ય વિશે પણ પુરાણા ધર્મજ્ઞોમાં મતભેદ છે. એક મત કહે છે :

> शैशवेऽभ्यस्तविद्यानां यौवने विषयैषिणाम् ।
> वार्धके मुनिवृत्तिनां योगेनान्ते तनुत्यजाम् ॥
> रघूणामन्वयं वक्ष्ये ।

કાલિદાસ કહે છે: હું એ રઘુવંશીઓના વંશનું વર્ણન કરી રહ્યો છું, જેઓ બાલ્યાવસ્થામાં વિદ્યાધ્યયન કરતા હતા, યુવાનીમાં ગૃહસ્થાશ્રમી બનતા હતા, ઘડપણમાં મુનિ-વૃત્તિથી રહેતા હતા અને અંતમાં યોગ વડે શરીર-વિસર્જન કરતા હતા. આ વર્ણનમાં ચારે આશ્રમોનો સંકેત છે. જ્યાં સુધી માણુસ ગૃહસ્થ નથી થતો, ત્યાં સુધી તે સંન્યાસનો અધિકારી નથી બનતો. ગૃહસ્થાશ્રમ પછી જ સંન્યાસ વિહિત ગણાય છે. કારણ કે તે ચતુર્થાશ્રમ છે. આ એક પક્ષ થયો. હવે બીજો પક્ષ કહે છે:

यदहरेव विरजेत् तदहरेव प्रव्रजेत्

यदि वा ब्रह्मचर्यादेव प्रव्रजेत् ।

માણુસ જે દિવસે વિરક્ત થયો, તે દિવસથી તે પરિવ્રાજક થઈ શકે છે. બ્રહ્મચારી પણ સંન્યાસી થઇ શકે છે. શંકરાચાર્ય એ રીતના બ્રહ્મચારી સંન્યાસી હતા.

### વિધિ શબ્દની વ્યાખ્યા

હવે સવાલ એ થાય છે કે શું ધર્મશાસ્ત્રમાં પુરુષને માટે લગ્નનું વિધાન છે કે? પારિભાષિક ભાષામાં વિધાન યા વિધિ શબ્દનો અર્થ છે: આદેશ—આજ્ઞા. એ અર્થમાં વિધિ શબ્દ હિંદીમાં પણ પુલ્લિંગ છે. જ્યારે 'લગ્નની વિધિ' કહીએ છીએ, ત્યારે એનો અર્થ થાય છે, લગ્નની શાસ્ત્રીય પદ્ધતિ યા પ્રણાલી કે રીત. પરંતુ જ્યારે આપણે 'લગ્નનો વિધિ' કહીએ છીએ, ત્યારે એનો અર્થ થાય છે લગ્નનો આદેશ યા હુકમ. બ્રહ્મચારી ગુરુકુળમાં અધ્યયન કર્યા પછી સમાવર્તન કરે છે. ત્યારે ધર્મશાસ્ત્ર એને કહે છે કે તં સવર્ણ ભાર્યા સાથે લગ્ન કરે. 'सवर्णां भार्यां उद्वहेत ।'

એનો અર્થ તો એ થયો કે જે લગ્ન નથી કરતો તે ધર્મના અનુશાસનનો ભંગ કરે છે. હવે અહીં બીજો પક્ષ પૂછે છે કે આખરે આ વિધિ એ કયા પ્રકારનો વિધિ છે?

## અપૂર્વ-વિધિ

મીમાંસકોએ ત્રણ પ્રકારના વિધિ માન્યા છે: અપૂર્વ-વિધિ, નિયમ-વિધિ અને પરિસંખ્યા-વિધિ. જેને વિશે આપણને કંઈ જ્ઞાન નથી હોતું, તેને વિશે આપણને જે આજ્ઞા કરવામાં આવે છે, તેને અપૂર્વ-વિધિ કહે છે. જેમ કે 'स्वर्गकामो यजेत'—સ્વર્ગમાં જવું હોય તો યજ્ઞ કરો. આપણા માટે સ્વર્ગ પણ અજ્ઞાત છે અને યજ્ઞ પણ અજ્ઞાત છે. પરંતુ શાસ્ત્ર તો આપણને સ્વર્ગ પણ બતાવે છે અને ત્યાં પહોંચવાનું સાધન પણ બતાવે છે. એટલે અહીં કોઈ વિકલ્પ નથી, પણ કર્મસ્વાતંત્ર્ય જરૂર છે. આપણે એમ જરૂર કહી શકીએ કે સ્વર્ગે જવાની અમને ઇચ્છા નથી. પરંતુ જો ત્યાં જવું જ હોય તો યજ્ઞ સિવાય બીજો કોઈ માર્ગ પણ નથી. ચંદ્ર અને બીજા ગ્રહોમાં પહોંચવાનાં સાધન આપણે શોધીએ છીએ અને બનાવીએ પણ છીએ. પરંતુ સ્વર્ગ સુધી પહોંચવાનું કોઈ સાધન આપણે જાણતા નથી, કારણ કે સ્વર્ગ પોતે જ અજ્ઞાત છે. આમ, અજ્ઞાત વિષય કે અજ્ઞાત સાધન સંબંધે જે વિધિ કરવાનો હોય છે, તેને અપૂર્વ-વિધિ કહે છે.

## નિયમ-વિધિ

બીજો વિધિ છે, તે નિયમ-વિધિ. મેં તમને કહ્યું: 'મુગલસરાય ચાલીને જજો.' તમે પૂછો છો: 'ચાલીને જવાની શી જરૂર છે?' 'જરૂર એટલા માટે છે કે તમે બસ, રેલવે, રિક્ષા કે ઘોડાગાડી દ્વારા પણ જઈ શકો છો.

તોપણ હું કહું કે પગપાળા જાઓ. એટલા સારુ કે આપણી યાત્રામાં પગપાળા જવાનું મહત્ત્વ છે.' કોઈ કામ કરવાની જ્યારે બે કે તેથી વધુ રીતો હોય છે અને એમાંથી કોઈ એક જ પદ્ધતિનું વિધાન કરવામાં આવે છે, ત્યારે તેને નિયમ-વિધિ કહે છે. એમાં જુદા જુદા વિકલ્પો હોય છે, તેમાંથી કોઈ એકનો આદેશ કરવામાં આવે તે નિયમ-વિધિ. મીમાંસકો લગ્નને નિયમ-વિધિ માને છે, માટે તેઓ સંન્યાસ સ્વીકારતા નથી. કારણ કે અગ્નિહોત્ર આજીવન ચાલુ રાખવું પડે છે. અગ્નિહોત્રનો અગ્નિ ક્યારેય બુઝાવો જોઈએ નહિ. દરરોજ એને આહુતિ આપવી જોઈએ. અને અગ્નિહોત્રી એકલો એકલો અગ્નિની પૂજા કરી શકતો નથી. પત્નીની સાથે પૂજા કરવી જોઈએ. સીતાજીનો ત્યાગ કર્યા પછી રામચંદ્રજીએ યજ્ઞ કર્યો ત્યારે સીતાજીની સોનાની મૂર્તિ બનાવવી પડી. વિધુર પુરુષ કોઈ ધાર્મિક વિધિ કરે છે તો પત્નીના પ્રતિનિધિ તરીકે સોપારી રાખવામાં આવે છે. પણ વિધવાને સારુ આ સુવિધા નથી. કારણ કે સ્ત્રીને વૈદિક કર્મનો અધિકાર નથી. ત્યારે અગ્નિહોત્રીએ ગૃહસ્થ થવું અનિવાર્ય માનવામાં આવે છે. એટલા વાસ્તે કેટલાયે અગ્નિહોત્રી ૮૦ વર્ષની ઉંમરે પણ બાર વર્ષની કન્યા સાથે લગ્ન કરતા હતા, કેમ કે લગ્ન તો કુમારિકા સાથે—એટલે કે રજોદર્શન પહેલાં—જ થઈ શકે. હવે આ લગ્નમાં શારીરિકતાને સ્થાન નથી. આ લગ્ન શુદ્ધ ધાર્મિકતા સારુ થાય છે. એમાં બેઉ પક્ષ—સ્ત્રી અને પુરુષ—ધર્મપ્રાણ થાય છે. સ્ત્રી-પુરુષનો સંબંધ વિષયી અને વિકારી પણ હોઈ શકે છે તેમ જ આર્થિક અને વ્યાવહારિક પણ હોઈ શકે છે. જોકે એ સંબંધો શાસ્ત્રસંમત નથી, વિવાહ-સંસ્કારથી

જે સંબંધો બંધાય છે તે શાસ્ત્રવિહિત છે. એટલા વાસ્તે લગ્ન નિયમ-વિધિ મનાય છે.

### પરિસંખ્યા-વિધિ

ત્રીજો છે પરિસંખ્યા-વિધિ. એમાં આજ્ઞા નહિ પણ અનુજ્ઞા હોય છે. આદેશ યા હુકમ નથી હોતો, પણ છૂટછાટ હોય છે. કોઈને બીડી પીવાની આદત છે તો ગુરુજન કહે છે, બીડીના બદલે હોકો પીઓ ! ગુરુની આ આજ્ઞા સાંભળીને જો બીજો છોકરો કહે : 'મેં તો હજુ સુધી બીડી પીધી નથી. પણ હવે ગુરુજીની આજ્ઞા થઈ છે, તો અનિચ્છાએ પણ હવે હોકો પીવો પડશે.' ગુરુજી કહે છે : 'મારા ભાઈ, મેં તને બીડી પીવાનું કહ્યું નથી. હું તો એટલું જ કહું છું કે જો તને બીડી પીધા વિના ચાલતું જ ન હોય, તું આદતનો ગુલામ થઈ ગયો હોય તો બીડીને બદલે હોકો પી.'

છોકરો પૂછે છે : 'કંઈયે ન પીઉં તો ?'

ગુરુ કહે છે : 'તો એથી ઉત્તમ બીજું શું ?'

શાસ્ત્રમાં એક વચન આવે છે : 'पंच पंचनखा: भक्ष्या:' જેને પાંચ ખરી હોય તેવાં પ્રાણી ખાઓ. અહીં ખાઓ—તેનો અર્થ છે, ખાઇ શકો છો. પણ આપણા માટે ઈષ્ટ તો બિલકુલ માંસ ન ખાવું એ છે. જો ખાવું જ હોય તો પાંચ ખરીવાળાં, પાંચ પ્રકારનાં પ્રાણીનું જ ખાઓ. જેમ હોકો પી શકો છો એમ કહેવાનો આશય એ છે કે બીડી, સિગારેટ, ચલમ-ગાંજો પીશો નહિ. 'पंच पंचनखाः भक्ष्याः'માં તે સિવાયનાં બીજાં પ્રાણી ખાવાનો નિષેધ છે. ભાગવતના એકાદશ સ્કંધમાં આ વાત કરી છે—'आसु निवृत्तिरिष्टा' એવી વાતોમાં શાસ્ત્રનો અભિપ્રાય નિવૃત્તિનો છે. એટલા વાસ્તે જ્યારે શાસ્ત્ર કહે છે

કે લગ્ન કરો, તો એનો અભિપ્રાય એવો છે કે કોઈ સ્ત્રી સાથે લગ્ન સિવાયનો દેહ-સંબંધ કરશો નહિ. બીજો અભિપ્રાય એ છે કે પત્ની સિવાય બીજી કોઈ પણ સ્ત્રીને પત્નીત્વની ભાવનાથી જોશો નહિ. બીજી બધી સ્ત્રીઓ સાથે મા અને બહેનનો સંબંધ પૂર્વવત્ રાખવા માટે તે પૈકીની એક મા કે બહેન સાથે લગ્ન કરવાની શાસ્ત્રે છૂટ આપી છે. કારણ કે લગ્ન કરતાં પહેલાં તો બધી સ્ત્રીઓ આપણી મા કે બહેન જ હતી. લગ્ન કરવાથી તેમાંની એક ઓછી થઈ ગઈ. લગ્ન કરો જ નહિ તે શ્રેયસ્કર છે. પણ કરવું જ હોય તો એક જ સ્ત્રી સાથે કરો, જેથી કરીને બીજી સ્ત્રીઓ તમારી મા-બહેન તરીકે રહે. આ રીતે વાસનાને સ્થાનબદ્ધ કરી દીધી. એક ખીલે બાંધી દીધી. એટલા વાસ્તે શાસ્ત્રકારોના બીજા પક્ષે લગ્નને પરિસંખ્યા-વિધિ માન્યો છે.

## માનો સ્પર્શ પુણ્યકારી

હવે આ દૃષ્ટિબિંદુ ધ્યાનમાં રાખીને વિચારીએ. બ્રહ્મચારી તે નથી, જે બધી સ્ત્રીઓને કામિની સમજતો હોય, પણ બ્રહ્મચારી તે છે જે દરેક સ્ત્રીને માતા માનતો હોય. મંડનમિશ્ર અને શંકરાચાર્યનો સંવાદ પ્રસિદ્ધ છે. મંડનમિશ્ર શંકરાચાર્યને ઠપકો આપે છે: ‘જેમની કૂખેથી તું પેદા થયો છે, જેમનું દૂધ તેં પીધું છે, એમનો તું તિરસ્કાર કરે છે? તારા બ્રહ્મચર્યને ધિક્કાર છે!’ ત્યારે શંકર જવાબ વાળે છે: ‘જેનું દૂધ તેં પીધું અને જેની કૂખેથી તું પેદા થયો એની સાથે પશુની જેમ તું શરીર-સંબંધ રાખે છે? માતૃ-દ્રોહી કોણ, તું કે પછી હું?’ આમાં એક રહસ્ય છુપાયેલું છે. માનો સ્પર્શ નિરંતર પુણ્યકારી છે. બાલ્યાવસ્થામાં જેમ એમના સ્તનનો સ્પર્શ પણ વિષયનો સ્પર્શ ન હતો,

તેવી જ ભાવના બ્રહ્મચર્ય અવસ્થામાં અને પ્રૌઢ અવસ્થામાં પણ અતૂટ રહેવી જોઈએ. પરંતુ બ્રહ્મચારીઓએ તો સ્ત્રીમાત્રનો સ્પર્શ અનર્થકારી માન્યો છે. એના કારણે નીતિમત્તાનાં બે ધોરણ કઈ રીતે બની ગયાં, તે આપણે આગળ જોઈ ગયા છીએ.

### કૃષ્ણાર્જુન અને કૃષ્ણકૃષ્ણાયોગ

શ્રી કૃષ્ણનું બ્રહ્મચર્ય ક્યારેય ખંડિત થયું ન હતું એવી આપણે ત્યાં માન્યતા છે. ભગવાનનાં અનંત રૂપ છે. વિભિન્ન પ્રયોજન અને ભૂમિકા અનુસાર તેમનાં વિવિધ સ્વરૂપો છે. એ પ્રત્યેક સ્વરૂપને 'ધ્યાન' કહે છે. આપણે ભગવાન ગોપીવલ્લભ કે રાધાવલ્લભના રૂપમાં શ્રીકૃષ્ણનું ધ્યાન ધરવા ઈચ્છતા નથી, કારણ આપણા પ્રયોજનને તે સ્વરૂપ અનુરૂપ નથી. પણ આપણા પ્રયોજનને તેમનાં બે જ ધ્યાન અનુરૂપ છે: કૃષ્ણાર્જુન અને કૃષ્ણકૃષ્ણા. આ બે એવા સામાજિક યોગ છે કે જેમાં ભક્તિએ સખ્યને ઉજ્જવલ કર્યું છે. એટલે ત્યાં કોઈ સંકોચ નથી કે નથી કોઈ જાતનો ભય. દ્રૌપદીને સારુ 'वसनरूप भये श्याम'—શ્યામ જ્યારે દ્રોપદીનાં વસ્ત્ર જ બની ગયા, તો પછી એ બે વચ્ચે કંઈ પડદો રહ્યો ખરો? આનાથી વધુ નિકટતાની કે મુક્તતાની તો કલ્પનાય કરી શકાતી નથી. ગોપીઓને માટે, રુકિમણી, સત્યભામા કે રાધાને માટે તેમને વસ્ત્રરૂપ બનવું પડયું ન હતું. આ બધા સંબંધોમાં સંકોચ ને લજ્જાનો અત્યંત અભાવ હતો, કોઈ પણ મર્યાદાને ત્યાં અવકાશ ન હતો. પણ કૃષ્ણ-દ્રૌપદીના સંબંધની ભૂમિકા જ બિલકુલ નિરાળી છે. ત્યાં નથી ભય, નથી સંકોચ ને છતાંય શારીરિકતાનું નામનિશાન નથી. કેવો અનોખો આદર્શ છે! છોકરા-છોકરીઓ સાથે ભણે

કે ન ભણે, સ્ત્રી-પુરુષ એકમેકની સાથે કામ કરે કે ન કરે, રમે કે ન રમે, સાથે ફરવા જાય કે ન જાય—એ બધા સવાલ એક રીતે બાજુએ રહી જાય છે. એ બધા ઉપર ઉપરના સવાલો છે. કૃષ્ણ-દ્રૌપદીના સંબંધનો વિચાર કરીએ છીએ ત્યારે આ બધા સવાલો છીછરા લાગે છે. આ બધા સવાલો આપણને સમસ્યાના હાર્દ સુધી પહોંચાડતા નથી, એનો મર્મ પમાડતા નથી. કૃષ્ણાર્જુનયોગ એ કંઈ ધનુર્ધર પાર્થ અને યોગેશ્વર સંયોગ નથી. ભગવાને અર્જુન સારુ કંઈયે ન કર્યું હોત તો પણ તેઓ એકમેકના અભિન્ન મિત્ર રહ્યા હોત. તોપણ એ સાથે ખેલતા હોત, કૂદતા હોત, ખાતા-પીતા હોત ને મુક્કાબાજીય કરતા હોત.

यच्चावहासार्थमसत्कृतोऽसि, विहारशय्यासनभोजनेषु

'રમતાં-કૂદતાં, સૂતાં-બેસતાં, હાસ્ય-વિનોદ કરતાં ને ખાતા-પીતા હે ભગવાન! મેં તમારો અનાદર કર્યો છે.' આમ કહીને અર્જુન ભગવાનની ક્ષમા માગે છે અને કહે છે કે 'તમે બધુંય સહી લો છો. એ તમારા માટે ઉચિત જ છે.' પ્રિયાનો અપરાધ પ્રિય સહી લે છે અને સખાનો અપરાધ સખા સહી લે છે. અર્જુનનું કૃષ્ણ સાથેનું સગપણ તર્કની પેલે પારનું છે. કારણ મૈત્રીનો મહિમા જ અવર્ણનીય છે.

### પ્રાણીમાત્ર એક જ જીવન-તત્ત્વનાં પ્રતીક

આ સખ્ય-ભાવના એક આધ્યાત્મિક મૂલ્ય છે. Comradeship, Comradory, સાથીદારી, સોબત જેવા શબ્દો અત્યારે બહુ પ્રચલિત થઈ ગયા છે. એમાં એકમેક માટે મહોબત તો છે, પરંતુ એ ચીજ નથી, જે સખ્ય-ભક્તિમાં

છે. માતા-પિતા ને દેવ-દેવીનો દેહ જેટલો આપણે મન પવિત્ર છે, તેટલો જ હરેક માનવનો હોવો જોઈએ.

सूर्यो यथैको भुवनं प्रविष्टो रूपं रूपं प्रतिरूपो बभूव ।
अक्रस्तथा सर्वभूतान्तरात्मा रूपं रूपं प्रतिरूपो बहिश्च ॥

બીજથી લઈને બ્રહ્મ સુધીનું જે કંઈ છે તે ભગવાનનું છે. સહુમાં એક જ જીવન-તત્ત્વ વિરાજમાન છે. એટલા વાસ્તે ગધેડાથી લઈને મોટા-મોટા સંતો સુધી સહુ કોઈ એક જ જીવન-તત્ત્વનાં પ્રતીક છે, અને સહુ કોઈ પવિત્ર છે.

### સખ્ય સાથે ભક્તિ

જીવનની પવિત્રતા એટલે કેવળ આત્માની પવિત્રતા જ એવું કહેવાનો આશય નથી. તમે કોઈને માર મારો અને પછી કહો કે અમે તો કેવળ એના દેહને મારીએ છીએ. શરીર તો નશ્વર જ છે અને આત્મા હણી શકતો નથી. એટલે મારવાથી કોઈ હિંસા થતી નથી. હિંસાનો આરોપ મિથ્યા છે. સ્વદેશી આંદોલનના જમાનામાં ઘણાયે ક્રાંતિકારી તરુણો આ પ્રકારની દલીલો કર્યા કરતા હતા. પોતાની પાસે એક એક ભગવદ્ગીતા રાખતા હતા અને કહેતા હતા, ' नार्यं हन्ति न हन्यते ' એ કોઇને મારતો નથી ને મરતોય નથી. સેનાપતિ પાંડુરંગ મહાદેવ બાપટ જેવા વિદ્વાન ક્રાંતિકારીએ ગાંધીને કહ્યું હતું કે તમારી અહિંસા Stupid Non-violence - મૂઢ અહિંસા છે. ત્યારે ગાંધીએ કહ્યું હતું : મારો સત્યાગ્રહ યથાર્થ સત્યાગ્રહ છે, કારણ કે એ અહિંસા આગ્રહરહિત સત્યાગ્રહ છે.

શું આ દેહને બચાવવાનો પ્રયત્ન કરવાથી તે કંઈ બચવાનો છે ખરો ? એ તો સ્મશાનમાં જવાનો જ છે. પરંતુ

આ તર્કની કંઈ પ્રતિષ્ઠા નથી. સાચી વાત તો એ છે કે આપણે આપણા તેમજ અન્યના દેહને અવધ્ય માનીએ છીએ. આપણે સેવા કરવા ઇચ્છીએ છીએ તે આ શરીરની જ કરવા ઇચ્છીએ છીએ ને? શાંતિ ચાહીએ છીએ તો તેય આ શરીરના સંરક્ષણ સારુ ને? આપણું બધુંય આયોજન આપણા તેમજ અન્યના શરીર-સંરક્ષણ સારુ જ છે. જ્યારે બીજાને માટે આપણા દેહનો ત્યાગ કરી નાખીએ છીએ, ત્યારે હુતાત્મા કહેવાઈએ છીએ. કારણ કે એ આપણો શરીર-યજ્ઞ છે. એટલા વાસ્તે જીવનની પવિત્રતાનું વ્યાવહારિક રૂપ એ હોઈ શકે કે આપણે મનુષ્યમાત્રના દેહને પવિત્ર માનીએ. એ માટે માત્ર સખ્ય પર્યાપ્ત નથી, પણ એમાં ભક્તિની ભાવના ભેળવી દેવાનું આવશ્યક છે.

આમાં એ વિચાર પણ અધ્યાહાર છે કે સ્ત્રી પોતાના દેહને સંપત્તિ ન માને. પુરુષ તો સ્ત્રીને પોતાની સંપત્તિ માને જ છે. પરંતુ સ્ત્રી પણ પોતાના શરીરને સંપત્તિ માને છે. આ બહુ વિચિત્ર પરિસ્થિતિ છે. કોઈ ડાકુ પુરુષને ઉપાડી જાય છે અને પછી એના બદલામાં ધન માગે છે. પણ સ્ત્રીને ઉપાડી જાય છે તો એનો બિલકુલ બીજો જ અર્થ થાય છે. એક સંપ્રદાયના લોકો બીજા સંપ્રદાયની સ્ત્રીઓને ઉપાડી જાય છે. દેવાંગનાઓનું રાક્ષસો અપહરણ કરે છે. આમ, સ્ત્રીનું શરીર ભોગ્ય છે, સંપત્તિ છે એ માન્યતા સમાજમાંથી નાબૂદ થવી જોઈએ. સાથે સાથે પુરુષના મનમાંથી એ ભાવના પણ નીકળી જવી જોઈએ કે નારી નરકનું દ્વાર છે અને એનો સ્પર્શ પુરુષની અધોગતિનું કારણ છે.

# ૧૧ માતાપિતાની સાંસ્કૃતિક ભૂમિકા

આપણી ભાષાઓમાં સ્ત્રી અને પુરુષનાં ન્યૂનાધિક મૂલ્ય અનુસાર કેટલાક શબ્દપ્રયોગો રૂઢ થઈ ગયા છે. કોઈ પુરુષનું ગૌરવ કરવું હોય તો, આપણે કહીએ છીએ કે આ ભાઈ અહીંના પ્રમુખ જાહેર કાર્યકર્તા છે, લોકનેતા છે, વિશ્વપુરુષ છે, prominent public man છે, એવું એવું કહીએ છીએ. પરંતુ કોઈ સ્ત્રીના વિશે કહેવું હોય તો એ રીતનો શબ્દપ્રયોગ કરી શકાતો નથી. સ્ત્રીને વિશે કોઈ એમ કહે કે તે prominent public woman—આગળ પડતાં સાર્વજનિક સ્ત્રી છે,—તો એ સ્ત્રી નિંદાસ્પદ ગણાશે. કારણ કે સાર્વજનિક સ્ત્રી, વિશ્વયોષિતા, નગરભવાની વગેરે ગણિકા-સૂચક શબ્દો છે. સાર્વજનિક જીવનમાં લોકનાયક થવું એ ગૌરવ છે. પરંતુ લોકનાયિકા થવું એ નિંદાસ્પદ છે. સ્ત્રીઓને જ્યારે મતાધિકાર મળ્યો ત્યારે સવાલ ઊભો થયો કે સંસદીય પરિભાષામાં જે પુરાણી સંજ્ઞાઓ છે, તેનું શું કરવું ? અંગ્રેજી શબ્દનો યોગ્ય અનુવાદ કરવો એ પણ અઘરો છે. Presidentનો અનુવાદ આપણે ‘ રાષ્ટ્રપતિ ’ કર્યો અને Speakerનો ‘ સભાપતિ ’ કર્યો. અંગ્રેજીમાં પ્રેસિડન્ટ અને સ્પીકર બન્ને શબ્દો ઉભય-લિંગી છે. પરંતુ આપણી ભાષાઓમાં તેના પર્યાયવાચી શબ્દો પુલ્લિંગ છે. એટલે કોઈ સ્ત્રી ‘ સ્પીકર ’ કે ‘ પ્રેસિડન્ટ ’ થાય તો એને ‘ સભાપત્ની ’ કે ‘ રાષ્ટ્રપત્ની ’ કહીને સંબોધવાનું આપત્તિજનક ગણાશે. પતિ શબ્દ બધે ગૌરવનો દ્યોતક છે—ગૃહપતિ, કુલપતિ વગેરે. પણ પત્ની શબ્દ કુટુંબ બહાર

અપમાનજનક છે તેટલા વાસ્તે સ્ત્રી કુટુંબની હશે, ધર્મપત્ની હશે, ગૃહપત્ની હશે, પણ સભાપત્ની, ગ્રામપત્ની કે રાષ્ટ્રપત્ની નહિ હોય. આ રૂઢિપ્રયોગો પાછળ હજારો વર્ષોના સંસ્કાર રહેલા છે અને એના કારણે સ્ત્રી-પુરુષ બન્નેનું ભિન્ન અને વિશિષ્ટ માનસ બની ગયું છે.

## ભીરુતા સ્ત્રીનું ભૂષણ !

આ સંસ્કારોને પરિણામે સ્ત્રી અને પુરુષના પરસ્પર અત્યંત વિરોધી ગુણો પણ શિષ્ટસંમત મનાય છે. પુરુષને માટે જે અવગુણ ગણાય છે તે સ્ત્રીનો ગુણ મનાય છે. ભીરુતા ને કાયરતા પુરુષનું દૂષણ છે, પરંતુ સ્ત્રીનું ભૂષણ છે. વાલ્મીકિ રામાયણ કે ઉત્તરરામચરિતમાં રામચંદ્રજી જ્યારે સીતાજીને બહુ પ્રેમપૂર્વક સંબોધન કરે છે, ત્યારે કહે છે : 'अयि भीरू !' હવે પુરુષને માટે આ વિશેષણ વાપરો તો તે એક ક્ષણ પણ સહી લેશે ? જ્યારે સ્ત્રી ભીરુતાને પોતાનો અલંકાર ગણે છે. દશરથજીએ રામ, લક્ષ્મણ તથા સીતાને પાછાં બોલાવવા માટે સુમંતજીને મોકલ્યા ત્યારે તેમણે શું કહ્યું હતું ?

'जब सिय कानन देखि डराही, कहहु सीख मोर अवसर पाई।'

'જંગલ જોઈને જ્યારે સીતા ડરવા લાગે, ત્યારે લાગ સાધીને મારો આ સંદેશો કહેજો.' હવે રામ-લક્ષ્મણ માટે નહિ, પણ સીતાજી માટે એમ કહ્યું એ ભિન્ન સંસ્કારોનું પરિણામ છે.

## સ્ત્રીજીવનનું તથ્ય : પુરુષ-પરાયણતા

એક બીજું પાસું જુઓ. માતૃત્વને આપણે સંસ્કૃતિનું ઉચ્ચતમ શિખર માનીએ છીએ. નિરપેક્ષ અને નિર્વ્યાજ

પ્રેમની ઉપમા માતૃત્વની અપાય છે. માતાનો પ્રેમ બાવન તોલા ને પા રતી પૂરો હોય છે. એમાં કંઈ ઘટ હોતી નથી. પણ તે શુદ્ધ પ્રેમ છે. માનો પ્રેમ અકારણ પણ ઊભરાય છે. એને નિમિત્ત કે કારણની જરૂર પડતી નથી. એ અર્થમાં પણ તે નિર્વ્યાજ—શુદ્ધ છે. જે માતૃત્વને આપણે માનવીય સંસ્કૃતિનો આધાર અને શિખર માન્યું, જેને આપણે પૂજ્ય ને પવિત્ર માન્યું, તે જ માતૃત્વ સ્ત્રીની વિવશતા, પરવશતા કે લાચારીનું કારણ પણ મનાયું. પરિણામ એ આવ્યું કે પુરુષ-પરાયણતા અને પતિ-પરાયણતા જ સ્ત્રી-જીવનનું વ્યાવહારિક તથ્ય બની ગયું.

દશરથજીની ત્રણે રાણીઓ જો સમાન રીતે આજ્ઞાંકિત હોત તો એમનું બહુ ગૌરવ થયું હોત. પણ કૈકેયીએ વરદાન માગ્યાં તેથી કહેવાયું કે તે દુષ્ટ સ્ત્રી છે, કુલટા છે, અકુલીન છે. લક્ષ્મણજીએ તો એક વાર પોતાના પિતા વિશે ત્યાં સુધી કહી નાખ્યું, 'તે હવે વૃદ્ધ થઈ ગયા છે. એટલે એમની બુદ્ધિ બગડી ગઈ છે. અને સ્ત્રીઓનું કહ્યું કરે છે, લંપટ છે.' જો સ્ત્રી પુરુષની વાત માને તો સમાજમાં એ આદરણીય સ્ત્રી ગણાય છે. પણ જો પુરુષ સ્ત્રીની વાત માને, તો તે લંપટ યા સ્ત્રૈણ મનાય છે.

શિવમહિમ્નસ્તોત્રમાં પરમ શિવભક્ત પુષ્પદંત પોતાના આરાધ્ય દેવને કહે છે: 'તમારા અર્ધા અંગમાં તમે માતા ભગવતીને સ્થાન આપ્યું છે તેથી ભગવતીને એવો ભ્રમ થઈ ગયો છે કે તમે સ્ત્રૈણ છો.' ભક્ત કહી રહ્યો છે કે પિતાજી, તમે અર્ધા અંગમાં માતાજીને રાખો છો, માટે માતાજી આપને લંપટ સમજે છે. શું થાય? સ્ત્રીઓ એવી જ મૂઢ હોય છે. 'बत वरदमुग्धा युवतयः' પત્નીનો પુરુષ પ્રત્યે જે

પ્રેમ હોય છે, તે ધર્મ ગણાય છે; પરંતુ પતિનો પત્ની પ્રત્યે જે પ્રેમ હોય છે, તેને 'કામ'નું નામ આપવામાં આવે છે.

### સ્ત્રીની ગૌણ ભૂમિકા

હવે ત્રીજું પાસું જોઈએ. સ્ત્રીની પેઠે પુરુષને પણ લગ્નની આવશ્યકતા પ્રતીત થાય છે. કામ-પ્રેરણા બન્નેમાં છે; પરંતુ સ્ત્રીને માત્ર શારીરિક આવશ્યકતાના કારણે જ પુરુષની જરૂર નથી પડતી, પરંતુ સંરક્ષણ માટે પણ રહે છે. તે એનો પાલક છે અને ભર્તા પણ છે. તે એનું પાલન અને પોષણ કરે છે. આ પાલન અને પોષણ એ મામૂલી ચીજ નથી. જે અર્થમાં રાજા રાણીનું, શેઠ શેઠાણીનું, પંડિત કે અમલદાર એની પત્નીનું પાલન કરે છે, તેવા અર્થમાં મજૂર મજૂરણનું પાલન કરતો નથી. આર્થિક દૃષ્ટિએ મજૂરની પત્ની પતિનિર્ભર નથી રહેતી, તોપણ એનો પતિ એનો સંરક્ષક હોય છે. જેમ આપણે આગળ જોઈ ગયા કે સ્ત્રીને માટે માતૃત્વ અનિવાર્ય ગણાય છે. પરંતુ એ અત્યંત ખેદ અને દુર્ભાગ્યની વાત છે કે એ જ માતૃત્વની આકાંક્ષાને કારણે તે પુરુષની સામે હાથ લંબાવનારી—અભ્યર્થિની બની ગઈ છે, એની આશ્રિત બની ગઈ છે. માતૃત્વ એ સમાજનું ગૌરવ છે, સભ્યતાનું પ્રતીક છે. માતૃત્વમાં ધન્યતા છે, સ્ત્રીના જીવનની પ્રસન્નતા છે; પરંતુ સ્ત્રીના જીવનમાં માતૃત્વ અનિવાર્ય માની લેવાય તો એ કેવળ પુરુષાધીન જ નહિ, પણ પુરુષપરાયણ બની જાય છે.

આ કારણે તો લગ્નનો પ્રસ્તાવ સ્ત્રી પક્ષે મુકાય છે. લગ્નની યાચના સ્ત્રી પક્ષ તરફથી થાય છે. શું પુરુષ વિવાહાકાંક્ષી નથી? એની પણ લગ્નની આવશ્યકતા છે અને આકાંક્ષા પણ છે. પરંતુ તે યાચક બનતો નથી, વિનંતી કરતો નથી,

લગ્ન સારુ એને હાથ લંબાવવાની જરૂર લાગતી નથી. સ્ત્રી માતૃત્વાકાંક્ષિણી—માતૃત્વની આકાંક્ષા રાખનારી છે. એટલા વાસ્તે તે યાચક બની ગઈ. જે ભીખ માગે છે તેને મનપસંદ ભીખ માગવાની આઝાદી નથી. They do not, cannot choose—ભિખારી પોતાની ઇચ્છા પ્રમાણેની ભીખ માગી શકતો નથી. પોતાને ગમતી ભિક્ષા તો તે જ માગી શકે છે, જે કહે છે કે તું મને ભિક્ષા આપશે તો તારું કલ્યાણ થશે. જે એમ કહી શકે તે જ અકડાઈથી ભિક્ષા માગી શકે. પણ સ્ત્રી એમ નથી કહી શકતી કે મારી સાથે લગ્ન કરવાથી, હે પુરુષ, તારું પણ ગૌરવ થવાનું છે.

તો હવે આપણી વિચારણાનો વિષય એ છે કે સ્ત્રીની ભૂમિકા ગૌણ શા માટે બની? માતૃત્વના કારણે તે ગૌણ બની? તે ગર્ભવતી થાય છે અને માતા બને છે, ત્યારે એને શારીરિક સહાયતાની આવશ્યકતા રહે છે તેટલા માટે? તેના દેહની રચના જ ભિન્ન પ્રકારની છે એટલા માટે? આ બે કારણ એવાં નથી કે જેના પરિણામે સભ્ય સમાજમાં સ્ત્રીનું સ્થાન ગૌણ થઈ જાય. મુખ્ય ભેદ એ છે કે પુરુષને માટે પિતૃત્વ અનિવાર્ય નથી મનાયું. પરંતુ સ્ત્રીને સારુ માતૃત્વ અનિવાર્ય ગણાય છે. શાસ્ત્રોએ એમ જરૂર કહ્યું છે કે જે વિવાહિત પુરુષને પુત્ર નથી થતો, તે નરકમાં જાય છે. પુત્રના બદલે પુત્રી જન્મે છે તો પણ એ પર્યાપ્ત નથી મનાતું. અને તેથી પુત્રપ્રાપ્તિ માટે તે બીજું ને ત્રીજું લગ્ન પણ કરી શકે છે. પરંતુ જે પુરુષ ગૃહસ્થ નથી બનતો, તે પિતૃત્વને નથી પામતો છતાંય અધિક દિવ્યલોકને પામે છે. આમ એક બાજુ જે પુરુષ પિતા નથી બનતો, તે બ્રહ્મચર્યના બળથી સીધો બ્રહ્મલોકમાં જાય છે. અને બીજી બાજુ જે

સ્ત્રી માતા નથી બનતી, તે વન્ધ્યા યા વાંઝણી—Spinster—સ્ત્રી નરકમાં જાય છે. આ પરિસ્થિતિ ચિંતનીય છે.

### શોકોનો ખાર

આનું એક બીજુંયે પરિણામ આવ્યું. પુત્રપ્રાપ્તિ માટે પુરુષ એક કરતાં વધારે પત્ની કરી શકે છે. પરિણામે પુરાણ-પ્રિય સમાજમાં બહુપત્નીત્વની પ્રથા પ્રચલિત થઈ ગઈ. કેટલીક કોમોમાં બહુપત્નીત્વની પ્રથા છે પરંતુ ત્યાં પણ એક જ સ્ત્રી અનેક પુરુષોની દાસી હોય છે, સ્વામિની નથી હોતી. બહુપતિત્વ અને બહુપત્નીત્વની પ્રથામાં આ મૂળભૂત અંતર છે. સભ્ય ગણાતા સમાજોમાં બહુપત્નીત્વની પ્રથા જ પ્રચલિત છે. જ્યારે બહુપતિત્વ અનાચાર મનાય છે. યજ્ઞમાં એક સ્તૂપ હોય છે. એમાં ઘણી દોરીઓ બાંધેલી હોય છે. સ્ત્રી-પુરુષ સંબંધ અંગે શ્રુતિમાં આ સ્તૂપનું ઉદાહરણ લેવામાં આવ્યું છે. એક થાંભલાને ઘણી બધી દોરીઓ બંધાયેલી હોઈ શકે. પરંતુ એક દોરીને ઘણા બધા થાંભલા નથી હોતા. એ રીતે એક પુરુષને અનેક શોક-પત્નીઓ હોઈ શકે છે, પણ એક સ્ત્રીને ઘણા-બધા સહપતિ ન હોઈ શકે. પુરુષોમાં પણ ઈર્ષા ને મત્સર તો હોય છે. પણ શોકોનો ખાર સમાજમાં જેટલો જાણીતો છે તેટલી પુરુષો વચ્ચેની ઈર્ષા જાણીતી નથી. કારણ કે સહપત્નીત્વની પ્રથા સભ્ય સમાજમાં પ્રચલિત છે. એક સ્ત્રી માતા નથી બની શકતી અને તેની શોક જો માતા બને છે, તેને બાળક થાય છે તો પેલી સ્ત્રી તેની ઈર્ષા કરે છે. શોકોનો ખાર અને સાવકી મા, સાવકો ભાઈ, સાવકી બહેન એ શબ્દો આપણી સાહિત્યિક તેમ જ લોક-ભાષામાં રૂઢ થયેલા છે અને તે એટલે સુધી કે આપણા ધાર્મિક

સાહિત્યમાં પણ ઠેરઠેર એનો ઉલ્લેખ જોવામાં આવે છે. ભગવતી પાર્વતીનાં ગુણગાન કરતાં કરતાં ભક્ત કહે છે :

त्वदीयं सौन्दर्यं निरतिशयमालोक्य परया
भियैवासीद् गंगा जलमयवपुः शैलतनये ।

હે શૈલતનયે ! તારું અતિશય સૌંદર્ય જોઈને ડરની મારી ગંગા પાણી-પાણી થઈ ગઈ. બળી-ઝળી ગંગાનું એ કરમાયેલું રૂપ જોઈને શિવજીને દયા આવી. એટલે તેમણે એને શિર પર સ્થાપી. ' प्रतिष्ठामातेने निजशिरसि वासेन गिरीशः । આ રીતે ભક્ત ગંગાનું વર્ણન કરે છે. ગંગાલહરીમાં જગન્નાથ પંડિત કહે છે કે પાર્વતીએ ખિજાઈને તને તમાચો ચોડી દીધો. એટલા વાસ્તે તારી આ લહેરો આટલી ઊંચી ઊઠી રહી છે બીજો ભક્ત કહે છે : ' ગંગે, તું અમારી માતા છે, વસુધા-શૃંગારહારાવલિ છે, સ્વર્ગારોહણ-વૈજયન્તી છે. પણ પાર્વતી તારી શોક છે—मातः शैलसुतासपत्नि, वसुधाशृंगारहारावलिः । '

આજે આપણી સમાજરચનામાં કેટલાંક ક્રાંતિકારી પરિવર્તન થયાં છે, તોપણ સ્ત્રીની મૂળ ભૂમિકામાં ઝાઝું પરિવર્તન નથી થયું. બે સ્ત્રીઓનો એક જ પતિ માટે પ્રેમ હોય છે, તો તે બંનેને માટે ગૌરવ અને પ્રતિષ્ઠાનો વિષય બને છે. પરંતુ પાછી એ બંને એકમેક માટે ઇર્ષ્યા અને મત્સરનો પણ વિષય બને છે. પુરુષ અને સ્ત્રીના પ્રેમમાં આ જે મૂળભૂત ભેદ માનવામાં આવ્યો છે, એના કારણે પતિના શબની સાથે જ ચિતામાં પોઢનારી સ્ત્રીઓ ધન્ય મનાઈ ગઈ અને સતીપદને પામી. પણ પત્નીની પાછળ મરનાર પુરુષ કંઈ સત્પુરુષ નથી કહેવાતો !

**ભ્રષ્ટાચારનાં સાધન : કાંચન, કામિની ને સત્તા**

સ્ત્રી પોતાના શરીરને જ ધન માનતી આવી છે. એટલા વાસ્તે તે ભ્રષ્ટાચારનું સાધન બની ગઈ. સમાજમાં કાંચન ને સત્તા ભ્રષ્ટાચારનાં સાધન ગણાય છે. ધનના લોભથી અને સત્તાના પ્રભાવથી માણસને ભ્રષ્ટ કરી શકાય છે. પરંતુ નીતિ-શાસ્ત્રકારોએ તે બેની સાથે સ્ત્રીની પણ ગણતરી કરી દીધી છે. કાંચનની જેમ કામિની પણ લાલચ બતાવવાનું સાધન મનાય છે. જેનું શરીર પણ ધન છે, તેને લોકો સ્વાભાવિક જ ભ્રષ્ટતાની મૂર્તિ માને! એટલે જ્યાં સુધી આ સંસ્કારો નિર્મૂળ નહિ થાય, ત્યાં સુધી કેવળ બાહ્ય ઉપચારોથી કંઈ નહિ વળે. કારણ કે બંધારણ અને કાયદા-કાનૂન અનુકૂળ પરિસ્થિતિ પેદા કરી શકે છે, પણ સમૂળી ક્રાંતિ કરી શકતા નથી. આજે કોઈ પણ સ્ત્રી વડાપ્રધાનની કે રાષ્ટ્રપતિની ખુરસી પર જરૂર બેસી શકે છે, પણ ત્યાં બેસીનેય જો તે પોતાના દેહ વિશે નિરંતર આશંક રહે તો એનું શરીર અપહરણનો વિષય બની રહેશે. એમ તો વડાપ્રધાન માટે પણ અંગરક્ષકો હશે. છતાં સ્ત્રીને માટે ભિન્ન પ્રકારના સંરક્ષણની જરૂર પડે છે.

આજકાલ સ્ત્રીઓ યુદ્ધમાં સૈનિક તરીકે કામ કરે છે. પરંતુ યુદ્ધના મોરચે ગુપ્તચર કે જાસૂસ તરીકે સ્ત્રીનો જે રીતે ઉપયોગ કરવામાં આવે છે તે બહુ જ અપમાનકારક અને આક્ષેપજનક છે. દુશ્મનની છાવણીમાં જઈને બાતમી મેળવવા માટે ગુપ્તચર તરીકે સ્ત્રીઓનો ઉપયોગ કરવામાં આવે છે. ત્યાં જઈને તેઓ શત્રુ-પક્ષના આગેવાન પુરુષો પર પોતાના રૂપની મોહિની નાખે છે, એમને વશ કરી લે છે. અને એમની છાવણીનાં રહસ્ય જાણી લે છે. જૂના

વખતથી રાજાઓએ સ્ત્રીનો આ રીતે ઉપયોગ કર્યો છે. તે એટલે સુધી કે દેવોના રાજા ઇંદ્રે પણ તપસ્વીઓને તપોભ્રષ્ટ કરવા માટે રંભા, મેનકા, ઉર્વશી વગેરે અપ્સરાઓનો ઉપયોગ કર્યો છે. દેશભક્તોને, વીરપુરુષોને પોતાના વ્રતથી વિચલિત કરવા માટે સત્તાલોલુપ રાજકર્તાઓએ પણ એ જ રીતે સ્ત્રીઓનો ઉપયોગ કર્યો છે. આ કલંકનો ડાઘ સ્ત્રીઓએ ધોઇ નાખવો જોઈએ.

માતાને નાતે જે સ્ત્રીનું શરીર પરમ પવિત્ર છે, તે જ સ્ત્રીનો દેહ નારીને નાતે વ્યાપારનો વિષય છે, ભ્રષ્ટાચારનું સાધન છે. એક જુવાન છોકરો કોઈ ભ્રષ્ટ અમલદાર પાસે નોકરી માગવા જાય છે, તો તે અફસર તેની પાસેથી પૈસાની લાંચ માગે છે. પણ જો કોઈ તરુણી જાય તો તે પૈસાની રુશવત નથી માગતો પણ એનો દેહ માગે છે. સ્ત્રીનું શરીર પોતે જ એક બહુ મોટી લાંચ સમાન મનાય છે. એ રીતે પૈસાને માટે પણ સ્ત્રીને પોતાનો દેહ વેચવો પડે છે. પુરુષને પોતાના પરિશ્રમનું મૂલ્ય મળે છે. પણ સ્ત્રી તો દેહ અને રૂપની પણ કિંમત પામે છે. એ રીતે જે સ્ત્રી માતા છે, તે જ સ્ત્રીનું અન્ય સ્વરૂપ એ ગણિકા છે અને વેશ્યા પણ છે. દુનિયામાં પુરુષોનાં વેશ્યાલય નથી, પણ સ્ત્રીઓના વેશ્યાવાડા છે. જે પુરુષોના વેશ્યાવાડા છે, તે પણ વેપાર તો સ્ત્રીઓના દેહનો જ કરે છે. એટલે વેશ્યાગૃહની સમસ્યા વાસ્તવમાં સ્ત્રીઓની સમસ્યા છે. તેથી એનો ઉકેલ પુરુષો નહિ કરી શકે. જેણે પોતાના શરીરને ધન માન્યું, તે નિકૃષ્ટ રૂપમાં શરીરનિષ્ઠ બની જાય છે. એથી તો સ્ત્રી શરીરનિષ્ઠ બની ગઈ છે. જે જેટલો અધિક શરીરનિષ્ઠ હશે તેટલો જ નિર્બળ હશે. એ તો સ્પષ્ટ વાત છે કે જે જાનની

બાજી ખેલવા તૈયાર નથી, તે સૈનિક થઇ શકે નહિ. જે સ્ત્રી પુત્ર અને પતિ માટે જાન કુરબાન કરી દે છે, સતીત્વ-માટે પ્રાણ ન્યોછાવર કરી દે છે, તે જ સ્ત્રી પોતાને પુરુષ-રક્ષિત માને છે! અને રક્ષણા-કાંક્ષિણી બની જાય છે! આ મિથ્યા વિરોધ જ એની પરાધીનતાના મૂળમાં છે. એ જ એને પરવશ બનાવે છે. યુદ્ધમાં મૃત્યુની સમીપ સિપાઈ જેટલો પહોંચે છે, તેટલી જ કદાચ સ્ત્રી પ્રસૂતિના સમયે મૃત્યુ સમીપ પહોંચે છે. પરંતુ પ્રસવ-કાળની વીરતા પ્રાકૃતિક લાચારીમાંથી પેદા થઈ છે, જ્યારે સૈનિકની વીરતા સ્વેચ્છાપ્રેરિત છે. આ સ્વેચ્છાપ્રેરિત વીરતા સ્ત્રીના જીવનમાં જાગ્રત થવી જોઈએ.

### સ્ત્રીના કૌમાર્ય અને વૈધવ્યમાં વિવશતા

એ તો નિર્વિવાદ છે કે સમાજની ૯૦ ટકા કરતાં વધારે સ્ત્રીઓ માતાઓ બનશે. અને સેંકડે ૯૫થી વધારે પુરુષો પિતા બનશે. તોપણ સ્ત્રીની પ્રતિષ્ઠા વધારવા માટે સમાજમાં બ્રહ્મચર્યનો સંકેત પ્રસ્તુત કરવો પડશે. બ્રહ્મચર્યનો જે મહિમા પુરુષના જીવનમાં છે તે જ સ્ત્રીના જીવનમાં હોવો જોઈએ. જે સ્ત્રી માતા નહિ બને, પણ બ્રહ્મચારિણી રહેશે, તેને એટલી જ શ્રેષ્ઠ માનવામાં આવે, જેટલો એક બ્રહ્મચારી મનાય છે. સમાજમાં અવિવાહિત સ્ત્રીનું તે જ સ્થાન હોય, જે એક અવિવાહિત પુરુષનું હોય છે. બ્રહ્મચારી અને અવિવાહિત પુરુષ વચ્ચે જે ભેદ છે, તે તો આપ જાણો છો.

પરંતુ આજે અવિવાહિત સ્ત્રી અને અવિવાહિત પુરુષ પ્રત્યેની સમાજની દૃષ્ટિ અલગ અલગ છે. તેનું શું કારણ છે? કોઈ અવિવાહિત તરુણીને પૂછશો કે 'તું કેમ કુંવારી રહી?' તો એનું હૃદય કહેશે: 'એટલા વાસ્તે કે લગ્ન જ

થઈ શક્યાં નહિ.' આ વિવશતાને કારણે; આ લાચારીના કારણે તેના ચિત્તમાં કમજોરી પેદા થાય છે, કારણ કે ત્યાં આત્મનિર્ણય નથી. પણ પુરુષને પૂછશો કે 'કુંવારો કેમ રહ્યો?' તો કહેશે કે 'લગ્ન કરવાનું ઉચિત લાગતું ન હતું.' એણે કંઈ બ્રહ્મચર્યનું વ્રત તો નથી લીધું. તો પણ એના અવિવાહિત રહેવામાં સ્વનિર્ણય છે. પુરુષનું બ્રહ્મચર્ય અને સંન્યાસ બંને સ્વેચ્છાપ્રેરિત છે. સ્ત્રીને માટે કૌમાર્ય અને વૈધવ્ય બંનેમાં વિવશતા—લાચારી છે. પતિના મૃત્યુ પછી સ્ત્રી વિધવા—વિગતધવા થઈ જાય છે. આના કરતાં મોટું દુર્ભાગ્ય બીજું એને માટે હોઈ શકતું નથી. જ્યારે પત્નીના મૃત્યુ પછી પુરુષ વિધુર થાય છે એનું એને દુઃખ તો થાય છે, શોક પણ થાય છે. પરંતુ તે હવે ધુરા–ધૂંસરી-માંથી મુક્ત થઈ ગયો. અત્યાર સુધી એ બંધાયેલો હતો. હવે તે મુક્ત થઈ ગયો. તુકારામ કહે છે: 'સ્ત્રી મરી ગઈ, તો સારું થયું. અત્યાર સુધી એ પ્રપંચ હતો, ખટપટ હતી. હવે છુટકારો થયો.' દેશભક્તોની પ્રશંસા કરતાં લોકો કહે છે: 'એ બહુ મોટા ત્યાગી છે. એમણે સ્ત્રી ને ઘરબાર બધાંનો મોહ છોડી દીધો.' પરંતુ કોઈ સ્ત્રી ઘર ને પતિનો ત્યાગ કરે તો એ દુરાચારિણી મનાય છે. પુરુષ સંન્યાસી થાય છે તો સમાજમાં એની આબરૂ, મહત્ત્વ ને યોગ્યતા વધી જાય છે. પણ જો સ્ત્રી વિધવા થાય છે, તો તે ધાર્મિક અને સામાજિક વ્યવહારમાં અપ્રતિષ્ઠિત મનાય છે. વૈધવ્ય એને સારુ દુર્ભાગ્ય ગણાય છે. જોકે વૈધવ્ય એ એના હાથની વાત નથી, પણ જ્યાં લાચારી છે ત્યાં ઇજ્જત ને કદર કેમ હોઈ શકે?

માનવીય જીવનની વિશેષતા પુરુષાર્થમાં છે. પુરુષાર્થ એ એવી વસ્તુ છે જેને મનુષ્ય પોતાના પરાક્રમથી પ્રાપ્ત

કરી શકે છે. અર્થાત્ જે ચીજ મનુષ્યના કાબૂમાં છે, જેમાં તે પોતાનું કૌશલ્ય બતાવી શકે છે, જે ચીજ નૈસર્ગિક કે પ્રાકૃતિક હોય છે, એમાં મનુષ્યનો પુરુષાર્થ પ્રાકૃતિક અવસ્થાને બદલવામાં પ્રકટ થાય છે. નૈસર્ગિક પ્રવૃત્તિઓ તે જરૂર ઘડાડી-વધારી શકે છે. ભૂખ, તરસ, કામવાસના વગેરે બધી જ કુદરતી 'પ્રેરણાઓ માટે આ નિયમ લાગુ પડે છે.

### ઇન્દ્ર અને વૃત્રાસુર

આપણી પૌરાણિક આખ્યાયિકાઓમાં એક બહુ મજાનો કિસ્સો છે. ઇન્દ્રે વૃત્રાસુરનો વધ કર્યો. વૃત્રાસુર બ્રાહ્મણ હતો. આ એક મઝાની વાત છે કે મોટા ભાગના રાક્ષસો કાં તો બ્રાહ્મણોના કે તપસ્વીઓના પુત્ર હતા, નહિ તો પછી પતિત ભગવદ્ભક્ત હતા. રાવણ પુલસ્ત્યમુનિનો દીકરો હતો. અને કેટલાક અવતારોને તો રાક્ષસ સાથે સગપણ હતું. શ્રીકૃષ્ણનો મામો કંસ હતો. પરમ ભગવદ્ભક્ત પ્રહ્લાદનો પિતા રાક્ષસ હતો. હા, તો વૃત્રાસુર બ્રાહ્મણ હતા. એટલે એનો વધ કરવાથી ઇન્દ્રને બ્રહ્મહત્યાનું પાપ લાગ્યું. ત્યારે ઇન્દ્ર સ્ત્રીઓને શરણે ગયો અને કહેવા લાગ્યો: 'તમે માતાઓ છો. તમારું મન બહુ કોમળ હોય છે. મારા પર દયા કરો અને મારું પાપ લઈ લો.' સ્ત્રીઓએ કહ્યું: 'ઠીક છે. તારું પાપ અમે ઓઢી લઈએ છીએ. દર મહિને ત્રણ દિવસ એ અમારા શરીરમાં પ્રગટ થતું રહેશે.' ઇન્દ્રે પ્રસન્ન થઈને કહ્યું: 'આના બદલામાં હું તમને વરદાન આપું છું કે ગર્ભ-ધારણ કર્યા પછી પણ તમારી કામવાસના ક્ષીણ નહિ થાય.' આ જાતની આખ્યાયિકાઓ જ્યારે શ્રુતિમાં આવે છે, ત્યારે લોકો એને લિંગ યા સંકેત કહે છે

અને એના આધાર પર ધર્મશાસ્ત્રોના નિયમ ઘડે છે. વેદમાં જે પરોક્ષ સંકેત હોય છે, એનું જ નામ લિંગ.

### માનવજીવનનું વરદાન : બુદ્ધિમત્તા

આ આખ્યાયિકામાં એ ગર્ભિત સંકેત છે કે નૈસર્ગિક પ્રેરણાઓ અંગે પણ મનુષ્ય સ્વતંત્ર છે. એને પુરુષવાદ કે પરમ સ્વાતંત્ર્ય કહે છે. એને સારુ આ જ આનંદનો આધાર છે. માતૃત્વ-પિતૃત્વ, ભ્રાતૃત્વ-ભગિનીત્વ એ બધા નૈસર્ગિક સંબંધો છે, પણ પશુ એ બધા સંબંધો વીસરી જાય છે; જ્યારે મનુષ્ય એને પોષે છે. એટલા વાસ્તે તે આ બધાં સગપણ સમાજવ્યાપી બનાવી શક્યો છે. આ એની બુદ્ધિનું પરિણામ છે. મનુષ્યની બુદ્ધિ એના જીવનનું શ્રેષ્ઠતમ વરદાન છે.

### ઉપાસનાનું સ્વરૂપ

કૌટુંબિક સંબંધો જ્યારે વ્યાપક બને છે, ત્યારે એમાં ક્રાંતિકારી પરિવર્તન થઇ જાય છે. ગામના બધા લોકોની જે માતા છે, તે કોઈની પત્ની નથી. જેમ રાષ્ટ્રપિતા સૌના પિતા છે, એટલે કોઈના પતિ નથી. આ સામાજિક સંબંધ ગણાય છે. એની સાધના સમાજજીવનમાં કરવાની હોય છે. આ બધા સંકેતની ઉપાસના એ શિક્ષણની પ્રક્રિયાનું એક અંગ છે. જે વસ્તુ જેવી નથી, તેવી ભાવના એ વસ્તુમાં કરવી તેનું નામ ઉપાસના છે. એક વસ્તુમાં અન્ય વસ્તુની ભાવનાનો અભ્યાસ તે ઉપાસના. પથ્થર દેવ નથી. પણ આપણે એમાં દેવની ભાવના કરીએ છીએ. આપણી જનેતા વિના બીજી કોઈ સ્ત્રી આપણી માતા નથી. પણ એમાં આપણે માતૃત્વની ભાવના કરીએ છીએ એ અભ્યાસ છે, તે જ ઉપાસના છે.

વિનોબાના જીવનનો એક પ્રસંગ છે. એમના ઘરમાં એક છોકરો ભણતો હતો, જે એમનો સગો ભાઈ ન હતો. પણ વિનોબાનાં બા એને પંડના દીકરાની પેઠે રાખતાં હતાં. પોતાના બેટાને તે વાસી રોટલી ખવડાવે ખરી, પણ પેલાને કોઈ દિવસ વાસી ન ખવડાવે. એમને કોઈએ પૂછ્યું કે 'પોતાના દીકરાને વાસી રોટલી ખવડાવો છો, તો પછી પેલાને કેમ નહિ ? એને પણ તમે તો પંડનો દીકરો જ માનો છો ને ? છતાં એને વાસી રોટલી નથી આપતાં, તો પછી પંડના છોકરાઓને કેમ આપો છો ?' ત્યારે તેમણે જવાબમાં કહ્યું : 'મારા દીકરા તો મારા છે જ, એમને "મારા દીકરા" કહેવાની જરૂર પડતી નથી. એમને વાસી રોટલી ખવડાવું તો પણ એમાં મારો પ્રેમ જ પ્રગટ થશે. પરંતુ પેલાને તો "મારો દીકરો" માનવાનો છે. એટલા વાસ્તે એની સાથેના વ્યવહારમાં કંઈક વિશેષતા હશે.' આનું નામ સાધના યા ઉપાસના. આ સાધનાનો પરિપાક જ્યારે સ્થિર વૃત્તિમાં થઈ જાય છે, ત્યારે તે નિષ્ઠા બની જાય છે. પછી સાધનાની જરૂર પડતી નથી. જે મારો તનય યા તનયા નથી છતાં તેને વિશે જ્યારે મારે, પુત્ર યા પુત્રીની ભાવના કરવી પડતી નથી, ત્યારે તે એની મેળે જ મારો દીકરો કે દીકરી બની જાય છે.

## વિશ્વમાનવીની ભૂમિકા

સામાજિક વ્યાપક માતૃત્વ માટે પણ આ જ નિયમ લાગુ પડે છે. કોઈ પણ ઘેર જઈને નાના છોકરાને પૂછજો કે ઘરમાં કોણ કોણ છે ? તો તે એના બધાં સગાંવહાલાંને ગણાવશે, જેમાં એનાં મા અને બાપ પણ હશે. પછી એને પૂછો કે બા બાપુજીની શું સગી થાય ? તો તે જવાબ

આપશે કે, બા સૌ કોઈની બા છે, બાપુજીની પણ તે બા છે. બાપુજી સૌના બાપુજી છે, બાના પણ બાપુજી જ થાય. આ પતિત્વ-નિરપેક્ષ માતૃત્વ અને પત્નીત્વ-નિરપેક્ષ પિતૃત્વ એ અદ્‌ભુત સામાજિક મૂલ્ય છે. ભગવાન સૌનો પિતા છે અને ભગવતી સૌની માતા છે. જે સ્ત્રી સહુ કોઈની માતા બની ગઈ, એનો પછી કોઈ પતિ રહ્યો નહિ. જે પુરુષ સૌનો પિતા બની ગયો, એની પછી કોઈ પત્ની રહી નહિ. આનું નામ વાનપ્રસ્થ-સ્થિતિ છે. આ અવસ્થામાં પછી પતિ-પત્ની ભાવનો લોપ થઈ જાય છે. એના આગળની અવસ્થા છે વિશ્વમાનવની, જેને સંન્યાસ કહે છે, જેમાં બધાં સગપણ ને સંબંધો એકાકાર થઈ જાય છે. હવે તે વિશ્વ-મિત્ર બની જાય છે, ત્યાં બીજાં બધાં સગપણનો ઉપસંહાર થાય છે. ઉપસંહારનો અર્થ છે સમાહાર—એકત્રીકરણ, સામ્યીકરણ.

## પતિ-પત્નીત્વ ભાવનાનો પરિત્યાગ

સ્ત્રી કરતાં પુરુષ માટે આ સાધનાની વિશેષ આવશ્યકતા છે. સાધારણ રીતે આપણા સમાજમાં હજુ સુધી એવી માન્યતા છે કે અમુક અવસ્થા પછી સ્ત્રી લગ્ન-લાયક રહેતી નથી ત્યારે તેનું માતૃત્વ જ શેષ રહી જાય છે. આ પરિસ્થિતિમાં અત્યારે કંઈક અનુચિત પરિવર્તન થઈ રહ્યું છે ખરું. અત્યારે ક્યારેક ક્યારેક ૫૯—૬૦ની ઉંમરે પણ સ્ત્રીઓ લગ્ન કરી નાખે છે. તેમ છતાં એવું અપવાદરૂપ થાય છે. પરંતુ પુરુષ તો ગમે તે ઉંમરે લગ્ન કરી શકે છે. અને તેને હંમેશાં લગ્નનો ઉમેદવાર માનવામાં આવે છે. આ માન્યતામાં આમૂલ પરિવર્તન કરવાની આવશ્યકતા છે. તરુણ સ્ત્રી, પ્રૌઢ કુમારિકા ને વિધવા સમાજમાં ત્યારે જ સુરક્ષિત રહી શકશે,

જ્યારે એવાં કેટલાંક વયોવૃદ્ધ સ્ત્રી-પુરુષો નીકળશે કે જેમણે પતિત્વ અને પત્નીત્વની ભાવનાનો સંકલ્પપૂર્વક પરિત્યાગ કર્યો હોય.

હવે જેમના જીવનનું પરિશિષ્ટ માતૃત્વ અને પિતૃત્વ જ રહ્યું છે, એવાં સ્ત્રી-પુરુષ જ સામાજિક પવિત્રતાને સાચવી શકશે; સામાજિક પવિત્રતાનાં યથાર્થ અભિભાવક તેઓ હશે. આ કામ રાજ્ય-વ્યવસ્થા, નીતિના ઉપદેશકો કે ધર્મના પ્રહરીઓ નહિ કરી શકે. એટલું જ નહિ જે લોકો કેવળ પોતાના વ્યક્તિગત ઉદ્ધાર સારુ વાનપ્રસ્થ-આશ્રમ યા તો સંન્યાસ-આશ્રમનો સ્વીકાર કરે છે, તેઓ પણ માતૃત્વ અને પિતૃત્વનું સામાજિક મૂલ્ય નહિ સ્થાપી શકે.

## સમાજમાં કૌટુંબિક સંબંધોનો અંતર્ભાવ

સાર્વજનિક હેસિયત માટે આજે પણ અમુક હદ સુધી આ ચીજ લાગુ પડે છે. ધારો કે એક સ્ત્રી કૉર્પોરેશનની અધ્યક્ષ છે અને એનો પતિ કૉર્પોરેશનમાં નોકરી કરે છે, તે સ્ત્રી પોતાની ખુરસી પર બેસે છે ત્યારે એ પોતાના પતિની પણ મેયર જ છે. અથવા ધારો કે સ્ત્રી છાત્રાલયની મેટ્રન છે અને તેનો પતિ એ જ સંસ્થાનો મંત્રી છે. તો જ્યાં સુધી તે એ સંસ્થામાં છે, ત્યાં સુધી પોતાના પતિની પણ તે મેટ્રન જ છે. સાર્વજનિક પદની આ મર્યાદા છે.

એ રીતે જ્યારે માતૃત્વ અને પિતૃત્વ સાર્વજનિક થઈ જાય છે, ત્યારે એમાં કૌટુંબિક મર્યાદાઓ વિલીન થઈ જાય છે. જો પુરુષની પત્ની પાર્લમેન્ટની સ્પીકર હોય અને પતિ પાર્લમેન્ટનો સભ્ય હોય તો તે એને સ્પીકર મહોદયા જ

કહેશે. કારણ પાર્લમેન્ટ એક સંસ્થા છે, પરંતુ સમાજ તો સમુદ્ર સમાન છે. એમાં સૌનો સમાવેશ થાય છે. એમાં બધી કૌટુંબિક વાતોનો અંતર્ભાવ થઈ જાય છે—તે બધી એમાં સમાઈ જાય છે.

કુટુંબમાં રહેવા છતાંય આ સાધના કરી શકાય છે. મારી પત્ની મારી પત્ની નથી, મણ મારાં બાળકોની માતા છે. મારી મા મારા પિતાની પત્ની નથી, પણ મારી માતા છે. આ રીતે કુટુંબમાં માતૃત્વ ને પિતૃત્વની ભાવનાઓ પ્રસ્થાપિત થઈ જાય છે.

વાલ્મીકિ રામાયણમાં એક પ્રસંગ આવે છે. આ દૃષ્ટિએ જોતાં તે પ્રસંગ સંસ્મરણીય છે. રાજા દશરથ જ્યારે કૈકેયી પર ખિજાઈ ગયા, ત્યારે ક્રોધના આવેશમાં સમસ્ત સ્ત્રી-જાતિને ધિક્કારવા લાગ્યા—'હું મૂર્ખ છું, જેથી કરીને મેં સ્ત્રીનો ભરોસો કર્યો, સ્ત્રીઓ વિશ્વાસપાત્ર નથી. 'अनित्यहृदया हि ताः' તે ચંચળ-ચિત્તની હોય છે. શેકસપિયરના નાટકમાં હેમલેટ એની મા પર નારાજ થાય છે, ત્યારે ગુસ્સામાં આવીને કહે છે: 'ચંચળતા તારું નામ સ્ત્રી છે—Frailty, thy name is woman.' પરંતુ એ જ દશરથ રાજા જ્યારે કૌશલ્યાનાં ગુણગાન કરે છે, ત્યારે શું કહે છે? 'આ કૌશલ્યા સખીની જેમ, ભાર્યાની જેમ, બહેનની જેમ અને માતાની જેમ મારી પાસે નિત્ય તત્પર રહે છે.' પોતાની ધર્મપત્નીની પ્રશંસામાં એક એક સોપાન, એક એક પગથિયું તે ચડતો જાય છે. કૌશલ્યાને સખી કહે છે, ભાર્યા કહે છે અને અંતે 'भगिनीवत् मातृवच्चैव उपतिष्ठति' કહે છે. આ રીતે જે ઉદાત્ત ભાવનાઓનો કુટુંબમાં વિકાસ થાય છે, તેમને સાર્વજનિક બનાવવામાં સરળતા થાય છે.

જો સ્રી શારીરિકતાથી ઉપર ઊઠીને માનવતાની દિશામાં ઉન્નતિ કરે તો એની શક્તિનો એ આધાર બની રહે છે. કેટલાક લોકો આ ચીજને આધ્યાત્મિકતા કહે છે. વિનોબા એને બ્રહ્મ-વિદ્યા કહે છે. એ શબ્દ ભારેખમ છે. એનો ભાર કદાચ આપણે ન વહી શકીએ. પરંતુ એ શબ્દનો જે આશય છે, તેને સ્રીએ અંગીકાર કરવો પડશે. આ આધ્યાત્મિકતા યા બ્રહ્મ-વિદ્યા જેટલી પુરુષને માટે આવશ્યક છે, તેનાથી કેટલીય વધારે આવશ્યક સ્રીને સારુ છે. એક દૃષ્ટાંત લઈએ. એક બાજુ ગાંધી ઊભા છે ને બીજી બાજુ ગામા પહેલવાન. બંનેની સ્પર્ધા થવાની છે. ગાંધી પાસે એવી કોઈ શારીરિક તાકાત નથી, જેનાથી તે ગામાનો મુકાબલો કરી શકે. પણ આપણે જોયું કે દુનિયાએ ગાંધીને ગામા કરતાં ઘણા ઊંચા માન્યા છે. કિંગકોંગ કરતાં જવાહરલાલ કે વિનોબા વધારે તાકાતવાન છે. એ તાકાત શારીરિક નથી એ કહેવાની જરૂર ન હોય. શારીરિક શક્તિ સિવાય જે બીજી શક્તિ છે, તે જેટલી પુરુષને સારુ સુલભ છે, તેટલી જ સ્રીને માટે પણ છે. જ્યારે સ્રીના જીવનમાં શારીરિકતા ગૌણ થઈ જશે ત્યારે તે પોતે ઊંચે ઊઠશે અને પુરુષને પણ ઊંચે ઉઠાવશે. આજે તો એ પોતાને રૂપધન સમજે છે. આ સંસ્કારો એણે છોડવા જોઈશે.

## સ્રી-પુરુષ પરસ્પરાવલંબી

સ્રીના જીવનમાં જ્યારે બ્રહ્મચર્યની પ્રતિષ્ઠા સ્થપાશે, ત્યારે માતૃત્વ એની લાચારીનું કારણ નહિ બને પણ એનો વિશેષ અધિકાર બનશે. સમાજને સારુ માતૃત્વ એની વિશિષ્ટ સેવા ગણાશે. એટલું જ નહિ માતૃત્વના કારણે એની આત્મનિર્ભરતાને ક્ષતિ નહિ પહોંચે. એમ તો

સમાજમાં કોઇ વ્યક્તિ સ્વાવલંબી નથી હોતી. સહુ કોઈ પરસ્પરાવલંબી હોય છે. કોઈ માણસ ગમે તેટલો મોટો કેમ ન હોય, છતાં તે પોતાના ભરોસે જીવી શકતો નથી. એ રીતે સ્ત્રી-પુરુષ બંને પરસ્પરાવલંબી હશે ને બેઉનું સ્થાન સરખું હશે. એમની સરખી પ્રતિષ્ઠા હશે. આજે સ્ત્રીના જીવનમાં જેટલી માતૃત્વની પ્રતિષ્ઠા છે, તેટલી જ જે દિવસે બ્રહ્મચર્ય ને સંન્યાસની થશે, તે દિવસે માતૃત્વ ને પિતૃત્વની સાંસ્કૃતિક ભૂમિકા સમાન બનશે. એ માટે આવશ્યકતા છે સ્ત્રીઓના અભિક્રમની.

## ૧૨. સ્ત્રી-પુરુષની સમાનતા

આપણે આગળ જોઈ ગયા કે કુટુંબમાં જે આંતરિક સંબંધો હોય છે, તે સાપેક્ષ હોય છે. એકની જે માતા હોય છે, તે બીજા કોઈની ભાભી હોય છે અને બીજા કોઈની પત્ની હોય છે. એક જણની જે દીકરી છે, તે બીજાની માતા છે. અને ત્રીજાની કાકી છે, તો બીજા કોઈની માસી છે. પરંતુ એ જ સ્ત્રી જ્યારે સાર્વજનિક મા, માસી કે ફોઈ બની જાય છે, ત્યારે એ સંબંધમાં નિરપેક્ષતા આવી જાય છે. આવી જે માસી છે, તે સહુ કોઈની માસી છે, અને જે કાકી છે તે સહુ કોઈની કાકી છે. કાકા કાલેલકર સહુ કોઈના કાકા છે. મામા ફડકે સહુના મામા છે. મહારાષ્ટ્રમાં ગણેશ વ્યંકટ જોશી નામના એક સજ્જન થઈ ગયા. એમનું નામ જ સાર્વજનિક કાકા થઈ ગયું હતું. જેમ ઈશ્વર આપણા સૌનો પિતા અને માતા બંને છે. એટલે કે એનું માતૃત્વ પિતૃત્વથી સંપન્ન થયું છે અને એનું પિતૃત્વ માતૃત્વથી સમૃદ્ધ થયું છે. એ રીતે જ્યારે કૌટુંબિક સંબંધો ઉદાત્ત સાર્વજનિક રૂપમાં પરિણમે છે, ત્યારે એમાં નિરપેક્ષતા અને સમગ્રતા આવી જાય છે.

### શિવની વિભૂતિ

આપણા દેશમાં શિવની વિભૂતિ અદ્વિતીય છે, એટલું જ નહિ અત્યંત લોકપ્રિય પણ છે. આ દેશના કેટલાયે કવિઓને, વિચારકો અને સાહિત્યકારોને એણે મુગ્ધ કરી દીધા છે.

ભગિની નિવેદિતા, ડૉ. સંપૂર્ણાનંદજી, રામમનોહર લોહિયા વગેરેને શિવજી માટે ઘણું આકર્ષણ છે. આપણા દેશમાં શિવાલયોની સંખ્યા પણ ઘણી છે. શિવની વિભૂતિમાં કેટલીયે વિશેષતાઓ છે. તે સ્મશાનમાં રહે છે એટલે મૃત્યુના વાતાવરણમાંય તે જીવનની પ્રસન્નતા પ્રસરાવે છે. વેશ પણ એમનો વિચિત્ર છે. નરમુંડની માળા પહેરે છે, હાથી ને સિંહનું ચામડું ધારણ કરે છે, ચંદનના લેપને બદલે ચિતાની ભસ્મ ચોળે છે અને એમના ગણોમાં કોણ છે? જે કાણાં છે, કૂબડાં છે, ખોડખાંપણવાળાં છે, અપંગ છે, લૂલાં છે, લંગડાં છે, કદરૂપાં છે, મૂર્ખ ને જડ છે, પરિત્યક્ત છે, સમાજબાહ્ય છે,—તે બધાંય એમના ગણોમાં સામેલ છે. એમની જાનના જાનૈયા છે. કેવી ભવ્ય વિભૂતિ છે!

अमंगल्यं शीलं तव भवतु नामैवमखिलं
तथापि स्मर्तॄणां वरद परमं मंगलमसि ॥

### સમગ્ર માનવનાં લક્ષણ

શિવજીની વિભૂતિમાં બીજી એક અસામાન્ય વિશેષતા એ છે કે તે અર્ધનારીશ્વર છે. જે પુરુષની વિભૂતિમાં સ્ત્રી-તત્ત્વ હશે અને સ્ત્રીની વિભૂતિમાં પુરુષ-તત્ત્વ હશે—તેવું જે મનુષ્યનું વ્યક્તિત્વ સમન્વિત હશે તે જ મનુષ્યનું વ્યક્તિત્વ સંપૂર્ણ હશે. જે મનુષ્ય સ્ત્રી-પુરુષ એ બેઉના સત્ત્વથી સંપન્ન હશે, તે જ સમગ્ર માનવ હશે. રામચંદ્રજીના વ્યક્તિત્વમાં એ સુભગતા છે, શોભનીયતા ને કોમળતા છે, જે સ્ત્રીના ગુણો મનાય છે. શ્રીકૃષ્ણના વ્યક્તિત્વમાં એવી સુંદરતા અને શોભનીયતા છે, જે સ્ત્રીના અલંકાર ગણાય છે. આ જ સંસ્કૃતિનું લક્ષણ છે. શિવજી અર્ધનારીશ્વર છે. એમની જે મૂર્તિઓ ઘડાઈ છે તેમાં અર્ધું અંગ પુરુષનું ને અર્ધું સ્ત્રીનું

બતાવાયું છે. પરંતુ આ તો કેવળ સ્થૂળ સંકેત છે. એનો મર્મ તો એ કરતાં ઘણો ઊંડો છે. મનુબહેન ગાંધીએ એક પુસ્તક લખ્યું છે, જેનું નામ છે—'બાપુ મારી મા.' એક વખત 'ભૂદાનયજ્ઞ'માં એક લેખ છપાયો હતો—'મા વિનોબા.' એટલે કે એ એવા પિતા છે, જેમનામાં માતાનું વાત્સલ્ય છે. કેવી માતા? તો કહે કે પોતાનો સમસ્ત જીવનરસ એનાં સંતાનોને દેવા નિરંતર ઉત્સુક રહે છે, એવી માતાનું વાત્સલ્ય એમનામાં છે. આ છે સ્ત્રી-પુરુષ બેઉની વિશિષ્ટ વિભૂતિઓનો સંગમ.

**બાળકનું પોષણ, રક્ષણ ને શિક્ષણ માતા પર નિર્ભર**

મનુષ્યના ભરણ-પોષણની અનેક યોજનાઓ ને વ્યવસ્થાઓ હોય છે. પરંતુ એ બધી પાછળની છે. સૌથી પ્રાથમિક ને તેમ છતાં સંપૂર્ણ પોષણની યોજના માના દૂધમાં છે. આ માતૃત્વનું એક અત્યંત વિચારણીય પાસું છે. માતા પોતાના જીવનનું સત્ત્વ, પોતાના વ્યક્તિત્વનો બધો રસ બાળકને આપી દે છે. જેમ વૈદ્ય અનેક વનસ્પતિઓનું સત્ત્વ કાઢીને આપણને પૌષ્ટિક ઔષધ આપે છે; તેમ માતા પોતાના પ્રાણનું સત્ત્વ બાળકને પિવડાવે છે. માતાનું દૂધ એ મનુષ્યનું પહેલું પોષણ છે. માની ગોદ એ એનું પહેલું આશ્રય-સ્થાન છે. ઠંડી ને ગરમીમાં રક્ષણ કરનાર પહેલું કોઈ આવરણ હોય તો એ છે માતાનો પાલવ. અન્ન, આચ્છાદન ને આશ્રય સૌથી પહેલાં માતા આપે છે. જે અવસ્થામાં મનુષ્ય આ ત્રણે ચીજો પોતાને માટે સંપાદન કરી શકે તેમ નથી, ત્યારે માતા તે પૂરી પાડે છે. વિદ્યાનું વર્ણન કરતાં કવિએ સાચું જ કહ્યું છે: 'मातेव रक्षति...' માતા પોષણ ને રક્ષણ બેઉ કરે છે ને સાથે સાથે શિક્ષણ પણ આપે છે.

વિનોબા ઘણી વાર કહે છે કે માતૃશક્તિનો વિકાસ થવો જોઈએ. એટલે એનો શો અર્થ ? શું આજે એક સ્ત્રીને જેટલાં સંતાન હોય છે; તેનાથી વધારે હોવાં જોઈએ ? શું સ્ત્રી અષ્ટપુત્રા બને તેમાં માતૃશક્તિનો વિકાસ છે ? માતૃશક્તિનો અર્થ છે—સ્ત્રીના જીવનમાં બ્રહ્મચર્યની પ્રતિષ્ઠા વધવી જોઈએ. પત્નીત્વની ભાવનામાં બ્રહ્મચર્યના વિકાસને માટે ઓછો અવકાશ રહે છે. જ્યારે માતૃત્વની ભાવના બ્રહ્મચર્ય માટે અધિક અનુકૂળ છે. મહાપુરુષોના જીવન પર માતાનો પ્રભાવ પડેલો દેખાય છે. આપણે કહીએ છીએ કે માના દૂધમાંથી એમને આ સંસ્કાર મળ્યા છે. કહે છે કે શિવાજીએ માના દૂધની સાથે સાથે વીર-વૃત્તિનું પાન કર્યું હતું.

### શિવ-પાર્વતી એકમેકમાં ઓતપ્રોત

આજે સ્ત્રી એના જીવનની ઘણી બધી બાબતોમાં પુરુષાશ્રિત છે. તેમ છતાં આપણે જોયું કે પ્રત્યેક સ્ત્રી-પુરુષનાં પ્રાથમિક સંરક્ષણ, પોષણ તથા શિક્ષણની જવાબદારી માતાના સ્વરૂપે એક સ્ત્રી જ વહે છે. સ્ત્રી ઘરની અન્નપૂર્ણા છે. અન્નપૂર્ણા સદાપૂર્ણા ગણાય છે. જેમ શિવજીની વિભૂતિ અદ્ભુત છે તેમ ભવાનીની વિભૂતિ પણ અદ્ભુત છે. તે કાલી-કરાલી* છે, શિવા છે, દુર્ગા છે, અન્નપૂર્ણા છે, અંબિકા છે અને વળી ભદ્રા પણ છે. ચંડિકાના રૂપમાં એ શિવજીને પણ પગ તળે કચરી નાખે છે. ને રુદ્રાણીના રૂપમાં દશપ્રહરણ ધારિણી છે, સતીના સ્વરૂપમાં એ પ્રખર તપસ્યાની પ્રતિમા છે અને ચતુર તો એટલી છે કે રામચંદ્રજીની પરીક્ષા કરવા

* કાલી-કરાલી=ભયાનક, વિકરાળ કાળકા માતા;
શિવા=કલ્યાણકારી પાર્વતી; દુર્ગા=કિલ્લાની જેમ રક્ષણ કરનાર;
અન્નપૂર્ણા=પોષણ કરનારી; ભદ્રા=કલ્યાણ કરનારી.

માટે એ સીતાનું સ્વરૂપ પણ લઈ લે છે. તો વળી ક્યારેક ભીલડી બનીને શિવજીને રીઝવે છે. લક્ષ્મીને આપણે હમેશાં વિષ્ણુનાં ચરણોમાં વિરાજેલાં જોઈએ છીએ. પણ આ ગૌરી તો ભરી સભામાંય શંકરના ખોળામાં બેઠેલી જણાય છે. દંતકથાઓમાં એ જ્યારે મહાદેવજી સાથે સહેલગાહે નીકળે છે ત્યારે દીનદુખિયાંને જોઈ એમનાં સંકટ હરવાની પતિને ફરજ પાડે છે. અવકાશને વખતે સોગટાબાજીમાં ભોળા શંકરને હરાવી પણ દે છે. આ રીતે વિવિધ રંગે રંગાયેલી પાર્વતીની વિભૂતિ પણ અત્યંત રમણીય છે. આ શિવ ને પાર્વતી બંને એકમેકમાં ઓતપ્રોત છે. બંનેની વિભૂતિઓ એકબીજાની સાથે એકરસ થઈ છે. કાલિદાસે કહ્યું છે: 'वागर्थाविव संपृक्तौ ।' જેમ શબ્દ ને એનો અર્થ એકમેકથી અભિન્ન છે તેમ પાર્વતી ને પરમેશ્વર એકમેકથી અભિન્ન છે. શબ્દ ને અર્થ બંને સંપૂર્ણ છે અને છતાં બંને એકરૂપ છે. અર્ધો શબ્દ અને અર્ધો અર્થ એ કંઈ ભાષાનું સ્વરૂપ નથી. એ જ રીતે 'ભવ' અને 'ભવાની'ના વિશિષ્ટ ગુણોના સમુચ્ચયથી સંપૂર્ણ માનવ-સમન્વિત માનવીય વિભૂતિ બને છે. તે દિવસે કાકાસાહેબે કહ્યું હતું કે આધુનિક મનુષ્યમાં બ્રાહ્મણ-ક્ષત્રિય-વૈશ્ય-શૂદ્ર સૌના ગુણ એકત્રિત થવા જોઈએ. એટલે કે બુદ્ધિ-વૈભવ અને શ્રમ-કુશળતા એક જ વ્યક્તિમાં હોવાં જોઈશે. દિલ, દિમાગ ને હાથ એ ત્રણેનો વિકાસ જે વ્યક્તિમાં થાય છે, એનું વ્યક્તિત્વ સમગ્ર છે, સમન્વિત છે, અંગ્રેજીમાં જેને Integrated Personality કહે છે.

### માતૃમુખી પુત્ર અને પિતૃમુખી કન્યા

જ્યારે આપણે એમ કહીએ છીએ કે પુરુષમાં સ્ત્રીના ગુણ હોવા જોઈએ અને સ્ત્રીમાં પુરુષના ગુણ હોવા જોઈએ, ત્યારે

પૌરુષાભિમાની પુરુષોને અને સ્ત્રીત્વાભિમાની સ્ત્રીઓને આ વાત કંઈક ખટકે છે. પરંતુ એ સમજી લેવાની જરૂર છે કે સ્ત્રીત્વ અને સ્ત્રૈણતામાં ભેદ છે. અંગ્રેજીમાં બે શબ્દો છે : Feminine અને Effeminate. Feminineનો અર્થ થાય છે સ્ત્રી વડે સમ્પન્ન થયેલું અને Effeminate એટલે સ્ત્રૈણ. આપણે એમ નથી કહેતા કે પુરુષમાં સ્ત્રૈણતા હશે. તે She man હશે. સ્ત્રૈણ-પુરુષ એને કહે છે, જેનામાં પુરુષના ગુણ તો નથી હોતા, પણ સ્ત્રીની ભીરુતા વગેરે દોષો હોય છે. એ રીતે એમ કોઈ નથી કહેતું કે સ્ત્રીએ He woman બનવું જોઈએ. પુરુષી-સ્ત્રી એને કહે છે, જેનામાં સ્ત્રીની શાલીનતા, શોભનીયતા ને કોમળતા નથી હોતી, પરંતુ પુરુષોની કઠોરતા અને ઉદ્દંડતા હોય છે. આ બંને—સ્ત્રી તેમ જ પુરુષની વિભૂતિની વિકૃતિઓ છે. એ એમની યથાર્થ પ્રતિમા નથી પણ વ્યંગ-ચિત્ર છે. પરમેશ્વરને આપણે માતા કહીએ છીએ તો એથી કંઈ એનું અપમાન થઈ જતું નથી. એ રીતે જ્યારે એમ કહીએ છીએ કે શિવાજીમાં એની માતાના ગુણો આવ્યા તો એ કંઈ એમનો ઉપાલંભ નથી, પણ પ્રશંસા જ છે. માતૃમુખી પુત્ર અને પિતૃમુખી કન્યાને લોકો ભાગ્યશાળી માને છે. એમાં એ સંકેત સમાયેલો છે કે બાપના ગુણ દીકરામાં આવે અને માના ગુણ પુત્રમાં આવે, તો બંનેમાં સંપૂર્ણ માનવતાનાં લક્ષણ આવી જાય. કેવળ પુરુષના ગુણ પુરુષમાં અને સ્ત્રીના ગુણ સ્ત્રીમાં આવે તો પછી માતાપિતાની —બંનેની આવશ્યકતા જ ન રહેત. પુરુષોના કેવળ પિતા જ હોત અને સ્ત્રીઓની માત્ર માતાઓ જ હોત. પરંતુ વસ્તુસ્થિતિ એ છે કે દરેક વ્યક્તિને માતા ને પિતા બંને હોય છે. એટલા વાસ્તે માતાપિતા બેઉના

ગુણ પ્રત્યેક પુત્રમાં અને પુત્રીમાં વત્તેઓછે અંશે ઊતરે જ છે અને આ સંતાનનું અહોભાગ્ય છે.

### સંપૂર્ણ નારીનરેશ્વર

પુરુષનો ગુણ કંઈ પુરુષતા નથી, પણ પૌરુષ છે. Mannishness નહિ પણ Manliness છે. પુરુષમાં પણ કોમળતા હોવી જોઈએ, એનામાં રુક્ષતા હોય એ કંઈ જરૂરી નથી. રામ ને લક્ષ્મણ પણ સીતાની પેઠે સલોણા સુકુમાર હતા. શ્રીકૃષ્ણ કામદેવ જેવા સ્વરૂપવાન હતા. પુરુષનો ચહેરો બિહામણો જ હોવો જોઈએ એ જરૂરી નથી. ડરામણો ચહેરો એ કંઈ પૌરુષનું લક્ષણ નથી. જવાહરલાલજીનો ચહેરો મોહક છે, એમનું મુખ જોઈ કોઈ ડરતું નથી. રામ ને કૃષ્ણ જેવા અવતારોનું રૂપ નયનાભિરામ છે. એ શું પૌરુષના અભાવનું લક્ષણ છે? મોટા ભાગના આપણા દેવોના મોઢે મૂછો નથી હોતી. એટલું જ નહિ એમનું રૂપ પણ કદાચ સ્ત્રીના રૂપ જેવું સુંદર હોય છે. કહેવાનો આશય એ કે દરેક વ્યક્તિમાં સ્ત્રી-પુરુષનો અંશ હોવો જોઈએ એ વાતનો તો આમાં ઈશારો નહિ હોય? પણ તેથી પુરુષે કંઈ નકલી સ્ત્રી બનવાનું નથી. તેમ સ્ત્રીએ પુરુષની કાર્બન-કૉપી બનવાની જરૂર નથી. એણે Amazon—રણચંડી—બનવાની વાત નથી. તેમ તે કોઈ પુરુષની સેકંડહૅન્ડ કૉપી બને તે પણ જરૂરી નથી. નકલી સ્ત્રી-પુરુષો તો નાટકમાં ચાલે—જીવનમાં નહિ. પણ સ્ત્રીમાં જ્યારે સ્ત્રીના ગુણોનો વિકાસ થાય છે, ત્યારે પુરુષના ગુણોના સંયોગથી એનું વ્યક્તિત્વ સંપન્ન થાય છે. એ જ રીતે પુરુષમાં જ્યારે પુરુષના ગુણોનો વિકાસ થાય છે, ત્યારે સ્ત્રીના ગુણોના સંયોગથી એનું વ્યક્તિત્વ સંપન્ન થાય છે. આવી સંયુક્ત વિભૂતિ એ ન તો અર્ધનારીશ્વર છે કે ન

તો અર્ધનરેશ્વર છે. પણ તે સંપૂર્ણ નારીનરેશ્વર છે અને એ જ સ્ત્રી-પુરુષ-સમાનતાનું પ્રતીક છે.

આધુનિક જમાનાની સ્ત્રીમાં આની બહુ મોટી ઊણપ છે. વાસ્તવમાં તો એનામાં આધુનિકતા જ નથી. આપણા ઉપલા વર્ગની અને મધ્યમ વર્ગની મોટા ભાગની સ્ત્રીઓ નાજુકતા ને નજાકતતાની પૂતળીઓ છે. જાણે Plastic Mannequin ન હોય ! Mannequin એ માનવાકારના પૂતળાં હોય છે, જે દરજી કે કાપડિયાની દુકાનમાં સજાવીને રાખેલાં હોય છે, એ પ્લાસ્ટિકનાં બનાવેલાં હોય છે. એને ચાહો તેમ વાળી શકો. આધુનિક નારીમાં સંયમ ને દૃઢતા બહુ ઓછાં છે, પ્રસાધન ને પ્રદર્શનપ્રિયતા અધિક છે. પોતાના શરીરને એ એવી રીતે સજે છે, સજાવે છે અને એવું પ્રદર્શન કરે છે કે જેથી તે બીજાઓને માટે લોભ ને ઈર્ષ્યાનું કારણ બને! તો પછી એ ભ્રષ્ટાચારનું સાધન બની જાય એમાં શું આશ્ચર્ય છે? સ્ત્રીનું રૂપ ભલે સુંદર હોય, એનું શરીર સ્વસ્થ ને સુઘડ ભલે હોય, પણ અંગ્રેજીમાં જેને Blue Stocking કહે છે, તેવી શ્રૃંગારપ્રિય નટી તે ન બનવી જોઈએ.

### વિરૂપતા ને સાદાઈમાં અંતર

વિરૂપતા એ કંઈ સાદાઈ નથી, પહેલાંના જમાનામાં વિધવાઓને વિરૂપ કરી દેતા હતા, જેથી કરીને તેને જોતાં કોઇ પુરુષનો જીવ લલચાઈ ન જાય! એનું માથું બોડું કરીને તેનાં ઘરેણાં તથા સારાં સારાં કપડાં પણ ઉતારી લેતા હતા. તે રંગીન તેમ જ સફેદ કપડાં પણ પહેરી શકતી ન હતી. કારણ, બહુ સફેદ કપડાં પણ રંગીન જ મનાતાં હતાં. વિધવા-નાં વસ્ત્રો મલિન હોવાં જોઈએ ને મુખ મ્લાન રહેવું જોઈએ.

આ પણ ભ્રષ્ટાચારનું એક પાસું છે. સામાજિક પવિત્રતા જાળવવા માટે કોઈ માનવીય વ્યક્તિને રૂપહીન બનાવાય, તે ભ્રષ્ટતા જ નહિ પણ બર્બરતા છે, જંગલિયત છે. આમ, વિદ્રૂપતા એ અલગ ચીજ છે ને સાદાઇ બિલકુલ અલગ ચીજ છે. સાદાઈમાં સુંદરતા હોય છે, જ્યારે શ્રૃંગારમાં સુરૂપતા નહિ પણ અભદ્રતા હોય છે. કોઈ સ્ત્રી જો પોતાના શરીરને એવી રીતે સજાવે કે જેથી પુરુષને આકર્ષણ થાય અને અન્ય સ્ત્રીઓને મત્સર-ઈર્ષ્યા થાય તો પેલી સ્ત્રીમાં સભ્યતાય નથી કે સુંદરતાય નથી, એમ માનવું જોઈએ. આવું રૂપ સજીને તો એક રીતે તે વારાંગનાનું જ વર્તન કરે છે. જો સ્ત્રી પોતાના દેહને પ્રદર્શનનો વિષય બનાવશે, તો એનું સત્ત્વ ક્ષીણ થશે. એનો અર્થ એ નથી કે જે સ્ત્રી તપસ્વિની, બ્રહ્મચારિણી કે વિધવા હોય, તે પોતાના દેહને બને તેટલો અસુંદર બનાવે. તેમ કરવું જરૂરી પણ નથી. કારણ કે અસુંદર થઈને રહેવું તે પણ પ્રદર્શનનો જ એક પ્રકાર છે. ત્યાગી ને તપસ્વી પુરુષ એની સિકલ ને સ્વરૂપ એવાં કરી લે જેથી બીજું કોઈ એને જોવા જ ન ઇચ્છે— તે પણ જરૂરી નથી. એમાં જોકે ‘ उदरनिमित्तं बहुकृतवेशः ’ નથી, તોપણ સૂક્ષ્મ સ્વરૂપે પ્રદર્શન-પટુતા તો જરૂર છે. જો અન્યત્ર સુંદરતા એ ઈશ્વરનો ગુણ છે, તો સ્ત્રી-પુરુષમાં પણ સૌંદર્ય એ ગુણ જ છે. એ ઉપભોગ કે પ્રદર્શનનો વિષય બની શકે નહિ. સુંદરતા ભગવાનની વિભૂતિ છે. પુરુષની પરાક્રમશીલતા સ્ત્રીના જીવનમાં આવશે અને સ્ત્રીની સુલલિત મનોહર કલાત્મકતા પુરુષના જીવનમાં આવશે ત્યારે મનુષ્ય-જાતિમાં વિકસિત માનવતાનો અનુપમ વૈભવ દેખાશે અને તે સ્ત્રી-પુરુષની વાસ્તવિક સમાનતા હશે.

## બંધુ-ભગિનીત્વમાં સામાજિક વિભૂતિ

આપણી ભાષાઓમાં સ્ત્રી-પુરુષ બંનેને માટે જ્યારે સમાન શબ્દનો પ્રયોગ કરવો હોય છે ત્યારે મનુષ્ય કે માનવ શબ્દનો પ્રયોગ કરીએ છીએ, જેમ અંગ્રેજીમાં Man શબ્દનો પ્રયોગ કરીએ છીએ. પણ જ્યારે આપણે Man કહીએ છીએ ત્યારે એમાં Woman આવી જ જાય છે. Manhoodમાં Womanhood અંતર્ભૂત છે. તેમ છતાં એની પ્રતિક્રિયા રૂપે કેટલીક સ્ત્રીત્વવાદી વ્યક્તિઓએ 'Man'ની જગ્યાએ 'Woman' કહેવાનું શરૂ કર્યું. જ્યોર્જ બર્નાર્ડ શોએ 'Intelligent Man's Guide to Socialism' એવું પુસ્તકનું નામ રાખવાને બદલે 'Intelligent Woman's Guide to Socialism' રાખ્યું અને એ પુસ્તકમાં માનવીય પ્રાણી માટે બધે 'Man'ની જગ્યાએ 'Woman' અને 'He'ની જગ્યાએ 'She' લખ્યું છે. જોકે આ પ્રતિક્રિયા છે. 'Man'ની જગ્યાએ 'Woman' શબ્દ આવ્યો, પણ વસ્તુસ્થિતિ તો જેમની તેમ રહી. એમાં કંઈ પણ સુધારો થયો નહિ. એને બદલે સ્ત્રી-પુરુષ બેઉને સૂચવતો કોઈ સામાજિક શબ્દ બને તે આવશ્યક હતું.

એક વખતની વાત છે. જ્યારે મદનપલ્લીમાં થોડાક દિવસ હું ડૉક્ટર કજિન્સને ત્યાં રહ્યો હતો. ડૉક્ટર તેમ જ તેમનાં પત્ની માર્ગરેટ કજિન્સ બેઉ વૃદ્ધ હતાં. સહજ રીતે જ માર્ગરેટ કજિન્સ સાથે મારી કંઈક અધિક મૈત્રી થઈ ગઈ. તે માતા જેવાં હતાં. અને માતૃસુલભ વ્યવહાર પણ કરતાં હતાં. એક દિવસે ચર્ચા દરમિયાન મેં કહ્યું કે કદાચ આજના જમાનામાં માત્ર નાગરિકતા અને સાથીપણું પૂરતું નથી, Brotherhood (બંધુત્વ) પણ હોવું જોઈશે. ચર્ચામાં

મેં બે-ત્રણ વાર આ વાત કહી એટલે માર્ગરેટજીએ કહ્યું : ‘ તમે વારંવાર આ બંધુત્વ-બંધુત્વ શું કહ્યા કરો છો ? શું Brotherhood હોવું જોઈએ તો Sisterhood ન હોવું જોઈએ ? ’ ત્યારે મેં કહ્યું : ‘ બંધુત્વમાં ભગિનીત્વ આવી જ જાય છે. ’ તે કંઈક ઉત્તજિત થઈ ને બોલ્યાં : ‘ ના-ના, એમાં Sisterhood જોડવું જ જોઈએ. ’ તો મેં કહ્યું : ‘ દરેક વખતે Brotherhood and Sisterhood (બંધુત્વ ને ભગિનીત્વ) એમ કહીએ તો એ શબ્દ બહુ બેડોળ બની જશે. ત્યારે એમણે એક શબ્દ સુઝાડચો—Brosterhood. અર્થાત્ Brotherhood+Sisterhood યાને બંધુ-ભગિનીત્વ. આમ, એક બંધબેસતો યોગ્ય સામાસિક શબ્દ બની ગયો. મનુષ્યની આ સામાસિક વિભૂતિ તીર્થરૂપ બની જશે. આ તીર્થરૂપ પ્રયાગમાં સ્ત્રીત્વ ને પુરુષત્વનો સંગમ થશે.

પ્રતિક્રિયાજન્ય ભૂમિકા સ્ત્રી-પુરુષ બેઉને માટે અનર્થકારી છે. આપણે જોઈ ગયા કે સ્ત્રી-પુરુષ બંને Free છે, પરંતુ Independent નથી. સ્વતંત્ર છે, પરંતુ સ્વાવલંબી નથી. બંને બ્રહ્મચર્યનું પાલન કરી શકે છે. પરંતુ બંનેને માટે માતૃત્વ ને પિતૃત્વ પરસ્પર સાપેક્ષ છે. તેમ છતાં સ્ત્રીની પરવશતાનું સમર્થન એના માતૃત્વના પાયા પર કરવામાં આવે છે. અને એના સમર્થનમાં પ્રાણીશાસ્ત્ર તથા સમાજ-શાસ્ત્રનાં કેટલીયે જાતનાં પ્રમાણો રજૂ કરવામાં આવે છે. જોકે એ પ્રમાણો પોતે પર્યાપ્ત નથી. સમાચારપત્રોમાં ક્યારેક ક્યારેક એવા સમાચારો છપાય છે કે ગઈકાલ સુધી જે ‘ શ્યામલાલ ’ હતો. તે આજે ઓપરેશન કર્યા પછી એકાએક ‘ શ્યામા ’ બની ગયો. અને કાલ સુધી જે ‘ ભગવતી ’ હતી, તે એકાએક ‘ ભગવાન ’ બની ગઈ એનો અર્થ એ

છે કે સ્રીત્વ અને પુરુષત્વનાં જે મૂળ તત્ત્વો છે તે તો સ્રી-પુરુષ બેઉમાં વિદ્યમાન છે. પ્રત્યેક પુરુષના દેહ પર સ્રીત્વનાં કેટલાંક ચિહ્નો શેષ રહેલાં હોય છે. ઘરડેરાંઓ ઘણી વાર કહેતાં હોય છે કે બધાં પ્રાણીઓમાં માત્ર બે જ નર થયા : એક અર્જુન ને બીજો ઘોડો. કારણ પુરુષોને તેમ જ અન્ય પ્રાણીઓને સ્તન હોય છે. પણ તેમ છતાં પુરુષોમાં અર્જુનને તથા જાનવરોમાં ઘોડાને સ્તન નથી. શ્રી કિશોરલાલ-ભાઈનાં આ વિષયનાં કેટલાંક પુસ્તકો વાંચવા જેવાં છે. માનવના વિકાસક્રમમાં સ્રી ને પુરુષ યાને નર ને માદાને એકમેકથી અલગ—પૃથક્ કરતી પ્રક્રિયા કઈ રીતે ચાલી તેનું વર્ણન એમણે બહુ રોચક ભાષામાં કર્યું છે. આવું પૃથક્કરણ થયા પહેલાં એક જ પ્રાણીમાં માતૃત્વ ને પિતૃત્વના ગુણધર્મો હયાત હતા. આજની ઉત્ક્રાંતિ પામેલી સ્થિતિમાં પણ કોઈ નર એવો નથી, જેનામાં નારીત્વનાં ચિહ્નો શેષ ન હોય ! પરંતુ હવે આપણે કહીએ છીએ કે એ પુરુષમાં કેવળ સ્ત્રીનાં લક્ષણ જ નહિ, પણ સ્ત્રીનું સત્ત્વ હોવું જોઈએ. નેપોલિયન દુનિયાનો મશહૂર સેનાપતિ હતો. પરંતુ કહેવાય છે કે તેની સિકલ—સૂરત છોકરી જેવી હતી.

પ્રતિક્રિયાના એક બીજા પાસાનો પણ વિચાર કરવા જેવો છે. પુરુષોએ કહ્યું કે સ્ત્રીનું શરીર ગર્ભ-ધારણ કરવા માટે બનેલું છે. તેથી તે સ્વતંત્રતાને પાત્ર નથી. પરંતુ વાસ્તવમાં એમ હોવું જોઈએ કે સ્ત્રી માનવની જન્મદાતા છે, માટે સમાજમાં તેની અધિક પ્રતિષ્ઠા હોવી જોઈએ. એ એની ઊણપ નથી પણ વિશેષતા છે; દોષ નથી પણ ગુણ છે. એક નવા માનવને આ જગતમાં લાવવાની તથા એના પાલન-પોષણની જવાબદારી તેણે ઉપાડી છે. કદાચ એમ પણ હોય

કે પ્રકૃતિ પુરુષનો એટલો વિશ્વાસ નહિ કરી શકી હોય, જેથી સ્રીને આવું મહાન કામ સોંપીને પ્રકૃતિએ તેનામાં પોતાનો વિશ્વાસ પ્રકટ કર્યો હોય! અને એટલા વાસ્તે કદાચ એણે પુરુષના શરીરમાં નવજાત શિશુનું પોષણ થઈ શકે એટલું સત્ત્વ પણ નહિ રહેવા દીધું હોય!

### સ્રીત્વવાદી આંદોલન

પરંતુ જે થવું જોઈતું હતું, એનાથી વિપરીત જ થયું. માતૃત્વને કારણે સ્ત્રીની માનવતા વિકસિત થવાને બદલે ગૌણ મનાઈ. સ્વાભિમાની સ્ત્રીઓ પર આની ભયંકર પ્રતિક્રિયા થઈ. એણે કહ્યું : ઠીક છે, જો માતૃત્વ જ અમારી પરવશતાનું કારણ છે, તો અમે માતૃત્વનું રાજીનામું દેવા તૈયાર છીએ! તમને જો સંતાનની જરૂર નથી, તો અમે પણ અમારી આકાંક્ષાને તિલાંજલિ દઈ દેશું. તમારા સમાજમાં એ લોકોની પ્રતિષ્ઠા છે, જેઓ ઉત્પાદન કરે છે, જેઓ પેદા કરે છે. પણ શું એ બધાં સ્વાવલંબી હોય છે? કુંભારને ઘડો ઘડવાની કે માટલું બનાવવાની સ્વતંત્રતા છે, પણ તે શું માટી વિના કે ચાકડા સિવાય કંઈ પણ બનાવી શકશે? તમે કહો છો કે સમાજમાં ઉત્પાદકોની સત્તા રહેશે. પરંતુ જે નવીન માનવીય પ્રાણીને પેદા કરે છે, એક રીતે એ મૌલિક ઉત્પાદન કરે છે, એનો અધિકાર તમને મંજૂર નથી, તો લો, માતૃત્વનું આ રાજીનામું લઈ લો.

આ ભયંકર પ્રતિક્રિયા થઈ. અને પછી સ્ત્રીઓએ ઉત્પાદન તથા ઉપાર્જનના ક્ષેત્રમાં પુરુષો સામે સરસાઈ કરવા માંડી. શારીરિક શક્તિના ક્ષેત્રમાં પણ તેણે પ્રતિસ્પર્ધા શરૂ કરી દીધી. જે જે કામ પુરુષ કરી શકતો હતો, એ બધાં તે કરવા લાગી. આર્થિક ક્ષેત્રમાં તેણે પુરુષની બરાબરી કરવા માંડી.

તેણે કહ્યું : 'પ્રો. રામમૂર્તિ જો મોટર રોકી શકે છે ને ચલાવી શકે છે, તો પ્રો. તારાબાઈ પણ રોકી શકે છે ને ચલાવી શકે છે. પુરુષ બાબુગીરી કરી શકે છે, તો અમે પણ કરી શકીએ છીએ.' અને એવું તેણે કરી બતાવવા માંડ્યું.

સમાજે સ્ત્રી પ્રત્યે એક બીજો પણ અન્યાય કર્યો છે. પહેલાં પશુઓ તથા ગુલામોની માફક સ્ત્રીઓના કામનું પણ કંઈ મૂલ્ય ચૂકવવામાં આવતું ન હતું. એટલા વાસ્તે સ્ત્રીએ કહ્યું કે જો પુરુષ જે કામ કરે છે તેના દામ મળે છે, તો અમે પણ એ જ કામો કરીશું, જે પુરુષો કરે છે. જે કામ સ્ત્રીઓના માનવામાં આવ્યાં છે, તે હવે અમે નહિ કરીએ. આ રીતે ગુલામી પ્રથા નાબૂદ કરવામાં સ્ત્રીઓનો પણ બહુ ઉજ્જવળ હિસ્સો રહ્યો છે.

એ રીતે સ્ત્રીઓ માટે નાગરિકતાનું—મતદાનના અધિકારનું—આંદોલન શરૂ થયું. એને Suffragette Movement કહે છે. અત્યાર સુધી જે પ્રતિક્રિયાનો આપણે વિચાર કર્યો, તે પણ એ વ્યાપક આંદોલનનો એક હિસ્સો છે, જેને Feminist Movement યાને સ્ત્રીત્વવાદી આંદોલન કહે છે.

## ૧૩ સ્ત્રી-જીવનની ધન્યતા

સમાજનો આધાર સમાનતા છે. જ્યાં સમાનતા નથી, ત્યાં સમાજ રચાતો નથી. સ્ત્રી-પુરુષની બરોબરી જ તેમની સમાનતા યા સામ્યનો આધાર બની શકે છે. મનુષ્યને નાતે તેઓ સમાન છે, અને સ્ત્રી-પુરુષને નાતે બેઉ બરોબરિયાં છે. અર્થાત્ બંનેમાં કેટલાક સમાન ગુણો છે તો કેટલાક વિશેષ ગુણો છે. આ વિશેષતાઓ સ્વભાવને, પ્રકૃતિને કારણે પણ છે અને સંસ્કારને કારણે પણ છે. મતલબ કે સ્ત્રી-પુરુષમાં કેટલીક ખાસિયતો ને વિશેષતાઓ એવી છે, જે કુદરતી છે અને કેટલીક આદતના કારણે આવી ગઈ છે. આ જે સંસ્કાર-જન્ય વિશેષતાઓ છે, એમાંની કેટલીક એવી છે જેના કારણે સ્ત્રીનું મનુષ્યત્વ પણ ઊણું થઈ ગયું છે. તે પુરુષના જીવનનું એક ઉપકરણ-ઓજાર બની ગઇ છે. જ્યારે જાનવર ને ગુલામોની જેમ સ્ત્રીઓનું પણ વેચાણ થતું હતું, એ વાતને કંઈ બહુ વખત થયો નથી. એમનું મીના બજાર ભરાતું હતું. જોકે આજે પણ છાની-છપની રીતે સ્ત્રીઓનો અનૈતિક વેપાર ચાલે છે ખરો. ગુલામના શરીર ને શ્રમ બંને પર એના સ્વામીની સત્તા હોય છે, એનો અધિકાર હોય છે. ગુલામ પોતે પોતાનો નથી પણ બીજા કોઈનો છે. જે શક્તિશાળી સ્ત્રીઓએ ગુલામીની પ્રથાનો વિરોધ કર્યો, તેમાંની એકે કહ્યું છે : Slavery is not to belong to yourself, to be robbed of yourself'—ગુલામીનો અર્થ છે પોતાપણું ગુમાવવું, બીજાના ઇશારે જીવવું. આત્માને ખોવો એ

ગુલામી છે, જ્યાં સ્વત્વ નથી રહેતું, ત્યાં સત્ત્વ પણ નથી રહેતું. જે દહાડે સ્ત્રીનું સ્વત્વ ગયું, તે જ દિવસે એનું સત્ત્વ પણ ખોવાઈ ગયું એમ સમજવું.

### સ્ત્રી-જીવનની સમસ્યા

જો મારી ઈજ્જત મારા સાથીદારના ભરોસે છે, તો એ ઈજ્જત મારી નથી પણ સાથીદારની છે. જ્યાં સુધી તે મારા સાથે છે, ત્યાં સુધી મારી ઈજ્જત રહેશે. જે દહાડે તેની દાનત બદલાઈ ગઈ, તે દિવસે મારી આબરૂ પણ માટીમાં મળી જશે. ખબર નથી પણ સમાજના વિકાસ-ક્રમમાં ક્યારે એ અશુભ ઘડી આવી હશે, જ્યારે સ્ત્રીએ એવો નિર્ણય કર્યો કે એની પવિત્રતાનું સંરક્ષણ એ પોતે નહિ કરી શકે; કારણ કે પ્રકૃતિએ એને શરીર જ એવું આપ્યું છે, જેનું સંરક્ષણ અસંભવ છે. આને કુદરતની લીલા યા તો પ્રાકૃતિક ન્યાય કહે છે. જે તર્ક નૈસર્ગિક પરિસ્થિતિના આધાર પર કરવામાં આવે છે, તેને પ્રાકૃતિક તર્ક કહે છે. સ્ત્રીના દેહની રચના જ એવી છે કે એના ઉપયોગ સારુ એની સંમતિની આવશ્યકતા રહેતી નથી. જ્યારે એ બેહોશ હોય, ત્યારે પણ એના શરીરનો ઉપભોગ કરી શકાય છે. કુદરતે કેવળ આટલો જ અત્યાચાર નથી કર્યો, પણ એ શરીર-સંબંધનું તેને સ્થાયી પરિણામ પણ ભોગવવું પડે છે. એટલાથીય પ્રકૃતિને સંતોષ ન થયો, તે તેને ગર્ભ પણ રહી શકે એમ કર્યું. એટલા વાસ્તે આ સમસ્યા સ્ત્રી-જીવનની મૂળભૂત સમસ્યા બની ગઈ છે.

જ્યારે સ્ત્રીએ જોયું કે એની ઇજ્જત પોતાની મેળે તે નહિ સાચવી શકે, ત્યારે પોતાનું સર્વસ્વ તેણે પુરુષના હાથમાં સોંપી દીધું. લાચાર થઈને જે પોતાનું સત્ત્વ

બીજાના હાથમાં સોંપી દે છે, એનો આત્મા બેચેન થઈ જાય છે. એવા વ્યાકુળ આત્મામાં ન તો વિશ્વાસ હોય છે કે ન તો સામર્થ્ય. ગુલામ પણ પોતાની જાતને માલિકના ચરણોમાં અર્પણ કરી દે છે. પણ એથી નથી વધતો એનો આત્મવિશ્વાસ કે નથી વધતી શક્તિ. જો કે માલિક માટે એ પોતાનો જાન દેવા પણ તૈયાર રહે છે. એ રીતે સ્ત્રી પણ પતિ કે પુત્ર માટે પોતાનો પ્રાણ દેતાં અચકાતી નથી. પુરુષ પોતાના ધ્યેય કે કોઈ મહાન કાર્ય માટે જાનની બાજી લગાવી દેશે, પરંતુ તેનું બાળક ગંગાજીમાં પડી ગયું હશે ત્યારે તેને તરતાં આવડતું હશે તોપણ, કંઈ સમજ્યા-વિચાર્યા વિના તે તુરત કૂદી નહિ પડે. પરંતુ માતા કશોયે વિચાર કર્યા વિના તત્ક્ષણ નદીમાં કૂદી પડશે. ગાડીમાંથી બાળક પડી ગયું હોય તો બાપ સાંકળ ખેંચશે. પણ મા આકુળ-વ્યાકુળ થઈ ને એની પાછળ કૂદી પડશે. આટલી આત્મસમર્પણની શક્તિ જે સ્ત્રીમાં છે, તેનામાં નથી સ્વ-સંરક્ષણની ક્ષમતા કે નથી આત્મસંરક્ષણનો વિશ્વાસ. પોતાની પવિત્રતા જાળવવા એ આત્મસમર્પણ કરી દે છે. ને પરિણામે જે નિધિ (શિયળ) બચાવવો છે, એને જ તે બીજાના હાથમાં સોંપી દે છે; જેનાથી બચાવવો છે, તેના હાથમાં મૂકી દે છે. આને સ્ત્રી-જીવનની સમસ્યા કહે છે.

### પવિત્રતા અને આત્મબળમાં સ્ત્રી-શક્તિ

પ્રકૃતિવાળી આ દલીલને લાજવાબ માનવામાં આવે છે. એટલા વાસ્તે આ પ્રાકૃતિક ન્યાયનું થોડુંક વિશેષ વિશ્લેષણ કરવું જરૂરી છે. સ્ત્રી-પુરુષની ભિન્ન-ભિન્ન મર્યાદાઓ કુદરતી છે. પુરુષના દેહમાં અમર્યાદ કામશક્તિ નથી. કામવાસના એ એક ચીજ છે. કામ-શકિત બિલકુલ જુદી ચીજ છે ભોગની

ઇચ્છા એક જુદી ચીજ છે, જ્યારે ભોગની શક્તિ બીજી ચીજ છે. ઇચ્છા તો થાય છે, સો કટોરા ખીર પી જાઉં, પણ પીવાની શક્તિની હદ હોય છે. ખ્વાહેશ તો હોય છે, દુનિયાભરનાં ઉત્તમોત્તમ વાઘાં પહેરી લઉં, પણ શરીર એક જ છે. ચાહું તો છું કે ૨૦–૨૫ ઉત્તમ મોટરોમાં એકીસાથે બેસું, પણ શરીર એક જ છે. વાસનાની સીમા નથી, એ અસીમ છે, પણ સામર્થ્ય સીમિત છે, શક્તિની મર્યાદા છે. જોકે પુરુષ કરતાં સ્ત્રીમાં કામ-શક્તિ અધિક છે. અતિશય કામોપભોગથી પુરુષનું શરીર ક્ષીણ થતું જાય છે, સમ્યક્ ઉપભોગથી પણ એની શક્તિનો વ્યય થાય છે. જ્યારે સ્ત્રીની શક્તિનો વ્યય નથી થતો, પરંતુ એની વાસના પર મર્યાદા આવી જાય છે. કારણ એના શરીર પર વાસનાનું સ્થાયી પરિણામ આવે છે. તે માતા બની જાય છે. જેનો દેહ અક્ષત છે, અખંડિત છે, તે સ્ત્રી કુમારિકા ને બ્રહ્મચારિણી હોય છે. પરંતુ વિવાહિત સ્ત્રીનું શરીર અખંડિત નથી ગણાતું એ નૈસર્ગિક હકીકત છે. એનો ઇન્કાર કરી શકાય નહિ. પરંતુ બંને બાજુ મર્યાદાઓ છે. એક મર્યાદા પુરુષની છે, બીજી મર્યાદા સ્ત્રીની છે. સ્ત્રીને શારીરિક પરિણામોના રૂપમાં તેમ જ જવાબદારીના રૂપમાં પણ કામભોગની વિશેષ કિંમત ચૂકવવી પડે છે, પરંતુ એ જ વસ્તુ સંયમ ને પવિત્રતાની પ્રેરણાનો પ્રાકૃતિક આધાર થઈ જાય છે. આમ સ્ત્રીની શકિત એની પવિત્રતા અને આત્મબળમાં છે.

### આત્મહાનિના અંધારા કૂવામાં પતન

પરંતુ દુર્ભાગ્યવશ સ્ત્રીના મનમાં ભ્રમ પેદા થઈ ગયો, જાણે કોઈ કુટિલ ને સ્વાર્થી દેવે એની મતિ જ ફેરવી દીધી ન હોય! એની નૈસર્ગિક મર્યાદાઓ અને જવાબદારીઓથી

એ ગભરાઈ ગઈ ને ભયભીત થઈ ને એણે પુરુષનું શરણું સ્વીકારી લીધું. એને માટે પ્રકૃતિનું વાસ્તવમાં જે વરદાન હતું, એને એણે અભિશાપ માન્યો અને પરિણામે એનું જીવન પુરુષાંકિત બની ગયું. તે માનવા લાગી કે પુરુષ વિના એને આરો જ નથી. આમ, એક બાજુ એને લાગ્યું કે પુરુષ સિવાય તે રહી નહિ શકે અને બીજી બાજુ એના હૃદયમાં પુરુષનો ડર છવાયેલો હતો. એ તો નિશ્ચિત છે કે જેનાથી આપણે ડરીએ છીએ, તેના સાથમાં આપણે રહી શકતા નથી. ભયના પાયા પર સહજીવન સંભવી જ શકે નહિ. પુરુષથી સ્ત્રી ગભરાય છે, જ્યારે પુરુષ એમ માને છે કે એ મારો સહારો શોધી રહી છે, મારા વિના કોઈ એનો સંરક્ષક નથી. પેલો એના તોરમાં અકડાઈ રહ્યો છે, જ્યારે સ્ત્રી એની લાચારીમાં—વિવશતામાં સંકોચાઈ રહી છે. ને કવિ આનંદભેર ગાય છે :

'विनाश्रये न शोभन्ते पण्डिता वनिता लताः।'

તગડું ઝાડ ઊભું છે, સુકુમાર લતા એને લપેટાઈ જાય છે. આંધી ચડે છે. ઝાડ આંધીમાં પડવા માંડે છે. તો વળી લતા એને વધારે જકડાઈ ને લપેટાય છે. આ કંઇ લતાનો પ્રેમ નથી, પણ વિવશતા છે. બિચારા પંડિતોની વાત અહીં સત્ય ઠરે છે.

એમાંથી એક ભયંકર તથ્ય નિષ્પન્ન થાય છે. જે સ્ત્રી પોતાનું સત્ત્વ જાળવવા ચાહે, એણે કાં તો પુરુષનો આશ્રય લેવો પડે કાં તો પછી પોતાનું શરીર ભસ્મીભૂત કરવું પડે. જો સ્ત્રીને પોતાની ઇજ્જત બચાવવી હોય તો કાં તો કોઈ પુરુષના હાથમાં તે પોતાની જાતને સોંપી દે યા તો પછી બળીને ખાક થઈ જાય. આ બે જ માર્ગ તેની સામે રહે છે.

પરિણામે બીજા બધા પુરુષોથી બચવા સારુ તે એક પુરુષનો સહારો લે છે. અને સમાજના બહોળા ક્ષેત્રમાંથી હઠી જઈને ઘરની ચાર દીવાલોમાં પુરાઈ જાય છે. આ સ્ત્રી-જીવનની બીજી સમસ્યા છે. એક બાજુ એને એની પ્રતિષ્ઠાને, એની આત્મમર્યાદાને સુરક્ષિત રાખવા માટે શરીર-યજ્ઞ કરવો પડે છે અને બીજી બાજુ એ જ પ્રતિષ્ઠા જાળવવા માટે અન્યના હાથમાં પોતાનું સત્ત્વ સોંપી દેવું પડે છે. આ સમસ્યા વિકટ છે અને પરિસ્થિતિ અનુકંપનીય છે. અહીં એક બીજું અનર્થકારી તથ્ય નિષ્પન્ન થાય છે કે સ્ત્રીનું શરીર જ એનું સત્ત્વ છે. શરીર જ જેનું સત્ત્વ બની ગયું તેને વળી આત્મા ક્યાં રહ્યો? એટલા વાસ્તે સ્ત્રી આત્મહાનિના અંધારા કૂવામાં જઈ પડી છે.

### નૈતિક શક્તિથી સ્ત્રી સુરક્ષિત

આ સ્ત્રી-જીવનનો અંતિમ મોરચો છે. આ મોરચા પર જો એ એનું સત્ત્વ સંભાળી નહિ શકે, તો એના સારુ કોઈ આશા નથી. શું સ્ત્રી સ્વ-રક્ષિત ન રહી શકે? પુરુષ કહે છે, સુરક્ષિત રહી શકે ખરી, પણ સ્વરક્ષિત તો કદાપિ થઈ શકે નહિ. સમાજવાદ, સામ્યવાદ, વિજ્ઞાનવાદ ને ધર્મ આ પ્રશ્નનો જવાબ દઈ શકતા નથી. પણ અધ્યાત્મ એનો જવાબ આપે છે—સ્ત્રીના જીવનમાં જે દહાડે બ્રહ્મચર્યની પ્રતિષ્ઠા થશે, તે દિવસે એ શરીરને દોલત નહિ માને. એનું રૂપ એનું ભાગ્ય નહિ ઠરે. માતા આનંદમયી છે, હું નથી જાણતો કે એ સિદ્ધાવસ્થાને પામ્યાં છે કે નહિ. પરંતુ જ્યાં સુધી, કામવાસનાને લાગેવળગે છે ત્યાં સુધી, તેઓ બહુ શુદ્ધ છે. આનંદમયી મૈયા એવી માતા છે, જે કોઈની જનેતા નથી. એ રીતે જે નારી પોતાની પવિત્રતાને

જ પોતાનો નિધિ માનશે, તે ચાહે વિવાહિત હોય કે અવિવાહિત. પણ એનું સત્ત્વ હરી લેવાની શક્તિ કોઇ પણ પુરુષમાં નહિ હોય. મોટા ભાગના પુરુષો તો એને છેડવાની ઇચ્છા જ નહિ કરી શકે. એટલું જ નહિ મોટા ભાગના અધમ પુરુષો પણ એને સતાવવાની હિંમત નહિ કરે. વળી એવી સ્ત્રી બળાત્કારથી પણ ભ્રષ્ટ નહિ થાય. આવાં સમર્થ ઉદાહરણ બીજાં પણ છે. તે તમે શોધી લેજો. પોંડિચેરીનાં માતાજી તો સર્વવિદિત છે જ. અહીં બ્રહ્મચર્યનો આશય સંયમની વૃત્તિ એવો છે. વિવાહિત બ્રહ્મચર્ય પણ એમાં આવી જાય છે. જે સ્ત્રી પોતાના મનની માલિક છે, જેનો પોતાની વાણી પર કાબૂ છે, એનામાં નૈતિક શક્તિ જ એટલી પ્રબળ હશે કે તેના પર સંકટના પ્રસંગો જવલ્લે જ આવશે અને જો આવશે, તો તેનો સામનો એ એના નૈતિકબળના આધારે કરશે. નૈતિક-શક્તિ સામે શરીરબળ ટકી શકતું નથી. ગાંધીનું આત્મબળ શસ્ત્ર અને બાહુબળ કરતાં અધિક તેજસ્વી સિદ્ધ થયું છે.

હવે અહીં કદાચ તમે એવો સવાલ ઉઠાવશો કે પુરુષ તો કેવળ પુરુષના નાતેય સદા સુરક્ષિત છે. સંરક્ષણ સારુ ન તો એને નૈતિકતાની જરૂર છે કે ન તો પવિત્રતાની આવશ્યકતા છે. દુરાચારી, દુઃશીલ ને વ્યભિચારી પુરુષ પણ સ્વરક્ષિત છે. પરંતુ સ્ત્રી પાસે તમારી અપેક્ષા છે કે તે નૈતિકતા ને પવિત્રતાના ભરોસે જ સ્વરક્ષિત બનવાનો પ્રયત્ન કરે ?

આ સવાલ સ્વાભાવિક ને મૂલગામી છે. પરંતુ આપણે એ સમજવાની જરૂર છે કે જ્યાં એક પક્ષે શરીરબળ કે શારીરિક શ્રેષ્ઠતા ઊભી છે, ત્યાં બીજા પક્ષે કાં તો તેના કરતાં અધિક

સમર્થ શારીરિકતા કે શારીરિક શ્રેષ્ઠતા હોવી જોઈએ, અથવા પછી શરીરબળ કરતાં કોઈ બીજી ઊંચી શક્તિ હોવી જોઈએ. શારીરિક પાત્રતા તો સ્ત્રીમાં જ નહિ. એવી પરિસ્થિતિમાં નૈતિક બળ જ એનું એક માત્ર બળ હોઈ શકે. આ મૂલ્ય-પરિવર્તનનો સવાલ છે. એટલા વાસ્તે ક્રાંતિકારી સ્ત્રીઓએ એમના નૈતિક બળનો જ પ્રયોગ કરવો પડશે. એ આવશ્યક નથી કે બધી સ્ત્રીઓને બધી વખતે નૈતિક બળનો જ આધાર લેવો પડશે, પણ મૂલ્ય-પરિવર્તન માટે પૂરતી સંખ્યામાં સ્ત્રીઓ એમના આત્મબળનો કે મનોબળનો પ્રયોગ કરે એ જરૂરી છે. એક વાર મૂલ્ય-પરિવર્તન થઈ જાય તો પછી સામાજિક પરિસ્થિતિ અનુકૂળ થઈ જશે. આજેય જ્યાં જ્યાં સભ્ય સમાજ છે, ત્યાં ત્યાં સ્ત્રી સુરક્ષિત છે. આપણા કરતાં યુરોપમાં આજે સ્ત્રી અધિક સુરક્ષિત છે. એની મરજીથી એ પોતાના શરીરનો ગમે તેવો ઉપયોગ કરે, એ અલગ વાત છે. પણ એને અત્યાચાર કે બળાત્કારનો ભય આપણા કરતાં ઓછો છે. કમ સે કમ બીજા મહાયુદ્ધ પહેલાં તો આવી પરિસ્થિતિ હતી. આ પરિવર્તન સામાજિક મૂલ્યોનું પરિણામ છે. એ રીતે જ્યારે સ્ત્રીનું સત્ત્વ નૈતિક તાકાત પર નિર્ભર રહેશે, ત્યારે તે સ્વરક્ષિત થશે, એવા સમાજમાં વધારે દહાડા એને માટે પરિસ્થિતિ પ્રતિકૂળ રહી શકશે નહિ.

શક્તિ તો પુરુષ ને સ્ત્રી બેઉના દેહમાં હયાત છે. સંતાનમાં પિતાના વીર્યનું અને માતાના દૂધનું અભિમાન હોય છે. બંનેમાં સત્ત્વ છે. પુરુષમાં જેટલો સંયમ હોય છે, એટલું જ એના બીજમાં સત્ત્વ હોય છે. અર્થાત્ પુરુષના સામર્થ્યનો આધાર બ્રહ્મચર્ય છે. સ્ત્રીમાં પણ જેટલી અધિક પવિત્રતા હશે, એટલા એના દૂધમાં અધિક ગુણો હશે. આ

બંનેના સત્ત્વથી જે માનવીય વિભૂતિ નિર્માણ થશે, એમાં ઉભયવિધ સામર્થ્ય હશે. સ્ત્રી-પુરુષનું સત્ત્વ ભિન્ન ભલે હોય, પણ તે સમાન છે. સ્ત્રી ને પુરુષ બંને આમ તો સ્વતંત્ર છે, પરંતુ બંનેના વિવેકપૂર્ણ અને પવિત્ર સહયોગથી જ નવીન માનવનો જન્મ થાય છે. આમ નવીન માનવીય વિભૂતિનો અવતાર પણ સ્ત્રી-પુરુષ બેઉના સત્ત્વના સંયોગથી જ થશે.

પ્રકૃતિવાદીઓનું સમાધાન આટલાથી થતું નથી. તેઓ પશુજીવનનું ઉદાહરણ રજૂ કરે છે. કહે છે કે ગાયોના ટોળામાં એક જ આખલો હોય છે. બીજાં પ્રાણીઓમાં પણ એમ જ હોય છે. આ દલીલના પ્રત્યુત્તર રૂપે આપણે જોઈ ચૂક્યા છીએ કે મનુષ્યનો બધો વ્યવહાર, એટલે સુધી કે એના પ્રકૃતિ-ધર્મ પણ કંઈક સંપૂર્ણ રૂપે મનોવાંછિત છે. એટલા વાસ્તે મનુષ્યના જીવનમાં સંસ્કારનું મહત્ત્વ છે.

## પવિત્રતાનું અધિષ્ઠાન માનવ-મન

સંસ્કારની પહોંચ-પકડ ઘણી બધી છે. એટલે પુરાણા સંસ્કારોનાં મૂળ ઉખેડીને નવા સંસ્કારોનું બીજારોપણ કરવું એ ક્રાંતિકારી સ્ત્રીઓનું કામ રહેશે. મનુષ્યના શરીર પર અત્યાચાર ને બળાત્કારનાં પરિણામ બે રીતનાં આવી શકે છે. ધારો કે કોઈ ઉદ્ધત માણસ આવીને બળજબરીથી મારા મોઢામાં ગાયનું માંસ ઠોંસી દે છે. મારા સંસ્કારોના કારણે મને લાગે છે કે હું ધર્મભ્રષ્ટ થઇ ગયો, મારું વ્રત ખંડિત થઈ ગયું. કોઈએ મારું નાક કાપી નાખ્યું તો મને લાગે છે કે મારી આબરૂ ગઈ. બીજા લોકો માને છે કે એ નાક વિનાનો છે એટલે અપશુકનિયાળ છે. આમ, જે શારીરિક પરિણામ આવ્યું તે સ્થાયી છે. પરંતુ જે ભાવનાત્મક પરિણામ આવ્યું તે સંસ્કાર-

જન્ય છે, અસ્થાયી છે. તો પણ એમાંથી કાયમ માટેની આત્મગ્લાનિ પેદા થાય છે. આ સંસ્કાર બદલવા માટે મારે મનથી નિશ્ચય કરવો પડશે. જેમ અત્યાચાર કે અંગભંગથી માણસ ભ્રષ્ટ થતો નથી, તેમ સમાજમાં એ સંસ્કારોનું બીજારોપણ કરવું પડશે કે બળાત્કારથી કોઈ પણ સ્ત્રી ભ્રષ્ટ થતી નથી. બળાત્કારનાં પરિણામ એને એકલીને ભોગવવા માટે આપણે એને લાચાર નહિ કરી મૂકીએ. બળાત્કાર એ એક સામાજિક વ્યાધિ છે, એનું પરિણામ આખા સમાજે ભોગવવું જોઈએ. કેટલી વાર જેલમાં કેદીઓનું અપમાન કરવા માટે એમના મોઢામાં મનુષ્યનું મૂત્ર કે વિષ્ટા ઠોંસી દે છે. એવા પણ દાખલા બનેલા છે કે સ્ત્રીના શરીરની જેમ પુરુષ-શરીરનો પણ બળાત્કારે ઉપયોગ કરવામાં આવે છે. શું આ જાતનો અત્યાચાર બળાત્કાર કરતાં ઓછો ગંભીર છે ?

તો, સમાજમાં આ એક સંસ્કાર પ્રસ્થાપિત થવો જોઈએ કે પવિત્રતાનું અધિષ્ઠાન મનુષ્યનું મન છે, શરીર નથી. આપણા શરીરને પણ સ્વસ્થ, સુંદર, બળવાન ને તેજસ્વી રાખવાનો પ્રયત્ન જરૂર કરીશું, એની શુદ્ધતા સારુ પ્રાણ પણ દઈ દેશું. પરંતુ આખરે તો આપણી પવિત્રતાનું અધિષ્ઠાન આપણું મન અને હૃદય જ હશે. પાપ-પુણ્યનો આધાર મનુષ્યનું મન છે, જ્યારે શરીર તો એનું સાધન છે. આજે વિજ્ઞાન-યુગમાં શારીરિક શક્તિનું મહત્ત્વ ઓછું થઈ રહ્યું છે. રાજ્યશક્તિની પણ પ્રતિષ્ઠા ઘટી રહી છે. આજે વૈજ્ઞાનિક શક્તિની બોલબાલા છે. વૈજ્ઞાનિક સામર્થ્યનો સામનો નૈતિક કે આધ્યાત્મિક સામર્થ્યથી જ થઈ શકે છે. બીજો કોઈ ઉપાય નથી. આ જ આત્મબળ છે, આ જ અહિંસાની

શક્તિ છે, અને આ જ માનવીય સામર્થ્ય છે. શું પુરુષ કે શું સ્ત્રીની બંનેની મુખ્ય શક્તિ એમાં રહેલી છે. એટલું જ નહિ, સ્ત્રીની શક્તિ વિશેષ પ્રમાણમાં એમાં રહેલી છે.

આપણે કહી ચૂકચા છીએ કે સ્ત્રી-જીવનનો આ અંતિમ મોરચો છે. ધીરજપૂર્વક ઉદાત્ત સંકલ્પથી આ મોરચા પર એણે અનોખું પરાક્રમ કરવાનું છે. મનુષ્ય આત્મનિર્ભર છે, કેમ કે તે આત્મરક્ષિત છે. શસ્ત્ર-પ્રયોગમાં પણ શસ્ત્ર-શક્તિ ગૌણ હોય છે, જ્યારે આત્મશક્તિ જ પ્રધાન હોય છે. જેનામાં મનોબળ હોય છે, તે જ નિષ્ણાત યોદ્ધો બની શકે છે. હથિયારધારી મનુષ્યના હાથમાં કેવળ જીવન નથી, મૃત્યુ પણ છે. જે જલ્લાદ છે, કાતિલ છે, હત્યારો છે, તે જાન લઈ શકે છે; જાન દઈ શકતો નથી. આજના સમાજનું નેતૃત્વ એમના હાથમાં છે, જેમની માનસિક શક્તિ શારીરિક શક્તિ કરતાં શ્રેષ્ઠ છે. આ પરિસ્થિતિ સ્ત્રીઓને સારુ અનુકૂળ છે.

## સંવાદી માનવીય વિભૂતિનો જન્મ

સ્ત્રીએ એના દેહને ઈશ્વરના મંદિર કરતાંય અધિક પવિત્ર માનવો જોઈએ. આપણે કહી ચૂકચા છીએ કે હરેક મનુષ્યનું શરીર ઈશ્વરનું જ સ્વરૂપ છે. વિશ્વનાથનું મંદિર તોડી નાખ્યું, વિષ્ણુની મૂર્તિઓના ટુકડે-ટુકડા કરી નાખ્યા, એથી શું વિષ્ણુભગવાન ને મહાદેવજી ભ્રષ્ટ થઈ ગયા? શંભાજીના શરીરના ટુકડે-ટુકડા કરી દીધા, તેથી શું તે ભ્રષ્ટ થઈ ગયો? બળજબરીથી ઝેર પિવડાવવાથી મનુષ્યનું શરીર નષ્ટ થઈ શકે, પરંતુ તે ભ્રષ્ટ તો ન જ થાય. એ રીતે સમાજમાં આ નવો સંસ્કાર સ્થાપિત કરવો જોઈએ કે કેવળ શરીર ભ્રષ્ટ થવાથી સ્ત્રી ભ્રષ્ટ નથી થતી. બળાત્કાર-

જન્ય સંતાન એટલાં જ પવિત્ર મનાશે, જેટલાં વિવાહ-જન્ય સંતાન મનાય છે. જ્યારે આ સંસ્કાર સમાજમાં દૃઢ થશે, ત્યારે સ્ત્રી-જીવનમાં સ્વાધીનતાનું તેજ પ્રગટશે. તે દિવસે પુરુષની પ્રતિકાર-શક્તિ ને સ્ત્રીની નિર્માણ-શક્તિ, પુરુષની શ્રમ-શક્તિ ને સ્ત્રીની કલાત્મકતા એ બેઉના સંયોગથી સંવાદી માનવીય વિભૂતિનો જન્મ થશે.

ભારતવર્ષની પરિસ્થિતિ આત્મબળના પ્રયોગ સારુ અનુકૂળ હતી. એટલા વાસ્તે ગાંધીએ એની અહિંસાનો પ્રયોગ આ દેશમાં કર્યો. સ્ત્રીનું તો પૂરેપૂરું જીવન જ આત્મ-બળને આહ્વાન રૂપ છે. અને આ વિજ્ઞાન-યુગમાં પરિસ્થિતિ પણ અનુકૂળ છે. વિજ્ઞાન-યુગમાં બુદ્ધિબળનું મહત્ત્વ છે. બુદ્ધિબળ જ્યારે ભાવના-સંપન્ન હૃદયના સામર્થ્યથી યુક્ત થઈ જાય છે, ત્યારે તે આત્મબળમાં પરિણત થઈ જાય છે. આ આત્મબળ અગમ્ય છે, અમોઘ છે. સ્ત્રીજીવનની કૃતાર્થતા અને ધન્યતા આ આત્મબળની ઉપાસનામાં જ છે.

## ૧૪ ઉપસંહાર

સહજીવન અને આત્મનિર્ભરતા એ બે કંઈ પરસ્પર વિરોધી ભાવનાઓ નથી. બલ્કે એ બે તો એકમેકની સહચારી ભાવનાઓ છે. સમાજમાં કોઈ વ્યક્તિ સંપૂર્ણ નથી હોતી. તે બીજા લોકોની વચ્ચે રહે છે, અન્ય કોઈની સાથે જીવે છે, સહયોગ ને સહાયતાની તેને આવશ્યકતા હોય છે એટલા વાસ્તે તે સ્વયંપૂર્ણ નથી. તેમ છતાં એ આત્મનિર્ભર તો જરૂર છે. એનો અર્થ એ થાય કે સમાજમાં પ્રત્યેક વ્યક્તિ બીજી કોઈ વ્યક્તિની સાથે જીવશે. પરંતુ એ બીજી વ્યક્તિના ભરોસે નહિ જીવે. બીજા પર અવલંબીને તે નહિ રહે. સૌનો સહયોગ મેળવશે, પણ તે કોઈની આશ્રિત નહિ હોય. તે પરભૃત નહિ રહે. આ આત્મનિર્ભરતા છે.

### 'न मातुः परदैवतम्' ઉદાત્ત અર્થમાં ચરિતાર્થ

સ્ત્રી અને પુરુષના સહજીવનને પણ આ જ નિયમ લાગુ પડે છે. તેઓ એકમેકની સાથે જીવશે, એકમેકમાં તન્મય ને તલ્લીન થઈને જીવશે. પરંતુ એકબીજાના ભરોસે નહિ જીવે. એકમેકના આધારે, સહારે તેઓ જીવશે, પણ આત્મનિર્ભર થઈને જીવશે. દાખલા તરીકે બાપુજી આખું આયખું બાની સાથે જીવે છે. બાને માટે પોતાના પ્રાણથીયે વધારે તેમનો પ્રેમ હોય છે. પ્રસંગ આવ્યે બાને સારુ એ પોતાનો પ્રાણ દેવા પણ તૈયાર રહે છે. તેમ છતાં

બાપુજી કંઈ બાના ભરોસે જીવતા નથી. એ જ રીતે બા પણ બાપુજીની સાથે રહેશે—આખું જીવન ગાળશે. પરંતુ એમના ભરોસે તે નહિ જીવે. આજે બા કેવળ બાપુજીની સાથે જ નથી જીવતી. પરંતુ એમના ભરોસેયે જીવે છે. આ ઇચ્છવાયોગ્ય સ્થિતિ નથી. બાપુજીને બા માટે અસીમ પ્રેમ છે. પણ છતાં એ કંઈ બાના આશ્રિત નથી રહેતા. આ એમના સારુ ગૌરવનો વિષય છે. એ રીતે બા પણ જે દિવસે બાપુજીની આશ્રિત નહિ રહે, તે દિવસે એના જીવનમાં એક નવીન અધ્યાયનો આરંભ થશે. તે દહાડે 'न मातुः परदैवतम्' એ ઉક્તિ ઉત્તમ અર્થમાં ચરિતાર્થ થશે.

## લોકશાહી સમાજ

પણ આવું ક્યારે થશે, એમ લોકો પૂછે છે. અરે, એનું તે ટીપણાનું મુહૂર્ત ઓછું હોય છે? ક્રાંતિને સારુ પ્રત્યેક ક્ષણ શુભ મુહૂર્ત છે. જે દહાડે સ્ત્રીઓ ઇચ્છશે, તે દિવસે આ સિદ્ધ થશે. પણ શું એમાં પુરુષ સહયોગી નહિ બને? એણે જરૂર સહયોગ આપવો જોઈએ. બે વ્યક્તિ જ્યારે ગૌરીશંકર પર ચડવા માંડે છે, ત્યારે ઉપર ચડવા માટે બેઉ પરસ્પરને મદદ કરે છે. જે બીજાને પાડવા ઇચ્છશે, તે પોતે જ પડવાનો છે. એ રીતે પુરુષ પણ સ્ત્રીની માનવતાના વિકાસમાં સહાયતા કરશે. જે અન્યની માનવતાનો વિધ્વંસ કરે છે, તે પોતે માનવતાથી વંચિત રહે છે, એ વાત પુરુષ સમજશે અને એના જીવનમાં અનુભવશે. એટલે જે સમાજમાં સ્ત્રી-પુરુષ બેઉ આત્મનિર્ભર રહીને, એકમેકનાં સહયોગી બનશે, તે સમાજ યથાર્થ લોકશાહી સમાજ બનશે.

લોકતાંત્રિક સમાજમાં મુખ્ય ઘટક, સમાજનું મુખ્ય એકમ વ્યક્તિ હોય છે, જ્યારે રાજતાંત્રિક સમાજમાં મુખ્ય

એકમ સમુદાય હોય છે. આપણે લોકતાંત્રિક સમાજની સ્થાપના કરવી છે. તે એવો સમાજ હશે, જેમાં નાગરિકને નાતે સ્ત્રીની હેસિયત પુરુષની બરાબરની હશે. અને માનવીય વ્યક્તિને નાતે પણ એની ભૂમિકા પુરુષની સમકક્ષ હશે. વળી આ કેવળ સિદ્ધાંતમાં જ નહિ, પણ વસ્તુતઃ અને વ્યવહાર-માં પણ હશે. અલબત્ત આજે પણ સ્ત્રી તત્ત્વતઃ પુરુષની સમકક્ષ નાગરિક છે. તેમ છતાં આજે સમાજમાં સ્ત્રીઓ, બાળકો, વૃદ્ધો ને બીમારો સુરક્ષિત હોય તેને યથાર્થ લોકશાહી સમાજનું લક્ષણ માનવામાં આવે છે. બાળકોની વાત છોડી દો. તેઓ તો મોટે ભાગે પરોપજીવી હોય છે. પરંતુ ક્યારેક ક્યારેક બૂઢાં ને બીમારો પણ પોતાનું તેજ પ્રગટ કરતાં હોય છે ખરાં. કોઈ સનાતની હિંદુ બીમાર પડ્યો હોય, તેને કહેવામાં આવે કે ગોમાંસ ખાવાથી તારો જીવ બચી શકે તેમ છે. તો તે કહેશે કે હું મરી જવાનું પસંદ કરીશ પણ ગોમાંસ નહિ ખાઉં. મોટરની હડફેટમાં ઘાયલ થયેલ બૂઢાને કહીશું કે તમને દવાખાનામાં જરૂર પહોંચાડીશું, પણ હવેથી તમારા ઇષ્ટદેવનો તમારે ત્યાગ કરવાનો રહેશે. એટલી શરત તમારે પાળવી પડશે. ત્યારે એ રસ્તામાં કૂતરાં-બિલાડાંના મોતે મરવાનું પસંદ કરશે, પણ ઇષ્ટદેવનું નામ નહિ છોડે. આખરે તો માણસની તાકાત એના દિલમાં હોય છે, તાકાત કંઈ દેહમાં કે હથિયારમાં નથી હોતી. શૂરવીર યોદ્ધો યુદ્ધમાં શસ્ત્ર લઈને જાય છે. સંજોગવશાત્ એની તલવાર તૂટી જાય છે, તો સામાવાળા પર હથિયાર વિના જ તૂટી પડે છે. એમ તો શસ્ત્રધારીની વીરતા પણ એના મનમાં જ હોય છે. બહાદુરી દિલમાં હોય છે. જોકે સ્ત્રીના હાથમાંથી ક્યારે હથિયાર પડાવી

લેવામાં આવ્યાં હશે તેની ખબર નથી, પણ એટલે એનો અર્થ એ નથી કે તેઓ કાયર બની જાય. આવશ્યકતા માત્ર એટલી જ છે કે સ્ત્રીઓ સમજી લે કે બહાદુરી મનનો ધર્મ છે, શરીરનો નથી.

**સ્વયંપ્રેરણા ને અદમ્ય આકાંક્ષાથી જ આંદોલન સફળ થશે**

સ્ત્રીને સારુ આ સ્થિતિ કોણ પેદા કરશે? ઉત્તર સ્પષ્ટ છે, સ્ત્રી સ્વયં જ એ પેદા કરશે. ભારતના લોકો નિઃશસ્ત્ર હતા પણ નિઃશસ્ત્ર ભારતીય ગાંધીએ જ એમને માટે વીરતાની પરિસ્થિતિ ઉપસ્થિત કરી દીધી. એક પુરુષને બીજા પુરુષનો ડર હોય છે, એક સ્ત્રીને અન્ય સ્ત્રીની બીક હોય; પરંતુ પ્રત્યેક સ્ત્રીને પ્રત્યેક પુરુષનો જે ભય હોય છે, તે જ સ્ત્રી-જીવનનો વાસ્તવિક વ્યાધિ છે. એ દુઃખના બે ઉપાય છે. એક તો એ કે સ્ત્રી પોતાની મર્યાદા જાળવવા પોતાના પ્રાણ દેવા માટેય તત્પર રહે. અને બીજો એ કે કદાચ બળાત્કાર થવાને કારણે એ અક્ષત-યોનિ ન રહી શકે, તોયે પોતાને દુષ્ટ ને ભ્રષ્ટ ન માને. આવી પરિસ્થિતિમાં એને સંતાન થશે, તો પણ એ ધર્મ-વિહિત સંતાન જ મનાશે; એને હરામનો હમેલ ન માનવો જોઈએ. એ કુલીનતા ને લોહીનું અભિમાન નામશેષ થઈ જશે. પછી સમાજનાં બધાં બાળકો કુલીન જ ગણાશે.

સ્ત્રીના ઉત્થાનમાં મૂળ પરાક્રમ સ્ત્રીનું હશે. સમાજમાં કોઈ નવા વિચારનો ઉદ્ગમ થાય છે, તો એનો જનક કોઈ સમૂહ કે સંગઠન નથી હોતું, પણ કોઈ વ્યક્તિ જ હોય છે. સંસ્થા ને સંગઠન તો પાછળથી રચાય છે. સતીની પ્રથા બંધ કરવાનું બીડું રાજા રામમોહન રોયે ઉઠાવ્યું. પરંપરાથી સતીની પ્રથા ભારતમાં અત્યંત પવિત્ર મનાતી

હતી. આનંદ કે કુમારસ્વામી જેવા આદર્શવાદી રસિક વિદ્વાને પણ એનું સમર્થન કર્યું છે. ભગિની નિવેદિતા જેવી ધ્યેયનિષ્ઠ મહિલાએ એ પ્રથાની પ્રશંસા કરી છે. તો પણ રાજા રામમોહન રોયે પોતાની તીક્ષ્ણ ને સૂક્ષ્મ દૃષ્ટિથી એ પ્રથામાં છુપાયેલી સ્ત્રી-પુરુષ વચ્ચેની અસમાનતાને પહેચાની લીધી અને એમણે એ પ્રથાની વિરુદ્ધ આંદોલન ચલાવ્યું. વિધવાઓની વિવશતા ને અસહાયતા જોઈને ઈશ્વરચંદ્ર વિદ્યાસાગર, મહાદેવ ગોવિંદ રાનડે, ગોપાલ કૃષ્ણ ગોખલે, આગરકર વગેરેએ વિધવા-વિવાહના પ્રતિબંધને નિવારવાનું આંદોલન ચલાવ્યું. બ્રિટનમાં લોકશાહીવાદી જોન સ્ટુઅર્ટ મિલે સ્ત્રીની સ્વાધીનતાનું પ્રતિપાદન કર્યું, અસ્પૃશ્યતા નિવારણનું આંદોલન એમણે શરૂ કર્યું, જેઓ પોતે સ્પૃશ્ય હતા. એ રીતે સ્ત્રી-પુરુષ સમાનતાના આંદોલનનો અભિક્રમ પુરુષ લઈ શકે. એણે આરંભ તો કર્યો પણ છે, પણ એ આંદોલન ત્યારે સફળ થશે, જ્યારે સ્ત્રીઓમાં અંતઃસ્ફૂર્તિ, સ્વયંપ્રેરણા ને અદમ્ય આકાંક્ષા જાગ્રત થશે.

### આદર્શનિષ્ઠ સ્ત્રી, સ્ત્રી-પુરુષની ભાવનાથી ઉપર ઊઠે

જગતમાં એમ તો અનેક માણસો અવિવાહિત હોય છે. તેમ છતાં જગત કંઈ એ બધાને આદરમાન દેતું નથી. પણ વિનોબા, શંકરરાવ, અણ્ણા સહસ્રબુદ્ધે, અપ્પા પટવર્ધન જેવાનું લોકો સન્માન કરે છે, કારણ કે એમનું જીવન સમર્પિત જીવન છે. આ આધુનિક યુગનું બ્રહ્મચર્ય છે. જવાહરલાલજી તથા ઢેબરભાઈનાં પત્ની ભરયુવાનીમાં જ ગુજરી ગયાં હતાં. તેમ છતાં એમણે બીજી વાર લગ્ન કર્યું નહિ, એટલા વાસ્તે આપણે એમનું આદર કરીએ છીએ. આ આદરમાન ને ઇજ્જત પવિત્રતાને કારણે છે, સંયમના

કારણે છે. એટલે માત્ર અવિવાહિત રહેવાથી સ્ત્રીમાં શક્તિ નહિ આવે. પણ એમનામાં આત્મનિર્ભરતા આવવી જોઈશે. એવી સ્ત્રીઓ કોણ હશે ? તે હશે—જે સ્ત્રી-પુરુષ ભાવનાથી ઉપર ઊઠેલી હશે. જોકે એનો અર્થ એ નથી કે તેઓ ન તો સ્ત્રી હશે કે ન તો પુરુષ હશે, પણ કોઈ ત્રીજી જ પ્રકૃતિ હશે. બલ્કે એનો અર્થ એટલો જ છે કે તેઓ સ્ત્રી પણ હશે અને પુરુષ પણ હશે. મતલબ કે એમનામાં સ્ત્રી-પુરુષ બેઉના ગુણો હશે. જે મહાપુરુષોએ સ્ત્રીઓના ઉત્થાનનો પ્રયત્ન કર્યો, તેઓ સ્ત્રીઓની ભૂમિકા સાથે સમરસ થઈ ગયા હતા. એટલે કે તેઓ વિશુદ્ધ માનવતાની ભૂમિકા પર પહોંચી ગયા હતા. તેઓ પુરુષ પણ હતા ને સ્ત્રી પણ હતા. ઝાંસીની રાણી, ડૉ. એની-બેસેન્ટ, માતા આનંદમયી વગેરે ત્યારે જ પોતાના જીવનને સફળ બનાવી શકચાં, જ્યારે સ્ત્રી-પુરુષના ભેદ થકી તેઓ ઉપર ઊઠી શકચાં હતાં. એવી સ્ત્રીઓમાં બલિદાનની શક્તિ સહજ હોય છે.

આપણા દેશનું જ ઉદાહરણ લઈએ. જ્યાં સુધી શસ્ત્રાસ્ત્રોને લાગેવળગે છે, ત્યાં સુધી આપણે બ્રિટનનો મુકાબલો કરી શકીએ તેમ ન હતા, ત્યારે ગાંધીએ હથિયાર વિના જ આપણું આત્મ સન્માન સુરક્ષિત રાખવાની યુક્તિ ભારતવાસીઓને શિખવાડી. પાંત્રીસ કરોડ લોકોમાંથી કેટલા લોકોએ બલિદાન આપ્યાં ? તો પણ એનો પ્રભાવ પડચો. એ રીતે જ્યારે મોટી સંખ્યામાં સ્ત્રીઓ સત્ત્વ-રક્ષા સારુ, બલિદાન દેવા સારુ તૈયાર થઈ જશે, ત્યારે સમાજની કાયાપલટ થશે. જોકે બહુ મોટી સંખ્યામાં એમને બલિદાન નહિ દેવાં પડે ને ત્યાગ નહિ કરવો પડે. સુગંધિત ફૂલનો

એકાદ પણ છોડવો બાગમાં હોય છે, તો આખો ઉદ્યાન એ સુગંધથી મહેકી ઊઠે છે. સ્ત્રીનું વ્યક્તિત્વ પણ એ પ્રકારની વીરતાથી ખીલી ઊઠશે. એના ચારિત્ર્યમાં વિલક્ષણ ક્રાંતિ આવશે.

આજે યુવાનો ને યુવતીઓ બંને શાંતિ-સેનામાં છે. શાંતિ-સેનામાં જે લોકો છે, તેઓ શાંતિ-સ્થાપના માટેના અહિંસક માર્ગ ખોળવા માગે છે. જેમાં સ્નિગ્ધતા ને મધુરતા હોય છે, એને અહિંસક માર્ગ કહે છે. કઠોરતા ને નિષ્ઠુરતા એ કંઈ વીર પુરુષના ગુણ નથી. જે વ્યક્તિ અન્યનાં દુઃખ દેખીને દ્રવિત નથી થતી, તે વ્યક્તિ કંઈ સ્થિતપ્રજ્ઞ નથી હોતી, પણ નિર્દય હોય છે. એનું દિલ પથરા જેવું હોય છે. એટલે સિમેન્ટ-કોંક્રીટની સડકની જેમ એના દિલ પર કોઈ નિશાન નથી પડી શકતું. આ સજીવતાનું લક્ષણ નથી, પણ નિર્જીવતાનું લક્ષણ છે.

### વીરતાનાં લક્ષણ

તો બીજી બાજુ સ્ત્રીમાં હૃદય-દૌર્બલ્ય હોય છે. અન્યનાં દુઃખ દેખીને તે વ્યાકુળ ને વિહ્વળ થઈ જાય છે. એનામાં કરુણા કરતાં ગ્લાનિ વિશેષ હોય છે. બીજા કોઈનું ઑપરેશન થતું જોઈને જે મૂર્છિત થઈ જાય છે, તેને આપણે સહૃદયી સ્ત્રી કહીએ છીએ. પરંતુ એ કંઈ ચિત્તની કોમળતા નથી. એ તો દુર્બળ ચિત્તનું લક્ષણ છે. આજે કેટલીયે સ્ત્રીઓ ઉત્તમ સર્જન હોય છે, જે કેટલાંયે ઓપરેશન આસાનીથી કરી શકે છે. પણ એનો અર્થ એ નથી કે એ સ્ત્રીઓનું દિલ દૃઢ થઈ ગયું છે. બલ્કે એનો અર્થ એ પણ હોઈ શકે કે એમનું દિલ સૂઈ ગયું છે, એમનું હૃદય સંવેદના-શૂન્ય થઈ ગયું છે.

કહેવાનો સારાંશ એટલો જ છે કે સહૃદયતા ને વ્યવહાર-સૌંદર્ય વીરતાનાં લક્ષણ છે. જોકે એ લક્ષણ ન તો સ્ત્રીનાં છે કે ન તો પુરુષનાં છે. પણ એ તો માનવજાતની પોતાની અસાધારણ વિશેષતાઓ છે. શાંતિ-સેનામાં ચાહે પુરુષ હો કે ચાહે સ્ત્રી હો, પણ એ ગુણોનો ઉત્કર્ષ એ બંનેમાં થવો જોઈશે. ધ્યેયનિષ્ઠા ને સંકલ્પ-શક્તિ, સાહસ ને ધૈર્ય એ કંઈ કેવળ પુરુષના જ ગુણો નથી. આજ સુધી સ્ત્રીએ પોતાનું વ્યક્તિત્વ પુરુષને ચરણે ધરી દીધું હતું, એટલા વાસ્તે એનામાં સત્ત્વનિષ્ઠાના પ્રમાણમાં સ્વામીનિષ્ઠા ને વ્યક્તિ-નિષ્ઠા વિશેષ આવી હતી. હરિશ્ચંદ્ર અને શ્રી રામચંદ્ર પોતપોતાની નિષ્ઠાના પાલન સારુ પોતાની પત્નીનો કાં તો વધ કરવાને કાં તો ત્યાગ કરવા તત્પર થયા હતા; પણ એ પ્રકારનાં ઉદાહરણ સ્ત્રીના જીવનમાં જોવા મળતાં નથી. પતિને સારુ એ પુત્રનું બલિદાન આપી શકશે, એટલે કે પોતાના સુહાગને જ એ પોતાનું સત્ત્વ માને છે, સર્વસ્વ માને છે. એના જીવનમાં અન્ય કોઈ ધ્યેય નથી. શું કોઈ સ્ત્રી પોતાના પતિના પ્રાણ બચાવવા સારુ પોતાના સતીત્વ-ની કિંમત ચૂકવશે ખરી ? અહીં આપણને સત્ત્વનિષ્ઠા ને તત્ત્વનિષ્ઠાને સારુ આધાર મળી જાય છે. વીર પુરુષોની પ્રખર આત્મનિષ્ઠા—આપણે અહંનિષ્ઠા નથી કહેતા—વીરાંગનાઓમાં પણ આવવી જોઈએ. ત્યારે બેઉનું સંયુક્ત જીવન ચરિતાર્થ થશે.

### સાબૂત માનવ

પહેલાં સ્ત્રીને કોઈ સ્થાન પ્રાપ્ત થતું, તો એ પુરુષને કારણે પ્રાપ્ત થતું હતું. તે રાણી પણ બનતી હતી તો રાજાની પત્નીના નાતે બનતી હતી. આજે સ્ત્રી નાગરિક બની છે અને

એ નાગરિકના અધિકારથી હવે તે રાષ્ટ્રપ્રમુખ અને વડો પ્રધાન પણ બની શકે છે. હવે એને પુરુષનો આધાર ખોળવા જવાની જરૂર પડતી નથી. પોતાના અધિકારથી એ સામાજિક પદ પ્રાપ્ત કરી શકે છે. પરંતુ તેમ છતાં સરાસરી પુરુષ અને સરાસરી સ્ત્રી તેમ જ અસામાન્ય સ્ત્રી અને અસામાન્ય પુરુષ એ બેઉની આત્મનિર્ભરતામાં બહુ અંતર છે. જે અર્થમાં બાપુજી આત્મનિર્ભર છે, તે જ અર્થમાં બા આત્મનિર્ભર નથી. આપણે માતા તથા પિતા એ બેઉનાં સંતાન છીએ. આપણી જેટલી શ્રદ્ધા પિતાજીમાં છે, તેના કરતાં ઓછી કંઈ માતાજીમાં નથી. આપણો એ દૃઢ વિશ્વાસ છે કે પિતાજીમાં જે સામર્થ્ય છે અને જે આત્મપ્રત્યય (આત્મવિશ્વાસ) છે, તે માતાજીમાં પણ જાગ્રત થઈ શકે છે. આજે માતાજીમાં એ શક્તિ સુપ્ત છે, એને પ્રકટ કરવાની છે. એ સુપ્ત શક્તિને પુરુષનાં ગાયેલાં પ્રભાતિયાં નહિ જગાડી શકે. પણ એ ભૈરવી સ્ત્રીના જ કોમળ કંઠમાંથી નીકળવી જોઈશે અને ત્યારે જ સમગ્ર માનવ, સંવાદી માનવીય વ્યકિતનો પુણ્યાવતાર સમાજમાં થશે. કોઈએ એને અતિમાનવ કહ્યો, કોઈએ એને શ્રેષ્ઠ માનવ કહ્યો, પરંતુ એ ન તો અતિમાનવ છે કે ન તો શ્રેષ્ઠ માનવ છે. તે જ વાસ્તવમાં સાધારણ ને સાચુકલો માનવ હશે, તે જ સાબૂત માનવ હશે, તે જ normal માનવીય વ્યકિત હશે.

### અંતિમ અભિલાષા

જમનાલાલજીએ જ્યારે મહિલાશ્રમની સ્થાપના કરી, ત્યારે એમનાં પત્ની જાનકીદેવીએ કહ્યું હતું કે સ્ત્રીઓમાં પણ કોઈ ગાંધી પેદા થાઓ, કોઈ વિનોબા પેદા થાઓ. એ જ રીતે વિનોબાની પણ આકાંક્ષા છે કે સ્ત્રીઓમાં કોઈ શંકરાચાર્ય

પેદા થાઓ. આજે આદર્શ માનવ રૂપે આદર્શ પુરુષનાં ઉદાહરણ રજૂ કરવાં પડે છે. પ્રતીક્ષા એ દિવસની છે કે, જ્યારે આદર્શ સ્ત્રીઓનાં ઉદાહરણ આદર્શ માનવ રૂપે આપણે દુનિયા સમક્ષ રજૂ કરી શકીએ. જ્યારે આપણે એમ કહી શકીશું કે આ મહાન સ્ત્રીઓ થઈ ગઈ, તેવો કોઈ પુરુષ પણ મહાન થાય, એ દહાડાની રાહ જોઈએ છીએ. ઘણાં વર્ષોથી આ અભિલાષા મનમાં અંકુરિત થતી રહી છે. પણ કોઈ પુરુષના પરાક્રમથી એ ફૂલી-ફાલી નહિ શકે. એને માટે તો સ્ત્રીઓના પરાક્રમની જ આવશ્યકતા છે. જૂની પેઢીની સ્ત્રીઓ જુનવાણી મતની હતી. તેઓ તો આપણા પૂર્વજોમાં ભળી ગઈ. એટલે હવે બધી આશા આધુનિક યુગની તરુણી પાસે છે. હવે પછી સ્ત્રી-જીવનમાં ક્રાંતિ થશે, તે એના પરાક્રમથી જ થઈ શકશે. લગભગ ૪૫ વર્ષથી જે આશા અને આકાંક્ષાનું પોષણ કર્યું છે, તે આધુનિક યુગની યુવતીનાં ચરણોમાં સમર્પિત છે.

પરિશિષ્ટ

# સ્ત્રી-જીવન અને ક્રાંતિ

સંસ્કૃતમાં જે અનેક ભક્તિપ્રધાન સ્તોત્ર છે, તેમાં સૌથી સુંદર અને લોકપ્રિય છે—મુકુંદમાલા. ભાષા, ભાવ અને મનોહર વૃત્તોની વિવિધતા—બધુંયે સરસ છે. એમાં એક જગ્યાએ રાજા કુલશેખર કહે છે: 'હે ભગવાન, જ્યાં લોકોને સારી રીતે ખાવા-પીવાનું મળતું નથી અને જ્યાં લોકોનું જીવન સુરક્ષિત નથી, તેવા ખરાબ દેશમાં મારો જન્મ ન થાઓ, મારા મનમાં કુભાવ પેદા ન થાઓ, મારામાં મૂર્ખતા ન આવો.' આવી આવી પ્રાર્થનાની સાથે તે કહે છે: 'मा मे स्त्रीत्वं। સ્ત્રી તરીકે મારો જન્મ ન થાઓ. પ્રત્યેક જન્મમાં હું વિષ્ણુ-ભક્ત જ બનું.'

એ વિષ્ણુ-ભક્ત ભલે બને, પરંતુ આ ભક્તને આટલો બધો ડર શાનો છે? શા માટે તે આટલો બધો ગભરાય છે?

કહે છે કે ઈસ્લામમાં એમ કહ્યુ છે કે, સ્ત્રીજાતિને સારુ ઉદ્ધાર નથી. પુરાતન ખ્રિસ્તી ધર્મમાંયે આવી જ ભાવના છે.

બુદ્ધ ભગવાનનો જન્મ થતાં જ માતાનું મૃત્યુ થયું હતું. તેથી તેમની માસીએ જ બાળક ગૌતમનું પાલનપોષણ કર્યું હતું. પાછળથી જ્યારે ભગવાન બુદ્ધ ધર્મનો ઉપદેશ આપતાં આપતાં દેશમાં ઘૂમવા લાગ્યા અને હજારો નવજુવાનો—રાજપુત્રથી માંડીને હજામ સુધીના—એમની પાસેથી દીક્ષા મેળવી નિર્વાણની સાધના કરવા લાગ્યા,

ત્યારે તેવા જ પવિત્ર હેતુથી, કેટલીક રાજકન્યાઓની સાથે બુદ્ધ ભગવાનની માસી મહાપ્રજાપતિ એમની પાસે દીક્ષા લેવા માટે આવી. પરંતુ તથાગત બુદ્ધ ભગવાને સ્ત્રીઓને દીક્ષા આપવાનો ઇન્કાર કર્યો. તે સ્ત્રીઓએ વારંવાર યાચના કરી. તેમ છતાંયે પરમ કરુણાવાન ધર્મરાજ બુદ્ધ પીગળ્યા નહિ. ત્યારે બુદ્ધ ભગવાનના પ્રિય શિષ્ય આનંદે દીક્ષા આપવાની ફરી વિનંતી કરી. પણ તેનેય સફળતા ન મળી. ત્યારે આનંદે પૂછ્યું : 'શું તથાગતને એમ લાગે છે કે સ્ત્રીઓને સારુ મોક્ષ નથી ? શું તેઓ નિર્વાણની અધિકારિણી નથી ?' ત્યારે બુદ્ધ ભગવાનને કહેવું પડ્યું : 'ના, એવું તો નહિ, એમને પણ પૂરો અધિકાર છે. તમારો બધાનો આટલો આગ્રહ છે, તો ચાલો, હું એમને દીક્ષા આપું છું. પરંતુ યાદ રાખજો કે જો મારો ધર્મ હજાર વર્ષ ટકવાનો હશે તો સ્ત્રીઓને ભિક્ષુ-સંઘમાં સ્થાન દેવાને કારણે તે પાંચસો વરસ જ ટકશે. એમને હું સંઘમાં તો લઉં છું. પરંતુ તેમને માટે કડક નિયમ બનાવીશ. અને સંઘમાં સહુથી જ્યેષ્ઠ ભિક્ષુણીનું સ્થાન પણ નવામાં નવા ને વળી કાચા પુરુષ-ભિક્ષુ કરતાંયે નીચું રહેશે.' આમ બુદ્ધ ભગવાને સ્ત્રીઓને સંઘમાં સ્થાન આપ્યું. આજે પણ કેટલીયે ભિક્ષુણીઓની કીર્તિ આપણે સાંભળીએ છીએ. નિર્વાણપ્રાપ્તિ બાદ તેમના મુખમાંથી જે ધન્યોદ્ગાર નીકળ્યા તે થેરી ગાથામાં ગ્રંથિત છે. તેમ છતાં આજે સિલોન વગેરે દેશોમાં ભિક્ષુણીઓનો સંઘ નથી હોતો. સ્ત્રીજાતિ પ્રત્યે આ ધર્માત્માઓનો આટલો બધો હીન ભાવ શા સારુ હશે ? કોઈ કહે છે કે સ્ત્રીજાતિના સ્વભાવમાં મોક્ષની યોગ્યતા જ નથી.

જૂના જમાનાના લોકોની વાત જવા દો. પણ વંદે-માતરમ્‌નું ગીત રચનારા બાબુ બંકિમચંદ્ર તો આધુનિક બંગાળી સાહિત્યના એક શિરોમણિ! એમની કોઈ એક નવલકથામાં આવે છે—'સામાન્ય વ્યવહારધર્મના પાલનમાં તો સ્ત્રી પુરુષની સહધર્મચારિણી જરૂર છે; પરંતુ સર્વોચ્ચ ધર્મમાં—મોક્ષ-ધર્મમાં તે વિઘ્નરૂપ જ છે.' તો શું થોડીક અપવાદરૂપ સ્ત્રીઓને બાદ કરતાં બાકીની બધી સ્ત્રીઓ ખરેખર એવી નિમ્ન કોટીની છે, જે સર્વોચ્ચ આદર્શ સુધી ન પહોંચી શકે?

કેટલાયે બુઝુર્ગ કહે છે કે 'સ્ત્રીદાક્ષિણ્યના આ જમાના-માં ખુલ્લંખુલ્લા કહેવું સહેલું નથી. પરંતુ અનુભવ તો એમ કહે છે કે જગતમાં ક્યાંય પણ જુઓ, સ્ત્રી સ્વભાવમાં દુનિયાદારી જ વિશેષ જણાય છે. સ્ત્રી એના કૌટુંબિક ક્ષેત્રની બહાર જોઈ શકતી નથી. દુનિયાના ઉન્નત કે અવ-નત કોઈ પણ સમાજમાં જુઓ, બુદ્ધિમત્તા ને નેતૃત્વ પુરુષોનું જ છે.'

મેં આ જવાબ વિશે ખૂબ વિચાર્યું. એમની વાત કેટલેક અંશે સાચીયે છે. તોપણ પુરુષો કરતાં સ્ત્રીઓની યોગ્યતા નિસર્ગતઃ કંઈક ઊતરતી છે એમ માનવાને દિલ તૈયાર થતું નથી. આપણે જોયું કે કુદરતે સ્ત્રીજાતિને માતાની પદવી આપી છે. બાળકોને જન્મ આપવાની ને એમનું પાલનપોષણ કરવાની જવાબદારી કુદરતે સ્ત્રીઓને સોંપી છે. અને એથી તો કેટલાયે સર્વોચ્ચ સદ્‌ગુણો સ્ત્રીઓમાં સહજ હોય છે. મનુષ્યજાતિને બાદ કરતાં બાકીનાં પ્રાણીઓમાં બચ્ચાંના રક્ષણ માટે લડવાનું ઝનૂન ને જોશ પણ માદામાં જ વિશેષ હોય છે.

પરંતુ મનુષ્ય રહ્યું બુદ્ધિમાન પ્રાણી. એની સામાજિકતા વિશેષ પ્રકારની છે. એટલે માતાએ જોયું કે પોતાનાં બાળકોને અન્ય બચ્ચાંની જેમ કેવળ માતા પાસેથી જ સંસ્કાર મળે તે પૂરતું નથી. પિતાનો સહવાસ પણ બાળકો-ને પર્યાપ્ત સમય સુધી મળે તે જરૂરી છે. તેથી માતાએ બાળકોનાં હિત માટે, પુરુષોની ખુશામત કરીનેય એમને પોતાની પાસે રાખ્યાં અને કુટુંબ વસાવીને રહી અને તે ખાતર પરિવારમાં પોતાનું ગૌણ સ્થાન પણ તેણે મંજૂર રાખ્યું. આમ, સ્ત્રીએ પોતાના માતૃત્વને ખાતર જ પુરુષને પ્રધાન સ્થાન આપ્યું.

પ્રાચીન કાળનો ઇતિહાસ જોતાં માલૂમ પડે છે કે કોઈ કાળે દુનિયામાં ક્યાંક ક્યાંક સ્ત્રીપ્રધાન સમાજ-વ્યવસ્થા પણ હતી. બાળકો માતાના નામથી ઓળખાતાં હતાં. સ્ત્રીઓ રાજ્ય પણ કરતી ને યુદ્ધમાં લડતી પણ હતી. પરંતુ સ્ત્રી-પ્રધાન સમાજ-વ્યવસ્થા ટકી શકી નહિ. બાળકોનાં પાલન-પોષણનો પોતાનો માતૃધર્મ સંભાળવા માટે સ્ત્રીએ ઘણો બધો ત્યાગ કર્યો અને એટલે સમાજનું નેતૃત્વ પુરુષોને સોંપીને તે અનુયાયી બનવા માટે પણ તૈયાર થઈ.

સ્ત્રીઓએ સમાજનું નેતૃત્વ છોડ્યું, તેની સાથે સાથે યુદ્ધ કરવાની બર્બરતા પણ છોડી દીધી. કારણ કે નવી પેઢીને જન્મ આપનારી અને વળી પોતાની છાતીનું દૂધ પિવડાવનારી, એ સ્ત્રી મનુષ્યની હત્યા કરવા કેવી રીતે તૈયાર થઈ શકે ?

અને પુરુષે સ્ત્રીને આશ્રિત બનાવી. ઘરની બહારના ક્ષેત્રથી તેને વંચિત રાખી. સર્વાંગીણ વિકાસનો મોકો જ તેને સારુ ન રહેવા દીધો. હજારો વરસો સુધી આ વ્યવસ્થા

ચાલી અને હવે પુરુષ કહે છે કે તારી યોગ્યતા જ ઓછી છે. કુદરતે જ તને પુરુષાશ્રિત બનાવી છે. મનુ ભગવાન કહે છે, કુમારી અવસ્થામાં સ્ત્રીની રક્ષા એના પિતા કરે છે, અને લગ્ન પછી પતિ અને વૃદ્ધાવસ્થામાં દીકરો માને સંભાળે છે. એટલા વાસ્તે 'न स्त्रीः स्वातंत्र्यं अर्हति'— સ્ત્રીને સ્વતંત્રતાનો અધિકાર જ નથી.

કોઈ પણ મનુષ્યને દીર્ઘકાળ પર્યંત પરાશ્રિત, પરાવલંબી અને ગુલામ બનાવીને રાખીએ તો પછી એવી કૃત્રિમ સ્થિતિના કારણે પ્રતિકૂળ પરિસ્થિતિમાંથી કોઈ પણ રીતે બચવા માટે એને છળકપટ અને અસત્ય જેવાં સાધનોનો ઉપયોગ કરવો જ પડે છે. ધનમત્ત અને અધિકારમત્ત, અસામાજિક વૃત્તિના માણસના હાથ હેઠળ જેને લાચારીથી રહેવું જ પડે છે, તે નિષ્ઠાપૂર્વક નોકરી કરતાં કરતાંયે કયારેક માલિકને છેતરશે જ અને તેમ કરતાં પકડાઈ જશે તો જૂઠુંયે બોલશે. એનામાં સાહસ ને કઠોરતા આવ્યા વિના નહિ જ રહે. કારણ કે ગુલામને જો જીવવું હોય તો આવી વૃત્તિઓનો સહારો લેવો જ પડે છે. ( મરાઠીમાં ગુલામ શબ્દનો એક અર્થ થાય છે હોશિયાર, ચાલાક, ધૂર્ત અને લુચ્ચો. ) એવા ગુણવાળા દીકરાનાં વખાણ કરવા માટે કયારેક કયારેક પિતા કહે છે : 'અરે ! મારા છોકરાને બુદ્ધુ ન માનશો. એ તો એવો ગુલામ છે કે તમનેય બનાવી જશે.'

સ્ત્રીઓને પરાધીન રાખ્યા પછી સમાજે સ્ત્રીઓના દુર્ગુણોની યાદી રજૂ કરતો એક શ્લોક રચ્યો :

अनृतं साहसं माया, मूर्खत्वं अतिलोभता ।<br>
अशौच निर्दयत्वं च, स्त्रीणां दोषाः स्वभावजाः ॥

સ્ત્રીજાતિ પ્રત્યે અન્યાય કરીને એમને જે હાલતમાં રાખી, અને એને કારણે જે દોષ આવી ગયા, એનાં સાચાં કારણની તપાસ કર્યા વિના, એ બધા તો સ્ત્રીઓના સ્વભાવગત દોષ છે, એવો પુરુષ-સ્વભાવે નિર્ણય કર્યો. બલિહારી છે ને એની તર્કશક્તિની !

પરંતુ અન્યાયની સ્થિતિ હંમેશને માટે ટકી શકે નહિ. કોઈ એક સ્વતંત્ર જાતિ અન્ય કોઇ સ્વતંત્ર જાતિ પ્રત્યે અન્યાય કરી શકે. પણ સ્ત્રી અને પુરુષ તો પરસ્પર પૂરક છે. એકમેક વિના એમને ચાલી શકે નહિ. એટલે સ્ત્રીઓની ખરાબ હાલતનું ફળ પુરુષોનેય ભોગવવું પડે છે. કારણ કે સમાજના એક અંગને લકવો થઈ ગયો હોય તે કેમ ચાલે ? એટલે પુરુષે પછી પોતાના સ્વાર્થ સારુ સ્ત્રીને શિક્ષણ આપવાનું શરૂ કર્યું. એની સહાયતા લેવાથી પોતાના કામમાં થતો લાભ તેણે જોયો. પ્રેમને કારણે હો યા કામને કારણે હો, પણ એ સ્ત્રીનો પૂજક બન્યો. અને એક સ્ત્રીના પેટે જ એને જન્મ લેવો પડે છે, તે વાત પુરુષ એમ તો કેવી રીતે ભૂલી શકે ? એટલે મનુષ્યને માટે માતૃભક્તિ સહજ છે. સ્ત્રીની આત્મસમર્પણયુક્ત સેવા જોઈ ને આંધળા પુરુષના મનમાંયે સ્ત્રી પ્રત્યે આદર પેદા થાય છે.

અને હવે તો સ્ત્રી-સ્વાતંત્ર્યનો જમાનો જ આવી ગયો. એટલે હવે સ્ત્રીઓને કાયદેસર શિક્ષણ મળવા માંડ્યું છે. ઘરસંસાર ચલાવતાં ચલાવતાં એના અધિકાર સમાન થવા લાગ્યા છે. રાજ્યવ્યવસ્થામાં સ્ત્રીઓને વોટ આપવાનો પણ અધિકાર મળ્યો છે. શ્રમજીવી વર્ગોમાં સ્ત્રી પણ મહેનત-મજૂરી કરીને કમાય છે. એથી તે પુરુષોની આશ્રિત બનીને રહેતી નથી. આમ સમાજજીવનમાં મોટું પરિવર્તન થઈ રહ્યું છે.

સમાજકલ્યાણના કાર્યક્રમો આજે સ્રીઓના હાથમાં આવી રહ્યા છે. પહેલાં સ્ત્રી પરિચારિકા—નર્સનું કામ શીખી, હવે તે ડૉકટર પણ થવા લાગી છે. શિક્ષિકા, અધ્યાપિકા ને લેખિકા થઈને તે સમાજહિતના ચિંતનમાં ભાગ લઈ રહી છે. ને રાજકાજમાં તો સ્ત્રીઓની યોગ્યતા પુરુષો કરતાં જરાયે ઊતરતી સાબિત થઈ નથી.

વળી બ્રહ્મવિદ્યામાં તો જ્યાં સુધી મૈત્રીયી ને ગાર્ગીનાં નામ કાયમ રહેશે, ત્યાં સુધી સ્ત્રીજાતિની યોગ્યતા સાબૂત રહેલી જ છે. પશ્ચિમમાં હવે મહિલાઓ સ્વતંત્ર હેસિયતથી અનેક ક્ષેત્રોમાં કામ કરી રહી છે. પછાત ગણાતા મુસલમાન સમાજમાંયે સ્ત્રીઓ હવે સ્વતંત્ર ઢબે વિચારી રહી છે.

પુરુષોની પાછળ પાછળ ચાલવાની પોતાની આદત છોડીને હવે બહેનોએ સ્વતંત્ર રીતે વિચારવાનો અને પ્રવૃત્તિઓ ચલાવવાનો આરંભ કરવો જોઈએ. જૈન સમાજમાં સાધ્વીઓ હવે જાગ્રત થઈ છે. પરંતુ હજીયે એ સમાજ રૂઢિગ્રસ્ત છે. સ્ત્રીજાતિ જ્યારે એનું માનસિક પરાવલંબન છોડી દેશે અને સ્વાતંત્ર્યના ઉત્તરદાયિત્વ અનુસાર જીવનપરિવર્તન કરશે, ત્યારે મનુષ્યજાતિનું નેતૃત્વ એના હાથમાં આવશે. કેમ કે પુરુષોના કેટલાયે દોષથી એ મુક્ત રહી છે, તેમ જ કેટલાયે ગુણોનો બહેનોમાં વિશેષ ઉત્કર્ષ થયેલો છે, એમ ઇતિહાસ જોતાં દેખાય છે. સમન્વય-વૃત્તિ અને મૈત્રીભાવના બહેનો માટે સુલભ છે.

શુદ્ધ બ્રહ્મચર્યનું પાલન કરીને બહેનો સેવાના ક્ષેત્રમાં, પુરુષ ને સ્ત્રીઓ સમાન ભાવથી પરસ્પર આદરભાવ રાખીને સેવાકાર્ય કરવા લાગશે, ત્યારે જ બ્રહ્મવિદ્યાના હાથમાં

સામાજિક મોક્ષનો ઇલાજ આવશે અને બ્રહ્મવિદ્યાની વ્યકિતગત એકાંગિતા દૂર થશે.

આ પ્રયોગમાં ખતરો જરૂર છે, પરંતુ ખતરાના ભયથી ડરીને કોઇ પ્રયોગ જ ન કરવો તે તો કાયર પુરુષનું લક્ષણ છે.

અને આજે સમાજની જેવી સ્થિતિ છે, તથા જે રીતે કૌટુંબિક જીવન ચાલી રહ્યું છે, એ જોતાં ખતરાનો ડર ઓછો છે. આદત પડવાને કારણે મનુષ્ય ગભરાતો નથી. શુદ્ધ પ્રયોગ હિંમતપૂર્વક ચલાવતા રહેવાથી સમાજ સુધરે છે અને સંસ્કૃતિનો વિકાસ થાય છે. આખરે તો મૈત્રીભાવના કલ્યાણકારી છે. એના પર વિશ્વાસ રાખવો, એ જ સાચી આસ્તિકતા છે.

[ 'મૈત્રી' (માસિક)ના મે ૧૯૬૪ના અંક પરથી]

*Digitized for Preservation*
*By*

**Gandhi Research Foundation**
*Gandhi Teerth, Jain Hills, Jalgaon. 425 001*

## સહજીવનની સૌરભ

સહજીવનમાં એકમેકની સાથે રહેવાની ઇચ્છા છે. સંગતિમાં જીવનનો આનંદ છે અને સુગંધ પણ. જેવી રીતે બગીચામાંના દરેક ફૂલની પોતાની આગવી ખુશબો હોય છે, તેવી જ રીતે આપણી આસપાસની દરેક વ્યક્તિનીયે એક સુગંધ હોય છે. સહજીવનમાં સ્ત્રીની એક વિશેષ સુગંધ હોય છે. માને નાતે, બહેનને નાતે, પુત્રીને નાતે, પત્નીને નાતે અને મિત્રને નાતે સ્ત્રી વાતાવરણમાં એક મધુર સુગંધ પ્રસરાવે છે. પુરુષનાયે સાંનિધ્યમાં એક સૌરભ હોય છે. તેથી જ પુરુષને પુરુષની સાથે, સ્ત્રીને સ્ત્રીની સાથે અને બંનેને એકમેકની સાથે રહેવાની ઉત્કંઠા રહે છે. આ જ સહજીવનનો આધાર છે. સહજીવનની પ્રેરણા નૈસર્ગિક છે, પણ સહજીવનનું સંયોજન ને વ્યવસ્થા સાંસ્કૃતિક છે. જેઓ એકમેકના જીવનને સંપન્ન કરે છે એમનું સહજીવન ચરિતાર્થ થાય છે.

—દાદા ધર્માધિકારી

આઠ રૂપિયા